શ્રી ભાગવત ભાવ પ્રકાશિકા


द्रढ इ. चरणन केरो भरोसों, द्रढ इन चरणन केरो ।
श्री वल्लभ नख चंद्र छटा बिन सब जगमांझ अंधेरो ।।
साधन और नहि या कलिमें, जासों होत निवेरो ।
सुर कहा कहै द्विविध आँधरो, बिना मोल को चेरो ।।

લેખન-સંકલન : પ્રદીપ સી. પટેલ

હરિદાસવર્ય શ્રી ગિરિરાજ ગોવર્ધનાય નમ:

શ્રીમદ્ ભાગવત ગ્રંથમાળાનું દ્વિતીય પુષ્પ

શ્રી તત્વાર્થદીપ નિબંધ તથા શ્રી સુબોધિનીજી આદિના આશય સહિત
ગુજરાતી શ્રી ભાગવત પ્રશ્નોત્તરી તથા સારસંગ્રહ

શ્રી ભાગવત ભાવ પ્રકાશિકા

લેખન-સંકલન
પ્રદીપ સી. પટેલ
સિવિલ એન્જીનીયર

મુદ્રક-પ્રકાશક
ગુંજા પ્રકાશન
કદમખંડી-પરિવાર
'શ્રી ગિરિકંદરા' - અમદાવાદ.

■ કોપીરાઈટ :
પ્રદીપ સી. પટેલ
ફોન નં. ૩૬૩૫૬૮

■ પ્રકાશક :
ગુંજા પ્રકાશન
કદમખંડી - પરિવાર
શ્રી ગિરિ-કંદરા, મણિનગર ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૮. ફોન નં. ૩૬૩૫૬૮

■ મૂલ્ય : Rs – 60/-

■ ભાગવત ગ્રંથમાળાના અન્ય પ્રકાશન : (લેખક – પ્રદીપ સી. પટેલ)

૧. શ્રી ભાગવત પ્રવેશિકા
૨. આત્મપ્રિયા
૩. ભાગવત રસમંજરી (પ્રથમ સ્કંધ પ્રશ્નોત્તરી) કૃષ્ણપદી-૧
૪. કૃષ્ણપદી-૨

■ પ્રથમ આવૃત્તિ :
એપ્રિલ ૧૯૯૫
શ્રીમદાચાર્ય જયંતિ ૨૦૫૧
■ દ્વિતીય આવૃત્તિ :
સપ્ટેમ્બર ૧૯૯૫
રાધાષ્ટમી ૨૦૫૧
■ તૃતીય સંસ્કરણ :
૧૬, ડિસેમ્બર ૧૯૯૫
પ્રભુચરણ શ્રી ગુંસાઈજીનો ઉત્સવ ૨૦૫૨
■ ચતુર્થ આવૃત્તિ :
૧૧, ફેબ્રુઆરી મંગળવાર ૧૯૯૭
વસંતપંચમી ૨૦૫૩

■ મુદ્રણ સ્થાન :
ગુજરાત ઓફસેટ, વટવા, અમદાવાદ.

અનુક્રમણિકા

નં.	વિષય	પાન નં.
૧	તૃતીય આવૃત્તિનું નમ્ર નિવેદન	૧
૨	સાનુનય સમર્પણ	૨
૩	પાક્ કથન	૩
૪	શુદ્ધાદ્વૈત તૃતીય ગૃહાધિપતિ પૂ. ગો.શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીના આર્શીવાદ	૭
૫	પૂ. ગો. શ્રી વાગીશકુમારજી મહોદયના આર્શીવાદ	૮
૬	પૂ. ગો. શ્રી ઈન્દિરા બેટીજી મહોદયાના આર્શીવાદ	૯
૭	પૂ. શ્રી કે. કા. શાસ્ત્રીજીના આર્શીવાદ	૧૦
૮	પૂ. શ્રી નવનીતપ્રિય શાસ્ત્રીજીનો ભાગવત સંદેશ	૧૧
૯	પૂ. શ્રી કિશોરચંદ્રજીનો ભાગવત સંદેશ	૧૩
૧૦	પૂ. શ્રી યોગેશભાઈ શાસ્ત્રીજીના આર્શીવાદ	૧૫
૧૧	પૂ. શ્રી પ્રદ્યુમન શાસ્ત્રીજીનો ભાગવત સંદેશ	૧૬
૧૨	પૂ. શ્રી અનિલકુમાર શાસ્ત્રીજી (નૈમિષારણ્ય)નો ભાગવત સંદેશ	૧૭
૧૩	પૂ. શ્રી મહેશકુમાર શાસ્ત્રીજીના આશીર્વાદ	૧૯
૧૪	સાક્ષાત્ સ્વયં શ્રી ભગવાને શ્રીમુખથી બ્રહ્માજીને કહેલું શ્રીમદ્ ભાગવતજીનું માહાત્મ્ય.	૨૦
૧૫	શ્રીમદ્ ભાગવતજીનો મહિમા - મદનમોહન માલવીઆજી	૨૭
૧૬	સમગ્ર પુસ્તકના સારરૂપ મનન કરી પુસ્તમાંથી જ જવાબ શોધવાના પ્રશ્નો	૧૩૮
૧૭	વિવિધ પ્રશ્નપત્ર	૧૪૪
૧૮	આ ગ્રંથ માટેના પ્રાપ્તિસ્થાન	૧૪૫

॥ શ્રી હરિઃ ॥

તૃતીય સંસ્કરણનું નમ્ર નિવેદન

શ્રીમદ્ ભાગવત સાક્ષાત્ ભગવાન શ્રીજીબાવાનું જ સ્વરૂપ છે. તેથી ભક્ત - ભાગવતગણ ભગવદ્ ભાવનાથી શ્રદ્ધાપૂર્વક તેની પૂજા-આરાધના કર્યા કરે છે. ભગવાન્ વ્યાસ જેવા ભગવત્સ્વરૂપ મહાપુરુષોને પણ ભાગવતજીની રચનાથી જ શાંતિ મળી, શ્રીમદ્ ભાગવતજીમાં સકામ કર્મ, નિષ્કામ કર્મ, સાધન જ્ઞાન, સિદ્ધ જ્ઞાન, સાધન ભક્તિ, વૈદિક ભક્તિ, પ્રેમા ભક્તિ, મર્યાદામાર્ગ, અનુગ્રહ માર્ગ (પુષ્ટિમાર્ગ), દ્વૈત, અદ્વૈત, અદ્વૈત અને દ્વૈતાદ્વૈત વગેરે બધાનું પરમ રહસ્ય બહુ જ મધુરતાની સાથે ભરેલું છે, ભાગવતજી બધા જ મતભેદોથી ઉપર ઉઠેલું છે તથા તે બધા જ મતભેદોનો સમન્વય કરવાવાળો મહાન ગ્રન્થ છે. આવા શ્રીમદ્ ભાગવતજીનો મહિમા શું કહી શકાય ભગવાનના મધુરતમ પ્રેમરસથી છલકાતો સાગર છે. શ્રીમદ્ ભાગવત જે પરમ મધુર રસથી ભરેલો એક માત્ર જ ગ્રન્થ છે. આની ક્યાંય તુલના થાય જ નહિ વિદ્યાનો તે ભંડાર છે.

આ 'પરમહંસ સંહિતા'નો યથાર્થ આનંદ તો તે સૌભાગ્યશાળી ભક્તોને જ મળી શકે છે કે જે હૃદયની સાચી લગનથી શ્રદ્ધા ભક્તિપૂર્વક કેવલ 'ભગવત્પ્રેમની પ્રાપ્તિ'ને માટે જ આનું પારાયણ કરતા હોય. આમ તો શ્રીમદ્ ભાગવતજી આશીર્વાદાત્મક ગ્રંથ છે. એના પારાયણથી લૌકિક - પારલૌકિક બધી પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. આવાં સાક્ષાત્ ભગવાન્ સ્વરૂપ ભાગવતજીમાં દરેકને રૂચિ થાય શ્રી આચાર્યચરણોનો ભાગવત સંબંધ સૂક્ષ્મ સમજાય તેથી આ પુસ્તક પ્રશ્નોત્તરી રૂપે બનાવ્યું છે. આ પુસ્તકમાં શ્રી ભાગવતજીની વાત ખાસ નથી પણ આ પછીનું પુસ્તક ભાગવતજીના પ્રથમ સ્કંધની આજ પ્રમાણેની પ્રશ્નોત્તરીનું 'શ્રી ભાગવત રસમંજરી' લખેલ છે. તેની પૂર્વભૂમિકા માટે જ આ પુસ્તક 'શ્રી ભાગવત ભાવ પ્રકાશિકા' છે તેથી શ્રીમદ્ ભાગવતજીનું માહાત્મ્ય સમજી તેમાં પ્રેમ થાય તે જ ભાવના અને આશયથી આ પુસ્તક લખેલું જેને ચારેબાજુથી ખૂબ જ આવકાર મળ્યો છે. આ નવી આવૃત્તિમાં છેક પાછળ પ્રશ્નો મૂક્યા છે. દરેક વાચક તેમાંથી પોતે જ જવાબ શોધી કાઢી. તેનું મનન ચિંતન કરી શકે તે આશયથી જ અમારા કદમખંડી પરિવારના સભ્યશ્રી બ્રહ્મજ્ઞાબહેને (એમ.એ., એમ.એડ., પી.એચ.ડી.) છે તેમને આ પુસ્તક સારી રીતે વાંચીને પછી તેમાંથી અંકુર-૧માંથી ૬૦ પ્રશ્નો અને અંકુર-૨માંથી ૬૦ પ્રશ્નો છેલ્લે મૂક્યા છે તેના જવાબ શોધવાનો દરેક વાચકને આનંદ આવશે અને સાથે સ્મરણ, ચિંતન મનન થશે.

ધન મેળવવા કેટલી મહેનત કરીએ છીએ. તો પ્રભુ મેળવવા શ્રીમદ્ ભાગવતજી જેવું કોઈ જ બીજું સાધન નથી ત્યારે ભાગવતજીને આ રીતે પાના ફેરવીને ભૂલાઈ જાય તે રીતે ન વાંચતા

અભ્યાસપૂર્વક વાંચી મનન કરવા માટે જ છેલ્લે પ્રશ્ન મૂક્યાં છે તેના જવાબ જાતે જ શોધીને પુસ્તકમાંથી કેટલું યાદ રહ્યું તે નક્કી થઈ શકશે અને ખૂબ જ આનંદ આવશે. તે અનુભવ કરવા સૌ વાચકને નમ્ર વિનંતિ છે.

આ રીતે પાછળ છેલ્લે પ્રશ્ન એકલા મૂકવા માટે પંચમ પીઠાધીશ્વર પૂ.ગો.શ્રી ગિરધરલાલજી મહારાજશ્રી એ આજ્ઞા કરેલી જેથી વાંચનાર પુસ્તકના પાના ફેરવી દઈ. પુસ્તકને ભૂલી ન જાય અને તેનું સારી રીતે અભ્યાસપૂર્વક મનન કરી શકે. આ સાથે બીજી આવૃત્તિમાં પ.ભ.શ્રી. સોમાકાકાએ પણ ખૂબ જ ચીવટપૂર્વક ચોક્સાઈથી જોડણીની શબ્દોની અશુદ્ધિ હતી તે ચેક કરી મારો ઘણો સમય બચાવી કરેકશન કરી આપી સહકાર આપ્યો છે. તે બંનેનો આભારી છું.

પૂ. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રી તથા પૂ.ગો.શ્રી પ્રભુજી બાવાશ્રીએ સૌરાષ્ટ્રમાં આ પુસ્તક બધી જગ્યાએ પહોંચાડવા માટે ત્યાંના વૈષ્ણવોના કોન્ટેક કરાવી આપી ખૂબ કૃપા કરી છે. ખાસ પૂ. ગો. શ્રી ચંદ્રગોપાલજી બાવાએ પણ ખૂબ ખૂબ કૃપા કરી આપશ્રી પ્રેરિત 'શ્રી વલ્લભ વિઠ્ઠલ ગ્રંથ પ્રકાશન મંડળ ટ્રસ્ટ' તરફથી દર વર્ષે પ્રસ્તુત થતા વૈષ્ણવ પંચાંગમાં આ પુસ્તક શ્રી ભાગવત ભાવ પ્રકાશિકામાંથી ડાયરેકટ લેખ આપી પુસ્તકનો ખરા પ્રેમથી સ્વીકાર કર્યો છે. આ બધા પૂજ્ય ચરણોનું ઋણ સ્વીકાર કરૂં છું શ્રી નરોડા બેઠકજીમાંથી શ્રી રાજુભાઈએ પણ આ પુસ્તક પ્રચારાર્થે ખૂબ જ રસ લીધો છે. તથા શ્રીમદ્ વલ્લભ વિશ્વ ધર્મ સંસ્થા ટ્રસ્ટ (વલ્લભસદન, આશ્રમરોડ)ના ટ્રસ્ટીઓએ પણ તેમના ટ્રસ્ટ તરફથી આ પુસ્તકો ખરીદ્યા છે. તેમનો પણ હું આભારી છું.

અમેરીકામાં હીરલબહેન, લંડનમાં ભાવિનીબહેન-સુરેશભાઈ, આફ્રિકામાં પ. ભ. શ્રી વલ્લભભાઈ, બોમ્બેમાં ભોગીભાઈ તથા ચંદ્રેશભાઈ, નવસારીમાં સંજયભાઈ, સૂરતમાં ચીનુબહેન, નડીયાદમાં જયાબેન, રાજકોટમાં મનસુખભાઈ તથા જમનભાઈ, પોરબંદરમાં જયંતિભાઈ રાજાણી તથા અમદાવાદમાં અરવિંદભાઈ દેસાઈ તથા અશ્વિનભાઈ દેસાઈ વિગેરે ભગવદીયોએ પણ આ પુસ્તક પ્રચાર માટે ખૂબ રસ લીધો છે તે ભગવદીયોને મારા હૃદયપૂર્વક વંદન કરું છું.

અંતમાં નમ્ર નિવેદન છે કે આ બધું જે કાંઈ બન્યું છે એમાં ભગવત્કૃપા જ કારણ છે. અતિ વિસ્તારભયથી કેટલાક અભિપ્રાયો અભિવ્યક્ત કરી શકાયા નથી. તો સૌ સુજ્ઞો ક્ષમા કરે ખૂબ જ કાળજી રાખવા છતાં માનવ - સહજ દ્રષ્ટિ દોષ રહી ગયો હોય તેને આપ ઉદાર નજરે નિહાળશો. ભગવદ્દિચ્છા જ 'શ્રી ભાગવત ભાવ પ્રકાશિકા'ની પુનરાવૃત્તિ થયા કરે તેવી લાગે છે. તે અનન્ત કૃપાનિધિ શ્રીનાથજી બાવાના શ્રી ચરણોમાં આ એક વધારે આવૃત્તિ સાદર ધરતા આનંદ અનુભવતો વિરમું છું.

પ્રદીપ પટેલના

સસ્નેહ ભગવત્સ્મરણ

॥ શ્રી હરિ: ॥

હરિદાસવર્ય શ્રી ગિરિરાજ ગોવર્ધનાય નમ:



સાનુનય સમર્પણ

પૂજ્ય પાદ આચાર્યવર્ય વિદ્યાવારિધિ જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી વંશાવતંસ તૃતીય પીઠાધીશ્વર પૂ.પા.ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીનાં કર કમળોમાં.

શ્રદ્ધા

શ્રવણ : મનન : નિંદિધ્યાસના
જ્ઞાન : ભક્તિ : વૈરાગ્ય

ઈશ્વરપ્રાપ્તિ

|| શ્રી હરિઃ ||

શબ્દોની ક્યારીમાંથી મહેંકતી સંસ્કૃતિની સુવાસ

(ચતુર્થ આવૃત્તિનું સંવેદન - નિવેદન)

"શ્રીમદ્ ભાગવત ભાવ પ્રકાશિકા" ગ્રંથનું ચોથી વખત પ્રકાશન થઈ રહ્યું છે એ જાણતાં, હૃદયમાં જે ભાવ જાગ્યા તેને પ્રકટ કરતાં આનંદ થાય છે. શ્રીમદ્ ભાગવતનો આટલો બધો મહિમા શા માટે છે ? કારણ શ્રીમદ્ ભાગવત વેદ-ઉપનિષદ-દર્શન શાસ્ત્રના સાર રૂપ છે. શ્રીમદ્ ભાગવત એ જ્ઞાન અને ભક્તિરસનો મહાસાગર છે. શ્રી ઠાકોરજી અવતાર દશામાં પોતાના સ્વરૂપ દ્વારા ભક્તોને પ્રેમ-આનંદ પ્રદાન કરે છે. જ્યારે અનાવતાર દશામાં લીલાકથા દ્વારા પ્રેમ આનંદ પ્રદાન કરે છે.

સમાજને ભક્તિગંગા દ્વારા ધર્મસિંચન કરવાનું અને પોષવાનું કાર્ય શ્રીમદ્ ભાગવતે જે કર્યું છે તેનું ઐતિહાસિક દ્રષ્ટિએ અમૂલ્ય પ્રદાન છે. ભાગવત એ વૈષ્ણવોનો વેદ છે, એ વૈષ્ણવોનું પરમ ધન છે, એમાં રસાત્મક ભગવાનનો રસ છે. અને એ રસનું મૃત્યુપર્યંત વૈષ્ણવોએ પાન કરવાનું છે. શ્રીમદ્ ભાગવતનો એક જ સાર છે - શ્રી કૃષ્ણ કથા અને શ્રી કૃષ્ણ સેવા ભાગવતના સેવન દ્વારા પ્રભુના મહિમાને જાણો અને મહિમા જાણ્યા પછી પ્રભુની સેવા કરો. મહિમા જાણ્યા વગર પ્રભુમાં પ્રીતિ નહીં જાગે અને પ્રીતિ વગરની સેવા, સેવા ન રહેતાં ક્રિયા બની જશે. માટે શ્રીકૃષ્ણની સેવા અને શ્રીકૃષ્ણની કથા જ સૌને કૃતાર્થ કરે છે, એ ભાગવતનો સંદેશ છે.

પરમકૃપાળુ ભગવાન શ્રી દ્વારકાધીશજીના અતિ અનુગ્રહથી આ ચોથી આવૃત્તિ થઈ રહી છે. ઈચ્છા યત્ન અને અનુગ્રહ એ ત્રણેય ભેગા થાય ત્યારે સત્કાર્ય શક્ય બને, સત્કાર્ય સફળ થાય. સત્કાર્ય માટેની ઈચ્છા જાગે એ ઈચ્છાની પૂર્તિ માટે આપણે સંનિષ્ઠ યત્ન પણ કરીએ છતાં, એની સાથે જો અનુગ્રહ ન ભળે તો સત્કાર્ય ન થાય. અનુગ્રહ વિના આ યાત્રાનો આરંભ શક્ય નથી. અને તેથી શ્રી દ્વારકાધીશ પ્રભુના અનુગ્રહથી ભાગવત ભાગીરથી વહેતી વહેતી આવી છે. સત્સંગ એ પુરુષાર્થનું ફળ નથી. સત્સંગ એ ભગવદ્ અનુગ્રહનું ફળ છે.

ભાગવતકથા ભાગીરથી છે, ગંગા છે. આ મંદિર નથી સરિતા છે. જો મંદિર હોત તો એક જગાએ સ્થિર હોત. મંદિરમાં દર્શન કરવા જવું હોય તો આપણે જવું પડે. વૃંદાવનધામમાં જઈએ, કોઈ પણ મંદિરમાં જઈએ ત્યાં જવું પડે પણ કથા એ સરિતા છે. વહેતી નદી છે. નદી વહેતી વહેતી આપણી પાસે આવે છે.

અલ્હાબાદમાં રહેનારાઓએ ગંગામાં સ્નાન કરવું હોય તો એમણે હરિદ્વાર જવાની જરૂર નથી. ગંગા સ્વયં વહેતી વહેતી અલ્હાબાદ પહોંચે છે. તેમ આ ભાગવત ભાવ પ્રકાશિકા રૂપી ગંગા આપની પાસે પહોંચી છે.

તુલસીદાસજીએ પણ કથાને મંદિરની નહિ સરિતાની ઉપમા આપી છે. પેલા ગંગાજી તો કેવળ ભારતવર્ષના અમુક અંગોને પુનિત કરી સાગરમાં ભળી જાય છે. પણ ભાગવત ભાગીરથી ગામડે ગામડે વહેતી વહેતી ગઈ છે. અને જને જને પહોંચી છે. આટલું જ નહીં દેશના સીમાડાને ઓળંગીને વિદેશોમાં પણ પહોંચી મંદાકિની બની છે.

આ ભાગવત સરિતા આપણું સ્વાગત કરવા માટે હંમેશાં દરેક ક્ષણે તૈયાર છે. ગમે ત્યારે વાંચી શકો છો. કોઈ જ મર્યાદા નડતી નથી.

બીજું મંદિરમાં દર્શન કરવા જઈએ ત્યારે એક સીધે સાદો નિયમ છે, નાહી - ધોઈ પવિત્ર થઈને પછી દર્શન કરવા જઈએ છીએ. પણ સરિતાની પાસે જઈએ ત્યારે આવી કોઈ શરત નથી. સરિતા કહે છે કે "તું તારે નાહ્યા ધોયા વગરનો એકવાર આવતો ખરો, હું તને નવડાવીશ, તું અપવિત્ર છે તો પણ તારું સ્વાગત છે. અને તેથી ભાગવતકથા વૈષ્ણવ કે ભક્ત માટે જ છે. એવી કોઈ શરત નથી. જે પતિત છે, જે નાસ્તિક છે, દરેક પ્રકારના લોકોનું અહિંયા સ્વાગત છે એને પવિત્ર કરી દેવાની જવાબદારી ભાગવત ભાગીરથીની છે. દરેક સ્થિતિમાં સ્વીકાર છે. નાહી લો, ડૂબકી લગાઓ."

આ ભાગીરથીના કિનારે જુદા જુદા ઘાટ બાંધવામાં આવ્યા છે. એક ભક્તિનો ઘાટ છે, બીજો જ્ઞાનનો ઘાટ છે, ત્રીજો કર્મનો ઘાટ છે અલગ અલગ ઘાટ છે. આપ જે ભૂમિકાથી આવો, આપને માટે અહીંયા સુવિધા છે.

પહેલી વાત તો એ છે કે ભાગવત કથા મંદિર નથી, સરિતા છે, બીજી વાત શ્રીમદ્દ ભાગવત એ ઐતિહાસિક ચિત્ર માત્ર નથી. સાથે ને સાથે એ દર્પણ છે. ચિત્રમાં અને દર્પણમાં કેટલું અંતર ? ફોટોગ્રાફ તમારા ભૂતકાળને પકડી લે છે. જ્યારે દર્પણને તમારા વર્તમાન સાથે સંબંધ છે. આ ભાગવત પ્રકાશિકા કેવળ - ઐતિહાસિક ચિત્ર માત્ર નથી, જીવનનું દર્શન કરાવતું દર્પણ પણ છે. એ દર્પણમાં આપણે જોઈશું એટલે ખબર પડી જશે હું ક્યાં છુ ? કેવો છું ? શ્રી ભાગવત ભાવ પ્રકાશિકા દ્વારા ભાગવતજીમાં રુચિ થાય એવા પ્રશ્નોના જવાબ બહુ જ સરળતાથી આપવાનો પ્રયત્ન કરેલ છે.

ફરી ફરીથી લખું છું કે આ ગ્રંથમાં કાંઈ અયોગ્ય જણાય તો જરુર વિદિત કરશો. કારણ હું વિદ્વાન નથી. હજી આ ક્ષેત્રમાં પા પા પગલી કરું છું. આ ગ્રંથમાં જે ઉત્તમતા છે, એ સંતો, મહાપુરુષો અને ભગવદીઓ દ્વારા મળેલી કૃપા પ્રસાદી છે અને જે ઉણપો છે તે મારી પોતાની છે.

હું મારી અયોગ્યતાથી સભાન છું. પરંતુ પ.ભ. અરવિંદભાઈ ચીમનલાલ દેસાઈ (મહેમદાવાદવાળા) તથા ઘણા બધાં વૈષ્ણવજનની પ્રબળ ઈચ્છા હતી કે આ ગ્રંથનું ફરીથી પ્રકાશન થાય. તે માટે પ.ભ. અરવિંદભાઈ અને પ.ભ. કૃષ્ણકાંતભાઈ પુરોહિત તથા ભાવિનીબહેન સુરેશભાઈ (લંડન) વિગેરે વૈષ્ણવોએ આ પ્રકાશનમાં દ્રવ્ય સહાય કરી એના ફળ સ્વરુપે મારી લેખનયાત્રા પણ ચાલુ રહી છે તથા "શ્રી ભાગવત ભાવ પ્રકાશિકાની ચોથી આવૃત્તિનું પુનઃ પ્રકાશન મારા માટે ઈશ્વરકૃપાની અનુભૂતિ કરાવનારું સાબિત થયું છે. આ ભગવદીઓનો ભગવત્સ્મરણ સાથે હાર્દિક આભાર માનું છું. સાથે ને સાથે શ્રી વલ્લભકુલ પરિવારના મને આશીર્વાદ પ્રાપ્ત થયા છે એ બદલ સર્વ પૂજ્ય ચરણોનું ઋણ સ્વીકારું છું.

અંતમાં જે ભગવાનનું નામ સંકીર્તન તમામ પાપોનો નાશ કરે છે, અને જે પરમાત્માનું શરણ હંમેશ માટે તમામ દુઃખોને શાંત કરે એ શ્રી હરિને હું નમસ્કાર કરું છું.

મને શ્રધ્ધા છે કે આ શ્રી ભાગવત ભાવ પ્રકાશિકામાંથી આપે જરૂર કોઈ સારી વસ્તુ ગ્રહણ કરી જ હશે. આખું ભાગવત જીવનમાં ન ઊતરે તો વાંધો નહીં. આખી ગંગાને કોણ પી શકે ? ગંગાજીનું એક બિન્દુ જેના મુખમાં આવે તેનું પણ કલ્યાણ થઈ જાય છે. તેવી રીતે આખું ભાગવત નહીં પણ એમાંથી કોઈ એક વાત પણ જીવનમાં ઉતરે તો આ ગ્રંથ માટે કરેલી સાધના સફળ થઈ જશે. આ ગ્રંથ આપ સર્વને અધ્યાત્મ યાત્રામાં ઉપયોગી થાય એજ પ્રભુ ચરણે વિનમ્ર વિનંતી સહ.

લી. પ્રદીપ સી. પટેલ
'શ્રી ગિરિ-કંદરા', મણિનગર ચાર રસ્તા,
અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૩૬૩૫૬૮

તા. ૧૧-૨-૯૭
વસંતપંચમી

॥ શ્રીકૃષ્ણઃ ॥

પ્રાક્કથન

'એકાદ અકિંચન માણસને કોઈ સુવર્ણ પ્રાસાદમાં લઈ જાય અને ચારે બાજુ અસંખ્ય રત્નો જોયા પછી, તેમાંનું એકાદ રત્ન ઉપાડે. એટલામાં તેની નજરે બીજું પ્રભાવી રત્ન પડે તે દ્વિધામાં પડે કે કયું રત્ન ઉપાડું ?' શ્રીમદ્ ભાગવત જોયા પછી મારી આવી સ્થિતિ થાય છે.

શ્રીમદ્ ભાગવત્ એક પ્રાસાદિક ગ્રંથ છે. જેમાં પ્રભુ વિષયક માહાત્મ્યજ્ઞાન, વૈરાગ્ય તથા પ્રેમલક્ષણા ભક્તિનો ત્રિવેણી સંગમ હોવા છતાં, ભક્તિપ્રધાન વાંગ્મય માનવીના હૃદય સુધી પહોંચી શકે, તેને હુંફ આપી શકે, તેને ઊભો કરી શકે, તેથી વેદવ્યાસે સર્વસ્તરના લોકોને રુચે એવા ભાગવત ગ્રંથની રચના કરી અને તે વાંચીને માનવજીવન પ્રકાશિત થયું છે. ભક્તિભાવના - સાંસ્કૃતિક સાહિત્યમાં શ્રીમદ્ ભાગવત સુમેરુ છે. જીવનને રસમય બનાવનાર રસાલય છે. વાણીથી 'શ્રીમદ્ ભાગવત'ની પૂરેપૂરી પ્રશંસા થઈ શકવી અશક્ય જ છે. આ શ્રીમદ્ ભાગવતજીના સિદ્ધાન્તોને સરળ પ્રશ્નો અને ઉત્તર રૂપે રજૂ કરવાનો મારો નમ્ર પ્રયાસ આ ભાગવત ભાવ પ્રકાશિકામાં કરવાનો સુભગયોગ શ્રી હરિદાસવર્યની કૃપાથી થયો છે.

શ્રી ભાગવત ભાવ પ્રકાશિકાના એકસો આઠ મણકાની આ બે માળાનું નિત્ય સ્મરણ અને મનન કરવાથી વૈષ્ણવોમાં ભગવદ્ભાવ તો પ્રગટ થશે જ. પરંતુ દરેક મનનમાં ભાગવતજીના ગૂઢ રહસ્યો સરળતાથી સમજાશે.

પ્રભુને મેળવવા માટે પ્રથમ તેના વિષે સભાન થવું જોઈએ. બાહ્યાચારમાં અટવાયેલા જીવોને મદદરૂપ થઈ શકાય અને તેમના હૃદયદ્વાર સુધી પહોંચી શકાય તેવો સરળ અને સાદો ગુજરાતી ભાષામાં મારી સમજ પ્રમાણે આ મણકા આલેખવાનો પ્રયત્ન કરેલ છે.

શરીર, મન અને આત્માની એકાગ્રતાની જ્યોતિ પ્રગટ કરવામાં મણકાનું મનન ભાથું પૂરું પાડશે. સર્વ ધર્મના ભક્તિ સૂત્રો એકજ ઉપદેશ આપે છે પ્રભુશરણ-લૌકિક ભોગોનો ત્યાગ કરી માત્ર ભગવત્ સેવા અને ભાગવત્ કથાઓનું રસપાન શ્રેયકર નીવડે છે. શ્રીમદ્ ભાગવતજી તો કલ્પતરુ છે. ભક્ત ભક્તિના યોગથી સર્વ કાંઈ મેળવવા શક્તિમાન થાય છે. પ્રભુસ્મરણમાં અને ભગવદ્ભાવમાં આ પુસ્તિકા (શ્રી ભાગવત ભાવ પ્રકાશિકા) કંઈ પથદર્શક નીવડશે તો પ્રયત્ન સાર્થક થશે.

દરેક પાનામાં નીચે લખેલા સુવાક્યો ગૂઢ ભાવ સાથે ખાસ વિચારવા લાયક છે..

આ બીજુ પુસ્તક શ્રી ભાગવત ભાવ પ્રકાશિકા પ્રકાશિત કરતા પૂર્વ શ્રી હરિદાસવર્ય (શ્રી ગિરિરાજબાવા)ની કૃપાથી તેઓશ્રીની તળેટીમાં મે ૧૯૯૪માં મુ. વિજ્યાબા દ્વારા ભાગવત સપ્તાહના મનોરથ વખતે 'કદમખંડી-પરિવાર'ના સભ્યોએ અલૌકિક **રસો વૈ સઃ**ના રસાનુભવનો લ્હાવો માણ્યો હતો. તે સમયે મારું શ્રી ભાગવત પ્રવેશિકાનું સૌ પ્રથમ સંકલન પુસ્તિકા રૂપે ત્યાં સાંભળનારાઓને આપવામાં આવ્યું હતું. જે શ્રી ભાગવતજીને સમજવા માટે ઘણું મદદરૂપ થયું હતું. વધુ આનંદની વાત

તો તે છે કે મારું તે પ્રથમ પ્રકાશન શ્રી ભાગવત પ્રવેશિકા વિદ્યાનિધિ પૂ.પા.શ્રી. વ્રજરત્નલાલજી મહારાજશ્રી એવં પૂ.શ્રી કલ્યાણરાયજી મહોદય (સૂરત)ને પણ ખૂબ ગમ્યું હતું. અને સૂરતથી લેવાતી શુદ્ધાદ્વૈત મહાસભા-વલ્લભ યુનિવર્સિટીમાં ટેક્સબુક તરીકે તે પુસ્તક પરીક્ષાના કોર્સમાં આવરી લેવા માટે આજ્ઞા આપી હતી. તેથી પ્રકાશનના સર્વ હક્ક સહિત તેઓશ્રીના ચરણોમાં તે પ્રથમ પુસ્તક ધરી દીધું છે.

હવે રહી તે વાત આ દ્વિતીય પુસ્તક શ્રી ભાગવત ભાવ પ્રકાશિકાના ઋણ સ્વીકારની માણસને માણસ બનાવવા માટે શાસ્ત્રોએ ચાર સંસ્કારપીઠો દર્શાવી છે તે પૈકી પહેલી સંસ્કાર પીઠ છે 'માતૃ દેવો ભવ' બીજી 'પિતૃ દેવો ભવ'. ત્રીજી 'ગુરૂ દેવો ભવ' ચોથી 'અતિથિ દેવો ભવ' આ ચારેયનું ઋણ હું ભૂલી શકું તેમ નથી.

માતૃદેવો ભવ - મને પણ માનવ થવાના પહેલા સંસ્કાર મારી માએ આપ્યા. પ્રભુ તરફ જવાનો પુષ્ટિમાર્ગ બતાવ્યો. દરરોજ કહે કે 'જ્યાં સત્સંગ થતો હોય - કીર્તન થતું હોય ત્યાં અવશ્ય જવું, અને તેમાંય ખાસ કરીને શ્રીમદ્ ભાગવતજીની સપ્તાહ ગામમાં થતી હોય ત્યાં સાત દિવસમાં જેટલી અનુકૂળતા હોય તેટલો સમય તો અચુક જ જવું અને બીલકુલ અનુકૂળતા ન હોય તો પણ ત્યાં જઈ શ્રીમદ્ ભાગવતજીને દંડવત્ કે નમસ્કાર તો જરૂરથી કરી આવવાજ.' આ વાત ભૂલ્યા વગર મારા જીવનમાં ઉતારી. મારી મા જશોદાની આ સતત પ્રેરણાને કારણે ભાગવત પ્રીતિ જન્મી શરૂ શરૂમાં તો ભીડમાં જતાં સંકોચ પણ થાય કાંઈ સમજ પણ ના પડે તો પણ મમ્મીનાં આગ્રહને વશ થઈને શ્રીમદ્ ભાગવતજીની કથામાં જવાની ટેવ પડી ગઈ અને પછી તો કેવળ ધાર્મિક ગ્રંથોનું જ વિશેષ વાંચન કરવાની ધીમે ધીમે આદત પડી ગઈ.

બાળક એટલે માતાના વિચાર અને પિતાના ચારિત્ર્યનું પ્રતિબિંબ. મારા પિતાજી ચિમનભાઈ તો હું પંદરવર્ષનો હતો તે સમયે જ પ્રભુનાં પ્યારાં થઈ ગયા હતા પણ મારા ત્રણેવ મોટા બહેનોને તેમણે એક ખાસ ટેવ પાડેલી કે જ્યાં પણ કથા સાંભળો કે સદ્શ્રવણ કરો તો દરેક ફેમિલી મેમ્બરે ભૂલ્યા વગર જેટલું યાદ રહે તેટલું પિતાજીને ઘરે આવીને કહેવાનું જ આમ પિતાજીના આગ્રહને લીધે જ સાંભળ્યા પછી મનન કરવાની ઉત્તમ ટેવ મારામાં પણ આવી.

મમ્મી પુષ્ટિમાર્ગમાં લઈ આવ્યા. ભગવાન પાસે જવા માટેનો રાજમાર્ગ પણ ખરો. છતાં માર્ગમાં આવ્યા પછીની પરિસ્થિતિમાં શ્રી વલ્લભ કુળના બાલકો દરેક પોત પોતાની રુચિ અને અનુકૂળતા મુજબ શ્રી વલ્લભના સિદ્ધાંત પ્રમાણે પુષ્ટિમાર્ગનો વિચાર-પ્રચાર-પ્રસાર કરતા હોય - વૈષ્ણવોએ શું કરવું ? કોનું માનવું ? કયાં જવું ? કશું જ સમજાતું ના હોય ત્યારે અમારા પૂ. ગુરુદેવ કાંકરોલી નરેશ પૂ.ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીએ મારી વિનંતીથી મને ખાસ આજ્ઞા કરેલી કે પુષ્ટિમાર્ગનું કોઈ પણ સારું કામ થતું હોય અને તે કાર્ય કોઈ પણ કરતું હોય ત્યાં જવું અને તે દરેક કાર્યમાં જેટલો બને એટલો સહકાર આપવો. આમ ઉદારતાપૂર્વક કોઈપણ જાતની સંકુચિતતા રાખ્યા વગર સમસ્ત વલ્લભકુલ પરિવાર માટે એક સરખો જ પ્રેમ તથા એક સરખું અને આગવું સ્થાન શ્રી મહાપ્રભુજીનું છે તે દરેકમાં દર્શન કરવાની સ્પષ્ટ આજ્ઞાથી દરેક જગ્યાએ સત્સંગમાં જવાની અને શ્રવણ મનનની સાથે

પાચન કરવાની સ્થિરતા પણ આવી.

આમ મારી ત્રીજી સંસ્કારપીઠ 'ગુરુદેવો ભવ' પ્રભુ સાથેના સંબંધમાં ગુરુનું સ્થાન તો વિશેષ જ હોય એનાથી વધારે કશું જ ના હોઈ શકે પણ અનન્યતાના નામે બીજે કશે પણ જવાય નહીં તેવી ખોટી જડતાનો સ્પર્શ મને ના થયો. અને ગુરુની કૃપાથી દરેક જગ્યાએ અનેરો લાભ મળતો રહ્યો છે.

ચોથી સંસ્કારપીઠ તે 'અતિથિ દેવો ભવ' (વ્યાસપીઠ) મારે ત્યાં અવારનવાર પૂજ્ય વલ્લભકુળના બાલકો ભગવદ્કૃપાથી પધારે છે. તેના પરિણામે વિદ્વાન શાસ્ત્રજીઓ તથા ભગવદીય વૈષ્ણવોનો પણ સત્સંગ મળે છે. અને તેથી મારા ભગવત્ સંસ્કારને સૌરભ મળી છે. તેઓને પણ મારા દંડવત્ પ્રણામ નિવેદન કરું છું.

આમ ચારેય સંસ્કારપીઠો એ મને ધન્ય બનાવ્યો છે. અને મારા જીવનમાં અજવાળું પાથર્યું છે. તેમને માટે અંતરનો ઉમળકો પ્રગટ કરવા શબ્દો જડતા નથી. એ અંગે હું મૌન જ સેવું છું.

વળી અતિ આનંદની વાત તો એ છે કે મુ.પૂ.ગો.શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી) તથા ગો. શ્રી વાગીશકુમારજી તથા પૂ.ગો.શ્રી ઈન્દિરાબેટીજી મહોદયા (પૂજ્ય જીજી)ના આશીર્વાદ આ ભાગવત ભાવ પ્રકાશિકાને પ્રાપ્ત થયા છે. જે આ પુસ્તકના પ્રારંભમાં જ તેઓશ્રીનાં શબ્દોમાં જ રજૂ કર્યા છે અને પૂજ્ય ગોસ્વામી શ્રી દ્વારકેશ લાલજી બાવાશ્રી (ચંપારણ્ય -અમરેલી) એ આ આ પુસ્તકના મુખપૃષ્ઠ ઉપરનું સુંદર ચિત્રજી આપી ખૂબ કૃપા કરી છે આ ચારેયના પૂજ્ય ચરણોનું ઋણ સ્વીકારું છું.

સુજ્ઞ અમારા 'કદમખંડી-પરિવાર'ના સભ્યો મિનેષભાઈ, સદ્‌ગુણાબેન, દશરથભાઈ, અરૂણાબેન વિગેરેએ આ પુસ્તક લખવા માટે અને સારી રીતે પુરું કરવા માટે મારો ખૂબ જ ઉત્સાહ વધાર્યો છે. તે ભગવદીયોને મારા હૃદયપૂર્વક વંદન કરું છું. તથા ગ્રંથાદિ-ભગવત્કાર્ય-વશ- વ્યસ્તતામાં રહેતા મારી ગૃહસેવા, વૈષ્ણવ-સ્વજન-સેવા, સ્નેહ સન્નિષ્ઠાથી સંભાળતા સહધર્માચારિણી સૌ. નીતાને સસ્નેહ-સાદર-ભગવત્સમરણ જ ધન્યતા છે.

ગુજરાત ઓફસેટવાળા શ્રી યોગેશભાઈ અને ડો. મુકેશભાઈએ આ પુસ્તકમાં ચિત્રજીની સેવાઆપીને તથા પ્રિન્ટીંગમાં જે સહકાર આપી પુસ્તકને સુશોભિત કર્યું છે તે બદલ તેમનો પણ આભારી છું.

અમારા મુ. પૂ. કે.કા.શાસ્ત્રીજી, શ્રી નવનીતપ્રિય શાસ્ત્રીજી, શ્રી યોગેશભાઈ શાસ્ત્રીજી, શ્રી પ્રદ્યુમ્ન શાસ્ત્રીજી, શ્રી અનિલભાઈ શાસ્ત્રીજી, શ્રી કિશોરભાઈ શાસ્ત્રીજી તથા શ્રી મહેશભાઈ શાસ્ત્રીજી વગેરેએ આશીર્વાદ આપી મને કૃતાર્થ કર્યો છે અને ભાગવત પ્રકાશિકામાં પ્રથમ તેમનો ભાગવત્ માહાત્મ્ય વિશેનો ટૂંક અભિપ્રાય આપ્યો છે તે રજૂ કરતાં હૃદય આનંદ વિભોર બને છે.

સ્વજનો માટે પુસ્તક તો લખ્યું પણ સર્વજન સુધી પહોંચે કેવી રીતે ? તે માટે અ.સૌ. સ્વ. સુલોચનાબહેનની યાદમાં પ.ભ.શ્રી અરવિંદભાઈ, ભાવિનીબહેન તથા વૈષ્ણવોએ આર્થિક જવાબદારી ઉપાડી મને હળવો ફૂલ બનાવી દીધો. તેઓને કારણે જ આ પુસ્તક છપાવવાનું શક્ય બન્યું છે. તેઓની આ આત્મીયતા પણ ન વીસરાય એવી છે.

અંતે ફરી એકવાર ભાગવત ભાવપ્રકાશિકામાં કશું મૌલિક નથી. ભગવદ્કૃપા અને શ્રી વલ્લભની પ્રેરણાથી જ પ્રાપ્ત થયું છે તેને જ અહીં શબ્દોમાં પ્રગટ કરેલ છે. નવો નવો પ્રયત્ન છે તો કોઈપણ પ્રશ્નના જવાબનો પૂરતો ન્યાય ના મળ્યો હોય એવું લાગે ત્થા બહુ લાંબા જવાબ વિસ્તારભયથી પણ આપેલા નથી. તો કોઈપણ ભગવદીય કે વિદ્વાન વાચકને કશું પણ ઉણપ જાણવા મળે કે મારી ભૂલ દેખાય તો તે સુધારી જરૂરથી મને માર્ગદર્શન આપી દરેક વાચકને પોતાનો અભિપ્રાય આપવા નમ્ર વિનંતી કરું છું.

ભગવાન શ્રીકૃષ્ણે જ્ઞાનાવતાર વ્યાસજીને ભાગવત પ્રકટ કરવા, અને શ્રી વલ્લભાચાર્યજીને શ્રીમદ્ ભાગવત્‌ના અર્થ પ્રકટ કરવા માટે અવતાર દીધો. શ્રી મહાપ્રભુજીનું અવતાર કાર્ય છે. શ્રીમદ્ ભાગવત ગૂઢાર્થ પ્રકાશન ! શ્રી વલ્લભના આગામી ૫૧૮માં પ્રાકટ્ય મહોત્સવ પ્રસંગે 'શ્રીમદ્ ભાગવત ભાવ પ્રકાશિકા' સૌને સુલભ થાય તેમ, આ ગ્રંથ પ્રકાશન કરવાનું સૌભાગ્ય મળ્યું છે.

ભગવાનને મેળવવા માટે, કૃતાર્થતા માટે, કલિયુગમાં શ્રીમદ્ ભાગવત જ એકમાત્ર ભકિતપદ સાધન છે, છતાં તે ફલ પણ છે ! શ્રીમદ્ ભાગવત શ્રીનાથજી બાવાના દ્વાદશાંગ રૂપ જ છે તે નવલકથા દ્રષ્ટાંત સંગ્રહ કે ક્ષણિક મનોરંજનનો ગ્રંથ નથી. તે તો ભગવાનનો યથાર્થ પરિચય કરાવી પ્રીતિ દેતું, ભગવાનનું જ નામાત્મક સ્વરૂપ છે, અવતાર છે. તેમાં વિચારરૂપ આદર અવશ્ય જોઈએ સરલતાની શોધમાં જીવનનાં સત્ફલને ન ભૂલાય વાર્તા પ્રસંગોથી પ્રસન્ન થઈને પાના ન ફેરવી દેવાય. ધન ધંધા કે સ્વાર્થ માટે આપણે મહેનત-મથામણ કેટલી કરીએ છીએ ? તેમ આતુરતાપૂર્વક પ્રયત્ન કરી શ્રી ભાગવત કે ભગવાનમાં આ પુસ્તક દ્વારા પ્રેમ વધે તેજ શુભકામના સાથે વિરમું છું.

સાથેને સાથે આજે આ પુસ્તક લખવાનું પુરૂં થાય છે. ત્યારે તેજ દિવસથી શ્રીમદ્ ભાગવતજીના કેવળ પ્રથમસ્કંધમાંથી ઉદ્ભવતા પ્રશ્નોત્તર રૂપે શ્રી સુબોધિનીજી, ત્થા શ્રી તત્વાર્થદીપ નિબંધ, વાર્તા-પ્રસંગ આદિના આશય સાથેનું નવું ત્રીજુ પુસ્તક શ્રી ભાગવત રસમંજરી લખવાનું શરૂ કરી દીધું છે. જે થોડા જ સમયમાં તૈયાર થઈ જશે. આ પ્રથમસ્કંધ પ્રશ્નોત્તરીના પુસ્તક માટે વિદ્યાનિધિ પૂ.પા.શ્રી. વ્રજરત્નલાલજી મહારાજશ્રી (સૂરત) સાથે વાતચીત કરતાં જાણવા મળ્યું છે કે "શ્રીમદ્ ભાગવતજી ઉપર પ્રશ્નોત્તરી રૂપે કોઈ પુસ્તક થયું નથી. આવું ભાગવતજી ઉપરની પ્રશ્નોત્તરીનું પુસ્તક પ્રથમ વખત જ બનશે. અત્યાર સુધી બન્યું નથી." આવું પુસ્તક પ્રભુની ઈચ્છા અને શ્રી વલ્લભની કૃપા હોય તો જ બને છે. તો હવે પછીનું ત્રીજુ પુસ્તક 'શ્રી ભાગવત રસમંજરી' પણ આપ સૌને જોવા માટે ખાસ અપીલ કરૂ છું.

એજ પ્રદીપ પટેલનાં

સસ્નેહ ભગવત્સમરણ

श्री द्वारकेशप्रभु



॥ श्री द्वारकेशो जयति ॥

गो. श्री व्रजेशकुमारजी महाराज
[शु. तृ. गृहाधिपति]
कांकरोली.
[illegible]

स्थान : बड़ौदा
दिनांक :
पत्र नं. :

पैलेस,
श्री द्वारकाधीश मंदिर
कांकरोली – ३१३ ३२४.
फोन : 1

श्री राजाधिराज मंदिर
राजाधिराज मार्ग,
मथुरा - २८१ ००१.
फोन : 6372

श्री बेठक मंदिर
द्वारकेश बाग,
बड़ौदा – ३९० ००१.
फोन : 555955

श्री द्वारकाधीश मंदिर
बउआकी पोल,
रायपुर चकला,
अहमदाबाद–३८० ००१.
फोन : 341537

श्रीमद्गोवर्धनधर प्रभु के स्वरूप का 'रूपनाम विनिवेदन' सेवन करने वाले भक्तजनों के हृदय में श्रद्धा-भक्ति का उदय करने के लिये यह ग्रंथ अतीव उपयोगी प्रतीत होता है। मनमें उठने वाले अनन्त प्रश्नों के समाधान से ही हृद्गत शान्ति अथवा संचरण का कारण बनती है। अनेक लेखों और ग्रंथों को मनन कर, मनोमन्थन प्रभूत नवनीत वत् यह संकलन सर्वथा आस्वाद्य है।

संकलन कर्त्ता श्री नितान्ताशी राशिका पात्र है। शुभम्

गो. व्रजेशकुमार

ગોસ્વામી વાગીશકુમારજી
કાંકરોલી.

તા-૧૭ - ૨ - ૯૫

શ્રી પ્રદીપભાઈ પટેલ,

વિ. 'શ્રી ભાગવત ભાવ પ્રકાશીકા' નામનો શ્રીમદ્ ભાગવત પ્રશ્નોત્તરીનો ગ્રન્થ મારી નજરમાં આવ્યો ત્યારે મને ખુબજ આનંદ અને પ્રસન્નતા થઈ કે વૈષ્ણવ સમાજમાં આજે શ્રીમદ્ ભાગવત પ્રત્યેનો જે અનન્યપ્રેમ હતો એ અણસમજના કારણે ઓછો થતો દેખાય છે. ત્યારે આવા પ્રશ્નોત્તરને સમજવવાનો એક અનેરો અને સુન્દર પ્રયત્ન શ્રી પ્રદીપભાઈએ કરીને શ્રીમદ્ ભાગવતજીનાં વિભીન્ન સ્કંધોને શ્રીસુબોધિનીજીનાં નજરથી જોઈ વૈષ્ણવ સમાજમાં જ્યારે મુકયો છે ત્યારે મન ખુબજ આનંદથી ગર્વથી ભરાઈ જાય છે કે આજે પણ એવા વૈષ્ણવો છે જે હરિ-ગુરુની કૃપા દ્વારા અનેક વૈષ્ણવોના જીવનમાં શ્રીવલ્લભની દીવ્યવાણીને અને શ્રીમદ્ ભાગવતજીના મર્મને પોતાની ભાષામાં પીરસી રહ્યા છે. શ્રીમદ્ ભાગવતજીતો સાક્ષાત. શ્રી ગોવર્ધન નાથજીનું નામાત્મક સ્વરૂપ છે. અને માટે જ શ્રીઆચાર્ય ચરણને 'શ્રી ભાગવત પીયૂષ સમુદ્ર મંથનક્ષમઃ' કહેવામાં આવ્યા છે આ શ્રીમદ્ ભાગવતના મર્મને એની ભાષાને એના રહસ્યોને માત્ર શ્રી વલ્લભ સિવાય બીજુ કોઈ સમજાવી શકે તેમ નથી.

જોકે શ્રીમદ્ ભાગવતજી ઉપર ૩૮ ટીકાઓ લખાયેલી છે. છતાં પણ શ્રીમદ્ ભાગવતજી ઉપર લખાયેલી ટીકાઓમાં શ્રી સુબોધીનીજીનું સ્થાન અનોખું છે. શ્રી આચાર્યચરણે તો શ્રીમદ્ ભાગવતજીના સાત પ્રકારથી અર્થો કર્યા છે.

ભક્તિ કરનાર જીવ જગતને ભુલીને ભગવાનમાં આસક્ત થાય છે અને તેને જ આપણે નીરોધ સમજી શકાય. અને નીરોધ પ્રાપ્ત જીવને જ સ્વરૂપમાં સ્થિતિ મળે છે. પોતાના લૌકીક સ્વરૂપમાંથી છુટી ભગવાનનાં અંશ એટલે કે ભગવાનના દાસ તરીકે જીવનારને ભગવાનનો આશ્રય મળે છે. અને જીવ કૃતકૃત્ય થઈ જાય છે.

આ પ્રમાણે શ્રીમદ્ ભાગવતમાં અધિકારથી આશ્રય પર્યન્તની બધી જ લીલાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે. પરબ્રહ્મ, સચ્ચિદાનંદ સ્વરૂપ ભગવાન જ શ્રીમદ્ ભાગવતજીના પ્રતીપાદ્ય વિષય છે.

પ્રદીપભાઈ પોતાના ઘર તથા 'કદમખંડી'માં અનેક આયોજનો સંપ્રદાયના કરતા રહ્યાછે. અને એમના ઘરના નામ પ્રમાણે શ્રી ગીરીરાજજીની કંદરામાં બધાને પુષ્ટિમાર્ગ સમ્બન્ધમાં માર્ગદર્શન આપી અને પ્રવચનોનો અનેક વિદ્વાનો દ્વારા અને આચાર્યબાલકો દ્વારા વિવિધ આયોજનો કરતા રહ્યા છે. પ્રભુ એમની આ ઉત્તમોત્તમ ભાવનાને વધારે વેગ આપે અને સંપ્રદાયની સેવા હમેશાં કરતા રહે એજ શુભકામના સહ આશિર્વાદ.

ગો. વાગીશકુમારજી
કાંકરોલી.

"હરિદાસવર્ય શ્રી ગિરિરાજ ગોવર્ધનાય નમઃ"

ગોસ્વામી ઈન્દીરાબેટીજી
શ્રી ગિરિરાજ ભવન
ઘડિયાળીપોળ, દેસાઈ શેરી,
વડોદરા-૩૯૦૦૦૧
ગુજરાત-ભારત
ફોન નં. ૫૫૩૩૫૨.

વાસુદેવકથાપ્રશ્નઃ પુરૂષાં સ્ત્રીન્ પુનાતિ હિ
વકારં પૃચ્છકંમ શ્રોતૃસ્તત્પાદસલિલં યથા (૧૦-૧-૧૬ ભા)

વાસુદેવ પ્રભુની કથા વિષય ત્રણ પ્રકારનાં પુરૂષોને પવિત્ર બનાવે છે -વક્તા , પ્રશ્નકર્તા તથા શ્રોતા.

પ્રશ્નોનું મૂળ છે જીજ્ઞાસા. જીજ્ઞાસા રાખનાર અધિકારી જીવનાં ત્રણ પ્રકાર છે. (૧) ઉત્તમ (૨) મધ્યમ (૩)તથા હીન. તેજ પ્રમાણે જીજ્ઞાસાનું સમાધાન કરનાર વકતાનો પણ અધિકાર પરત્વે ત્રણ પ્રકાર છે. (૧) ઉત્તમ (૨) મધ્યમ (૩) તથા હીન. પ્રથમ સ્કંધ અધિકાર લીલા હોવાથી આ ત્રણે પ્રકારનાં અધિકારો ત્યાં સ્પષ્ટ થયાં છે. સૂતજી અને શૌનકાદિ ઋષિઓનો હિનાધિકાર હતો. કારણ કે તેઓમાં કેવળ શબ્દજ્ઞાન હતું. છતાં પણ જીજ્ઞાસુત્વ, અમાત્સર્ય અને શ્રવણમાં આદર જેવા ગુણો હતાં.

એ જ પ્રમાણે નારદજી તથા વ્યાસજીનો મધ્યમાધિકાર હતો. તેઓ શબ્દજ્ઞાન તથા અર્થજ્ઞાન બન્નેમાં પ્રવીણ હતાં. છતાં બંનેમાં સંપૂર્ણ વૈરાગ્યનો અભાવ હતો. જયારે શુકદેવજી તથા પરીક્ષિત રાજાનો ઉત્તમાધિકાર હતો.

જેમજેમ ભગવદનુરાગ પ્રશ્નકર્તા અને વક્તાનાં હૃદયમાં જાગૃત થાય તેમ તેમ સંસાર પ્રત્યે સહજ વૈરાગ્ય જાગતાં પ્રશ્ન અને પ્રશ્નનાં સમાધાનમાં વધારે રસરૂપતા, ગહનતા અને અર્થગાંભીર્ય પ્રકટ થાય છે. શ્રીમદ્ ભાગવત પ્રત્યે અનન્ય અનુરાગથી શ્રી પ્રદીપભાઈ પટેલે પ્રશ્નો અને એનું સમાધાન આપવા માટે સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

પ્રભુનાં ચરણકમલમાં પ્રાર્થના કરૂં છુ કે શ્રી ગોવર્ધનધરણનું વાઙ્મયસ્વરૂપ એમનાં હૃદયમાં બીરાજી ઉત્તરોત્તર વધારે અધિકારનું સંપાદન કરાવે તથા શ્રી સુબોધિનીજીનાં ગૂઢત્તમ અર્થોનું અનુસંધાન કરાવી રહસ્યોદ્‌ઘાટન કરાવે.

શ્રી પ્રદીપભાઈના આ પ્રયાસ બદલ તેમને હાર્દિક ધન્યવાદ અને આશીર્વાદ અર્પણ કરું છું.

લી.

ઈન્દિરાબેટીજી

श्रीकृष्णः

મહામહિમોપધ્યાય
અધ્યા. કેશવરામ કા. શાસ્ત્રી
'વિદ્યાવાચસ્પતિ', ડી.લિટ્

ટે. ૪૪૧૯૧૦/૪૨૬૨૯૪
મધુવન, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.

પ.સ્નેહી પ.ભ. ભાઈશ્રી પ્રદીપભાઈ પટેલ,

વિ. 'શ્રી ભાગવતભાવ પ્રકાશિકા' નામના તમારા સમૃદ્ધ ગ્રંથના પાનાં જોવાનો સુભગ યોગ મળ્યો. જોઈ આનંદ થયો. શ્રીમદ્ ભાગવતને કેન્દ્રમાં રાખી તમે ૧૦૮ પ્રશ્નો રજૂ કરી એના જવાબ સરળ ભાષામાં આપવાનો પ્રયત્ન કર્યો છે. એનાથી લાભ એ છે કે ઉપસ્થિત પ્રશ્ન જ તમારી સામે હોઈ વિષયાંતર વિના એના જવાબ આપી શકવાની સરળતા થઈ છે. વિષય ઘણો ગંભીર છે, આમ છતાં તમે તેને વિષયને સમજવાનો સમુચિત પ્રયત્ન કર્યો છે. આ ગ્રંથ માત્ર વૈષ્ણવો શ્રી વલ્લભી વૈષ્ણવોને જ ઉપયોગી નીવડશે એટલું નથી. શ્રીમદ્ ભાગવતના ચાહક વ્યાપક હિંદુ સમાજને પણ એ ઉપયોગી નીવડશે. શ્રીમદ્ ભાગવત મહાપુરાણ છે અને પુરાણોમાં એ એક માત્ર મહાપુરાણ છે, કારણ કે અન્ય પુરાણો પંચ લક્ષણી છે ત્યારે આ પુરાણ દશ લક્ષણી છે અને તેથી એ 'મહાપુરાણ' છે.

એ ભક્તિના બંને પ્રકારો પુષ્ટિમાર્ગ અને મર્યાદા માર્ગને સાચવી રહેલ છે. ઉપરાંત તત્ત્વજ્ઞાનને પણ સમુચિત રીતે સાચવી લે છે.

સમગ્ર શ્રીમદ્ ભાગવતમાં જ્યાં જ્યાં નાની મોટી સ્તુતિઓ આવે છે. તેમાં ભગવત્સ્વરૂપ સાથે જીવ-જગતનો પણ વિચાર સૂક્ષ્મ રૂપે આવેલો પકડાય છે. વેદસ્તુતિ જેવા પ્રસંગમાં તો વેદાંતતત્ત્વ સ્પષ્ટ રૂપે ઊભરાયેલું જોવા મળે છે.

તમે આવા મહાગ્રંથને સરળ કરવા પ્રયત્ન કર્યો છે. એ માટે અભિનંદન આપું છું.

શુભ ચિંતક
કેશવરામ કા. શાસ્ત્રીનાં
સપ્રેમ શુભાશિર્વાદ
ભગવત્સ્મરણ

श्री हरिः

नवनीतप्रिय शास्त्री
वल्लभवेदान्ताचार्य(प्रदत्त सुवर्णचंद्रक), काव्यतीर्थ
सिविल एन्जिनियर
भागवतभूषण, भागवतरत्न, भगवच्छास्त् निष्णात

फोन : ५०९०८
"ब्रज विहार"
मोटी पोल, मोदी सांथ,
नडियाद ३८७ ००१

તા. ૭/૨/૯૫.

શ્રીમદ્- ભાગવત-રસ-પિપાસુ શ્રી પ્રદીપભાઈ, સસ્નેહ ભગવત્સ્મરણ.

આજે સાંજે આકસ્મિક આપ આવ્યા. શ્રી ભાગવત- ભાવ-પ્રકાશિકા-સંબંધમાં વિસ્તૃત વાત કરી. પ્રશ્નોત્તરી રૂપમાં અંકુર-૧-૨ બતાવ્યાં. આપની શ્રી ભાગવત-પિપાસા, સ્વમાર્ગનિષ્ઠા અને ભગવચ્છાસ્ત્ર જિજ્ઞાસા જોતાં મન પ્રસન્ન થયુ. હાર્દિક મંગલ કામના ! પ્રશ્નોત્તરીના માધ્યમથી આપે યથામતિ -યથાશકય પ્રયત્ન, સાગરને ગાગરમાં સમાવવાનો પ્રયત્ન કર્યો છે; શ્રી ભાગવતને કેન્દ્રમાં રાખીને સર્વજન સમાજને અને વૈષ્ણવજન -સમાજને ઉદાત્ત જીવન -મંગલ -માર્ગદર્શન મળે તેવા પ્રયત્ન અભિનંદનીય છે. સ્વજન માટે કરેલાં આપનો આ પ્રયત્ન ભગવત્કૃપાથી જ સર્વજન માટે બની રહ્યો છે. પ્રયત્ન પુરૂષનો, પરિણામ પ્રભુનું !

પ્રભુ તો સર્વસમર્થ છે. પોતાની લીલા માટે સ્વેચ્છાથી એકમાંથી અનેક બને છે; જડ-રૂપે, ચેતનરૂપે પ્રભુજ વિલસે છે ! તે સર્વરૂપ છતાં સર્વમાં પ્રવેશે, છતાં સર્વથી વિલક્ષણ પણ વિહરે ! સર્વના તે કારણ રૂપ છતાં કાર્ય રૂપ પણ બને છે; તે સર્વરૂપ છતાં સર્વના નિયામક અને પ્રેરક પણ છે ! તે અંતર્યામી રૂપે ભટકાવે, પુરુષોત્તમ રૂપે અટકાવે! તે સર્વત્ર, છતાં ભક્તો પાસે વિરાજે ! તે સર્વસમર્થ છતાં ભક્ત પાસે તો અસમર્થ ! તે સૌને વશ કરે, પણ ભૃતોને તો પોતે વશ થાય ! તે વિશ્વના પાલક છતાં નન્દ-યશોદાના તો બાલક !તેમના મુખમાં વિશ્વ સમાય છતાં તે તો યશોદાજીની ગોદમાં સમાય ! તે સર્વત્ર સર્વદા દશલીલા -વિશિષ્ટ વિરાજે, છતાં ભક્તોમાં નિરુદ્ધ બનીને પાસમાં જ વિરાજે ! તે લોક -વેદ-મર્યાદાને અનુકૂલ પણ લીલા કરે, સ્વેચ્છાથી લોક-વેદ -મર્યાદાથી પર થઈને પુષ્ટિ પણ પ્રકટ કરે! તે ક્ષર-અક્ષર પણ બને, તે જ ક્ષરથી અતીત, અક્ષરથી ઉત્તમ, પુરૂષોત્તમ પણ રહે! વેદ મહિમા દર્શાવીને આ પ્રભુમાં પ્રીતિ કરાવે, શ્રી ભાગવત તો લીલાગાનથી રસપાન મગ્ન કરીને પ્રીતિ જ નહિ, સ્વયં પ્રભુને પ્રાપ્ત કરાવે ! વેદમાં "रसो वै सः" નો નિર્દેશ મળે, શ્રી ભાગવતમાં તો, - "बर्हापीडं नटवरवपुः" -

રસમત્ત પ્રભુ રસદાન-તત્પર છે ! સર્વદર્શનોમાં કૃષ્ણ દર્શન દુર્લભ છે, શ્રી ભાગવત તો સ્વયં કૃષ્ણદર્શન છે, તેમાં કૃષ્ણદર્શન સુલભ છે.

આ શ્રીમદ્‌ભાગવત તો વેદ-ગીતા (શ્રીકૃષ્ણ વાક્યો) - બ્રહ્મસૂત્ર (અવિરોધી જૈમિનીસૂત્રોનું સ્વાભાવિક ભાષ્ય છે. શ્રી ભાગવતની શોભા તો સ્વયં રસાત્મક ભગવાન જ છે. "सोलिंकृषीष्ट भगवान् क्वांसि मे" – થી શ્રીશુકે શ્રીભાગવતના પ્રત્યેક અક્ષરમાં પ્રભુને પધરાવ્યા છે. શ્રીગોવર્ધનાથજીનું નામાત્મક-સ્વરૂપ છે, - શ્રીમદ્‌ભાગવત ! તે વગર તો સ્વયં વેદ પણ નિષ્ફલ છે. અવતારદશામાં ભગવાન સ્વયં સ્વરૂપ-લીલાથી કૃતાર્થ કરે છે. અનવતાર-દશામાં ભગવાન પોતાના નામાત્મક-સ્વરૂપ શ્રીમદ્‌ભાગવતથી સૌને કૃતાર્થ કરે છે. શ્રીમદ્વલ્લભાચાર્-ચરણ તો પોતાનો અવતાર જ શ્રીભાગવતના ગૂઢાર્થો પ્રકટ કરવા માટે છે, તેમ સ્પષ્ટ આજ્ઞા કરે છે.

પાંચ ફલ શ્રી ભાગવતનાં છે - ૧. સર્વસંશય - સમાધાન ૨. પ્રભુમાં પરમ પ્રિતિ, ૩. ભગવત્કૃપા, ૪. ભગવત્પ્રાપ્તિ, ૫. પ્રકટ પ્રભુમાં પ્રવેશથી અભય શ્રી ભાગવત ફલ રૂપ છે, કોઈનું લૌકિક વૃત્તિ-પ્રવૃત્તિનું સાધન નથી, શ્રી ભાગવત રસ રૂપ છે, નીરસને સરસ બનાવે છે. શ્રી ભાગવત વેદસાર છતાં પુરાણ હોવાથી સૌ શ્રદ્ધાળુનો તેમાં શ્રવણાધિકાર છે. પુરાતન છતાં નૂતનનું તેમાં નિરૂપણ દેખાય છે. કર્મ-જ્ઞાન-ભક્તિ સાથે તેમાં વિજ્ઞાન પણ અગ્રરૂપે સમાએલું છે. શ્રીભાગવતના શ્રોતાને સંસારમાં વૈરાગ્ય, શ્રીભાગવતના અભિપ્રાય (રહસ્ય)નું જ્ઞાન અને ભક્તમુખે શ્રવણ મળે તો બુદ્ધિની તીક્ષ્ણતા, હૃદયની નિર્દોષતા અને શરીરની સ્વસ્થતા (આયુષ્) આવશ્યક છે.

શ્રીમદ્ ભાગવતમાં મર્યાદામાર્ગ અને પુષ્ટિમાર્ગનું નિરૂપણ અધિકારભેદથી છે. શ્રી ભાગવત ફલ છે, ભગવાન્ ફલ છે, શ્રી ભાગવત દ્વારા, કૃપા દ્વારા, ભગવાનમાં થતો નિરોધ મહાફલ છે ! ભગવત્કૃપાથી સૌને શ્રીભાગવત સેવનથી યથાર્હ યથાર્થ જીવન મંગલ-માર્ગ સુલભ થાય તેવી મંગલકામના ! અત્યંત શીઘ્રતામાં આપના સ્નેહાગ્રહથી, આ સ્વલ્પ વાક્ કુસુમાંજલિ શ્રીહરિના ચરણોમાં નિવેદન કરતો, કુશલ-મંગલ-વાંચ્છતો, વિરમું છું.

લિ. નવનીતપ્રિયશાસ્ત્રીના પ્રભુ વંદન

શ્રી હરિ ।

કિશોરચંદ્ર શાસ્ત્રીજી
M.A. વલ્લભ વેદાન્ત
શાસ્ત્રી (પ્રદત્ત સુવર્ણચંદ્રક)

ફોન : ૫૫૯૬૨૯/૫૫૦૩૦૮
સુલતાનપુરા 'દેસાઈ શેરી'
બાવામઢીનો ખાંચો, વડોદરા

તા. ૧૯-૨-૯૫

પ.ભ. શ્રી પ્રદીપભાઈ પટેલ,

સસ્નેહ ભગવદ્ સ્મરણ

"શ્રી ભાગવતભાવ પ્રકાશિકા" ગ્રંથનું આપ પ્રકાશન કરી રહ્યા છો એ ઘણું આવકારદાયક છે. આ પધ્ધતિના ગ્રંથનું પ્રશ્નોત્તરીરૂપમાં પ્રકાશન કદાચ સંપ્રદાયમાં પ્રથમવાર થઈ રહ્યું છે. આપના આ પ્રયાસથી ભાગવતપ્રેમીઓને શ્રીમદ્ ભાગવતની સંપૂર્ણ પ્રાથમિક જાણકારી પ્રાપ્ત થશે અને એમની ભૂખ સંતોષાશે.

શ્રીમદ્ ભાગવત મહાપુરાણનો અર્થ સમજવા જેવો છે "શ્રીમત્" એટલે સુંદર શ્રીમદ્ ભાગવત સુંદર છે કારણ એમાં શ્યામસુંદરની વાતો વણાયેલી છે. જે ગ્રંથના આરાધ્ય શ્યામસુંદર હોય એ ગ્રંથ સુંદર કેમ ન હોય ? બીજો શબ્દ છે ભાગવત. ભાગવતનો અર્થ છે જે ભગવાન દ્વારા ગવાયેલું છે તે ભાગવત. આ ભાગવતનું આટલું બધું મહત્ત્વ કેમ છે ? કારણ એ ભગવદ્વાણી છે માટે. ત્રીજો શબ્દ છે મહાપુરાણ. પુરાણનો અર્થ છે "પુરાતનં અપિ નવં ઇતિ પુરાણંમ્" જે પુરાણુ છે છતાં નવા જમાનાને ઉપયોગી છે. ભાગવતની વાતો ભલે જૂનીપુરાણી હોય છતાં નવા જમાનાને તે એટલી જ ઉપયોગી છે. શ્રીમદ્ ભાગવત પુરાણ નથી પરંતુ મહાપુરાણ છે. કારણ એમાં સકલ શાસ્ત્રોનો નિચોડ છે, એ સકલ શાસ્ત્રોનો સાર છે, સકલ શાસ્ત્રોમાં એ તિલક છે માટે એ મહાપુરાણ છે.

પુષ્ટિમાર્ગમાં શ્રીમદ્ ભાગવતને વૈષ્ણવોનું ધન માનવામાં આવે છે. વૈષ્ણવની ભગવદ્ વાર્તામાં જો શ્રીમદ્ ભાગવત કે ભાગવતજી ઉપરના સુબોધિનીજી વાંચવામાં ન આવતાં હોય તો એને વૈષ્ણવની ભગવદ્ વાર્તા કહેવાય નહી. માટે ભગવદ્ વાર્તામાં શ્રીજીબાવાના નામસ્વરૂપ શ્રીમદ્ ભાગવતનું પઠન અવશ્ય થવું જોઈએ. શ્રી મહાપ્રભુજી નિબંધમાં આજ્ઞા કરે છે "પઠેચ્ય નિયમં કૃત્વા શ્રી ભાગવતમાદરાત્" મતલબ વૈષ્ણવોએ

નિયમપૂર્વક, આદરપૂર્વક અને પ્રયત્નપૂર્વક નિત્ય શ્રીમદ્ ભાગવતનું પઠન કરવું જોઈએ.

જેમ ઠાકોરજીની કોઈ મૂર્તિ કાષ્ઠની હોય કોઈ મૂર્તિ સોનાની કે પાષાણની હોય તેવી જ રીતે શ્રીમદ્ ભાગવત એ શ્રીજીબાવાની શબ્દાત્મક મૂર્તિ છે, શ્રીમદ્ ભાગવતના જેટલા શબ્દો છે એ શ્રીકૃષ્ણ છે અને શબ્દોમાં છુપાયેલા જે અર્થો છે તે શ્રી સ્વામિનિજી (રાધાજી) છે. અર્થાત્ શ્રીમદ્ ભાગવત એ પ્રિયા-પ્રિયતમને રમણ કરવાની નિકુંજ છે. શ્રી ગોલોક ધામની દ્વાદશ નિકુંજમાં ઠાકોરજી જે જે લીલાઓ કરે છે એ દ્વાદશનિકુંજની લીલાઓનું જ ભાગવતના દ્વાદશ સ્કંધોમાં નિરૂપણ કરવામાં આવ્યું છે માટે આ ગ્રંથ માટે વૈષ્ણવોને સહજ પ્રીતિ હોય તે સ્વાભાવિક છે. શ્રીમદ્ ભાગવત અને સત્સંગ એ શ્રીનાથજી બાવાના બે આધિભૌતિક ચરણાવિંદ જે નિત્ય વ્રજમાં ગાયોની પાછળ દોડનારા છે જે ચરણની શ્રી ગોપીજનો માંગણી કરે છે એની પાસે પહોંચાય છે.

ભાગવતનો એક અર્થ "ભક્ત" પણ થાય છે. શરૂઆતમાં ભાગવતનું સેવન કરવાનું છે અને સેવન કરતાં કરતાં ધીરે ધીરે ભાગવત બનવાનું છે. આ ગ્રંથનાં સેવન દ્વારા આપણે એક સાચા ભાગવત અર્થાત્ એક સાચા ભગવદ્ ભક્ત બનીએ તો પ.ભ. શ્રી પ્રદીપભાઈનો આ પ્રયાસ સફળ થયો કહેવાય. આવા સુંદર ગ્રંથના આલેખન દ્વારા શ્રી પ્રદીપભાઈએ શ્રીજીબાવાના નામાત્મક સ્વરૂપની સુંદર સેવા કરી છે તે બદલ તેમને ધન્યવાદ પાઠવું છું.

ભવિષ્યમાં એમના દ્વારા આવી અનેકાનેક કૃતિઓ વૈષ્ણવજનતાને પ્રાપ્ત થાય એ શુભેચ્છા સાથે વિરમું છું.

ભવદીય

કિશોરચંદ્ર શાસ્ત્રીનાં
ભગવદ્ સ્મરણ

कृष्ण एव गतिः

યોગેશ શાસ્ત્રી
શ્રીમદ્ ભાગવત પ્રવક્તા
૬૦૧, સત્યમ ટાવર્સ, ભાગ્યોદય બેંક સામે,
નવા વિકાસગૃહ રોડ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૪૧૦૦૫૯

તા. ૭-૨-૯૫

'શ્રી ભાગવત ભાવ પ્રકાશિકા'ના દર્શન કર્યા. ચિત્તમાં ઘણી પ્રસન્નતા થઈ. શ્રીમદ્ ભાગવતજી તો જ્ઞાન તેમજ ભક્તિ રસનો મહાસાગર છે. શ્રી ભાગવત પીયૂષસમુદ્રનું મંથન કરનારા શ્રી મહાપ્રભુજીએ જે સારતત્ત્વ પ્રકટ કર્યું તે તો અમૃતનુંય સારરૂપ અમૃત છે. આ સારતત્ત્વ 'સુબોધ' પણ છે અને 'દુર્બોધ' પણ છે. તેને કેવળ અનુગ્રહથી જ સમજી શકાય.

પ.ભ.શ્રી પ્રદીપભાઈએ શ્રીમદ્ ભાગવતજી, નિબંધ તેમજ શ્રી સુબોધિનીજીનો આધાર લઈને પ્રશ્નોત્તરી રૂપે આપણા વૈષ્ણવ સમાજને એક સુંદર ભેટ આપી છે. જ્યારે કોઈપણ સિદ્ધાંત પ્રશ્ન અને ઉત્તર રૂપે રજુ થાય છે. ત્યારે તેમાં સરળતા પણ આવે છે અને સરસતા પણ આવે છે. તૃષા ઉત્પન્ન થાય પછી જ જલનું પાન સુખરૂપ થાય છે એમ જીજ્ઞાસા ઉપજે પછી જ સિદ્ધાંતજ્ઞાનમાં આનંદ આવે છે. માટે આ પ્રશ્નોત્તરીની શૈલી મનોવૈજ્ઞાનિક રીતે પણ ઘણી ઉપયોગી છે.

શ્રી પ્રદીપભાઈ હજી પણ આવી સુંદર અને સાર્થક રચનાઓ દ્વારા આવું ભગવત્કાર્ય કરતા રહે એવી પ્રભુને પ્રાર્થના.

યોગેશ શાસ્ત્રીના
જયશ્રીકૃષ્ણ

શ્રી હરિ ।

પ્રદ્યુમન બ. શાસ્ત્રી
સાહિત્ય વેદાન્તાચાર્ય, ભાગવત પ્રવકતા,
નૃસિંહજીની પોળ, વડોદરા-૧
ફોન નં. ૪૨૭૮૯૫
૧૯-૨-૯૫

શ્રી વલ્લભના કૃપાપાત્ર
ભગવદીય શ્રી પ્રદીપભાઈ

સ્નેહપૂર્ણ ભાગવત્સ્મરણ,

સ્વલ્પ સમયમાં શ્રી ભાગવત ભાવ પ્રકાશિકાને જોતાં જ હૃદયમાં જે ભાવ જાગ્યા તેને પ્રકટ કરતાં આનંદ થાય છે. શ્રી ભાગવતશાસ્ત્ર છે; તેથી ભક્તિમાર્ગનું આદેશ દ્વારા પાલન કરાવનાર છે. વેદ ઉપનિષદ- દર્શન શાસ્ત્રના સાર રૂપ ભાગવત છે, તેથી શાસ્ત્રની કર્કશતા અને કઠોરતાનું નિવારણ કરી તેના મર્મોનું મર્મસ્પર્શી મધુર જ્ઞાપક છે. ભાગવત કલ્પતરૂનું ગલિત રસરૂપ ફલ છે. જેનું મૂલ ગાયત્રી છે. ગાન કરનારનું ત્રાણ રક્ષણ કરે તે ગાયત્રી છે. નિગમ કલ્પતરૂ છે, નિર્વિશેષ બ્રહ્મનું સવિશેષ જ્ઞાન કરાવે તે નિગમ છે. તેનું આદિથી અન્ત સુધી રસમય ગલિત ફલ શ્રી ભાગવત છે. જેમાં વિદ્વાનોના જ્ઞાનની પણ પરીક્ષા છે. છતાંય શ્રી ભાગવતરસમાં સમાજનો માનસ-રસ પ્રવાહ અવિરત વહેતો રહ્યો છે. વારંવાર ભાગવતનું રસાસ્વાદન કરી કૃતાર્થતા અનુભવ્યા છતાંય ક્ષણે ક્ષણે એના રસની રમણીયતા અને આકર્ષણ અક્ષુણ્ણ જ રહે છે એ એની આધિ દૈવિકતા છે.

બ્રહ્મના લીલા વિશિષ્ટ સ્વરૂપનું નિરૂપણ ભાગવતમાં છે. તે જ બ્રહ્મનું યાથાત્મ્ય છે. લીલા અને બ્રહ્મ અભિન્ન છે. ભેદ સહિષ્ણુ અભેદ એ છે. તેથી બ્રહ્મ અનંત તેમ લીલા પણ અનંત છે.

બ્રહ્મ નિત્ય છે. નિત્યને આદિ અને અંત હોતા નથી. જેમ જ્ઞાન અનંત હોવા છતાં શ્રી વલ્લભાચાર્યજીએ અનંત જ્ઞાનને દશપ્રકારમાં સમાવિષ્ટ દર્શાવ્યું છે. તેમ લીલા પણ અનંત હોવા છતાં તેના દશપ્રકાર ભાગવતમાં નિર્દિષ્ટ છે. તે દશવિધ લીલા વિશિષ્ટ બ્રહ્મનું નિરૂપણ ભાગવતમાં છે.

પ્રમાણના વિષયમાં ચતુર્થ પ્રસ્થાનરૂપે સર્વોપરિ પ્રમાણરૂપે શ્રીવલ્લભાચાર્યજીએ શ્રીમદ્ ભાગવતને સ્વીકારેલ છે. એ પ્રભુના નામ સ્વરૂપ સમાધિભાષામાં આપને અનુરાગ થવો એ શ્રી પ્રભુની અને શ્રી વલ્લભની કૃપા સાધ્ય છે. જેના પરિપાક રૂપે એક સુંદર સંકલનનું સંપાદન આપે કર્યું, સર્વને સુબોધ બને તેવા પ્રશ્નો અને એના ઉત્તર રૂપે જિજ્ઞાસુ સમાજને ઉપયોગી એવી આ ઉત્તમ નામ સેવા છે. સર્વને ઉપયોગી 'શ્રી ભાગવત ભાવ પ્રકાશિક'ના અંકુર ભાવ પોષણ અને હરિ તોષણ કરનાર બની રહેશે. પ્રભુ કૃપાએ વધુને વધુ આવી આપને પ્રાપ્તિ થતી રહે એ પ્રભુ ચરણે અભ્યર્થના -આપના આ પ્રકાશનને અભિનન્દતા ધન્યતા અનુભવું છું.

ભવદીય

પ્રદ્યુમન શાસ્ત્રીના જય શ્રી કૃષ્ણ

श्री वल्लभो जयति

दूरभाष : ०५८६२ ८१०२२६

श्री पुष्टि मार्गीय वल्लभ सत्संग समिति
(व्यासगद्दी)
नैमिषारण्य–सीतापुर (उ.प्र.) पिन–२६१४०२
अनिलकुमार शास्त्री
अध्यक्ष

'शुभ सन्देश'

भान्ति संर्वाणि शास्त्राणि गीतं तद्नारदादिभि
वसन्त्रैलोक्य मध्ये तु, तत्वार्थ उपबृंह्येत्

श्रीमद् भागवत् एक ऐसा ग्रन्थ है जो समस्त जीवों के कल्याणार्थ प्रगट किया गया है अनेक सन्तोने इस पर अलग अलग टीकाए लिखी हैं, किसीने शब्दार्थ किसीने भावार्थ, किसीने श्लोकार्थ किसीने तत्वार्थ लिखा परंतु गूढ़ार्थ तो केवल श्रीमदाचार्य श्री महाप्रभुजी वल्लभाचार्य ने हीं सुबोधिनीजी में ही प्रगट किया है जिसको सभी धर्म के मतावलम्बियोंने स्वीकार किया है इस घोर कलिकालमें मनुष्य को कैसा जीवन व्यतीत करना चाहिये यह भागवतमें वर्णित है लोग प्रश्न करते है कि हम घर नहीं छोड़ सकते, काम धन्धा बंध नहीं कर सकते तो हम प्रभु शरणमे कैसे पहुंचे ? ऐसा कहनेवालों को श्री भागवतजी उत्तर देते है कि गोपियोंने घर नहीं छोड़ा, काम धंधा नहीं छोड़ा, वे वनमें नहीं गयीं, फिर भी भगवान को पा गयी, उसी प्रकार आपको सब कुछ छोड़कर वन में जानेकी आवश्यक्ता नहीं आवश्यक्ताए कम करोगे तो जीवन दिव्य बनेगा, जो आनन्द योगी को समाधि में मिलता हे वहीं आनन्द आप भागवत श्रवण तथा पाठ करने से प्राप्त कर सकते हैं आवश्यकता कभी पूरी नहीं होती और ना ही प्रभु उसे पूरी करेंगे परंतु आवश्यक कितना है, उतना प्रभु सदा देते हैं राजप्रसाद का त्याग करोगे तो कुटीकी आवश्यकता पडेगी, सुन्दर भोजन छोड़ दोगे तो कन्दमूल की आवश्यकता पड़ेगी, इसलिये घरमें रहकर प्रत्येक व्यवहार को भक्तिमय बनाओ श्रीमद् भागवतजी में अनेकानेक कथाओं से दृष्टान्तो से यही शिक्षा मिलती है कि आप अपने बालकों को धनसंपत्ति न दे सको तो कोई बात नहीं परंतु धार्मिक संस्कार तो डाल ही **सकता** हो अगर ऐसा कर सकोगे तो आपके

बालकों का यौवन भ्रष्ट नहीं होगा श्रीमद् भागवत में श्री आचार्यचरणने तो सुबोधिनीजी में गागरमें सागर भर दिया है बड़े बड़े सन्तमहात्मा परमहंस क्षी इस ग्रन्थ को जीवन में उतारकर परमात्मा की प्राप्ति कर चुके हैं श्रीमदाचार्यश्रीने सुबोधिनी भाष्य लिखकर जगत को एक नवीन मार्गदर्शन कराया है कि वृद्धावस्था में भजन करने से अगला जन्म तो सुधरता है परन्तुइसी जन्ममें भगवान के दर्शन करना हो तो बाल्यावस्था से ही आसुरी भाव छोड़कर प्रभु की शरणमे आओ आपको विचार आता होगा कि हम इतनी भक्ति सेवा करते हैं फिर भी हममें आसुरी भाव कैसे आया तो सिद्धान्त कहता है कि सत्कर्म करने के बाद अभिमान आ जाये उसे आसुरी भाव कहते हैं, सत्कर्म सेवा के बाद अभिमान नहीं करना चाहिये जो हुआ वह प्रभु की ईच्छा से हुआ यह मानकर जीवन में उदारता सरलता लाओ ईसीलिए भागवतजी आज्ञा करती है 'आसुरं भाव मुन्मुच्य, यथा तुष्यत्य धोक्षजः आचार्यश्री आज्ञा करते है कि इस कलिकालमें भागवतजी श्री नाथजीका प्रगटस्वरुप है श्री नाथजी सभी जीवों को आज्ञा करते है, कि मेरा एक हाथ (कटि) पर रखा हुआ है दूसरा उपर उठा हुआ है अनादि काल से आप सब जिस संसार को सागर समझकर डूबने का डर रखते हैं वह **भवसागर** कटि(कमर) तक ही गहरा है और हम जीवों को हाथ ऊंचा करके बुलाते हैं कि समस्त जीवों सभी धर्म एवं पंथ को छोड़कर मेरी शरणमें आ जाओ 'अहं त्वा सर्व पापेभ्यो मोक्षायिव्यामि मा शुचः' मैं तुम्हे समस्त पापों से मुक्त कर दुंगा, फिर भी कोई आने को तैयार नहीं अतः आप सभी जीवन को सुगन्धित बनाने के लिए भगवत् चरणारविन्द में शेष जीवन विताकर भागवत धर्म को आश्रय लेकर अपनी मृत्यु उजाकर कर सकते हो, मृत्यु उसी की उजागर होती है जो प्रत्येक क्षण को सुधारता है ।

यह श्रीमद् भागवत की टीका 'भागवत भाव प्रकाशिका' परमकृपालु श्री गिरिराजजी की कृपा तथा श्रीवल्लभ की प्रेरणा से, परमभक्त श्री प्रदीपभाई पटेलने अथाक प्रयास से एवं लगन, निष्ठा से प्रगट करके प्रकाशित किया है आप सभी धर्ममतावलिम्बयों से निवेदन है कि आप सब इस परम पवित्र ग्रन्थ का नित्य पाठ एवं श्रवण करके अपने जीवन को कृतार्थ करें ।

सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः

अनिल शास्त्री

२१–१–९५

મહેશકુમાર શાસ્ત્રી (અસારવા બેઠક)
સી/૨, પૂજા ફલેટ, ગુલબાઈ ટેકરા,
આંબાવાડી-૬.
ફોન નં. ૪૬૪૦૫૨

'વેદોની કઠિનતા, ઉપનિષદોની જ્ઞાન ગંભીરતા સ્મૃતિઓની મેઘાપરીક્ષણ શક્તિ, અને પુરાણોની તત્ત્વ શોધનાત્મક વિગેરેનો સાર શ્રીમદ્ ભાગવતમાં જોવા મળે છે. કુરાને આખી ઈસ્લામી સંસ્કૃતિ સર્જી, બાઈબલે ખ્રીસ્તી સંસ્કૃતિ સર્જી તેમ શ્રીમદ્ ભાગવતે વિશ્વ માંગલ્યની પ્રેરણા આપી. પુરાણોમાં તેનું સ્થાન વિશિષ્ટ છે. સત્તર પુરાણો રચ્યા છતાં વ્યાસજીને શાન્તિ મળી નહીં. શ્રીમદ્ ભાગવતની રચના કર્યા પછી જ શાંતિ મળી. તેમાં કથાની સરળતા, ક્રમબદ્ધ વાર્તાઓનું વહન સિદ્ધાંતોનું દોહન એવી વ્યવસ્થાથી રજું કરવામાં આવેલું છે કે તેમાં કલ્પભેદની કાલ્પનિક્તાને સ્થાન મળતું નથી. અલબત્ત શ્રીમદ્ ભાગવતની રચના વખતે રચયિતાએ વિભિન્ન વિચારો વિગેરેને અલગ અલગ સ્વરૂપમાં રચીને પછી તેને વ્યવસ્થિત બનાવવાનો પ્રયત્ન કર્યો હોય તેમ સંભવ છે. ચતુઃ શ્લોકી ભાગવતને શ્રીમદ્ ભાગવતના નિર્માણનું મૂલ માનવામાં આવે છે. અંતે શ્રીમદ્ભાગવતની રચના પાછળ રહેલો ઈતિહાસ તેના મહાત્મ્યમાં વધારો કરે છે. પાંડવપૌત્ર પરીક્ષિતને શાપ, સાત જ દિવસમાં આયુષ્યની અવધિ અને અંતે કથા શ્રવણથી મુક્તિ સાંસારિક વિષય વાસનાથી વિમુખ અને ભગવદ્ સન્મુખ તેનું નામ મુક્તિ.'

પ.ભ. શ્રી પ્રદિપભાઈ આપશ્રીના ઉપર વલ્લભની અસીમકૃપા દ્વારા વેદવ્યાસના ગ્રંથ ઉપર સરલ ભાષામાં સામાન્ય જનસમાજમાં પ્રશ્ન ઉદ્ભવે તેવા પ્રશ્નોત્તર સ્વરૂપે ગ્રન્થ પ્રકાશન કરી રહ્યા છો તે અદ્ભૂત છે. શ્રી નટવર પ્રભુ આપશ્રીના ઉપર કૃપા કરે એજ પ્રાર્થના

મહેશ શાસ્ત્રી
અસારવા બેઠક

श्रीमद्भागवत–माहात्म्य

(स्वयं श्री भगवान्के श्रीमुखसे ब्रह्माजीके प्रति कथित)

શ્રીમદ્ભાગવત - માહાત્મ્ય

(સ્વયં શ્રી ભગવાનના શ્રીમુખથી બ્રહ્માને કહેવાયેલું)

श्रीमद्भागवतं नाम पुराणं लोकविश्रुतम् ।
शृणुयाच्छ्रद्धया युक्तो मम सन्तोषकारणम् ॥१॥

लोकविख्यात श्रीमद्भागवत नामक पुराणका प्रतिदिन श्रद्धायुक्त होकर श्रवण करना चाहिये । यही मेरे संतोषका कारण है ।

લોક વિખ્યાત શ્રીમદ્ભાગવત નામના પુરાણનું પ્રતિદિન શ્રધ્ધાપૂર્વક શ્રવણ કરવું જોઈએ. આ મારા સંતોષનું કારણ છે.

नित्यं भागवतं यस्तु पुराणं पठते नरः ।
प्रत्यक्षरं भवेत्तस्य कपिलादानजं फलम् ॥२॥

जो मनुष्य प्रतिदिन भागवतपुराणका पाठ करता है, उसे एक–एक अक्षरके उच्चारणके साथ कपिल गौ दान देनेका पुण्य होता है ।

જે મનુષ્ય હંમેશા ભાગવતપુરાણનો પાઠ કરે છે તેને એક એક અક્ષરના ઉચ્ચારણ સાથે કપિલા ગૌદાન આપવા જેટલું પુણ્ય પ્રાપ્ત થાય છે.

श्लोकार्धं श्लोकपादं वा नित्यं भागवतोद्भवम् ।
पठते शृणुयाद् यस्तु गोसहस्त्रफलं लभेत् ॥३॥

जो प्रतिदिन भागवतके आधे श्लोक या चौथाई श्लोकका पाठ अथवा श्रवण करता है, उसे एक हजार गोदानका फल मिलता है ।

જે કોઈ હંમેશા ભાગવતજીના અડધા શ્લોકનું અથવા તો શ્લોકના ચોથા ભાગનું પણ પઠન અથવા શ્રવણ કરે છે તે મનુષ્યને એક હજાર ગૌદાનનું ફળ મળે છે.

यः पठेत् प्रयतो नित्यं श्लोकं भागवतं सुत ।
अष्टादशपुराणानां फलमाप्नोति मानवः ॥४॥

पुत्र ! जो प्रतिदिन पवित्रचित होकर भागवतके एक श्लोकका पाठ करता है, वह मनुष्य अठारह पुराणोंके पाठका फल पा लेता है ।

હે પુત્ર, જે મનુષ્ય પવિત્રચિત્તથી ભાગવતજીના એક શ્લોકનો પાઠ કરે, તે મનુષ્યને અઢાર પુરાણોના પાઠનું ફળ મળે છે.

नित्यं मम कथा यत्र तत्र तिष्ठन्ति वैष्णवाः ।
कलिबाह्या नरास्ते वै येऽर्चयन्ति सदा मम ।।५।।

जहाँ नित्य मेरी कथा होती है, वहाँ विष्णुपार्षद प्रह्लाद आदि विद्यमान रहते हैं । जो मनुष्य सदा मेरे भागवतशास्त्रकी पूजा करते हैं, वे कलिके अधिकारसे अलग हैं, उनपर कलिका वश नहीं चलता ।

જ્યાં નિત્ય મારી કથા થાય છે ત્યાં વિષ્ણુભગવાન પાર્ષદ, પ્રહલાદ, વિગેરે વિદ્યમાન રહે છે. જે મનુષ્ય નિત્ય મારા ભાગવતશાસ્ત્રની પૂજા કરે છે તેના ઉપર કલિની કોઈ અસર થઈ શકતી નથી.

वैष्णवानां तु शास्त्राणि येऽर्चयन्ति गृहे नराः ।
सर्वपापविनिर्मुक्ता भवन्ति सुरवन्दिताः ।।६।।

जो मानव अपने घरमें वैष्णवशास्त्रोंकी पूजा करते हैं, वे सब पापोंसे मुक्त होकर देवताओंद्वारा वन्दित होते हैं ।

જે મનુષ્ય પોતાના ઘરમાં વૈષ્ણવસાસ્ત્રોની પૂજા કરે છે તે બધા પાપોથી મુક્ત થાય છે અને દેવતાઓ માટે પણ વન્દિત મનાય છે. (વૈષ્ણવં એટલે ભગવાન વિષ્ણુના સબંધી તે બધાજ વૈષ્ણવ.)

येऽर्चयन्ति गृहे नित्यं शास्त्र भागवतं कलौ ।
आस्फोटयन्ति वल्गन्ति तेषां प्रीतो भवाम्यहम् ।।७।।

जो लोग कलियुगमें अपने घरके भीतर प्रतिदिन भगवतशास्त्रकी पूजा करते हैं, वे (कलिसे निडर होकर) ताल ठोंकते और उछलते–कूदते हैं, मैं उनपर बहुत प्रसन्न रहता हूँ ।

જે લોકો કલિયુગમાં પોતાના ઘરની અંદર પ્રતિદિન ભાગવતશાસ્ત્રની પૂજા કરે છે તે કલિના પ્રભાવની સામે નીડર બનીને ઉછળતા કૂદતા રહી શકે છે હું આવા મનુષ્યો ઉપર ખૂબ પ્રસન્ન બનું છું.

यावद्दिनानि हे पुत्र शास्त्र भागवतं गृहे ।
तावत् पिबन्ति पितरः क्षीरं सर्पिर्मधूदकम् ।।८।।

पुत्र ! मनुष्य जितने दिनोंतक अपने घरमें भागवतशास्त्र रखता है, उतने समयतक उसके पितर दूध, घी, मधु और मीठा जल पीते हैं ।

કે પુત્ર, મનુષ્ય જેટલા દિવસો સુધી પોતાના ઘરમાં ભાગવત શાસ્ત્ર રાખે છે તેટલા સમય સુધી તેના પિતૃઓ દૂધ, ઘી, મધ અને મીઠું જળ ગ્રહણ કરે છે. (પીએ છે)

यच्छन्ति वैष्णवे भक्तया शास्त्र भागवतं हि ये ।
कल्पकोटिसहस्त्राणि मम लोके वसन्ति ते ।।९।।

जो लोग विष्णुभक्त पुरुषको भक्तिपूर्वक भागवतशास्त्र समर्पण करते हैं, वे हजारों करोड कल्पोंतक (अनन्तकालतक) मेरे वैकुण्ठधाममें वास करते हैं ।

જે લોકો વિષ્ણુભક્ત પુરુષને ભક્તિપૂર્વક ભાગવતશાસ્ત્ર સમર્પણ કરે છે તે લોકો હજારો, કરોડો કલ્પો સુધી (અનંતકાલ સુધી) મારા વૈકુંઠધામમાં વાસ કરે છે.

येऽर्चयन्ति सदा गेहे शास्त्र भागवतं नराः ।
प्रीणितास्तैश्च विबुधा यावदाभूतसंप्लवम् ।।१०।।

जो लोग सदा अपने घरमें भागवतशास्त्रका पूजन करते हैं, वे मानो एक कल्पतकके लिये सम्पूर्ण देवताओ के तृप्त कर देते हैं ।

જે લોકો સદા પોતાના ઘરમાં ભાગવતશાસ્ત્રનું પૂજન કરે છે તેઓ એક કલ્પ સુધી સમગ્ર દેવગણને તૃપ્ત કરી દે છે.

श्लोकर्धं श्लोकपादं वा वरं भागवतं गृहे ।
शतशोऽथ सहस्त्रैश्च किमन्यैः शास्त्रसंग्रहैः ।।११।।

यदि अपने घरपर भागवतका आधा श्लोक या चौथाई श्लोक भी रहे, तो यह बहुत उत्तम बात है, उसे छोड़कर सैकड़ों और हजारों तरहके अन्य ग्रन्थोंके संग्रहसे भी क्या लाभ है ?

જો પોતાના ઘરમાં ભાગવતનો અડધો શ્લોક અથવા તો શ્લોકનો ચોથો ભાગ પણ રહે તો ઉત્તમ વાત છે. ભાગવતને છોડીને સેંકડો કે હજારોની સંખ્યામાં બીજા ગ્રંથોના સંગ્રહથી શો લાભ છે ?

न यस्य तिष्ठते शास्त्र गृहे भागवतं कलौ ।
न तस्य पुनरावृत्तिर्याम्यपाशात् कदाचन ।।१२।।

कलियुगमें जिस मनुष्यके घरमें भागवतशास्त्र मौजूद नहीं है, उसको यमराजके पाशसे कभी छुटकारा नहीं मिलता ।

કલિયુગમાં જે મનુષ્યના ઘરમાં ભાગવતશાસ્ત્ર મૌજુદ નથી તેમને યમરાજના બંધનમાંથી ક્યારેય છુટકારો મળતો નથી.

कथं स वैष्णवो ज्ञेयः शास्त्र भागवतं कलौ ।
गृहे न तिष्ठते यरय श्वपचादधिको हि सः ।।१३।।

इस कलियुगमें जिसके घर भागवतशास्त्र मौजूद नहीं है, उसे कैसे वैष्णव समझा जाय ? वह तो चाण्डालसे भी बढ़कर नीच है !

આ કલિકાલમાં જેમના ઘરમાં ભાગવતશાસ્ત્ર મૌજુદ નથી તેમને વૈષ્ણવ કેવી રીતે સમજવા ? આવા મનુષ્યો તો ચાંડાલથી પણ નીચી કક્ષાના બની જાય છે.

सर्वस्वेपि लोकेश कर्तव्यः शास्त्रसंग्रहः ।
वैष्णवस्तु सदा भक्त्या तुष्टयर्थं मम पुत्रक ॥१४॥

लोकेश ब्रह्मा ! पुत्र ! मनुष्यको सदा मुझे भक्तिपूर्वक संतुष्ट करनेके लिये अपना सर्वस्व देकर भी वैष्णवशास्त्रोंका संग्रह करना चाहिये ।

લોકેશ બ્રહ્મા પુત્ર ! મને સદાય ભક્તિપૂર્વક સંતુષ્ટ કરવા માટે મનુષ્યે પોતાનું સર્વસ્વ આપીને પણ વૈષ્ણવશાસ્ત્રોનો સંગ્રહ કરવો જોઈએ.

यत्र यत्र भवेत् पुण्यं शास्त्र भागवतं कलौ ।
तत्र तत्र सदैवाहं भवामि त्रिदशैः सह ॥१५॥

कलियुगमें जहाँ–जहाँ पवित्र भागवतशास्त्र रहता है, वहाँ–वहाँ सदा ही मे देवताओंके साथ उपस्थित रहता हूँ ।

કલિયુગમાં જ્યાં જ્યાં પવિત્ર ભાગવત શાસ્ત્ર રહે છે ત્યાં ત્યાં દેવતાઓની સાથે હું સદાય ઉપસ્થિત રહુ છું.

तत्र सर्वाणि तीर्थानि नदीनदसरांसि च ।
यज्ञाः सप्तपुरी नित्यं पुण्याः सर्वे शिलोच्चयाः ॥१६॥

यही नहीं–वहाँ नदी, नद और सरोवररूपमें प्रसिद्ध सभी तीर्थ वास करते हैं; सम्पूर्ण यज्ञ सात पुरियाँ और सबी पावन पर्वत वहाँ नित्य निवास करते है ।

એટલું જ નહિ પણ ત્યાં, નદી નદ અને સરોવર રૂપમાં પ્રસિધ્ધ સર્વતીર્થો વાસ કરે છે, સંપૂર્ણ યજ્ઞ, સાત પવિત્ર નગરો અને બધા પાવન પર્વતો ત્યાં નિત્ય નિવાસ કરે છે.

श्रोतव्यं मम शास्त्र हि यशोधर्मजयार्थिना ।
पापक्षयार्थं लोकेश मोक्षार्थं धर्मबुद्धिना ॥१७॥

लोकेश ! यश, धर्म और विजयके लिये तथा पापक्षय एवं मोक्षकी प्राप्तिके लिये धर्मात्मा मनुष्यको सदा ही मेरे भागवतशास्त्रका श्रवण करना चाहिये ।

લોકેશ, યશ, ધર્મ અને વિજયને માટે તેમજ પાપક્ષય અને મોક્ષપ્રાપ્તિ માટે પણ ધર્માત્મા મનુષ્યે સદા મારા ભાગવતશાસ્ત્રનું શ્રવણ કરવું જોઈએ.

श्रीमद्भागवतं पुण्यमायुरारोग्यपुष्टिदम् ।
पठनाच्छ्रवणाद् वापि सर्वपापैः प्रमुच्यते ।।१८।।

यह पावन पुराण श्रीमद्भागवत आयु, आरोग्य और पुष्टिको देनेवाला है; इसका पाठ अथवा श्रवण करनेसे मनुष्य सब पापोंसे मुक्त हो जाता है ।

આ પાવન પુરાણ શ્રીમદ્ભાગવત આયુષ્ય, આરોગ્ય અને પુષ્ટિ દેનારૂં છે. આનો પાઠ અથવા શ્રવણ કરવાથી પણ મનુષ્ય બધા પાપોથી મુક્ત બની જાય છે.

न श्रृण्वन्ति न हृष्यन्ति श्रीमद्भागवतं परम् ।
सत्यं सत्यं हि लोकेश तेषां स्वामी सदा यमः ।।१९।।

लोकेश ! जो इस परम उत्तम भागवतको न तो सुनते हैं और न सुनकर प्रसन्न ही होते हैं, उनके स्वामी सदा यमराज ही हैं – वे सदा यमराज के ही वशमें रहते हैं – यह में सत्य–सत्य कर रहा हूँ ।

બોકેશ, જે આ પરમ ઉત્તમ ભાગવતને સાંભળતો નથી અથવા શ્રવણ કરી પ્રસન્ન થતો નથી તેમનો સ્વામી સદા યમરાજા જ છે. તે સદાય તેમના જ વશમાં રહે છે. આ વાતને હું સત્ય જ સત્ય કરું છું.

न गच्छति यदा मर्त्यः श्रोतुं भागवतं सुत ।
एकादश्यां विसेषेण नास्ति पापरतस्ततः ।।२०।।

पुत्र ! जो मनुष्य सदा ही – विशेषतः एकादशीको भागवत सुनने नहीं जाता, उससे बढ़कर पापी कोई नहीं है ।

પુત્ર, જે મનુષ્ય વિશેષ કરીને સદા એકાદશીને દિવસે પણ ભાગવત સાંભળવા નથી જતા એમનાથી ચઢિયાતો બીજો કોઈ પાપી નથી.

श्लोकं भागवतं चापि श्लोकर्धं पादमेव वा।
लिखितं तिष्ठते यस्य गृहे तस्य वसाम्यहम् ।।२१।।

जिसके घरमें एक श्लोक, आधा श्लोक अथवा श्लोकका एक ही चरण लिखा रहता है, उसके घरमें मैं निवास करता हूँ ।

જેમના ઘરમાં એક શ્લોક કે અડધો શ્લોક અથવા તો શ્લોકનું એક ચરણ પણ લખેલું રહે છે તેમના ઘરમાં હું નિવાસ કરૂ છું.

सर्वाश्रमाभिगमनं सर्वतीर्थावगाहनम् ।
न यथा पावनं नृणां श्रीमद्भागवतं यथा ।।२२।।

मनुष्यके लिये सम्पूर्ण पुण्य–आश्रमों की यात्रा या सम्पूर्ण तीर्थोंमें स्नान करना भी वैसा पवित्रकारक नहीं है, जैसा श्रीमद्भागवत है ।

મનુષ્યને માટે સંપૂર્ણ પુણ્ય, આશ્રામોની યાત્રા અથવા સંપૂર્ણ તીર્થોમાં સ્નાન કરવું તે બધું શ્રીમદ્ભાગવત જેટલું પવિત્રકારક નથી.

यत्र यत्र चतुर्वक्त्र श्रीमद्भागवत भवेत् ।
गच्छामि तत्र तत्राहं गौर्यथा सुतवत्सला ॥२३॥

यतुर्मुख ! जहाँ–जहाँ भागवतकी कथा होती है, वहाँ–वहाँ में उसी प्रकार जाता हूँ, जैसे पुत्रवत्सला गौ अपने बछड़ेके पीछे–पीछे जाती है ।

ચતુર્મુખ, જ્યાં જ્યાં ભાગવતની કથા થાય છે ત્યાં ત્યાં હું **પુત્રવસ્તસલા** ગાય પોતાના વાછરડાની પાછળ પાછળ જાય તે પ્રકારે હું પણ તેવા સ્થાને જાઉં છું.

मत्कथावाचकं नित्यं मत्कथाश्रवणे रतम् ।
मत्कथाप्रीतमनसं नाहं त्यक्ष्यामि तं नरम् ॥२४॥

जो मेरी कथा कहता है, जो सदा उसे सुननेमें लगा रहता है तथा जो मेरी कथासे मन–ही–मन प्रसन्न होता है, उस मनुष्यका में कभी त्याग नहीं करता ।

જે મારી કથા કહે છે, જે સદા એને સાંભળવામાં લાગી રહે છે અને જે કથાથી મન હિ મનમાં સદા પ્રસન્ન રહે છે તેવા મનુષ્યનો હું કદી ત્યાગ કરતો નથી.

श्रीमद्भागवतं पुण्यं दृष्टा नोत्तिष्ठते हि यः ।
सांवत्सरं तस्य पुण्यं विलयं याति पुत्रक ॥२५॥

पुत्र ! जो परम पुण्यमय श्रीमद्भागवतशास्त्रको देखकर अपने आसनसे उठकंर खड़ा नहीं हो जाता, उसका एक वर्षका पुण्य नष्ट हो जाता है ।

પુત્ર, જે મનુષ્ય પરમ પુણ્યમય ભાગવત શાસ્ત્રને જોઈને પોતાના આસન ઉપરથી ઊભા નથી થતા તેમના એક વર્ષના પુણ્યનો ક્ષય થાય છે.

श्रीमद्भाकवतं दृष्ट्वा प्रत्युथानाभिवादनैः ।
श्रीदम्भागवतं दृष्ट्वा भवेत् प्रीतिर्ममातुला ॥२६॥

जो श्रीमद्भागवतपुराणको देखर खड़ा होने और प्रणाम करने आदिके द्वारा उसका सम्मान करता ह, उस मनुष्यको देखर मुझे अनुपम आनन्द मिलता है ।

જે મનુષ્ય ભાગવતપુરાણને જોઈને ઊભા થઈને ભાગવતને પ્રણામ કરીને તેમનું સન્માન કરે છે તેવા મનુષ્યને જોઈને મને અનુપમ આનંદ મળે છે.

दृष्ट्वा भागवतं दूरात् प्रक्रमेत् सम्मुखं हि यः ।
पदे पदेऽश्वमेधस्य फलं प्राप्नोत्यसंशयम् ॥२७॥

जो श्रीमद्भागवतको दूरसे ही देखकर उसके सम्मुख जाता है, वह एक–क पगपर अश्वमेध यज्ञके पुण्यको प्राप्त करता है इसमें तनिक भी संदेह नहीं है ।

જે મનુષ્ય દૂરથી ભાગવતજીને દેખીને તેમની સન્મુખ જાય છે તે એક એક પગલે અશ્વમેઘ યજ્ઞ સમાન પુણ્ય પ્રાપ્ત કરે છે તેમાં લેશમાત્ર સંદેહ નથી.

उत्थाय प्रणमेद् यो वै श्रीमद्भागवत नरः ।
धनपुत्रांस्तथा दारान् भक्ति च प्रददाम्यहम् ।।२८।।

जो मानव खड़ा होकर श्रीमद्भागवको प्रणाम करता है, उसे मैं धन, स्त्री, पुत्र और अपनी भक्ति प्रदान करता हूँ ।

જે મનુષ્ય ઊભા થઈને ભાગવતશાસ્ત્રને પ્રણામ કરે છે તેમને હું ધન, સ્ત્રી, પુત્ર અને મારી ભક્તિ પ્રદાન કરૂ છું.

महाराजोपचारैस्तु श्रीमद्भागवतं सुत ।
श्रृण्वन्ति ये नरा भक्त्या तेषां वश्यो भवाम्यहम् ।।२९।।

हे पुत्र ! जो लोग महाराजोचित सामग्रियोंसे युक्त होकर भक्तिपूर्वक श्रीमद्भागवतकी कथा सुनते हैं, मैं उनके वशीभूत हो जाता हूँ ।

જે મનુષ્ય મહારાજોચિત્ત સામગ્રીઓથી યુક્ત બનીને ભક્તિપૂર્વક ભાગવતજીની કથા સાંભળે છે તેમને હું વશ થઈ જાઉ છું.

ममोत्सवे सर्वेषु श्रीमद्भागवतं परम् ।
श्रृण्वन्ति ये नरा भक्त्या मम प्रीत्यै च सुव्रत ।।३०।।

वस्त्रालङ्करणैः पुष्पैर्धूपदीपोपहारकैः ।
वशीकृतो ह्यहं तैश्च सत्स्त्रिया सत्पतिर्यथा ।।३१।।

सुव्रत ! जो लोग मेरे पर्वोसे सम्बन्ध रखनेवाले सभी उत्सवोंमें मेरी प्रसन्नताके लिये वस्त्र, आभूषम, पुष्प, धूप और दीप आदि उपहार अर्पण करते हुए परम उत्तम श्रीमद्भागवतपुराणका भक्तिपूर्वक श्रवण करते हैं, वे मुझे उसी प्रकार अपने वशमें कर लेते हैं, जैसे पतिव्रता स्त्री अपने साधुस्वभाववाले पतिको वशमें कर लेती है ।

સુવ્રત, જે લોકો મારા પર્વો સાથે સંબંધ ધરાવે છે અને બધા ઉત્સોવમાં મારી પ્રસન્નતા માટે, વસ્ત્ર આભૂષણ પુષ્પ, ધૂપ આદિ ઉપહાર અર્પણ કરીને પરમ ઉત્તમ ભાગવતશાસ્ત્રનું ભક્તિપૂર્વક શ્રવણ કરે છે તેઓ મને બધાજ પ્રકારથી પ્રસન્ન કરે છે અને જેવી રીતે પતિવ્રતા સ્ત્રી પોતાના સાધુસ્વભાવવાળા પતિને વશ કરી લે છે તે જ પ્રકારથી મને તે વશ કરી લે છે.

श्रीमद्भागवतकी महिमा

श्रीमद्भागवतकी महिमा मैं क्या लिखूँ ? उसके आदिके तीन श्लोकोमें जो महिमा कह दी गयी है, उसके बराबर कौन कह सकता है ? उन तीनों श्लोकोको कितनी ही बार पढ़ चुकनेपर भी जब उनका स्मरण होता है, मनमें अदभुद भाव उदित होते हैं । कोई अनुवाद उन श्लोकोंकी गम्भीरता और मधुरताको पा नहीं सकता । उन तीनों श्लोकोंसे मनको निर्मल करके फिर इस प्रकार भगवान्का ध्यान कीजिये–

ध्यायतश्चणाम्भोजं भावनिर्जितचेतसा ।
औत्कण्ठयाश्रुकलाक्षस्य हृद्यासीन्मे शनर्हरिः ॥
आनन्दसम्प्लवे लीनो नापशयमुभयं मुने ॥
रूपं भगवतो यत्तन्मनःकान्तं शुचापहम् ।
अपशयन् सहसोत्तस्थे वैक्लव्याद् दुर्मना इव ॥

मुझको श्रीमद्भागवतमें अत्यन्त प्रेम है । मेरा विश्वास और अनुभव है कि इसके पढ़ने और सुननेसे मनुष्यको ईश्वरका सच्चा ज्ञान प्राप्त होता है और उनके चरणकमलोंमे अचल भक्ति होती है । इसके पढ़नेसे मनुष्यको दृढ निश्चय हो जाता है कि संसारको रचने और पालन करनेवाली कोई सर्वव्यापक शक्ति है –

एक अनन्त त्रिकाल सच, चेतन शक्ति दिखात ।
सिरजत, पालत, हरत, जग, महिमा बरनि न जात ॥

इसी एक शक्तिको लोग ईश्वर, ब्रह्म, परमात्मा इत्यादि अनेक नामोंसे पुकारते हैं । भागवतके पहले ही श्लोकमें वेदव्यासजीने ईश्वरको स्वरूपका वर्णन किया है कि जिससे संसारकी सृष्टि, पालन और संहार होते है, जो त्रिकालमें सत्य है अर्थात् जो सदा रहा भी, है और रहेगा भी और जो अपने प्रकाशसे अन्धकारको सदा दूर रखता है, उस परम सत्यका हम ध्यान करते है । उसी स्थानमें श्रीमद्भागवतका स्वरूप भी इस प्रकारसे संक्षेपमें वर्णित है कि इस भागवतमें जो दूसरोंकी बढ़ती देखकर डाह नहीं करते, ऐसे साधुजनोंका सब प्रकारके स्वार्थसे रहित परम धर्म और वह जाननेके योग्य ज्ञान वर्णित है जो वास्तवमें सब कल्याणका देनेवाला और आधिभौतिक, आधिदैविक और आध्यात्मिक–इन तीनों प्रकारके तापोंको मिटानेवाला है, और ग्रन्थोंसे क्या, जिन सुकृतियोंने पुण्यके कर्म कर रखे हैं और जो श्रध्धासे भागवतको पढ़ते या सुनते हैं, वे इसका सेवन करनेके समयसे ही अपनी भक्तिसे ईश्वरको अपने हृदयमें अविचलरूपसे स्थापित कर लेते हैं । ईश्वरका ज्ञान और उनमें भक्तिका परम साधन – ये दो पदार्थ जब किसी प्राणीको प्राप्त हो गये तो कौन–सा पदार्थ रह गया, जिसके लिये मनुष्य कामना करे और ये दोनों पदार्थ श्रीमद्भागवतसे पूर् मात्रामें प्राप्त होते है । इसीलिये यह पवित्र ग्रन्थ मनुष्यमात्रका उपकारी है । जबतक मनुष्य भागवतको पढ़े नहीं और उसकी इसमें श्रद्धा न हो, तबतक वह समझ नहीं सकता कि ज्ञान भक्ति–वैराग्यका यह कितना विशाल समुद्र है । भागवतके पढ़नेसे उसको यह विमल ज्ञान हो जाता है कि एक ही परमात्मा प्राणी–प्राणीमें बैठा हुआ है और जब उसको यह ज्ञान हो जाता है, तब वह अधर्म करनेका मन नहीं करता; क्योंकि दूसरोंको चोट पहुँचाना अपनेको चोट पहुँचानेके समान हो जाता है इसका ज्ञान होनेसे मनुष्य सत्य धर्ममें स्थिर हो जाता है, स्वभावहीसे दया–धर्मका पालन करने लगता है और किसी अहिंसक प्राणीके ऊपर वार करनेकी इच्छा नहीं करता । मनुष्योंमें परस्पर प्रेम और प्राणिमात्रके प्रति दयाका भाव यथापित करनेके लिये इससे बढ़कर कोई साधन नही । वर्तमान समयमें, जब संसारके बहुत अधिक भागोमें भयङ्कर युद्ध छिड़ा हुआ है, मनुष्यमात्रको इस पवित्र धर्मका उपदेश अत्यन्त कल्याणकारी होगा । जो भगवद्भक्त हैं और श्रीमद्भागवतके महत्त्वको जानते है, उनका यह कर्तव्य है कि मनुष्यके लोक और परलोक दोनोके बनानेवाले इस पवित्र ग्रन्थका सब देशोंकी भाषाओंमें अनुवाद कर इसका प्रचार करें ।

मदन मोहन मालवीय

અનુક્રમણિકા

અંકુર-૧ : શ્રીમદ્ ભાગવત પ્રશ્નોત્તરી

નં.	પ્રશ્ન	પાન નં.
૧	મંગલાચરણ કેમ કરવું જોઈએ ? કોનું કરવું જોઈએ કયારે અને કેટલી વખત કરવું જોઈએ ?	૧
૨	શ્રી વ્યાસજીએ કેટલા શ્લોકથી શ્રીમદ્ ભાગવતજીમાં મંગલાચરણ કરેલ છે ?	૧
૩	શ્રી શુકદેવજી મહારાજે શ્રીમદ્ ભાગવતમાં મંગલાચરણ ક્યારે કર્યુ છે ?	૨
૪	શ્રી વલ્લભાચાર્યજીએ શ્રી સુબોધીનીજીનું મંગલાચરણ કેટલા શ્લોકથી કર્યું છે ?	૩
૫	શ્રીમદ્ ભાગવતજીની કથા કોને કહેવાય ?	૩
૬	શ્રીમદ્ ભાગવતજી એ શ્રીકૃષ્ણનું કેવું સ્વરૂપ છે ?	૪
૭	શ્રીમદ્ ભાગવતજીને ભગવાનનું વાંગમય સ્વરૂપ કેમ કહેવાય છે ?	૫
૮	શ્રી વ્યાસજીએ ભાગવતજીની રચના કરી તે પહેલાં વ્યાસજીની શું સ્થિતિ હતી ?	૫
૯	શ્રી વ્યાસજીને શ્રીમદ્ ભાગવત રચવાની પ્રેરણા કોણે કરી ?	૫
૧૦	શ્રી ચતુ:શ્લોકી ભાગવત શું છે?	૬
૧૧	શ્રી ચતુ:શ્લોકી ભાગવતનો અર્થ શું છે ?	૬
૧૨	શ્રીમદ્ વલ્લભાચાર્યજી કેટલા શાસ્ત્રોનો સમાધિ તરીકે સ્વીકાર કરે છે? તેમાંથી પ્રમાણ તરીકે કઈ સમાધિભાષાને સ્વીકારેલ છે ?	૭
૧૩	શ્રી ભાગવતસંહિતા શા માટે રચેલી છે ?	૭
૧૪	શ્રી ભાગવત ઉત્તમ કલ્પવૃક્ષ શાથી છે ?	૮
૧૫	શ્રીમદ્ ભાગવતમાં ગાયત્રીને બીજ, ભાગવતજીને ફલ અને વેદને વૃક્ષ શાથી કહેલ છે ?	૮
૧૬	શ્રીમદ્ ભાગવત સર્વનો ઉદ્ધાર કરનાર કેમ છે?	૯
૧૭	ભાગવતજી રચનાર શ્રી વ્યાસજી અને ભાગવતજીનો પ્રચાર કરનાર શ્રી શુકદેવજી કોના અવતાર છે?	૯
૧૮	શ્રીમદ્ ભાગવત શાસ્ત્રનો અધિકાર ક્યારે પ્રાપ્ત થાય છે ?	૯
૧૯	વિષયાત્મક ભાગવત અને વિચારાત્મક ભાગવત કેટલા પ્રકારના છે ?	૯
૨૦	શ્રીમદ્ ભાગવત કયારે ફલ આપે છે ?	૯
૨૧	શ્રીમદ્ ભાગવતનો પ્રભાવ કેવો છે ?	૯
૨૨	શ્રી ભગવાનનું ચરિત્ર ભાગવત ચૌદ લોકમાં કેવી રીતે વ્યાપેલ છે ?	૧૦
૨૩	શ્રીમદ્ ભાગવત શાસ્ત્રનો મુખ્ય સિદ્ધાંત શું છે ?	૧૦
૨૪	શ્રી વલ્લભાચાર્યજીએ શ્રીમદ્ ભાગવતજીને કેટલા અર્થ આપી સમજાવેલ છે? તે અર્થ કયા કયા છે?	૧૦

૨૫ શ્રીમદ્ ભાગવતજીની મુખ્ય પરંપરા કેટલી છે ? ૧૦

૨૬ ભાગવતજીનું માહાત્મ્ય પદ્મપુરાણમાં કેટલા અધ્યાયથી કોના પ્રસંગ આપી દર્શાવેલ છે ? ૧૦

૨૭ શ્રીમદ્ ભાગવતજીનું માહાત્મ્ય સ્કંન્ધપુરાણમાં કેટલા અધ્યાયથી કયા પ્રંસગો આપી દર્શાવેલ છે ? ૧૧

૨૮ શ્રીમદ્ ભાગવતજીનું માહાત્મ્ય ભાગવતજીમાં નથી પણ બીજા પુરાણોમાં કેમ છે ? ૧૧

૨૯ શ્રીમદ્ ભાગવતજીનું તાત્પર્ય કયારે સમજાય ? ૧૨

૩૦ શ્રીમદ્ ભાગવતજી રસનો મહાસાગર શાથી છે ? ૧૨

૩૧ શ્રીમદ્ ભાગવતજીમાં કયાકયા વિષયોનું રહસ્ય કહેલ છે ? ૧૨

૩૨ શ્રીમદ્ ભાગવતજી ભગવાન સંબધીશાસ્ત્ર કેમ છે ? અથવા શ્રીમદ્ ભાગવત નામ શાથી પડેલ છે ? ૧૩

૩૩ શ્રીમદ્ ભાગવતજી ભગવાને કહેલું શાસ્ત્ર કેવી રીતે છે ? ૧૩

૩૪ શ્રીમદ્ ભાગવત આદ્ય પુરાણ અથવા મહાપુરાણ કેમ છે ? ૧૩

૩૫ શ્રીમદ્ ભાગવતજીમાં ગીતાજીના સિદ્ધાંતો કેવી રીતે સમજાવ્યા છે ? ૧૪

૩૬ શ્રીમદ્ ભાગવત શાસ્ત્રમાં માનવ માત્રના કલ્યાણ માટે આવશ્યક કાર્યો ક્યા કયા દર્શાવેલા છે ? ૧૪

૩૭ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનાં પ્રાગટય પહેલાં પૂર્વવતી આચાર્યોએ કેટલા ગ્રંથો પ્રમાણ તરીકે સ્વીકારેલાં છે ? તે કયાકયા ? શ્રી વલ્લભે તેમાં શું ઉમેર્યું ? ૧૫

૩૮ શ્રી આચાર્યચરણે ‘પ્રસ્થાન ચતુષ્ટય’ નો સ્વીકાર કરી શું પ્રસ્તુત કરેલ છે ? ૧૫

૩૯ શ્રીમદ્ ભાગવતજી બીજા પુરાણોમાં શ્રેષ્ઠ કેમ છે ? ૧૫

૪૦ શ્રીમદ્ ભાગવતજીમાં કયો સિદ્ધાંત બધા જ વિષયોમાં કહેવાયેલો છે ? ૧૬

૪૧ શ્રીમદ્ ભાગવતમાં શ્રી ભગવાનનું સ્થૂલ અને સૂક્ષ્મ સ્વરૂપ કેવી રીતે પ્રતિપાદન કરેલું છે ? ૧૭

૪૨ શ્રીમદ્ ભાગવતજીનો ઉપયોગ વૃત્તિને અર્થે કેવી રીતે થાય ? ૧૮

૪૩ શ્રીમદ્ ભાગવતજીની સપ્તાહનો સાધારણ નિયમ શું છે ? અથવા તો સાત દિવસમાં કથા કઈ રીતે ક્રમાનુસાર કહેવાય છે ? ૧૮

૪૪ શ્રીમદ્ ભાગવતજીની સપ્તાહનો અર્થ શું છે ? ૧૯

૪૫ શ્રીમદ્ ભાગવત શબ્દના ચાર અક્ષરોનો અર્થ શું છે ? ૧૯

૪૬ ષોડશોપચાર પૂજનવિધિમાં કયા પ્રકારથી શ્રીમદ્ ભાગવતજીનું પૂજન કરાય છે ? ૨૦

૪૭ શ્રીમદ્ ભાગવતજીની કથા શ્રવણના નિયમો શું છે ? ૨૦

૪૮ શ્રીમદ્ ભાગવતની કથા સાંભળવાથી શું ફળ મળે છે ? ૨૦

૪૯ શ્રીમદ્ ભાગવતજીના શ્રવણ પછી શું કરવું જોઈએ ? ૨૧

૫૦ શ્રીમદ્ ભાગવતજીની કથા થતી હોય ત્યાં ભક્તિ, જ્ઞાન, અને વૈરાગ્ય કેવી રીતે આવે છે ? ૨૧
૫૧ શ્રીમદ્ ભાગવતજીનું સેવન કયારે અને કેવી રીતે કરવું જોઈએ ? ૨૨
૫૨ શ્રી આચાર્યચરણ સર્વ નિર્ણય નિબંધમાં શ્રીમદ્ ભાગવતજીનો આશ્રય કયારે કરવાની આજ્ઞા આપે છે ? ૨૨
૫૩ શ્રીમદ્ ભાગવતજીનો આશ્રય કરવાથી શું થાય ? ૨૩
૫૪ શ્રી વલ્લભાચાર્યજીનું પ્રાગટય ભૂતલ ઉપર શાના માટે થયું છે ? ૨૩
૫૫ શ્રી ભાગવત તત્ત્વાર્થપ્રદીપ નિબંધ શું છે ? ૨૩
૫૬ શ્રી ભાગવત તત્ત્વાર્થપ્રદીપ નિબંધ સમજાવવા માટેની ટીકાઓ કયા નામથી ઓળખાય છે ? અને તે ટીકાઓ કોણે કોણે લખી છે ? ૨૩
૫૭ શ્રી ભાગવતાર્થ પ્રકરણ શું છે ? તેમાં શ્રીમદ્ ભાગવતજીના કયા કયા અર્થ શ્રી વલ્લભે આપેલ છે ? ૨૪
૫૮ શ્રી ભાગવતાર્થ પ્રકરણમાં શ્રીમદાચાર્ય ચરણે શ્રી ભાગવત શાસ્ત્રનો અર્થ શું કરેલ છે? ૨૪
૫૯ આનંદરૂપ હરિની લીલા શ્રીમદ્ ભાગવતનો અર્થ છે તે લીલા કેટલા પ્રકારની છે ? તે જણાવો ? ૨૪
૬૦ દશ લીલાઓ કરવા માટે પ્રભુ કેટલા વ્યુહનો આશ્રય કરે છે ? અને તે કેવી રીતે કરે છે ? ૨૫
૬૧ શ્રી હરિની લીલા સમજવા માટે સૌ પ્રથમ મુખ્ય શાની જરૂર પડે છે ? ૨૫
૬૨ શ્રી ભાગવતાર્થ પ્રકરણમાં બાર સ્કંધોનો અર્થ શું છે ? ૨૫
૬૩ સંપૂર્ણ શ્રીમદ્ ભાગવતજીમાં કુલ કેટલા પ્રકરણો છે ? ૨૭
૬૪ શ્રી ભાગવતાર્થ પ્રકરણ**તથા શ્રી સુબોધિનીજીમાં શ્રી વલ્લભના કયા સ્વરૂપના દર્શન થાય છે ?** ૨૯
૬૫ શ્રીમદ્ ભાગવતજીની ટીકા કરવા માટે જ કયા કયા આચાર્યો પૃથ્વી ઉપર પધાર્યા છે ? ૨૯
૬૬ શ્રી સુબોધિનીજી માટે શ્રી હરિરાયજીના શું વચનામૃત છે ?તે કયા ગ્રંથમાં કહ્યા છે ? ૨૯
૬૭ શ્રી વલ્લભાચાર્યજીએ સુબોધિનીજીની રચના શામાટે કરી અને તે કોના **દ્વારા કરી ?** ૨૯
૬૮ શ્રી સુબોધિનીજી શું છે ? તે ઉપલબ્ધ છે ? ૨૯
૬૯ શ્રી વલ્લભાચાર્યજી એ શ્રી સુબોધિનીજી લખતાં પહેલાં શ્રી ભાગવતજીના કેવા અર્થ કરવાની પ્રતિજ્ઞા લીધી છે ? ૩૦
૭૦ શ્રી વલ્લભ શ્રી વેદવ્યાસજીને શ્રી સુબોધિનીજીમાં શું સંબોધન કરે છે ? ૩૦
૭૧ શ્રી સુબોધિનીજીમાંથી ભગવદ્ રસનો સ્વાદ કેવી રીતે અથવા તો કયારે આવે છે ? ૩૦
૭૨ શ્રી ગુંસાઈજી મહારાજે સુબોધિની સમજવા માટે જે ગ્રંથ લખ્યો છે તે કયા નામથી ઓળખાય છે ? ૩૦

૭૩ શ્રી ગુંસાઈજી રચિત સર્વોત્તમજીમાં ભાગવતજીના અનુસંધાનમાં પોતાના પિતૃચરણના કેટલા નામ આપ્યા છે ? ૩૦
૭૪ શ્રી પુરૂષોત્તમ સહસ્ત્રનામ પાઠ કોને પ્રકટ કરેલ છે ? શા માટે પ્રકટ કર્યો ? તેમાં શું છે ? ૩૦
૭૫ ત્રિવિધ નામાવલી શું છે ? ૩૧
૭૬ **આચાર્ય**ચરણ શ્રી ભાગવતજીની લીલાને કયા કલ્પની માને છે ? ૩૧
૭૭ શ્રી મહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવતજીમાં કેટલા પ્રકારની ભાષા માની છે ? તે કઈ કઈ છે ? તે ભાષાઓ શ્રીવલ્લભે શું અર્થ કરી સમજાવેલ છે ? ૩૧
૭૮ વેદમાં કહેલ યજ્ઞો કયારે ફલ આપનાર થાય છે ? ૩૨
૭૯ શ્રી ઠાકોરજીએ શ્રી વલ્લભને ગંગાસાગર ઉપર ત્થા મધુવનમાં બે વખ્ત ભગવદ્ આજ્ઞા કરી તો પણ શ્રી વલ્લભે તે આજ્ઞા કેમ પાળી નહોતી ? ૩૨
૮૦ શ્રી ભાગવતજીમાં જુદીજુદી કથાઓ અને જુદાજુદા પ્રસંગો કહ્યા છે, તે શ્રી વલ્લભે શી રીતે સમજાવેલા છે ? ૩૨
૮૧ શ્રીમદ્ ભાગવતજીના ૧૨ સ્કંધો ત્થા ષોડશ ગ્રંથની સંગતિ. ૩૨
૮૨ ષોડ્શગ્રંથો કયા કયા છે ? તેના દાન, પાઠ, દ્વારા કયા કયા વૈષ્ણવોએ સ્વજીવન ધન્ય બનાવ્યું છે ? ૩૩
૮૩ ષોડ્શ ગ્રંથો શું છે ? ૩૫
૮૪ ષોડશ ગ્રંથની ટીકાઓ કોણે કોણે લખી છે ? ૩૬
૮૫ ગ્રંથ-૧ શ્રી યમુનાષ્ટકમ્ ગ્રંથનો પરીચય. ૩૬
૮૬ ગ્રંથ-૨ બાલબોધ ગ્રંથનો પરિચય.. ૩૮
૮૭ ગ્રંથ-૩ સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથનો પરિચય શું છે ? ૩૯
૮૮ ગ્રંથ-૪ પુષ્ટિ, પ્રવાહ, **મર્યાદાભેદ** : ગ્રંથનો પરિચય ૪૦
૮૯ ગ્રંથ-૫ સિદ્ધાંત રહસ્ય ગ્રંથનો પરિચય ૪૨
૯૦ ગ્રંથ-૬ નવરત્નમ્ ગ્રંથનો પરિચય ૪૫
૯૧ ગ્રંથ-૭ અંતઃકરણ પ્રબોધ ગ્રંથનો પરિચય ૪૭
૯૨ ગ્રંથ-૮ વિવેક-ધૈર્ય-આશ્રય ગ્રંથનો પરિચય ૪૮
૯૩ ગ્રંથ-૯ શ્રી કૃષ્ણાશ્રય ગ્રંથનો પરિચય ૫૦
૯૪ ગ્રંથ-૧૦ ચતુઃશ્લોકી ગ્રંથનો પરિચય ૫૧
૯૫ ગ્રંથ-૧૧ ભક્તિવર્ધિની ગ્રંથનો પરિચય ૫૩
૯૬ ગ્રંથ-૧૨ જલભેદ ગ્રંથનો પરિચય ૫૪
૯૭ ગ્રંથ-૧૩ પંચપદ્યાનિ ગ્રંથનો પરિચય ૫૭
૯૮ ગ્રંથ-૧૪ સંન્યાસ નિર્ણય ગ્રંથનો પરિચય ૫૮

૯૯ ગ્રંથ-૧૫ નિરોધ લક્ષણમ્ ગ્રંથનો પરિચય ૫૯
૧૦૦ ગ્રંથ-૧૬ સેવાફલમ ત્થા સેવા ફલ વિવરણનો પરિચય ૬૧
૧૦૧ ગ્રંથ-૧૭ પંચ-શ્લોકી ગ્રંથનો પરિચય ૬૨
૧૦૨ ભગવત્કૃપા શ્રી સુબોધિનીજીમાં કેવી રીતે સમજાવેલ છે ? ૬૩
૧૦૩ વેદનો આછો પરિચય ? ૬૩
૧૦૪ પ્રભુનું નિજ સ્વરૂપ અને શ્રીમદ્ ભાગવત એક જ છે અથવા શ્રીનાથજી બાવાના બાર શ્રી અંગ સાથે શ્રીમદ્ ભાગવતજીના બાર સ્કંધની સરખામણી ? ૬૫
૧૦૫ અઢાર પુરાણો કયા કયા છે, કયા કલ્પના છે તથા તે કેટલા શ્લોકમાં છે તેની સૂચિ ? ૬૬
૧૦૬ મંગલ ચતુષ્પદી શું છે ? ભાગવતજીની કઈ લીલા તેમાં છે ? ૬૬
૧૦૭ શ્રી મહાપ્રભુજીના બેઠકજી અને ગાદીજીમાં શું ફેર છે ? ૬૭
૧૦૮ શ્રીમદ્ ભાગવતજીના સપ્તાહમાં સૌપ્રથમ ભાગવતજીનું માહાત્મ્ય કેમ કહેવામાં આવે છે. ૬૮

અંકુર-૨ : સારસંગ્રહ

નં.	પ્રશ્ન	પાન નં.
૧	ભગવત્કથા શું છે ?	૭૦
૨	જીવે ઉત્તમ વક્તા કયાં અને કેવી રીતે બનવું જોઈએ ?	૭૧
૩	શ્રીમદ્ ભાગવત કે શ્રી સુબોધિનીજીની કથાથી શું થવું જોઈએ ?	૭૧
૪	વાસના કેવી રીતે **શાંત કરી શકાય ?**	૭૨
૫	દોષ નિવૃતિ કેવી રીતે અથવા તો કયારે થાય ?	૭૨
૬	પરમહંસ કોને કહેવાય ?	૭૩
૭	જીવ ઈશ્વરને કેમ ઓળખી શક્તો નથી ?	૭૩
૮	જીવ ઈશ્વરથી કેમ વિખુટો પડ્યો છે ?	૭૪
૯	જીવ ભાગ્યશાળી કયારે બને ?	૭૪
૧૦	ઉત્સવ કોને કહેવાય ?	૭૫
૧૧	**પ્રભુ કેવી રીતે સેવ્ય છે ?**	૭૫
૧૨	સ્વરૂપ સેવામાં આનંદ કયારે મળે ?	૭૫
૧૩	શ્રી વલ્લભાચાર્યજીએ ભગવદ્સેવા માટે શું આજ્ઞા કરી છે ?	૭૬
૧૪	આપણો પ્રભુ તરફનો પ્રેમ કેવો છે ?	૭૭
૧૫	ભગવાનની હુંફ કયારે અનુભવાય ?	૭૮
૧૬	મંદિરમાં જઈને શું કરવું જોઈએ ?	૭૮
૧૭	ભોજન, ભજન અને દાન, સ્નાન કેવીરીતે કરવા જોઈએ ?	૭૯

૧૮ માનવ સ્વભાવ કેવો છે ? ૭૯
૧૯ પ્રભુ પાસે જવામાં કેટલા અંતરાય નડે છે ? ૭૯
૨૦ આત્મધર્મ અને દેહધર્મ કેવી રીતે અપનાવવા જોઈએ ? ૮૦
૨૧ વૈષ્ણવતા ક્યારે કહેવાય ? ૮૦
૨૨ પ્રભુ પાસે જવાના મુખ્ય માર્ગ કેટલા ? તે તમામ માર્ગનું એક એક લીટીમાં દ્રષ્ટાંત આપો ? ૮૦
૨૩ મંત્ર અને યંત્રનો સબંધ કેવો છે ? અથવા તો મન ને કેવીરીતે સુધારી શકાય ? ૮૧
૨૪ કોઈ પણ જાતના મંત્રો કરવાથી મન સુધરે છે ? તે કેમ મનાય ? ૮૧
૨૫ પોતાનું નામ ક્યારે બગડે છે ? ૮૨
૨૬ કામ, ક્રોધ, અને લોભથી શું નાશ થાય છે ? ૮૨
૨૭ પુત્રથી સદ્દગતિ કેવી રીતે થાય ? ૮૨
૨૮ જગતમાં વંશ કેટલા છે ? તે ક્યા ક્યા છે ? ૮૨
૨૯ પુષ્ટિજીવોના ભેદ કહો ? ૮૩
૩૦ ભક્તિ કેવી રીતે કરવી જોઈએ ? ૮૩
૩૧ સંત કેમ થવાય ? અથવા તો સંતોના લક્ષણો શું છે ? ૮૪
૩૨ આંખ અને કાનનો ઉપયોગ શી રીતે થાય ? ૮૫
૩૩ સ્વચ્છતા અને પવિત્રતામાં શું ભેદ છે ? ૮૫
૩૪ બે હાથનો ઉપયોગ કેવી રીતે થાય ? ૮૫
૩૫ બે પરમ વૈષ્ણવ અથવા તો બે સંતોનું મિલન કેવું હોય છે ? ૮૬
૩૬ જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગમાં સફળ ક્યારે થવાય ? ૮૬
૩૭ મનુષ્યને અસત્ય વચન બોલવાના મુખ્ય કારણ કયા છે ? ૮૭
૩૮ મનુષ્ય પશુ જેવો ક્યારે કહેવાય ? ૮૭
૩૯ તીર્થ યાત્રા કેવી રીતે કરવી જોઈએ ? ૮૭
૪૦ શ્રી આચાર્યચરણે નિબંધમાં પુષ્ટિમાર્ગીય ભક્તિ પ્રાપ્ત કરવા માટે શું આજ્ઞા કરી છે ? ૮૮
૪૧ વેદાંતમાં સાક્ષાત્કારના બે પ્રકારો બતાવ્યા છે ? તે કયા છે ? ૮૮
૪૨ મૃત્યુ માટે શું કરવું જોઈએ ? ૮૯
૪૩ કથામાં અથવા વ્રતમાં ઉપવાસ કેવી રીતે કરાય ? ૮૯
૪૪ યજ્ઞ અને સત્રમાં ફેર શું છે ? ૮૯
૪૫ પ્રભુની દાસી માયાનો ટૂંકો પરિચય શું છે ? ૯૦
૪૬ શ્રીમદ્દ ગોકુલનો આછો પરિચય ૯૦
૪૭ કંસનો પરિચય ૯૧
૪૮ ભક્તિનો પુત્ર જ્ઞાન નો પરિચય ૯૧

૪૯ જ્ઞાનનો નાનો ભાઈ વૈરાગ્ય નો પરિચય ૯૨
૫૦ કલિયુગ નો પરિચય ૯૩
૫૧ કળિને રહેવાના સ્થાન કયા કયા છે ? ૯૪
૫૨ કલિ કોને ત્યાં આવે છે અને કોને ત્યાં નથી આવતો ? ૯૪
૫૩ શાસ્ત્ર શબ્દનો અર્થ શું છે ? ૯૫
૫૪ આસ્તિક દર્શન અને નાસ્તિક દર્શન બંનેમાં શું ભેદ છે ? ૯૫
૫૫ ભાગવત આદ્ય પુરાણ કેમ છે ? ૯૫
૫૬ ભાગવત ખાસ કોના માટે છે ? ૯૬
૫૭ ભાગવત રસનું પાન કયાં સુધી કરવું જોઈએ ? ૯૭
૫૮ ધર્મ કોને કહેવાય ? ૯૭
૫૯ ભગવાનની સ્તુતિ કયારે કરવી જોઈએ ? ૯૭
૬૦ જપનું ફળ શું છે ? ૯૮
૬૧ ઈન્દ્રિયોરૂપી ઘોડા કાબુમાં કેમ રહે ? ૯૯
૬૨ સત્સંગનો મહિમા શું છે ? ૯૯
૬૩ પાપ અને પૂણ્યને કબુલ કરવાથી શું થાય ? ૧૦૦
૬૪ કયા પ્રકારના મદ ભાન ભૂલાવે છે ? ૧૦૦
૬૫ તમાકુ ખાવાથી શું થાય ? ૧૦૧
૬૬ પ્રભુની કરૂણા કેવી છે ? ૧૦૧
૬૭ પુષ્ટિમાર્ગીય જીવનું ઉચ્ચત્તમ ન ભૂલી શકાય તેવું કર્તવ્ય શું છે ? ૧૦૨
૬૮ સંસાર વૃક્ષ કેવું છે ? ૧૦૨
૬૯ માયાને તરવાના ઉપાય શું છે ? ૧૦૩
૭૦ દુનિયામાં મોટામાં મોટું આશ્ચર્ય શું છે ? ૧૦૩
૭૧ ત્યાગ અને સમર્પણ કેવા હોવા જોઈએ ? ૧૦૪
૭૨ યૌવન અને સંયમથી કૃતાર્થ કેવી રીતે થવાય ? ૧૦૪
૭૩ રાત્રે સૂતાં અને સવારે ઉઠતાં હરિસ્મરણ કેમ કરવા જોઈએ? ૧૦૫
૭૪ ભેદ હોય ત્યાં જ ભય કેમ હોય છે ? ૧૦૫
૭૫ ખતરનાક ચોર કેવો હોય છે ? ૧૦૬
૭૬ પ્રભુ સાથે જ પ્રેમ શું કામ કરવો જોઈએ ? ૧૦૬
૭૭ ભગવાનનો ચોર કેવો હોય છે ? ૧૦૭
૭૮ સંપત્તિ અને વિપત્તિમાં કેવી રીતે રહેવું જોઈએ ? ૧૦૭
૭૯ માન પત્ર કેવું હોવું જોઈએ ? ૧૦૮

૮૦ પુષ્ટિમાર્ગીય જીવે કયા ચાર તત્વનો આશ્રય કરવો જોઈએ ? ૧૦૮
૮૧ દ્રઢ ભક્તિ કેવી હોય છે ? ૧૦૮
૮૨ શ્રાધ અને પિંડદાન કેવી રીતે કરવા જોઈએ ? ૧૦૯
૮૩ પુષ્ટિપુરૂષોત્તમ પુર્ણાવતાર પરબ્રહ્મ શ્રીકૃષ્ણ પ્રભુનું પ્રાગટ્ય ક્યારે થયું છે ? ૧૦૯
૮૪ વેણુનું આદ્યભૌતિક સ્વરૂપ શું છે ? ૧૧૦
૮૫ વેણુનું આધ્યાત્મિક સ્વરૂપ શું છે? ૧૧૦
૮૬ વેણુનું આધિદૈવિક સ્વરૂપ શું છે? ૧૧૧
૮૭ શ્રીમદ્ ભાગવતજીમાં પ્રભુના કીર્તનનું શું માહાત્મ્ય છે ? ૧૧૨
૮૮ શ્રી અષ્ટસખાઓના સ્વરૂપોનો અલૌકિક ભાવ શું છે ? ૧૧૩
૮૯ ગીતાજીના અઢાર નામ કયા કયા છે ? ૧૧૪
૯૦ ગાયનું સ્વરૂપ શું છે ? ૧૧૪
૯૧ તુલસીજીનું સ્વરૂપ પુષ્ટિમાર્ગમાં શું છે ? ૧૧૫
૯૨ શ્રી વ્રજપરિક્રમા શા માટે કરવી જોઈએ ? ૧૧૬
૯૩ વ્રજમાં એક જ દિવસમાં છ ઋતુઓની શું ભાવના છે ? ૧૧૮
૯૪ શ્રી વ્રજયાત્રામાં જતા પ્રથમ સ્મરણ કરી દંડવત્ ક્યાં કરવા જોઈએ ? ૧૧૮
૯૫ તિલકની શું ભાવના છે અથવા તો તિલક કેટલા પ્રકારનાં હોય છે ? ૧૧૯
૯૬ શ્રીમદ્ ભાગવતજીનો કયો પ્રસંગ તિલક કરવાની ભાવના વધારે છે ? ૧૨૧
૯૭ સ્કંધપુરાણમાં વૈષ્ણવના લક્ષણ શું છે ? ૧૨૧
૯૮ પ્રભુની શરણાગતિ ના છ પગથિયાં કયા કયા છે ? ૧૨૨
૯૯ ચિંતામણી સ્તોત્રમ્ માં શું છે ? ૧૨૩
૧૦૦ પ્રભુના નામ રટણનો મહિમા શું છે ? ૧૨૪
૧૦૧ વૃત્રાસુર ચતુઃશ્લોકીમાં શું છે ? તેનો અર્થ શું છે ? ૧૨૫
૧૦૨ શ્રીમદ્ ભાગવતજીમાં કુંતીમાતા ભગવાનની સ્તુતિ કેવી રીતે કરે છે ? ૧૨૫
૧૦૩ પુષ્ટિમાર્ગનાં મુખ્ય સિધ્ધાંત શું છે ? ૧૨૬
૧૦૪ શ્રીમદ્ ભાગવતજીમાં શ્રી ગિરિરાજનું સ્વરૂપ કેવું બતાવ્યું છે ? ૧૨૭
૧૦૫ શ્રી વલ્લભાચાર્યજીએ કેવા ગુરુ કરવાની આજ્ઞા આપી છે ? ૧૩૦
૧૦૬ ભક્તિ અને અધ્યાત્મમાં અહંભાવની સમસ્યા છે તેમાંથી રસ્તો કેવી રીતે મળે ? ૧૩૨
૧૦૭ ભગવતપ્રાપ્તિમાં વિરહતાપ **જ સાધન** કે ફલ કેમ છે ? ૧૩૪
૧૦૮ **શ્રીનાથજી** બાવાના સ્વરૂપને જાણવા માટે શ્રીવલ્લભ શું આજ્ઞા કરે છે ? ૧૩૬

॥ શ્રી કૃષ્ણઃ શરણં મમ્ ॥

અંકુર-૧

શ્રીમદ્ ભાગવત પ્રશ્નોત્તરી

પ્ર-૧ મંગલાચરણ કેમ કરવું જોઈએ ? કોનું કરવું જોઈએ ? ક્યારે અને કેટલી વખત કરવું જોઈએ ?

જ-૧ સત્કાર્યોમાં અનેક વિઘ્નો આવે છે. તે સર્વની નિવૃત્તિ માટે મંગલાચરણની આવશ્યકતા છે. શાસ્ત્રોમાં તો ત્યાં સુધી કહ્યું છે કે દેવો સત્કર્મમાં વિઘ્ન કરે છે. દેવોને ઈર્ષ્યા થાય છે કે આ નારાયણનું ધ્યાન કરશે તો અમારા જેવો થશે. તેથી દેવોને પ્રાર્થના કરવી પડે છે કે અમારા સત્કાર્યોમાં વિઘ્નો ના કરશો. મનુષ્ય જ્યારે સત્કર્મ કરે છે ત્યારે તેનું પાપ વિઘ્ન કરવા આવે છે. તે વિઘ્નોનો નાશ કરવા મંગલાચરણ કરવામાં આવે છે, ક્રિયામાં અમંગલપણું કામથી છે. તે વિઘ્નોનો નાશ કરવા મંગલાચરણ કરવામાં આવે છે, ક્રિયામાં અમંગલપણું કામથી આવે છે. કામ જેને સ્પર્શ કરે છે. તેનું સર્વ અમંગલ થાય છે.

મંગલાચરણ એનું કરવું જોઈએ કે જે આપણા આરંભ કરેલા શુભકાર્યને નિરંતર શાંતિથી પૂર્ણ કરાવી શકે. માટે આપણા જ જે ઈષ્ટ હોય તેનું જ મંગલાચરણ કરવું જોઈએ. જેનું આચરણ મંગલ છે તેનું મનન અને ચિંતન કરવું એ મંગલાચરણ એવા એક પરમાત્મા છે. શ્રીકૃષ્ણનું ધામ મંગલ છે. નામ મંગલ છે, માટે પ્રત્યેક કાર્યના આરંભમાં મંગલાચરણ કરવું જોઈએ. ઓછામાં ઓછું દિવસમાં ત્રણ વખત સવાર, બપોર, સાંજે તથા વારંવાર કરવું જોઈએ.

પ્ર-૨ શ્રી વ્યાસજીએ કેટલા શ્લોકથી શ્રીમદ્ ભાગવતજીમાં મંગલાચરણ કરેલ છે ?

જ-૨ શ્રીમદ્ ભાગવતના પ્રારંભમાં જ પ્રથમ સ્કંધના પ્રથમ અધ્યાયના ત્રણ શ્લોકથી શ્રી વ્યાસજીએ મંગલાચરણ કરેલ છે. પ્રથમ શ્લોકમાં આખા ભાગવતજીનો સાર છે અને બે શ્લોકમાં ભાગવતજીનું મહાત્મ્ય છે.

શ્રીમદ્ ભાગવતના આરંભમાં સનાતન પૂર્ણ પુરૂષોત્તમ પરબ્રહ્મનું ધ્યાન કરી ભાગવતની શરૂઆત કરવામાં આવી છે, તેમજ ભાગવતમાં લખેલાં ધર્મો અમુક જાતના સદાચારી ભક્તોને જાણવા ધર્મ કહેવામાં આવ્યા છે, તે પછી વેદરૂપીકલ્પવૃક્ષ ઉપર લાગેલું ફળ શ્રીમદ્ ભાગવતરૂપી મહારસ રૂપ જે શુકદેવમુનિના મુખેથી નીકળેલું તેનું સંસારના ભાવિક જનોને પણ શ્રવણ કરવા આજ્ઞા કરેલી છે.

જે બ્રહ્મા પૂર્ણ પૂરુષોત્તમ આદિમાં પેદા થયા છે. જેના દ્વારા આખું જગત પેદા થાય છે. તેની રક્ષા કર્યાથી રક્ષાય છે. અને પ્રલયમાં તે સાથે લય પામે છે, એવા એ પૂર્ણબ્રહ્મ પરમ સત્ય રૂપનું અમો શિષ્યો સહિત ધ્યાન કરીએ છીએ. એમ શ્રી વ્યાસજીએ મંગલાચરણના પ્રથમ ચરણમાં પ્રભુને યાદ કર્યા છે.

**ભાગવતશાસ્ત્ર સર્વ શાસ્ત્રોનું મંથન કરેલું નવનીત છે
તેથી તે શ્રવણ કરવા યોગ્ય છે.**

શ્રી વ્યાસજીએ ત્રણ શ્લોકથી મંગલાચરણ કરેલ છે. કારણ આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એ ત્રણ જાતના દુઃખ દૂર કરવા ત્રણ શ્લોક લીધા છે.

શ્રી વ્યાસજીના મંગલાચરણ ઉપર ઓછામાં ઓછા ૧૦૦ પુસ્તક ટીકાના લખાયેલા છે. જુદાજુદા બાલકો-આચાર્યોએ આ મંગલાચરણની ટીકા લખેલ છે.

પ્ર-૩ શ્રી શુકદેવજી મહારાજે શ્રીમદ્ ભાગવતમાં મંગલાચરણ ક્યારે કર્યું છે ?

જ-૩ શુકદેવજી બીજાને સુધારવાની ભાવનાથી કથા કરતા નથી. ફક્ત પોતાના અંતઃકરણના સુખ માટે કથા કરે છે. શુકદેવજીએ ઉપદેશનો આરંભ કર્યો પણ મંગલાચરણ કરતા નથી. કારણ શુકદેવજીને દેહભાન બીલકુલ ન હતું. બીજા સ્કંધમાં ત્રણ અધ્યાય પછી શુકદેવજીએ મંગલાચરણ કર્યું છે.

શુકદેવજી જનકરાજાના દરબારમાં જનક રાજા પાસે વિદ્યા શીખવા ગયા છે, વિદ્યાભ્યાસ પૂરો થયો. શુકદેવજીએ કહ્યું મારે ગુરૂદક્ષિણા આપવી છે જનકરાજાએ કહ્યું મારે ગુરૂદક્ષિણા જોઈતી નથી. તું બહુ આગ્રહ કરે છે, તો જગતમાં જે નિરૂપયોગી વસ્તુ હોય તે મને આપ.

જનકે નિરૂપયોગી વસ્તુ માંગી છે, ગુરૂદક્ષિણા આપવાની છે. શુકદેવજીએ નિરુપયોગી વસ્તુની શોધમાં નીકળ્યા છે. પ્રથમ માટી ઉંચકી. માટી કહે, મારા ઘણા ઉપયોગ છે. પથ્થર ઉંચક્યો, પથ્થર કહે, મારા ઘણા ઉપયોગ છે. આ પ્રમાણે જે વસ્તુ ઉપાડે તે ઉપયોગી જ જણાય. અંતે થાકીને ઉકરડામાં ગયા. ત્યાં વિષ્ઠા પડેલી તે વિષ્ઠા ઉપાડી વિષ્ઠા કહે, મારા પણ ઉપયોગ છે. તમે મને જાણતા નથી. હું તો ચાંદીની થાળીમાં બેઠી હતી. મેં ભૂલ કરી તેથી મારી આ દશા થઈ છે. હું મનુષ્યના પેટમાં ગઈ તેથી મારી આ દુર્દશા થઈ છે.

વિચાર કરતાં શુકદેવજીને લાગ્યું કે આ દેહાભિમાન જ નિરુપયોગી છે. પરમાત્માની સેવા કરતાં પુરુષત્વ અને સ્ત્રીત્વનું ભાન જાય, તો ગોપીભાવસિધ્ધ થાય છે અને પરમાત્માની નિત્યલીલામાં પ્રવેશ મળે છે.

શુકદેવજીએ જનકરાજાને કહ્યું : મારું દેહાભિમાન ગુરૂદક્ષિણામાં અર્પણ કરું છું. જનકરાજાએ કહ્યું : હવે તું કૃતાર્થ થયો છે.

શુકદેવજીએ દેહાભિમાન છોડ્યું છે. શુકદેવજીને પ્રથમ દેહભાન હતું નહીં એટલે મંગલાચરણ કર્યું ન હતું. ગ્રંથના આરંભમાં મંગલાચરણ કરવું જોઈએ એવો નિયમ છે. પણ શુકદેવજીએ મધ્યમાં મંગલાચરણ કર્યું છે. મહાપુરુષોએ ખુલાસો કર્યો છે કે જ્યાં દેહનું ભાન ન હોય ત્યાં કાયદો શું કામ આવે ? દેહનું ભાન નહીં એટલે આવીને એકદમ કથાની શરૂઆત કરી દીધી. જ્યારે દેહનું ભાન થયું ત્યારે ત્રણ અધ્યાય પછી ચોથા અધ્યાયમાં મંગલાચરણ કર્યું છે.

જુવાનીમાં મંગલાચરણ, મંગલ આચરણની બહુ જ જરૂર છે. એટલે શુકદેવજીનું મંગલાચરણ સૌથી વધારે ૧૨ શ્લોકોનું છે.

ભાગવતજીમાં તત્ત્વજ્ઞાન ઘણું જ છે,
પરંતુ તેનો પ્રધાન વિષય તો પ્રેમ જ છે.

પ્ર-૪ શ્રી વલ્લભાચાર્યજીએ શ્રી સુબોધિનીજીના મંગલાચરણ કેટલા શ્લોકથી કરેલ છે ?

જ-૪ શ્રી વલ્લભાચાર્યજીએ શ્રી સુબોધિનીજીમાં મંગલાચરણ નવ શ્લોકથી કરેલ છે.

(૧) સંપૂર્ણ શ્રી ભાગવતનું મનન કર્યા પછી પ્રભુનું જે સ્વરૂપ અનુભવાય છે તેનો અતિસુંદર આદર્શ મંગલાચરણના પ્રથમ શ્લોકમાં આપશ્રીએ આપેલો છે.

(૨) શ્રી ભાગવતની વ્યાખ્યા અલૌકિક બને તેટલા માટે બીજા શ્લોકમાં પોતાની વાણીમાં પ્રભુને બિરાજવાની પ્રાર્થના કરી છે.

(૩) આપશ્રીના પિતાશ્રી શ્રી લક્ષ્મણભટ્ટજી એક મહાન તત્ત્વજ્ઞાની હતા. પવિત્ર, સુપ્રસિદ્ધ અને ગૌરવશાળી હતા તે યાદ કરતો ત્રીજો શ્લોક છે.

(૪) મંગલાચરણ કર્યા પછી ઉત્તમ, મધ્યમ અને હીન અધિકારીઓની પ્રવૃત્તિ શ્રી સુબોધિનીજીમાં થાય એટલા માટે શ્રીમદ્ ભાગવતનું ફલપણું, કલ્પવૃક્ષ અને વેદપણાનું સ્વરૂપ આ શ્લોકમાં બતાવેલું છે.

(૫) શ્રી ભાગવતની વ્યાખ્યા ઘણાએ કરી છે છતાં આ પ્રવૃત્તિ શા માટે ? એનો જવાબ આચાર્યશ્રી પાંચમા શ્લોકમાં આપે છે. અને પોતાનું દિવ્ય અગ્નિ સ્વરૂપ સ્પષ્ટ કરીને શ્રી વેદવ્યાસજીને પ્રસન્ન કરનારો શ્રી ભાગવતનો અર્થ પ્રકટ કર્યો છે.

(૬) શ્રી ભાગવતના અર્થ કેવી રીતે પ્રકટ કરશે એની રૂપરેખા બતાવીને આચાર્યશ્રી પ્રતિજ્ઞા કરે છે કે, શ્રી ભાગવતના અર્થમાં અમુક વાત અધુરી છે. - આ વાક્ય અહીં ઉમેરવું જોઈએ એવા બહાના કાઢીને નવી વાત અંદર દાખલ નહિ કરે અને જેવો શુધ્ધ અર્થ નીકળતો હશે તેવો જ અર્થ પ્રકટ કરશે.

(૭) શ્રી ભાગવતના સાતે અર્થોનો વિરોધ નહિ આવે તેમ અહિં અર્થની સંગતિ કરશે. પરંતુ સંકોચથી સાતે અર્થોમાં ઉત્તરોત્તર કહેવું પડશે એ વાત સાતમા શ્લોકમાં જણાવેલ છે.

(૮) શ્રી ભાગવતમાં ત્રણ ભાષાઓ સમાધિ, પરમત અને લૌકિક છે તેનો તફાવત ચોક્કસ લક્ષણોથી સ્પષ્ટ થશે.

(૯) શ્રી સુબોધિનીજીમાં તો આપશ્રી વાક્યાર્થ, પદાર્થ અને અક્ષરાર્થ એ ત્રણ અર્થ જ કહેવાનો નિશ્ચય કરે છે. અને આ શ્રી સુબોધિનીજીનું કાર્ય સિધ્ધ થાય તે માટે સંતપુરૂષો પોતોનો સંતોષ વ્યક્ત કરી આપશ્રીને આજ્ઞા આપે તેમ આ નવમા છેલ્લા શ્લોકમાં કહ્યું છે. આમ આપશ્રી શ્રીસુબોધિનીજી લખતાં પહેલાં ઉપરના નવ શ્લોક મંગલાચરણના પહેલા કરે છે.

પ્ર-૫ શ્રીમદ્ ભાગવતજીની કથા કોને કહેવાય ? અથવા તો શ્રીમદ્ ભાગવત કથા શ્રવણના અંગો કયા કયા છે ?

જ-૫ શ્રીમદ્ ભાગવતની કથા જેની તેની આગળ કરવી ના જોઈએ. કથા સાંભળનારને શ્રધ્ધા, જિજ્ઞાસા, નિર્મત્સરતા હોવા જ જોઈએ તો ભાગવત શ્રવણ કરવાથી પ્રભુ પ્રત્યે પ્રેમભાવ જાગે છે.

ભાગવતજીનું ફળ નિષ્કામ ભક્તિ છે.
નિષ્કામ ભક્તિ દ્વારા જ મુક્તિના અધિકારી બની શકાય છે.

શ્રધ્ધા :

કોઈ પણ પ્રભુ સંબંધી કાર્ય (ધર્મ કાર્ય) કરવું તે શ્રધ્ધાપૂર્વક તેમજ બ્રાહ્મણોના આદરસત્કાર પૂર્વક તથા શાસ્ત્રની વિધિપૂર્વક કરવું, તો જ કરેલું સાર્થક થાય છે. ગીતામાં પણ કહેલું છે કે મંત્ર, દક્ષિણા, બ્રહ્મભોજન શ્રધ્ધા વગર જે કાંઈ પણ દૈવકાર્ય કરવામાં આવે તે તમોગુણી ગણાય છે. માટે જ સાત્વિકભાવથી શ્રધ્ધાપૂર્વક અને વિધિયુક્ત કરવું જોઈએ.

જિજ્ઞાસાપણું :

શ્રોતામાં જિજ્ઞાસા હોવી જોઈએ. જિજ્ઞાસા ન હોય તો મન ઉપર કથાની અસર થશે નહિ. જાણવાની જીજ્ઞાસા ન હોય તો તેને કથા શ્રવણથી વિશેષ લાભ થતો જ નથી.

નિર્મત્સરતા :

શ્રોતાને જગતમાં કોઈ જીવ પ્રત્યે મત્સરભાવ ન હોવો જોઈએ. કથામાં દીન થઈને જવું જોઈએ. પાપ છોડી મને ભગવાનને મળવાની તીવ્ર આતુરતા છે એવી ભાવના કથામાં થાય તો શ્રીકૃષ્ણનાં દર્શન કરી શકાય.

સૌ પ્રથમ શ્રવણભક્તિ જ છે. શ્રી રૂક્મિણિજી એ તો પ્રભુને પોતાના પ્રથમ પત્રમાં લખ્યું છે. તમારી કથા સાંભળ્યા પછી તમને પરણવાની ઈચ્છા થઈ. શ્રુત્વા શબ્દ ત્યાં આવ્યો છે. ભગવાનના ગુણો સાંભળવાથી ભગવાન પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય છે.

શ્રોતામાં વિનય હોવો જોઈએ. અસ્થિર જ્ઞાન જેમ નકામું ગણાય છે તેમ પ્રમાદથી કરેલું શાસ્ત્રશ્રવણ પણ નકામું ગણાય છે.

પ્ર-૬ શ્રીમદ્ ભાગવતજી એ શ્રીકૃષ્ણનું કેવું સ્વરૂપ છે ?

જ-૬ શ્રીમદ્ આચાર્યચરણ શ્રી ભાગવતને ભગવાનનું નામાત્મક સ્વરૂપ માને છે. ભગવાન ભૂતલ ઉપર પધારી સ્વરૂપથી ઉધ્ધાર કરે છે. તેમ અનવતાર દશામાં નામથી પણ ઉધ્ધાર કરે છે. તેથી તવ કથામૃતમ્ એ શ્લોકની ટીકામાં આપશ્રી આજ્ઞા કરે છે કે જેમ સ્વરૂપ ષડ્ગુણ છે તેવી નામલીલા પણ ષડ્ગુણ જ છે. નામ સ્વાધીન છે જ્યારે સ્વરૂપ કોઈને આધીન નથી, સ્વતંત્ર છે. પરંતુ સ્વરૂપ ઘનપદાર્થ હોઈને સચવાય છે ત્યારે નામરસ વિરલ હોઈને સંભાળવાની બહુ મુશ્કેલી નડે છે. બાકી ફલ સમર્થક તો બંને તુલ્ય જ છે. ઈત્યાદિ સત્સંગ અને શ્રીમદ્ ભાગવત ભગવાનનું આધિભૌતિક ચરણ છે. શ્રી વલ્લભાચાર્યજીએ શ્રીનાથજીબાવાના બાર શ્રીઅંગ અને શ્રીમદ્ભાગવતજીના બાર સ્કંધ સમાન ગણ્યા છે, ભગવાન જ્યારે પૃથ્વી ઉપરથી સ્વધામ પધાર્યા ત્યારે પોતાનું સંપૂર્ણ તેજ શ્રીમદ્ ભાગવતજીમાં પધરાવીને ગૌલોકધામમાં પધાર્યા છે. જેની સેવા કરી શકાય તે સેવ્યસ્વરૂપ. જેના દ્વારા ભગવાનના માહાત્મ્ય તથા લીલાનું જ્ઞાન થાય, પ્રભુ સેવાની રીતિ સમજાય, પ્રભુમાં પ્રાપ્તિ થાય જે હૃદયમાં પધરાવી શકાય તે નામસ્વરૂપ છે. શ્રી ભાગવતજી શ્રીકૃષ્ણનું આવું નામ સ્વરૂપ છે.

શ્રીમદ્ ભાગવત એ પ્રભુનું નામસ્વરૂપ છે. ભાગવત પાઠ દ્વારા ભગવાન્ ધારણ થાય છે. ભાગવતના સાચા સ્પષ્ટ અર્થજ્ઞાનથી ભગવાન્ સમજાય છે, અને ભગવાન ભક્તિ આપે છે.

પ્ર-૭ શ્રીમદ્ ભાગવતજીને ભગવાનનું વાંઙ્‌મય સ્વરૂપ કેમ કહેવાય છે ?

જ-૭ શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર સાક્ષાત્ પ્રભુનું વાંઙ્‌મય (વાણીપ્રચુર) સ્વરૂપ જ છે. જેમ માટીની બનેલી મૂર્તિને 'મૃણમયી' કહેવાય છે. લાકડાની બનેલી મૂર્તિને 'દારૂમયી' કહેવાય છે. પત્થરની બનેલીને 'શૈલી' કહેવાય છે. રત્નોની બનેલીને 'રત્નમયી' કહેવામાં આવે છે. તેવી જ રીતે આ શબ્દાત્મક વાણીથી બનેલું ભગવત્ સ્વરૂપ હોઈ ભાગવતજીને ભગવાનનું 'વાંઙ્‌મય' સ્વરૂપ કહેવામાં આવે છે.

પ્ર-૮ શ્રી વ્યાસજીએ ભાગવતજીની રચના કરી તે પહેલાં શ્રીવ્યાસજીની શુ સ્થિતિ હતી ?

જ-૮ પુરાણો તથા મહાભારતની રચના કર્યા બાદ પણ જયારે શ્રી વ્યાસજીના મનમાં શાન્તિ થઈ નહીં અને કંઈક મુખ્ય વસ્તુનું લેખન અપૂર્ણ રહી જાય છે. એમ અંતરમાં પ્રતીત થવાથી શ્રી વ્યાસજી ચિંતીત થઈ ગયા અને **ઉદવેગવાળા** બન્યા તેમને થયું કળિયુગના લોકો પુણ્યને યાદ કરશે પરંતુ પાપને કોઈ યાદ નહીં કરે.

માટે જ શ્રીમદ્ ભાગવતજીની રચના કરી તે પહેલાંની શ્રી વ્યાસજીની આ સ્થિતિ દૂર કરવા માટે શ્રી વ્યાસજીએ નારદજી દ્વારા કહેવાયેલ વાતોને ભગવદાજ્ઞા સમજીને ભગવાનની લીલાનું અવગાહન કરાવનાર શ્રી ભાગવતજીની રચના કરી અને તેથી શ્રી વ્યાસજીએ અપાર આનંદ પોતાના મનમાં અનુભવ્યો.

આમ ભગવાનની જ્ઞાનકલાથી અવતરેલા શ્રી વિષ્ણુ ભગવાન સ્વરૂપ શ્રીવ્યાસજીને પણ પરમઆનંદ અને સંતોષ આપનારૂં એ ભાગવતશાસ્ત્ર છે. જેનાથી એમનો ઉદ્‌વેગ દૂર થયો છે.

પ્ર-૯ શ્રી વ્યાસજીને શ્રીમદ્ ભાગવતજી રચવાની પ્રેરણા કોણે આપી ?

જ-૯ શ્રી વ્યાસજીને શ્રીમદ્ ભાગવતજી રચવાની પ્રેરણા નારદજીએ આપી. શ્રી ભાગવતજીના પ્રથમ સ્કંધના પાંચમાં અધ્યાયમાં નારદજી વ્યાસજીને સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે "હે વ્યાસજી! તમે હજુ સુધી ભગવાનનો નિર્મળ યશ. (જે યશમાં લૌકિક હીનતા કે લૌકિક ગુણોની ગંધ માત્ર નથી તેવો મલરહિત યશ.) બરાબર કહ્યો જ નથી, તેમજ તમે તમારી બીજી રચનાઓમાં ધર્મ વિગેરે સમ્બન્ધી અર્થનું પ્રતિપાદન કર્યું છે. તેમ તમે વાસુદેવ ભગવાનના મહિમાનું વર્ણન કરેલું નથી. ઉપરાંત જગતને પવિત્ર કરનાર એવો ભગવાનનો યશ જેમાં ઉચ્ચારાયેલો -કહેવાયેલો ન હોય તેવાં વચનો કાગડાના તીર્થ જેવા છે. અને જેમાં ભગવાનનો યશ બરાબર પ્રતિપાદન થયેલો હોય તેવા વચનો કદાચ શ્લોકબધ્ધ ન હોય તો પણ તે સત્પુરુષો દ્વારા સદૈવ શ્રવણ કરવા યોગ્ય છે. નિષ્કર્મ નિરંજન એવું જ્ઞાન પણ જો ભક્તિરહિત હોય તો તે શોભતુ નથી, તો પછી ભગવાનના સંબંધ વિનાનું અથવા તો ભગવાનને અર્પણ નહીં થએલું એવું ભક્તિ વિનાનું કર્મ તો શોભે જ કેવી રીતે ? તેથી હે વ્યાસજી ! તમે સમાધિમાં જે ભગવલ્લીલાનો અનુભવ કરો તેને શાસ્ત્રરૂપે પ્રકટ કરો કે જે દરેકને માટે મોક્ષ આપનાર બની જાય."

કલિયુગમાં કૃષ્ણકથા – સેવા કે કૃષ્ણ કીર્તન વિના મનુષ્યને ઉધ્ધારનાર કોઈ નથી.

આમ આ નારદજીના વાક્યોથી પૂર્ણપણે પરબ્રહ્મ પરમાત્મા જેમાં ગવાયેલાં છે અને જેમાં માત્ર પ્રભુની લીલાનું જ પ્રતિપાદન છે એવું શાસ્ત્ર એ ફક્ત શ્રી ભાગવત જ છે. આ બધી વાતો ભગવદાજ્ઞા સમજીને ભગવાનની લીલાનું અવગાહન કરાવનાર શ્રી ભાગવતજીની રચના કરી અને પરમ આનંદ અનુભવ્યો.

પ્ર-૧૦ શ્રી ચતુઃશ્લોકી ભાગવત શું છે ?

જ-૧૦ બ્રહ્માજીને નારાયણ ભગવાને ડુંટીના કમળ પુષ્પમાંથી પ્રકટ કર્યા તે બ્રહ્માને પોતાને ઉત્પન્ન કરનાર મારો પિતા કોણ છે તે જ્ઞાન ન હોવાથી કમળની દાંડીનું થડ ખોળતાં, થાકી જઈ પાછા કમળમાં બેઠા તે વખતે દાંડીમાંથી 'તપ, તપ' એ ભગવદ્ આજ્ઞા સાંભળી બ્રહ્માજીએ તપ કર્યું, તેને હજારો વર્ષ થઈ ગયાં. તે તપના પ્રભાવે નારાયણે પોતાની વૈકુંઠની વિભૂતિનું બ્રહ્માજીને દર્શન આપ્યું અને જગતની સૃષ્ટિ રચવા બ્રહ્માજીની અંદર શક્તિ પ્રકટ કરવા ભાગવત ચતુઃશ્લોકી દ્વારા ઉપદેશ આપ્યો.

ભગવાન આ જગત ઉત્પન્ન કરવાની શક્તિથી નિષ્ક્રિય બને છે તે જ ભગવાનનું જળમાં પોઢવું છે. તેમાં ભગવાનનો પ્રત્યક્ષ અનુભવ કરવા જે તડફડાટની તાલાવેલી રાખી ઈન્દ્રિયોના સંયમરૂપ તેમ મનના નિરોધ રૂપ તપ કરે છે તે બ્રહ્મા જેવો જાણવો. એવો ઉત્તમ જીવ આ સંસારની માયાજન્ય કમળની સુગંધીમાં બેઠેલો છતાં તે પ્રેમથી સુગંધી મૂકી ભગવાનને જ તપ દ્વારા જાણવા ઈચ્છા કરે છે તેને પ્રભુ પોતાના વૈકુંઠાદિ ઐશ્વર્યનું દર્શન કરાવી પોતાનું માહાત્મ્ય ઓળખાવી પોતાની શક્તિ તેમાં મૂકે છે.

આપણા પુષ્ટિ સિદ્ધાંત અનુસાર વગર સાધને પોતાની ઈચ્છાથી ભગવાન પોતાનું માહાત્મ્ય તે તે ભક્તમાં પણ મૂકે છે તો પછી તે ભક્તો સંસારમાં કોઈ પણ કાર્ય થાય તે પ્રભુ જ કરે છે તેવી ભાવના રાખી દુનિયામાં જળકમલવત્ રહે છે તેના સઘળાં કાર્ય વગર શ્રમે ભગવાન જ પૂરાં કરી આપે છે.

આમ સૌ પ્રથમ સ્વયં ભગવાને પોતાના જ ગુણ સ્વરૂપ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ દેવગણને જગતની ઉત્પત્તિ પહેલાં ફક્ત ચાર શ્લોકમાં આખું શ્રીમદ્ ભાગવતજી કહેલું (સ્કંધ પુરાણમાં કહ્યા પ્રમાણે તેને ચતુઃશ્લોકી ભાગવત કહેવામાં આવે છે. મૂળ ભાગવતજી તો ચાર જ શ્લોકનું ચતુઃશ્લોકી જ છે. પાછળથી શ્રી વ્યાસજી એ તે ચાર શ્લોકનો વિસ્તાર કરી કુલ અઢાર હજાર શ્લોક કર્યા અને શ્રીમદ્ ભાગવતજીની રચના કરી છે.

પ્ર-૧૧ શ્રી ચતુઃશ્લોકી ભાગવતજીનો અર્થ શું છે ?

જ-૧૧ સૃષ્ટિના પહેલાં હું જ હતો. તે વખતે સત્ (સ્થૂળ) અસત્ (સૂક્ષ્મ) અને તેનું કારણ પ્રકૃતિ વગેરે કાંઈ નહોતું. સૃષ્ટિની ઉત્પત્તિ પછી હું જ છું અને સૃષ્ટિનો અંત થતાં જે કાંઈ બાકી રહે તે પણ હું જ છું.

જે વસ્તુ રૂપે ન હોય છતાં દેખાય તેને માયા કહે છે. અથવા પ્રપંચ વાસ્તવિક ન હોય છતાં દેખાય છે તે આત્મામાં દેખાતી નથી તેને જ માયા કહે છે. જેમ સૂર્ય ન હોય તો અંધારું થાય

શ્રીમદ્ ભાગવતનો ગૂઢાર્થ સમજાવવા માટે જ
શ્રી વલ્લભાચાર્યજી ભૂતલ ઉપર પધાર્યા છે.

છે અને સૂર્યમાં અંધારૂ દેખાતું નથી. (૨)

જેમ નાના મોટા ભૌતિક પદાર્થમાં પંચભૂત તેમના કારણ રૂપથી પ્રવિષ્ટ થયા હોય તેવું દેખાય છે છતાં વાત્સવમાં તેમનો પ્રવેશ બનતો નથી. તેજ પ્રમાણે હું ભગવાન સર્વે પ્રાણીઓમાં તેમના આત્મસ્વરૂપે રહેલો લાગવા છતાં વાસ્તવમાં તેમનાથી અલગ છું.

અન્વય અને વ્યતિરેક એ બંને હેતુથી એમ સિદ્ધ થાય છે કે માત્ર એક જ તત્ત્વ સર્વાતીત એવં સર્વસ્વરૂપ ભગવાન જ સદા સર્વત્ર છે. એજ વાત આત્મતત્ત્વના જિજ્ઞાસુઓ એ જાણવા જેવી છે.

પ્ર-૧૨ શ્રીમદ્ વલ્લભાચાર્યજી કેટલા શાસ્ત્રોનો સમાધિ તરીકે સ્વીકાર કરે છે? તેમાંથી પ્રમાણ તરીકે કઈ સમાધિભાષાને સ્વીકારેલ છે ?

જ-૧૨ સમાધિ એટલે ઈશ્વર સાથે એક થવું. બહિર્મુખ ઈન્દ્રિયોને અંતર્મુખ કરવાથી સમાધિ સમીપ પહોંચાય છે. ઈશ્વરમાં લીન થવું એનું નામ સમાધિ.

શ્રીમદ્ આચાર્યચરણ બે શાસ્ત્રોને 'સમાધિભાષા' તરીકે સ્વીકારે છે. એક મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્ર પ્રભુના લીલાવિસ્તારને દર્શાવતું મહામુનિ શ્રી વાલ્મીકિરચિત શ્રી રામાયણ તથા બીજુ પરબ્રહ્મપૂર્ણપુરુષોત્તમ પ્રભુ શ્રીકૃષ્ણની દશવિધ લીલાના વિસ્તાર સ્વરૂપવાળું મહામુનિ શ્રી વેદવ્યાસજી રચિત ભાગવત.

આ બંને શાસ્ત્રોમાં બંને મહર્ષિઓને એમની સમાધિમાં જે ભગવત્સ્વરૂપનો તેમની લીલાસહિત અનુભવ થયો તે તેમની સમાધિના અનુભવે આ બંને શાસ્ત્રોની રચના થઈ છે. આમ આ બંને શાસ્ત્રોમાં જે પણ કાંઈ કહેવાયું છે તેમાં ક્યાંય પણ કોઈ પણ પ્રકારે માનવીય ભાવોનું મિશ્રણ થયેલું નથી. પણ અલૌકિક ભાવે જ આ શાસ્ત્રોનો આવિર્ભાવ થએલો છે.

વાલ્મીકિ રામાયણ આચારધર્મ પ્રધાનગ્રંથ છે. વાલ્મીકિ રામાયણ પણ મહર્ષિ વાલ્મીકિની સમાધિ ભાષા જ છે. પરંતુ વેદના અર્થોને પ્રકટ કરવાના હેતુથી પ્રભુએ સ્વયં પોતાની જ્ઞાનકલા દ્વારા વ્યાસ અવતાર લીધો છે. અને તે દ્વારા જ સર્વ અર્થો પ્રકટ કર્યા છે તેથી મુખ્ય પ્રમાણમાં વ્યાસની સમાધિભાષાને જ પ્રમાણ સ્વીકારવામાં આવ્યું છે.

પ્ર-૧૩ શ્રી ભાગવત સંહિતા શા માટે રચેલી છે ?

જ-૧૩ સૃષ્ટિ વિગેરેથી ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થાય છે. ભગવાન સર્વના આત્મા છે એમ જાણવામાં આવે ત્યારે ભગવાનમાં ઘણો દ્રઢ અને સર્વથી અધિક સ્નેહ ઉત્પન્ન થાય છે. આ બે વાત એટલે કે ભગવાનના માહાત્મયનું જ્ઞાન અને ભગવાનમાં ઘણો દ્રઢ અને સર્વથી અધિક સ્નેહ પ્રાપ્ત થાય તે માટે આ ભાગવતસંહિતા રચેલી છે. આ સમાધિભાષા, તેમાં પુરુષ પ્રયત્ન ભક્તિમાં જ છે. જ્ઞાન અને ભક્તિ પ્રભુના આધ્યાત્મિક ચરણ છે.

વેદ-ઉપનિષદમાં પરમાત્માનું વર્ણન કરતાં "નેતિ-નેતિ" એવી નિષેધ ભાષાનો ઉપયોગ કરાયો છે, જયારે ભાગવત જેવા વૈષ્ણવ શાસ્ત્રમાં વિધિમુખના "હા, આ રહ્યો મારો ભગવાન" એવા ભાવ રજૂ કરાયા છે.

શ્રી વલ્લભના દાર્શનીક સિદ્ધાંતોનો મૂળ આધાર શ્રીમદ્ ભાગવત છે.

જે વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ, મુમુક્ષુતા વગેરે સાધન ચતુષ્ટયથી સંપન્ન છે તેમને જ વેદાંત સમજાય છે.

કળિયુગનો માનવ સમાજ વિલાસી થશે તેથી વેદાંતનું તત્ત્વજ્ઞાન પચાવી શકશે નહિ એમ લાગવાથી જ વ્યાસજીએ ભાગવતનું સર્જન કર્યું છે. કળિયુગનો માનવી બધું છોડી વનમાં જતો પણ રહે તો તેની દશ ઈન્દ્રિયોને મન તો સાથે જ રહે તેનું શું થાય.

શ્રી વ્યાસજીએ ભક્તિયોગ વડે સારી રીતે સમાધિ કરી ત્યારે પૂર્ણ પુરુષનો, માયાનો, જીવનો અને બદ્ધ જીવને છૂટવાના ઉપાય રૂપ ભક્તિ યોગનો શ્રી વ્યાસજીને સાક્ષાત્કાર થયો. ત્યારે એમણે અજ્ઞાની લોકોને માર્ગ બતાવવા માટે શ્રી ભાગવતરૂપ સાત્વત સંહિતા રચી છે.

શ્રી વેદવ્યાસજી ભાગવતજીના રચયિતા સાક્ષાત્ પ્રભુનો જ્ઞાન અવતાર જ હતા તેથી તેમના કલ્યાણની તો જરુર જ નહોતી પણ જગતના ઉધ્ધાર માટે કલ્યાણ માટે આપણા જેવા જીવો ભગવન્માહાત્મ્ય જાણી પ્રભુમાં પ્રેમ કરી શકે તે માટે ભાગવતજીની રચના કરેલી છે.

પ્ર-૧૪ શ્રી ભાગવત ઉત્તમ કલ્પવૃક્ષ શાથી છે ?

જ-૧૪ ધર્મ અને જ્ઞાન સાધન છે. આ સાધનોથી ભગવાનનો આવિર્ભાવ થયા પછી ભગવાનમાં પ્રવેશ કરવો એ ફલ છે. આ સર્વ શ્રીમદ્ ભાગવતથી જ પ્રાપ્ત થાય છે. તેથી તે ઉત્તમ કલ્પવૃક્ષ છે. ૧-૧-૨.

માટે જ શ્રી વૈકુંઠના દ્વારેથી નારદજી ભાગવતરૂપી કલ્પવૃક્ષને ભૂતલ ઉપર પધરાવી લાવ્યા છે. વિચાર અને ચિંતન વિના પણ માત્ર ભાગવતના શ્રવણથી જ ઈશ્વર હૃદયારૂઢ થાય છે.-૧-૧-૨. સામાન્ય રીતે કલ્પવૃક્ષ તો ઈચ્છિત વસ્તુ જ આપે પણ ભાગવતજી તો ભગવદપ્રેમ અને ભગવાન જ મેળવી આપે છે તેથી ઉત્તમ કલ્પવૃક્ષ છે.

પ્ર-૧૫ શ્રીમદ્ ભાગવતમાં ગાયત્રી ને બીજ, ભાગવતજીને ફલ અને વેદને વૃક્ષ શાથી કહેલ છે ?

જ-૧૫ વેદના પૂર્વકાંડમાં યજ્ઞોનું નિરૂપણ કરેલ છે. અને ઉત્તરકાંડમાં બ્રહ્મનું નિરૂપણ કરેલું છે. પૂર્વકાંડનો વિષય ધર્મ છે. અને ઉત્તરકાંડનો વિષય બ્રહ્મજ્ઞાન છે. બંને કાંડોનો અર્થ એક બીજાના અર્થને જાણવાના હેતુરૂપ છે. તે જ પ્રમાણે અહિં શ્રીમદ્ ભાગવતમાં ધર્મ અને જ્ઞાન બંને ભક્તિના હેતુરૂપ છે એમ દર્શાવવા ગાયત્રીને બીજ, વેદને વૃક્ષ અને શ્રીમદ્ ભાગવતજીને ફલ કહેલાં છે. બંને કાંડના અર્થમાં વેદ સંપૂર્ણ છે. છતાં તે વૃક્ષ છે અને તેનું ફલ શ્રીમદ્ ભાગવત છે. તેથી શ્રીમદ્ ભાગવત વિના ફલ વિનાના વૃક્ષ પેઠે વેદ વ્યર્થ હોવાથી ભાગવતનો આરંભ કરેલો છે. અને શ્રીમદ્ ભાગવતજીના આરંભમાં મંગલાચરણમાં જ શ્રી વેદ વ્યાસજીએ બીજ, વૃક્ષ અને ફલ સમજાવેલ છે.

મંગલાચરણના પ્રથમ શ્લોકની અંદર બીજ ભાવ છે ગાયત્રી-બીજ-પરિચય અર્થથી થયેલો છે. બીજા શ્લોકમાં વેદામત્મક વૃક્ષ ભાવ છે અને ત્રીજા શ્લોકમાં ભાગવતરૂપ ફલભાવ છે.

પાંચ ઉગ્ર પાપ કરનાર, છલ કપટ કરનાર, ક્રૂર પિશાચોની જેમ દયા વગરના, બ્રાહ્મણના ધનથી પુષ્ટ થયેલ તથા વ્યભિચારી હોય તેઓ કલિયુગમાં ભાગવત સપ્તાહ શ્રવણથી પવિત્ર થાય છે.

મંગલાચરણના ત્રણ શ્લોકનો એકબીજા સાથેનો સંબંધ સ્પષ્ટ વિચારતાં, ઉપરોક્ત વાત સમજાય છે.

પ્ર-૧૬ શ્રીમદ્ ભાગવત સર્વનો ઉધ્ધાર કરનાર કેમ છે ?

જ-૧૬ ત્રૈવર્ણિક એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય પુરુષોનો ઉધ્ધાર વેદથી થાય છે. સ્ત્રીઓ અને શૂદ્રોનો ઉધ્ધાર ઈતિહાસથી થાય છે. જે ભાગમાં વેદનો સાર કહેલો છે તે સમાધિભાષા છે અને જેમાં ઈતિહાસનો સાર છે તે મતાંતર કહેવાય છે. વેદ અને ઈતિહાસ બંનેનો સાર શ્રીમદ્ ભાગવતમાં હોવાથી તે ત્રૈવર્ણિક, સ્ત્રીઓ અને શૂદ્રો સર્વનો ઉધ્ધાર કરનાર છે. ૧-૩-૮૨. શ્રીમદ્ ભાગવત દ્વારા માત્ર જીવવા મથનારા, કલ્યાણ મેળવવા મથનારા, અને પ્રભુ મેળવવા મથનારા એ ત્રણેયને પોતાનું ઈચ્છેલું મળે છે. માટે શ્રીભાગવતજી સર્વોધારક છે. વિશેષમાં જ-૬૨ જોઈ લેવો.

પ્ર-૧૭ ભાગવતજી રચનાર શ્રીવ્યાસજી અને ભાગવતજીનો પ્રચાર કરનાર શ્રી શુકદેવજી કોના અવતાર છે ?

જ-૧૭ ભાગવત રચનાર વ્યાસજી વિષ્ણુ ભગવાનનો અવતાર છે અને ભાગવતજીનો પ્રચાર કરનાર શ્રી શુકદેવજી વસ્તુતઃ મહાદેવજીનો અવતાર છે. ૧-૭-૧૧.

પ્ર-૧૮ શ્રીમદ્ ભાગવત શાસ્ત્રનો અધિકાર ક્યારે પ્રાપ્ત થાય છે ?

જ-૧૮ શ્રીમદ્ ભાગવત શાસ્ત્રનો અધિકારી વિરક્ત છે. જેમ જેમ સંસારમાં વૈરાગ્ય થાય તેમ તેમ શ્રીમદ્ ભાગવતનો અધિકાર પ્રાપ્ત થાય છે. ૧-૨-૧. ગુરૂ વાક્યમાં શ્રદ્ધા, દીનતા હોય અને ચંચલતા, મલિનતા, કપટ, લોલુપતા ના હોય તે ભાગવતશાસ્ત્રનો અધિકાર છે. અધિકાર હોય પણ વૈરાગ્ય ના હોય તો ફલમાં વિલંબ થાય છે.

પ્ર-૧૯ વિષયાત્મક ભાગવત અને વિચારાત્મક ભાગવત કેટલા પ્રકારના છે ?

જ-૧૯ વિષયાત્મક ભાગવત અનેક પ્રકારનું છે. જ્યારે વિચારાત્મક ભાગવતજીના બે પ્રકાર છે. બ્રહ્માજીએ નારદજી ને કહેલું છે તે **ઉપપત્તિ પ્રકાર** અને ભગવાને બ્રહ્માજીને કહેલું છે તે ઉત્પત્તિ પ્રકારનું કહેલું છે. ૨-૮-૨૮.

પ્ર-૨૦ શ્રીમદ્ ભાગવત ક્યારે ફલ આપે છે ?

જ-૨૦ જીતેન્દ્રિયતા અને જ્ઞાન આ બે શ્રીમદ્ ભાગવતના અંગો છે. જેનામાં આ બે વિશેષ હોય તેને શ્રીમદ્ ભાગવત ફલ આપે છે. ૧-૩-૪૧. આચરણ વગરનું જ્ઞાન, પ્રમાદથી કરેલું શ્રવણ ફલ આપતું નથી.

પ્ર-૨૧ શ્રીમદ્ ભાગવતનો પ્રભાવ કેવો છે ?

જ-૨૧ શ્રીમદ્ ભાગવત ભગવદ્ રૂપ છે. તેથી જેમ ભગવાનનાં પોતાના સર્વ ભક્તોમાં અસાધારણ પ્રભાવ છે. તેવો જ ભાગવતજીનું ચિંતન કરનારાઓમાં ભાગવતજીનો અસાધારણ પ્રભાવ છે. ૧-૨-૩. માટે જ પ્રાચીન વૈષ્ણવો શ્રીભાગવતજીને ભોગ ધરતાં હતાં અને ભગવદ્ સ્વરૂપની જેમજ સેવન કરતા હતા.

શ્રીમદ્ ભાગવતજીની કથા સદા સર્વદા સાંભળવી જોઈએ કારણ કે તેના શ્રવણમાત્રથી પ્રભુ મનમાં નિવાસ કરે છે.

પ્ર-૨૨ શ્રી ભગવાનનું ચરિત્ર ભાગવત ચૌદ લોકમાં કેવી રીતે વ્યાપેલ છે ?

જ-૨૨ આ ભગવાનનું ચરિત્રરૂપ ભાગવત ચૌદ લોકમાં વ્યાપી રહેલું છે. કારણ કે ભગવાનના ચરિત્ર ભાગવતનું ગાન કરનાર બ્રહ્મા સનક વિગેરે ઉપરના લોકોમાં છે **ધ્રુવલોક** સુધી બૃહસ્પતિ છે. ભૂમિ ઉપર પરાશર છે. અને પાતાલમાં સંકર્ષણ જ છે. આમ ભાગવત ચૌદે લોકમાં વ્યાપી રહેલ છે. ૩-૮-૮.

પ્ર-૨૩ શ્રીમદ્ ભાગવત શાસ્ત્રનો મુખ્ય સિદ્ધાંત શું છે ?

જ-૨૩ આ શાસ્ત્રમાં મુખ્ય સિદ્ધાંત એ છે કે જે ઘણા પ્રયત્નથી પણ ભગવાનનું કર્તવ્ય કરે છે તે મુખ્ય છે, જે ભગવાનની સેવા સ્વાર્થ વિના નિષ્કામ ભાવથી કરે છે તે મધ્યમ છે અને જે પોતાના સ્વાર્થ માટે ભગવાનની સેવા કરે છે તે અધમ છે. ૨-૯-૧૯.

આ શાસ્ત્રમાં પરોપકાર મુખ્ય સાધન છે. ૩-૪-૧૮. શ્રી ભાગવતનો મુખ્ય સિધ્ધાંત પ્રેમ છે.

પ્ર-૨૪ શ્રી વલ્લભાચાર્યજીએ શ્રીમદ્ ભાગવતજીને કેટલા અર્થ આપી સમજાવેલ છે ? તે અર્થ કયા કયા છે ?

જ-૨૪ શ્રી આચાર્યચરણ શ્રી ભાગવતજીના સાત અર્થ કરે છે. (૧) શાસ્ત્રાર્થ (૨) સ્કંધાર્થ (૩) પ્રકરણાર્થ (૪) અધ્યાયાર્થ (૫) વાક્યાર્થ (૬) પદાર્થ (૭) અક્ષરાર્થ એમ સાત અર્થોમાં વિરોધ ન આવે તેવી રીતે એક અર્થ સમજે તે મુક્ત થાય છે. આ બધાજ અર્થમાં ભાગવતનો મુખ્ય અર્થ શાસ્ત્રાર્થ છે તેથી તેને પહેલા ક્રમમાં મૂક્યો છે. ત્યાર બાદ છ અર્થો શાસ્ત્રાર્થના અવયવભૂત હોઈ શક્તિસંકોચ પ્રમાણે તેમાં દુર્બલતા છે.

પ્ર-૨૫ શ્રીમદ્ ભાગવતજીની મુખ્ય પરંપરા કેટલી છે ?

જ-૨૫ શ્રીમદ્ ભાગવતજીની બે પરંપરા છે. (૧) પદ્મપુરાણની (૨) સ્કન્દપુરાણની. પદ્મપુરાણમાં શ્રી ભગવાને બ્રહ્માજીને, બ્રહ્માજીએ નારદજીને, નારદજીએ શ્રીવ્યાસજીને, વ્યાસજીએ શ્રી શુકદેવજીને અને શુકદેવજીએ પરિક્ષિતરાજાને ભાગવત સંભળાવેલ ત્યારે સૂતજી હાજર હતા. બીજી પરંપરામાં વાસુદેવ સ્વરૂપ શ્રી સંકર્ષણને, સંકર્ષણે સનતકુમારોને, સનતકુમારોએ સાંખ્યમુનિને, સાંખ્ય મુનિજીએ પરાશરજીને, પરાશરજીએ મૈત્રેયજીને ભાગવત કહેલ તે બીજી પરંપરા છે. બંનેમાં ભગવાન જ બોલ્યા છે માટે બંને પરંપરા માન્ય જ છે.

પ્ર-૨૬ શ્રીમદ્ ભાગવતજીનું મહાત્મ્ય પદ્મપુરાણમાં કેટલા અધ્યાયથી કોના પ્રસંગ આપી દર્શાવેલ છે ?

જ-૨૬ પદ્મપુરાણમાં શ્રી ભાગવતજીનું માહાત્મ્ય છ અધ્યાયથી જણાવેલું છે. તેમાં ૫૦૪ શ્લોકો છે.

(૧) ભક્તિ અને નારદમુનિનો સમાગમ.

(૨) સનકાદિ કુમારો અને નારદનો સંવાદ

(૩) ભક્તિના કષ્ટનું નિવારણ

(૪) આત્મદેવ બ્રાહ્મણનો મોક્ષ.

જેને ઘેર નિત્ય ભાગવતની કથા થાય છે તેનું ઘર તીર્થરૂપ છે.

(૫) ગોકર્ણનું વર્ણન.

(૬) શ્રી ભાગવતના શ્રવણનો વિધિ.

પ્ર-૨૭ શ્રીમદ્ ભાગવતનું માહાત્મ્ય સ્કંધપુરાણમાં કેટલા અધ્યાયથી કયા પ્રસંગો આપી દર્શાવેલ છે ?

જ-૨૭ સ્કંધપુરાણમાં શ્રી ભાગવતજીનું માહાત્મ્ય ચાર અધ્યાયથી જણાવેલું છે. તેમાં ૧૯૯ શ્લોકો છે.

(૧) વ્રજનાભ અને શાંડિલ્યનો સંવાદ.

(૨) શ્રીકૃષ્ણપત્નીઓને કાલિન્દીજીનો પરિચય.

(૩) ઉદ્ધવજીનું પધારવું અને શ્રી ભાગવતજીના શ્રવણથી સર્વનું લીલામાં મગ્ન થવું.

(૪) ભાગવત શ્રવણનો વિધિ તથા શ્રોતા- વક્તાનાં લક્ષણ.

લગભગ દરેક જગ્યાએ શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં પદ્મપુરાણના માહાત્મ્યના ગોકર્ણ -ધંધુકારી પ્રસંગોનું શ્રવણ કરાવાતું હોય છે. સ્કંધપુરાણનું માહાત્મ્ય પણ પ્રમાણ સિદ્ધ જ છે ભગવાને જ કહેલું છે. છતાં સ્કંધપુરાણનું ઉત્તમોત્તમ શ્રી ભાગવતજીનું માહાત્મ્ય ક્યાંય સાંભરવામાં આવતું જ નથી તો જિજ્ઞાસુઓ એ ઉપર્યુક્ત ચાર અધ્યાય બાબત ખાસ ચર્ચા કરી- વિચાર કરી- પઠન કરવું આવશ્યક છે. વિસ્તારભયથી અહિં આપેલ નથી પણ સ્કંધપુરાણની અંદર શ્રીમદ્ ભાગવતજીનું માહાત્મ્ય ઉપરના ચાર અધ્યાયથી કહેવાયું છે તે જરૂર સાંભળવાનો આગ્રહ રાખી કૃતાર્થ થવું જોઈએ.

પ્ર-૨૮ શ્રીમદ્ ભાગવતજીનું માહાત્મ્ય ભાગવતજીમાં નથી પણ બીજા પુરાણોમાં કેમ છે ?

જ-૨૮ શ્રીમદ્ ભાગવતમાં કોઈ પણ પુરાણનું માહાત્મ્ય આપેલું નથી. પરંતુ ભાગવતનું માહાત્મ્ય ઘણાં પુરાણોમાં છે. તે પ્રથમ પદ્મપુરાણ, મત્સ્ય પુરાણ, વાયુપુરાણ, કૌશિકસંહિતા બૃહન્નારદીય પુરાણ, સ્કંધપુરાણ વિગેરે અન્ય પુરાણોમાં છે.

ભાગવતજીનું માહાત્મ્ય ભાગવત સિવાય બીજા બધા પુરાણોમાં છે. પણ ખાસ ભાગવતમાં હોવું જોઈએ તે કેમ નથી તેનું રહસ્ય નીચે મુજબ છે. ઉપર્યુક્ત બાબત લોક દ્રષ્ટાંતથી પણ સમજી શકાય છે.

કોઈ પણ સદ્‌ગૃહસ્થના ઘરમાં છોકરો હોય અથવા કન્યા હોય તેનું લગ્ન કર્યું તેમાં રૂપિયાનો ખરચ કર્યો હોય તે લગ્ન-ઉત્સવ થયા પછી તે ઘરધણી ઘેર ઘેર પોતાને મોઢે જ પોતે કરેલ ઉત્સવની કે ખરચની બધી જગ્યાએ જઈ બડાઈ કરતો નથી. અને એમ કરે તો તેની કિંમત કાંઈ રહે જ નહિ.

આ રીતે ઘરધણી મૌન રાખે અને બીજા લોકો તેની વાહ વાહ કરે તો જ લોકો સાચું માને છે અને તેની કિંમત રહે છે. પારકા લોકો વખાણ કરે અને કરનાર મૌન રહે તેની દુનિયામાં સારી ખ્યાતિ થાય છે.

શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાંતો સમજવા માટે અને સવિશેષ પુષ્ટિમાર્ગનું સ્વરૂપ જાણવા માટે શ્રીમદ્ ભાગવત જાણવું, વાંચવું, સમજવું, પરમ આવશ્યક છે.

તેવી જ રીતે શ્રીમદ્ ભાગવતજી શ્રેષ્ઠ છે. તે બાબતને બીજા પુરાણો ડંકો વગાડી મુક્ત કંઠે ભાગવતજીનું માહાત્મ્ય વખાણે તો જ ભાગવતનો મહિમા દુનિયામાં વધે. માટે ભાગવતનું માહાત્મ્ય ભાગવતમાં નથી. પણ ભાગવતપુરાણ બધા જ પુરાણોમાં અતિ શ્રેષ્ઠ ભવરોગને કાપનાર શ્રીકૃષ્ણની લીલાની પ્રાપ્તિ કરાવનાર તેમજ મનની શુદ્ધિ કરનાર છે. એવું બીજા પુરાણો સાક્ષી પુરે છે.

માટે શ્રીમદ્ ભાગવતનો મહિમા વેદ, ઉપનિષદ અને બધાંય પુરાણો કરતાં પણ ઘણો જ વધારે હોવાનું સિદ્ધ થાય છે.

પ્ર-૨૯ શ્રીમદ્ ભાગવતજીનું તાત્પર્ય કયારે સમજાય છે ?

જ-૨૯ રસનો મહાનિધિ, (મહાસાગર) એટલે શ્રીમદ્ ભાગવતજી. જેણે શ્રીમદ્ ભાગવતજીમાં રહેલા ભગવદરસનું પાન કર્યું હોય પછી કાંઈ પણ અવશિષ્ટ જ્ઞેય રહેતું જ નથી.

વારંવાર ભાગવતનું અધ્યયન કરવામાં આવે ત્યારે તેનું તાત્પર્ય ભગવત્કૃપા થયે અવગત થાય છે. તેમાં પણ દ્રઢ શ્રદ્ધાની જરૂર છે, ભાગવત શાસ્ત્રનો યથાર્થ અર્થ સમજવા માટે પણ ભક્તિની ખાસ જરૂર છે.

સર્વ સ્થળેથી ચિત્તવૃત્તિને રોકી કેવલ ભાગવત શાસ્ત્રના વિચારમાં હૃદયની તલ્લીનતા થાય ત્યારે જ તેમાં પ્રવેશ થઈ શકે છે. ત્યારે જ તેનો ગંભીરભાવ અંતરમાં સ્ફુરે છે. અને તાત્પર્ય સમજાય છે.

પ્ર-૩૦ શ્રીમદ્ ભાગવતજી રસનો મહાસાગર છે એ કેવી રીતે ?

જ-૩૦ **"રસો વૈ સઃ"** આપ ભગવાન જ રસ સ્વરૂપ છે. એમ શ્રુતિ ગાન કરે છે, જ્યારે પ્રભુજ પોતે રસમય છે તો તેમના જ ગુણાનુવાદો ગાયેલા છે એવું શ્રી ભાગવત તે રસમય રસરૂપ હોય જ એમાં કાંઈ જ આશ્ચર્ય નથી.

આ રસ કંઈ લૌકિક જોવામાં આવતો ઈન્દ્રિય ગ્રાહ્ય રસ નથી. કિન્તુ દિવ્ય અલૌકિક ઈન્દ્રિયોથી અગ્રાહ્ય અનવધિ આનન્દમય છે. લૌકિકમાં જોવામાં આવતો રસ ઈન્દ્રિયગ્રાહ્ય હોવાથી રસાભાસ છે. અને તે પરિણામે દુઃખપ્રદ હોવાથી સર્વથા ત્યાજ્ય છે. પરંતુ આ ભગવદરસ પરમ સેવનીય છે.

રસશાસ્ત્રમાં વર્ણવેલાં રસો તે પણ આ દિવ્ય રસની છાયા માત્ર જ છે. માટે જ ભગવદ્રસ મહાનિધિ કહેવાય છે. મહાસાગર કહેવાય છે.

પ્ર-૩૧ શ્રીમદ્ ભાગવતજીમાં કયા કયા વિષયોનું રહસ્ય કહેલ છે ?

જ-૩૧ શ્રીમદ્ ભાગવતજીમાં સર્વત્ર શ્રીકૃષ્ણ તત્ત્વ જ ગાયું છે. ત્થા વેદ ઉપનિષદ - ગીતાજી - બ્રહ્મસૂત્ર - સ્મૃતિ - સાંખ્ય - યોગ - ન્યાય - ઈતિહાસ - ભૂગોળ ઈત્યાદિ વિષયોના રહસ્યનું પ્રતિપાદન કરેલ છે. એટલું જ નહિ પણ જેમ બધી જ નદીઓનું જલ સાગરમાં સમાય છે. તેમ બધા જ વિષયો શ્રીકૃષ્ણના માહાત્મ્ય તથા સ્વરૂપ પ્રતિપાદનના હેતુથી નિરૂપણ કરવામાં

શ્રીમદ્ ભાગવતના અર્થોનું અજ્ઞાન હોય અથવા અન્યથા જ્ઞાન હોય તો અધિકાર હોવા છતાં પણ ભક્તિનું પ્રાગટ્ય અંતઃકરણમાં થતું નથી.

આવેલ છે. પ્રભુની લીલાના અંગરૂપ નિરૂપણ કરેલ હોવાથી આ બધા જ વિષયોનું શ્રવણ - કીર્તન - સ્મરણ અંગીના બોધક સાથે સાથે અંગીના સંબંધિત હોવાના કારણે પરમ કલ્યાણને પ્રાપ્ત કરાવનારા રાજા પરિક્ષિતને માટે બની ગયા. દુનિયાનો કોઈપણ વિષય કે શાસ્ત્ર એવું નથી કે જે ભાગવતજીમાં ના હોય - ભાગવતજી બધાં જ શાસ્ત્રોનું દોહન કરેલું એક ફળ છે તેથી તે શ્રવણ કરવા યોગ્ય છે.

પ્ર-૩૨ શ્રીમદ્ ભાગવતજી ભગવાન સંબંધી શાસ્ત્ર કેમ કહેવાય છે ?

જ-૩૨ શ્રીમદ્ ભાગવત્ ભગવાન સંબંધી શાસ્ત્ર છે. ત્રણ રીતે એનો ભગવાન સાથે સંબંધ દર્શાવવામાં આવ્યો છે. (૧) 'ભગવતા - પ્રોક્તમ્' - ભગવાને જેનો ઉપદેશ આપ્યો તે ભગવત શાસ્ત્ર અથવા તો ભગવાને જ કહેલું શાસ્ત્ર એટલે ભાગવત (૨) 'ભગવત્ પ્રતિપાદકમ્' ભગવાનના સ્વરૂપ ગુણ તથા લીલાનું નિરૂપણ કરવામાં આવ્યું હોય તે શ્રીમદ્ ભાગવત કહેવાય છે. (૩) 'ભગવત્ ફલમ' - ભગવાન જ પરમ ફલ છે. એમ જણાવનારું તથા ભગવાન રૂપી ફળની પ્રાપ્તિ કરાવનારું ભગવદ્ શાસ્ત્ર શ્રીમદ્ ભાગવતજી છે.

ભગવાનના માહાત્મ્યનું પ્રતિપાદન કરનાર ભગવાનના ગુણો, કર્મો, શક્તિઓ અને અલૌકિક સામર્થ્ય આમાં કહેલા છે. આ સર્વ જેમાં ભાસે તે ભાગવત એમ લોકમાં પણ પ્રસિદ્ધ છે. ૩-૪-૧૩

પ્ર-૩૩ શ્રીમદ્ ભાગવતજી ભગવાને કહેલું શાસ્ત્ર કેવી રીતે છે ?

જ-૩૩ ઘણો બધો બોધ ભગવાન સ્વમુખે આપતા નથી. કોઈક ભગવદીય ને, મહાત્માને પોતાના કૃપાપાત્ર જીવને નિમિત્ત બનાવીને પણ પોતાની વાતો કરે છે, પોતાનો સંદેશ જગતને આપે છે, આવા ભગવદીયોની વાણી વસ્તુતઃ ભગવાનની જ વાણી છે.

ભગવાને ચતુઃશ્લોકી રૂપે આ ભાગવત શાસ્ત્ર બ્રહ્માજીને સંભળાવ્યું હતું તેમજ શુકદેવજીના હૃદયમાં પણ ભગવાન જ બીરાજીને સ્વલીલાનું વર્ણન કરતાં હતા. માટે જ ભગવાને કહેલું શાસ્ત્ર છે.

પ્ર-૩૪ શ્રીમદ્ ભાગવત આદ્ય પુરાણ તથા મહાપુરાણ કેમ છે ?

પ્ર-૩૪ શ્રીમદ્ ભાગવત્ આદ્ય પુરાણ છે. પ્રથમ ઉત્પન્ન થયેલ બ્રહ્માજીને ભગવાને પહેલાં જ કહેલું છે. વિષ્ણુપુરાણમાંથી કહેલું પ્રમેય શ્રી ભાગવતમાંથી લીધેલું છે. જેમ વેદનો વિભાગ થતા, જુદી જુદી શાખાઓ થઈ તેમ વિષ્ણુપુરાણ શ્રીમદ્ ભાગવતની એક શાખા જ છે. ૩-૮-૯

શ્રીમદ્ ભાગવતજીને પુરાણ પુરાભવમ્ પ્રાચીનકાળમાં બનેલી ઘટનાઓનું નિરૂપણ કરનાર હોવાથી પુરાણ કહે છે. નિરૂક્ત અનુસાર તો પુરાણનો અર્થ એવો સુંદર થાય છે કે, પુરા અપિ નવં ભવતિ ઈતિ પુરાણમ્ જે તત્ત્વ પુરાણું હોવા છતાંય પુરાણું નથી. પ્રાચીન હોવા છતાં અર્વાચીન છે તે પુરાણ કહેવાય છે.

શ્રીમદ્ ભાગવતજી તો મહાપુરાણ છે. એમાં તો શ્રી હરિની હજારો વર્ષ પહેલાં થઈ ગયેલી

પુષ્ટિમાર્ગના પાયા તરીકેના ગ્રંથોમાં વેદ, ગીતાજી, બ્રહ્મસૂત્ર (વ્યાસસૂત્ર) તથા શ્રીમદ્ ભાગવતજી એમ ચાર પ્રમાણો જ શ્રી વલ્લભે સ્વીકાર્યા છે.

હોવા છતાંય સનાતન સર્વકાલિક એવી નિત્યલીલાઓનું વર્ણન છે. પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણના અનેક અવતારો તેમજ તેમની અનેક વિધ લીલાઓનું એમાં નિરૂપણ છે. તેથી શ્રી ભાગવતજીને મહાપુરાણ કહે છે.

વૈદિક સાહિત્યમાં પુરાણનો સમાવેશ થતો ન હોવા છતાં તેને વેદ સમાન મહત્તા આપવામાં આવી છે. બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યા પ્રમાણે પરમતત્ત્વના નિઃશ્વાસ, ઉચ્છ્વાસમાંથી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તેમજ અથર્વવેદની ઉત્તપત્તિ થઈ તેમજ ઈતિહાસ પુરાણ પણ ઉત્તપન્ન થયા, એ પુરાણગ્રંથો પાંચમો વેદ જ છે. વેદોનો અર્થ સમજાવવા વ્યાસજીએ પુરાણોની રચના કરી પુરાણો વેદ ઉપરનું ભાષ્ય છે.

જે દશ લક્ષણયુક્ત હોય તે મહાપુરાણ અને જે પાંચ લક્ષણવાળું હોય તે ઉપપુરાણ એમ શ્રી દ્વાદશસ્કંધમાં ભેદ જણાવેલા છે.

મત્સ્યપુરાણમાં બધા પુરાણોનાં લક્ષણો, એના શ્લોકોની સંખ્યા અને એના પ્રતિપાદ્ય વિષયનો ઉલ્લેખ છે.

વેદો બધા પુરાણોમાં રહ્યા છે. પુરાણ જાણ્યા વગર વેદનો અર્થ કરે તો તે બરાબર ના થાય. પુરાણ ધર્મનું હૃદય છે. તેથી જો પુરાણ ન જાણે તો એને અત્યંત મૂંઝાવું પડે છે. શ્રુતિ અને સ્મૃતિ બે નેત્ર છે તેને ન જાણે તો તે અંધ કહેવાય છે. તેમ પુરાણને ન જાણે તો એ મૂઢ ગણાય છે.

વેદમાં યજ્ઞાદિ કહ્યા છે. તેના અભિપ્રાયનું (ક્યારે કરવા, ક્યારે ન કરવા એ જાતનું) જ્ઞાન પુરાણોથી થાય છે.

વેદના અર્થમાં સંદેહ આવે ત્યારે મીમાંસાનો ઉપયોગ છે. તેવો જ વેદાર્થસંદેહમાં પુરાણોનો પણ ઉપયોગ છે. આમ અનેક કારણોથી શ્રીમદ્ ભાગવતજીને આદ્યપુરાણ માન્યુ છે.

પ્ર-૩૫ શ્રીમદ્ ભાગવતજીમાં શ્રીમદ્ ગીતાજીના સિદ્ધાંતો કેવી રીતે સમજાવ્યા છે ?

જ-૩૫ શ્રીમદ્ ગીતાજીમાં સિદ્ધાંતોની છણાવટ છે તો શ્રીમદ્ ભાગવતમાં એ સિદ્ધાંતો સાથે દ્રષ્ટાંતોનો સમન્વય છે. દા.ત. સ્થિતપ્રજ્ઞ યોગીના લક્ષણો ગીતાના બીજા અધ્યાયમાં આવે છે તો એજ સિદ્ધાંતોનો યથાર્થ જીવનમાં સમન્વય જડભરતના ચરિત્રમાં જોવા મળે છે. આમ ભાગવતજીમાં ગીતાજીના દરેક સિદ્ધાંત દૃષ્ટાંત દ્વારા સમજાવેલા છે.

પ્ર-૩૬ શ્રીમદ્ ભાગવત શાસ્ત્રમાં માનવમાત્રના કલ્યાણ માટે આવશ્યક કાર્યો કયા કયા દર્શાવેલ છે તે ટૂંકમાં જણાવો અથવા તો સિદ્ધાંતો દૃષ્ટાંતથી સમજવાથી શું થાય ?

જ-૩૬ શ્રીમદ્ ભાગવત શાસ્ત્રમાં માનવમાત્રના કલ્યાણ માટે આવશ્યક કર્તવ્યરૂપે ત્રણ કાર્યો દર્શાવ્યા છે. ભગવદ્ સેવા - કથા, કીર્તન ત્થા સ્મરણ. જેમ એકલો ભારી પદાર્થ ભોજન કરવામાં ભારે લાગે તેમ એકલા સિદ્ધાંતો સાંભળવામા નિરસ લાગે છે, બોજરૂપ લાગે છે. પરંતુ દ્રષ્ટાંત સહિત સમજાવવામાં આવે અને એ પણ ભક્ત, ભક્તિ અને ભગવાન ત્રણેના સમન્વય સાથે

ભાગવત સપ્તાહ શ્રવણથી મનના મોહરૂપી દોરી છૂટી જાય છે.
સર્વ સંશયો દૂર થાય છે અને કર્મો ક્ષીણ થાય છે.

અભિવ્યક્ત કરવામાં આવે તો આ શ્રવણાદિ ત્રણે સાધનો દ્વારા અંતઃકરણમાં ભાવ - તૃપ્તિનું નિર્માણ થાય છે. શ્રવણ, કીર્તન ત્થા સ્મરણ ત્રણેમાં રસ ઉત્પન્ન થાય છે અને ભાવરસની નિર્ઝરી જેના હૃદયમાં ફૂટે એ વિશુદ્ધ અમલાશયવાળા ભક્તના અંતઃકરણને અક્ષરધામ બનાવી સાક્ષાત પ્રભુ ત્યાં આવિર્ભાવ પામે છે.

પ્ર-૩૭ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનાં પ્રાગટય પહેલાં પૂર્વવર્તી આચાર્યોએ કેટલા ગ્રંથો પ્રમાણ તરીકે સ્વીકારેલાં છે ? તે કયા કયા ? શ્રી વલ્લભે તેમાં શું ઉમેર્યું ?

જ-૩૭ શાસ્ત્ર વિષયમાં, શ્રી શંકરાચાર્ય, શ્રી રામાનુજાચાર્ય, શ્રી માધવાચાર્ય, શ્રી નિકમ્બાચાર્ય વિગેરે પૂર્વવર્તી આચાર્યો એ વેદ, શ્રીમદ્ ભાગવદ્ગીતા અને બ્રહ્મસૂત્ર આ ત્રણ ગ્રંથોને જ પ્રમાણ તરીકે સ્વીકારેલાં, તત્ત્વનો નિર્ણય કાયમ આ ત્રણના આધારે જ થતો આ ત્રણને પ્રસ્થાનત્રયીના નામે ઓળખવામાં આવતાં.

શ્રી પરમાત્મા- પરબ્રહ્મના તત્ત્વને જાણવા માટે એની પ્રતીતિ માટે પ્રત્યક્ષ વિ. પ્રમાણો - ઉપયોગી નથી. પરમ તત્ત્વને અલૌકિક શબ્દ પ્રમાણ આપણને વેદ, ગીતા તેમજ બ્રહ્મ સૂત્રથી પ્રાપ્ત થાય છે.

ઉપરોક્ત પ્રસ્થાનત્રયીમાં શ્રી વલ્લભે શ્રીમદ્ ભાગવતજીનો ઉમેરો કરાવ્યો. એમ ચાર પ્રમાણશાસ્ત્રો થયા. પરંતુ મહાપ્રભુજીએ ઉપરોક્ત ચારેય શાસ્ત્રોમાં શ્રીમદ્ ભાગવતજીની મહત્તા એટલી બધી વધારી કે પ્રમાણ મૂર્ધન્ય એટલે કે સર્વ પ્રમાણ શાસ્ત્રમાં શિરોમણી ગણાયું.

પ્ર-૩૮ શ્રી આચાર્યચરણે 'પ્રસ્થાન ચતુષ્ટય'નો સ્વીકાર કરી શું પ્રસ્તુત કરેલ છે ?

જ-૩૮ પોતાના શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદમાં તત્ત્વનિશ્ચય અથવા સિદ્ધાંત નિશ્ચયની બાબતમાં સંપૂર્ણ વેદ, ભગવદ ગીતાજીમાં પ્રભુ દ્વારા ઉચ્ચારાયેલાં વાક્યો અને બાદરાયણ વ્યાસ વિરચિત બ્રહ્મસૂત્ર ઉપરાંત શ્રીમદ્ ભાગવતજીને પણ આ ત્રણેની તુલનામાં જ નહીં પરંતુ આ ત્રણેના સંદેહનિવારક રૂપમાં પ્રમાણ તરીકેનો સ્વીકાર કરી શ્રી આચાર્યચરણે અન્ય આચાર્યોની 'પ્રસ્થાનત્રયી'ને બદલે પ્રસ્થાન ચતુષ્ટનો સ્વીકાર કરી દાર્શનિક ક્ષેત્રમાં એક નવી જ પ્રણાલિ સ્થાપી છે. અને આ રીતે શ્રી આચાર્યચરણે શ્રીમદ્ ભાગવતજીનું દાર્શનિક મહત્વ પણ પ્રસ્તુત કરેલ છે. શ્રીમદ્ ભાગવત અથવા વેદનું મૂળ બીજ ગાયત્રી છે. ગાયત્રી ગાય છે. વેદ એનું સાર રૂપ દૂધ છે અને એ દૂધમાં છુપાયેલું સારરૂપ નવનીત એ શ્રીમદ્ ભાગવતજી છે. આ મહત્વ પ્રસ્તુત કરેલ છે.

પ્ર-૩૯ શ્રીમદ્ ભાગવતજી બીજા પુરાણોમાં શ્રેષ્ઠ કેમ છે ?

જ-૩૯ શ્રીમદ્ ભાગવતજીમાં વેદતુલ્યપણું છે. આ વેદનું બીજ ગાયત્રી, વેદ વૃક્ષ અને શ્રી ભાગવત વેદરૂપ કલ્પવૃક્ષનું પરિપક્વ પાકેલું અતિમધુર ફળ રૂપે કહેવામાં આવેલું છે. ઉપરાંત ભગવદરૂપ હોઈ તેનું મહત્ત્વ ઔર વધી જાય છે. શ્રીમદ્ ભાગવતજીને સારસ્વત શ્રુતિમાં પાંચમો વેદ કહે છે. સ્કંન્દ પુરાણ-ભાગવત માહાત્મ્યમાં શ્રી ભાગવતજીને વૈષ્ણવોના પરમબ્રહ્મ સ્વરૂપમાં અને પુરાણ

શ્રીમદ્ ભાગવતજીમાં શ્રીકૃષ્ણતત્ત્વ જ સર્વત્ર ગવાયેલું છે.

તિલકના રૂપમાં કહેલ છે. તેના કારણો તપાસી જવા જરૂરી છે. જેથી આપો આપ શ્રી ભાગવતજીનું બીજા પુરાણો કરતાં વિશિષ્ટય (શ્રેષ્ઠપણું) સમજાઈ જશે.

જોકે બધાં જ પુરાણો શ્રી વ્યાસમુનિ દ્વારા શ્લોક સંગ્રહરૂપે રચવામાં આવેલાં છે. તેમ છતાં બીજા પુરાણોથી અલગ રીતે શ્રી ભાગવતની રચના સમાધિમાં અનુભવ દ્વારા થએલી છે. તેથી તેમાં વિશેષતા છે.

પુરાણોનાં જે લક્ષણોનો શાસ્ત્રમાં નિર્દેશ થયો છે તે બીજા સર્વ અન્ય પુરાણો કરતાં શ્રીમદ્ ભાગવતજીમાં જ સંપૂર્ણ પણે ઉપલબ્ધ થાય છે. આમ અનેક કારણોથી શ્રીમદ્ ભાગવતજીને પુરાણ તિલક (સર્વ પુરાણોમાં મૂર્ધન્ય અથવા સર્વ પુરાણોમાં પરમ શોભાયમાન- પુરાણોની જેનાથી શોભા છે તેવું) તરીકે ઓળખવામાં આવે છે.

બીજા પુરાણ વ્યાસજીએ સ્વબુદ્ધિથી રચ્યાં છે ત્યારે શ્રી ભાગવત તો, પોતાને ન્યાવિષ્કાર થતાં ત્યાં નારદ પ્રકટ થયા અને એમના ઉપદેશથી ભગવત્સાક્ષાત્કાર કરીને રચ્યું એથી એની શ્રેષ્ઠતા છે. ભાગવત એ ભક્તિશાસ્ત્ર છે માટે પણ તેની શ્રેષ્ઠતા છે.

શ્રી ભાગવત એવો અદ્વિતીય ગ્રંથ છે કે સારા સારા વિદ્વાનો એને વાંચીને કોઈ દિવસ એને છોડતા નથી, એવો એ રસાનુભવ એ ગ્રંથમાં કરે છે. એના રસ પ્રવાહમાં મુગ્ધ થઈને ઘણા બધા વિદ્વાનો એની ટીકા કરી ગયા છે. એ ઉપરથી પણ એની ઉત્તમતા સાબિત થાય છે.

પ્ર-૪૦ શ્રીમદ્ ભાગવતજીમાં ક્યો સિદ્ધાંત બધા જ વિષયોમાં કહેવાયેલો છે ?

જ-૪૦ દશ પ્રકારે કહેવાયેલી લીલાઓ વડે ભાગવતમાં આવતી કથાઓમાં ભગવાનના અવતાર ચરિત્રો ઉપરાંત સૃષ્ટિનું સર્જન, ભૂગોળ, ખગોળ, નર્ક વિગેરેનું વર્ણન, ૧૪ મન્વંતરોની કથા, સૂર્ય-ચંદ્રવંશની કથા, વિગેરે (જે એક રીતે એમ જણાય છે કે તેને ભગવાનની લીલા સાથે શો સંબંધ ? પણ તે બધી જ કથાઓ પોત પોતાના વિષય પરત્વે અથવા તો ભૂગોળ-ખગોળ વિગેરેનું જ્ઞાન આપવા માટે કે પછી ઈતિહાસને બતાવવા માટે નહીં પરંતુ તે બધી વાતો ભગવદ્લીલામાં જ આવી જતી હોવાથી.) સૃષ્ટિના આદિથી અંત સુધીમાં જે કાંઈ થયું છે, થાય છે અને ભવિષ્યમાં જે કાંઈ થશે તે સર્વ પ્રભુની લીલા માત્ર જ છે એ સિધ્ધાંત પ્રકારે કહેવાયેલ છે.

જો એમ ના હોય તો ૬૦ થી વધુ વર્ષની વયે પહોંચેલા સુપઠિત -વિદ્વાન અને ચક્રવર્તી સમ્રાટ એવા પરમ ભગવદીય પરીક્ષિત રાજા પાંચમા સ્કંધમાં સોળમા અધ્યાયના આરંભમાં શ્રી શુકદેવજી મહારાજને ભૂગોળ વિગેરેનો પ્રશ્ન કરે તે અસ્વાભાવિક લાગે છે અને તેમાં પણ સપ્તાહના બે દિવસના અંતે મૃત્યુના પાંચ જ દિવસ પહેલાં ભૂગોળ-ખગોળની વાતો શું કામ કરે ? પાછું શુકમુનિ જેવા પરમભાગવતો માત્ર કલ્યાણ કરવાની જ ભાવનાથી કરૂણા કરીને ગંગા તીરે ઉપસ્થિત થઈને આવા પ્રશ્નોનો આદર આપી પંચમ સ્કન્ધના આગળના અધ્યાયોમાં ભૂગોળ- ખગોળ- નર્ક વગેરેનું વર્ણન સવિસ્તર કરે આ કંઈ બંધબેસતુ લાગતું જ નથી.

જે લોકો સંસારચક્રની ઉપાધિથી નિવૃત્ત થવા ઈચ્છે છે
તે લોકો માટે શ્રીમદ્ ભાગવતશાસ્ત્ર પરમ ઉપકારક છે.

આમ પરીક્ષિતજીના અને શુકદેવજીના બંનેના વાક્યોમાં ભૂગોળના જ્ઞાન માટે નહીં પણ જ્ઞાનમાર્ગમાં છે અથવા મર્યાદા ભક્તિમાં બતાવાયેલા ધ્યાનમાં ધ્યેય એવું ભગવાનનું જે સ્થૂલ-સૂક્ષ્મ રૂપ છે તેના અનુષંગમાં જ પ્રશ્ન અને ઉત્તર કહેવાયેલો છે.

ભગવાનની શક્તિ માયાના ગુણાત્મક વિસ્તારની પરાકાષ્ઠા સુધી દેવતાઓનું દિવ્ય આયુષ્ય પામીને દેવ-દાનવ-માનવજીવ માત્ર માટે મન કે વાણીથી પહોંચવું શકય જ નથી તેથી ભૂગોલ (ભૂમંડલ) સંબંધી વિશેષ મુખ્ય વાતોને તેના નામ, રૂપ, પરિમાણ અને લક્ષણથી શ્રી શુકદેવજી મહારાજે વર્ણન કરેલ છે. અને **હરિની લીલાનો મુખ્ય સિદ્ધાંત જ ભાગવતના દરેક વિષયમાં બતાવેલો છે.**

પ્ર-૪૧ ભગવાનનું સ્થૂલ અને સૂક્ષ્મરૂપ શ્રીમદ્ ભાગવતજીમાં અથવા તો વેદમાં કેવી રીતે પ્રતિપાદન થએલું છે. અથવા તો ભગવાનનું સ્થૂલ સુક્ષ્મરૂપ કેવું છે ?

જ-૪૧ પંચમ સ્કંધના ભૂગોલાદિ વર્ણનને વેદમાં સહસ્ત્ર શબ્દથી જણાવવામાં આવ્યું છે. સહસ્ત્ર એટલે હજારો જેને ગણી ન શકાય તે અગણિત એ ભગવાનના હજારો મસ્તકો, હજારોનેત્રો હજારો પગ છે. એથી આગળ ચંદ્ર મનથી, સૂર્ય ચક્ષુથી, બંને ચરણોની ભૂમિ, કાનથી દિશાઓ, નાભિમાંથી અંતરીક્ષ, મસ્તકથી સ્વર્ગ, મુખથી ઈન્દ્ર અને અગ્નિ, પ્રાણથી વાયુ વગેરેની ઉત્પતિ બતાવી છે. તેથી જયાંથી જેની ઉત્પતિ છે તેનું ભગવાનના પુરુષદેહમાં તે તે સ્થાન છે. આ સમગ્ર જડ-ચેતનાત્મક જગત આનું ચરણ છે.

આ બધું વ્યક્ત- અવ્યક્ત જડ ચેતનાત્મક જગત- એટલે ભગવાનનું સ્થૂલ રૂપ, મહિમા- માહાત્મ્ય= મહાનપણાનો ભાવ એટલે ભગવાનનું સૂક્ષ્મરૂપ અથવા અક્ષરરૂપ.

અર્થાત્ બીજા પુરાણોમાં જેને ચૌદ ભુવન (લોક) રૂપમાં કહેવાયેલું છે તે સાક્ષાત્ સ્થૂલ- સૂક્ષ્મ રૂપથી પર અલૌકિક અપ્રાકૃત સર્વનિયામક ભગવાન નારાયણનું પોતાની આત્મમાયા-નિજશક્તિના ગુણોથી પ્રચુર એવું સ્થૂલરૂપનું શ્રીમદ્ ભાગવતજીમાં ગાન થયેલું છે. સ્થૂલરૂપમાં ભગવાન ભાગવત પંચસ્કંધમાં ગવાયેલા છે.

ભગવાનનું આ સ્થૂલ તથા સૂક્ષ્મરૂપ ઈન્દ્રિયોથી આગોચર હોવાથી તે અગ્રાહ્ય છે તેમ છતાં પણ જો આદર પૂર્વક તે સ્વરૂપનું પઠન કરે, સાંભળે તેમજ સંભળાવે તો શ્રધ્ધાથી યુક્ત થયેલી એવી ભક્તિ વડે જેની બુદ્ધિ શુદ્ધ થઈ ગઈ છે. તેવા લોકો ભગવાન પરમાત્માના આ રૂપનો અનુભવ કરી શકે છે. એવી શ્રી શુકમુનિએ શ્રી પરીક્ષિતરાજાને આજ્ઞા આપેલ છે.

ભગવાન માટે જ જેના સર્વયત્નો છે અથવા તો ભગવદ્ પ્રાપ્તિથી ઈતર બીજો કોઈ યત્નજનથી એવા યતિએ ભગવાનના આ સ્થૂલ સૂક્ષ્મરૂપ સારી રીતે શ્રવણ કરી પ્રથમ સ્થૂલરૂપમાં ચિત્તનો નિરોધ કરી ત્યાં ચિતનિરોધરૂપ સિદ્ધ થતાં ત્યાર બાદ ત્યાંથી ધીમે રહીને સાવધાનીપૂર્વક શુદ્ધ બુદ્ધિ વડે ચિત્તને સ્થૂલમાંથી સૂક્ષ્મરૂપમાં લઈ જવું. અને તેનો આશ્રય કરવો.

પ્ર-૪૨ શ્રીમદ્ ભાગવતજીનો ઉપયોગ વૃતિને અર્થે કેવી રીતે થાય ?

જ-૪૨ શ્રી આચાર્યચરણની આજ્ઞા મુજબ શ્રીમદ્ ભાગવતનું પઠન સેવન ભગવત્ પ્રીતિ સિવાયના અન્ય હેતુઓથી રહિત રહીને કરવું, કયારેય કોઈ બીજા હેતુથી ભાગવતનો ઉપયોગ કરવો નહીં, 'કંઠે પ્રાણ' અવસ્થામાં એટલે કે ગમે તેવી વિપત્તિમાં પણ શ્રીમદ્ભાગવતનો ઉપયોગ વૃતિને અર્થે કરવો નહીં. આ મુજબની શ્રી આચાર્યચરણની આજ્ઞા પાછળનો મર્મ એ છે કે ભાગવત એ ભગવાનનું જ સ્વરૂપ છે. તેમજ ભગવાનનું યશોગાન ક્ષુદ્ર હેતુઓ માટે અયોગ્ય જ છે. શ્રી હરિરાય મહાપ્રભુ ભગવત્સેવાના વિષયમાં જણાવે છે કે, "બીજા તમામ પ્રકારના હેતુઓને છોડી ફક્ત "આજ મારો ધર્મ છે" એમ વિચારી ભગવાનના સ્વરૂપની સેવા કરવી એમ જણાવ્યું છે. આ પ્રમાણે જ શ્રી ભાગવતજીનું સેવન કરવું શ્રી મહાપ્રભુજીને સમ્મત છે. ભાગવત એ પુરુષોત્તમનું સ્વરૂપ છે અને પુરુષોત્તમ એ સર્વતંત્ર સ્વતંત્ર જ છે. તેથી જ મોક્ષ આપવો વિગેરે કાર્યો પ્રભુ પોતાના વાસુદેવ વિગેરે વ્યૂહ દ્વારા કરતા હોય છે. આમ સહેતુક ભાગવતના સેવનમાં પ્રભુનું સેવન નહીં પણ વ્યૂહ સેવન થઈ જાય છે. માટે જ શ્રી આચાર્યચરણ ભાગવત એ ભગવત્ સ્વરૂપ હોવાથી જ તેનો વૃતિ માટે નિષેધ કરે છે.

પ્ર-૪૩ શ્રીમદ્ ભાગવતજી સપ્તાહનો સાધારણ નિયમ શું છે ? અથવા તો સાત દિવસમાં કથા કઈ રીતે ક્રમાનુસાર કહેવાય છે ?

જ-૪૩ સાધારણ સપ્તાહનો નિયમ સાત દિવસની જ સપ્તાહ - કથા રાખી હોય તો નીચે મુજબ થતો હોય છે.

૧ લા દિવસે - મનુથી કર્દમના સંવાદ સુધી (પ્રથમ બે સ્કંધ)
૨ જા દિવસે - ઋષભાખ્યાન સુધી (ત્રીજો, ચોથો, પાંચમા સ્કંધના છઠ્ઠા અધ્યાય સુધી)
૩ જા દિવસે - સાતમા સ્કંધ સુધી (૬, ૭ સ્કંધ)
૪ થા દિવસે - કૃષ્ણજન્મ (૮, ૯, ૧૦ સ્કંધની શરૂઆત સુધી)
૫ મા દિવસે - રૂક્મણિ વિવાહ સુધી (૧૦ સ્કંધના ઉત્તરાર્ધના ૫મા અધ્યાય સુધી)
૬ ઠ્ઠા દિવસે - હંસ આખ્યાન સુધી (૧૦, ૧૧)
૭ મા દિવસે - ભાગવતજીના અંત સુધી (૧૨)

શ્રીમદ્ ભાગવતજીનું અનુષ્ઠાન સાત દિવસનું હોય છે. આ ઉપરાંત નવ, અગિયાર અથવા એકવીસ દિવસ માસિક અગર દ્વીમાસિક(બે માસ) કે એક વર્ષનું પણ થઈ શકે છે, પ્રત્યેક વાચકે પોતાની અનુકૂળતા મુજબ અનુષ્ઠાન કરવું.

કોઈ વૈષ્ણવને પોતાના ઘરે જાતે જ વાંચવાની ઈચ્છા થઈ જાય તો ઉપર મુજબ સાત દિવસમાં જાતે જ શ્રીમદ્ ભાગવતજી વાંચી લીધા પછી કોઈ વખત ઉપરોક્ત નિયમ પ્રમાણે શ્રીમદ્ ભાગવતજીને યાદ કરી શકાય. પહેલાના વખતમાં સવારે છ થી બપોરે ૧ અને ફરીથી ૧/૪૫ થી સાંજે ૭ વાગ્યા સુધીનો શ્રીમદ્ ભાગવત સપ્તાહનો ખરો સમય હતો. અને તેમાંય કોઈ પ્રસંગ રહી ગયો હોય તો સંધ્યા સમય પછી પાછી કથા થતી આમ આખો દિવસ બધા કથામય થઈ જતા.

શ્રી વલ્લભ શ્રીમદ્ ભાગવતજીને સર્વોપરી ગણે છે, કારણ કે શ્રીમદ્ ભાગવત્ સર્વ સંદેહો દુર કરનાર એકમાત્ર શાસ્ત્ર છે.

પ્ર-૪૪ શ્રીમદ્ ભાગવતજીની સપ્તાહનો અર્થ શું છે ?

જ-૪૪ શ્રીમદ્ ભાગવતની સપ્તાહનો અર્થ :

'સપ્ત' કહેતાં સાત 'અહ' કહેતાં દિવસો એટલે સાતે દિવસ ભાગવત સાંભળવું. એટલે વાર સાત જ હોય છે, આઠ હોતા નથી માટે સાત વારમાંથી એક પણ વારનો દિવસ ભાગવત માટે શ્રવણ અથવા પઠન કરવામાં મૂકવો નહીં. બારેમાસ નિત્ય પ્રતિ શ્રીમદ્ ભાગવતનું પઠન શ્રવણ કરવું આ સિદ્ધાંત અથવા અર્થ સપ્તાહનો થાય છે.

રાજા પરિક્ષીતનું મૃત્યુ સાત જ દિવસમાં નક્કી હતું. તેમ આપણે દરેક રવિવારથી શનિવાર સુધીના સાત દિવસમાંથી કોઈપણ એક દિવસે જ મરવાના નક્કી જ છે કારણ કે આ સાત સિવાય આઠમો કોઈ વાર આવતો જ નથી. માટે જ એકપણ દિવસ ભાગવત પઠન વગર જવો ના જ જોઈએ. તો કૃતાર્થ થવાય, અને જીવન સાફલ્યની ચાવી હાથમાં આવી જાય.

પ્ર-૪૫ શ્રીમદ્ ભાગવત શબ્દના ચાર અક્ષરોનો અર્થ શું છે ?

જ-૪૫ આપણા શાસ્ત્રોએ ભાગવતના અક્ષરનો સ્પષ્ટ અર્થ કરી બતાવ્યો છે, ભાગવત શબ્દનો પહેલો અક્ષર 'ભા' છે. માટે **'ભા' નો** અર્થ વ્યાકરણ શાસ્ત્ર પ્રમાણે ભાદીપ્તૌ ધાતુ છે. તેના પ્રમાણથી ભા અક્ષર દીપ્તિ અથવા પ્રકાશ પાડવાના અર્થમાં છે. કિંતુ જે માણસના હૃદયમાં અજ્ઞાનરૂપી અંધકારથી અંધારૂ થયેલું હોય, તે પુરૂષને જ્ઞાનની જ્યોતિ હૃદયમાં ઉત્પન્ન કરી ખરી અસલી વસ્તુ તે જ્ઞાનના અજવાળામાં શ્રી પૂર્ણ પુરુષોત્તમ શ્રી કૃષ્ણનું સ્વરૂપ ઓળખાવી આપવામાં 'ભા' અક્ષરથી પ્રકાશ આપવો તે કામ ભાગવતજીનો પહેલો અક્ષર ભગવાનનું સ્વરૂપ દેખાડવા અજવાળું કરે છે. શ્રી વલ્લભાચાર્યજી પણ ભાગવતના પ્રથમ અક્ષરના સમતોલ જીવોને પ્રકાશ આપનાર છે.

ભાગવતનો બીજો અક્ષર 'ગ' છે. તેનો અર્થ ગતિ થાય છે. ગતિ કહેતાં ગમન ભાગવતના અર્થની ગતિ (ગમન) થાય છે. લૌકિક અને પરમત તથા સમાધિ ભાષા છે. તે ઉપર ભગવાનની લૌકિક લીલા હોય તે ઊંડે ઉતરીને બુદ્ધિ દ્વારા શ્રી મહાપ્રભુજીના કૃપાબળથી જોઈએ તો તેના અર્થને જાણી શકાય. માટે તેની ગતિ જાણવી.

ભાગવતનો ત્રીજો અક્ષર 'વ' છે. વ નો અર્થ વરિષ્ઠ થાય છે. કિન્તુ બધા જ પુરાણો, વેદો, ઉપનિષદો, રામાયણો, ધર્મશાસ્ત્ર, ષટદર્શનો વિગેરે બધાય સિધ્ધાન્તોમાં 'વ' કહેતાં વર (શ્રેષ્ઠ) ઈશ્વરનું જ્ઞાન સાક્ષાત્કાર કરવવામાં શ્રેષ્ઠ ઉપરોક્ત શાસ્ત્રો કરતાં ભાગવત શ્રેષ્ઠવર છે. માટે જ ત્રીજો અક્ષર વ છે.

ભાગવતનો ચોથો અક્ષર 'ત' છે. તેનો અર્થ તારકંભવ સાગરાત્ અર્થ શ્રીમદ્ ભાગવત ભવસાગરથી તરાવનાર છે.

મોટાઓના વચન પ્રમાણે શ્રીજીબાવાનો એક શ્રી હસ્ત કટિ ઉપર છે અને એક શ્રી હસ્ત ઉંચો કરી બોલાવે છે. તેનો ભાવ એ છે કે શ્રીજીબાવા કટિ ઉપર શ્રી હસ્તધરી એમ દર્શાવે છે કે સંસાર સાગર બહુ ઊંડો નથી કટિ સુધીનો જ છે. એમ કહી પોતાની પાસે બીજા શ્રી હસ્તની સંજ્ઞા આપી દરેકને બોલાવે છે. આવો ભાગવતનો અર્થ કરી શકાય છે.

શ્રીમદ્ ભાગવતજીનું પાયાનું જ્ઞાન મેળવ્યા વગર જગદ્‌ગુરુ
શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ગ્રંથોમાં ગતિ થતી નથી.

પ્ર-૪૬ ષોડશોપચાર પૂજન વિધિમાં કયા પ્રકારથી શ્રીમદ્ ભાગવતજીનું પૂજન કરાય છે ?

જ-૪૬ આવા, આસહ્ન, પાદ્ય, અર્ધ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, યજ્ઞોપવિત, ચંદન, પુષ્પો, ધુપ, દીપ, નૈવેદ્ય, તાંબૂલ, દક્ષિણા, નમસ્કાર (દંડવત્) કરી પરિક્રમા કરી ફલ આપી ફરીથી નમસ્કાર કરવા.

આ પ્રમાણે ષોડશોપચાર થી શ્રીમદ્ ભાગવતજીનું પૂજન થાય છે. તે દરેકના મંત્રો અર્થ સાથે શ્રી ભાગવત પ્રવેશિકામાંથી જોઈ લેવા. જે અમારૂં સૌ પ્રથમ પ્રકાશન છે.

પ્ર-૪૭ શ્રીમદ્ ભાગવતજીની કથા શ્રવણના નિયમ શું છે ? અથવા ભાગવત સપ્તાહ વખતે કયા નિયમ પાળવા જોઈએ ?

જ-૪૭ (૧) બ્રહ્મચર્ય રાખવું.

(૨) નીચે સૂવું.

(૩) કામ, ક્રોધ, લોભ, મત્સર, મદ, માન, દંભ, મોહ અને દ્વેષને દૂરથી જ છોડી દેવા.

(૪) કથા નિયમવાળાઓએ વેદ, વૈષ્ણવ, બ્રાહ્મણ, ગુરુ, ગાય, વ્રતધારી સ્ત્રી, રાજા ત્થા મહાત્માઓની કે કોઈની પણ નિંદા કરવી જોઈએ નહિ.

(૫) કથા સાંભળનારે રજસ્વલા, ચાંડાળ, મ્લેચ્છ, પતિત વેદોક્ત - સંસ્કાર રહિત - બ્રાહ્મણોનો દ્વેષ કરનાર તથા વેદ બાહ્ય મનુષ્યો સાથે ભાષણ કરવું નહિ.

(૬) સત્ય પવિત્રતા, દયા, મૌન, સરળતા વિનય અને મનની ઉદારતા આટલી વસ્તુ કથાનું વ્રત રાખનારે જરૂરથી રાખવી જોઈએ.

(૭) જે સ્ત્રીને ઋતુ આવતો ના હોય, જેને એક-જ વાર સંતાન થયું હોય, વાંઝણી હોય, જેને છોકરાં જીવતાં ના હોય તથા જેનો ગર્ભ પડી જતો હોય છે તેવી સ્ત્રીઓએ તો શ્રીમદ્ ભાગવત કથા પ્રયત્નપૂર્વક સાંભળવી જોઈએ.

(૮) શ્રોતા જો વિરક્ત હોય તો ભાગવત સમાપ્તિને બીજા દિવસે ગીતાજી વાંચવા, અને ગૃહસ્થ હોય તો મનની શાંતિ માટે હોમ કરવો અને તે શક્તિના હોય તો હોમના પદાર્થોનું દાન કરવું જોઈએ.

(૯) કથા સમાપ્તિ પછી અનેક દોષોને દૂર કરવા માટે વિષ્ણુસહસ્ત્ર નામોનો પાઠ કરવો જોઈએ.

પ્ર-૪૮ શ્રીમદ્ ભાગવતની કથા સાંભળવાથી શું ફલ મળે છે ?

જ-૪૮ (૧) શ્રીમદ્ ભાગવતનો મહિમા સાંભળવાથી મુક્તિ હથેલીમાં આવીને બેસે છે.

(૨) શ્રીમદ્ ભાગવતની કથા સદા સર્વદા સાંભળવી જોઈએ કારણ કે તેના શ્રવણમાત્રથી પ્રભુ મનમાં નિવાસ કરે છે. ભગવાનમાં પરમ પ્રીતિ થાય છે. પ્રવેશ થાય છે.

(૩) જેને ઘેર નિત્ય ભાગવતની કથા થાય છે તેનું ઘર તીર્થરૂપ થાય છે.

(૪) નિત્ય ભાગવતની કથાનું શ્રવણ, ભગવાનનું ધ્યાન, તુલસીનું પોષણ અને ગાયોની સેવા આ સૌ સરખા જ પુણ્યદાયી છે.

શ્રીમદ્ ભાગવતજીના જ્ઞાન દ્વારા ભગવાન સદ્ ચિદાનંદ
શ્રીકૃષ્ણમાં પરમ પ્રીતિ શીઘ્રતાથી થાય છે.

(૫) જે ફલ તપ વડે યોગ વડે અથવા તો સમાધિ વડે મળી શકતું નથી તે સર્વ ફલ કથા શ્રવણ કરવાથી શ્રમ વગર પ્રાપ્ત થાય છે. અને અભય આપે છે.

(૬) પાંચ ઉગ્ર પાપ કરનાર, છલ કપટ કરનાર, ક્રુરપિચાશોની જેમ દયા વગરના, બ્રાહ્મણના ધનથી પુષ્ટ થએલ, તથા વ્યાભિચારી હોય તેઓ પણ કલિયુગમાં ભાગવત સપ્તાહ શ્રવણથી પવિત્ર થાય છે. અને પ્રભુ પ્રાપ્તિ કરી શકે છે.

(૭) અગ્નિ લીલાં અને સૂકાં કાષ્ઠને બાળે છે. તેમ નિત્ય ભાગવત શ્રવણથી મન વાણી અને કર્મથી કરેલ લીલાં સૂકાં પાપ બળે છે. અને ભગવત્ કૃપા મળે છે.

(૮) જે કથા સાંભળવાથી જીવ વગરની ગાંઠો ફાટે છે તો પછી ચિત્તની ગાંઠો શ્રવણથી છેદાય તેમાં કોઈ જ આશ્ચર્ય નથી.

(૯) ભાગવત સપ્તાહ શ્રવણથી મનના મોહરૂપી દોરી છૂટી જાય છે. સર્વ સંશયો દુર થાય છે અને કર્મો ક્ષીણ થાય છે. અને નિઃસંદેહ થવાય છે.

(૧૦) જો શ્રવણ, મનન, નિદિંધ્યાસનપૂર્વક ભગવદ્ સ્વરૂપ ભાગવતનું શ્રવણ કરવામાં આવે તો એક નહી પણ કરોડો જન્મનાં પાતકો તત્કાળ નાશ પામે છે. એમ શ્રી આચાર્યચરણે પ્રમાણ સાથે આજ્ઞા આપેલી છે.

(૧૧) દુઃખ, દારિદ્રય, દુર્ભાગ્ય અને ઘોર પાપોની નિવૃતિની માટે કામ ક્રોધાહિતા જપને માટે કલિયુગમાં ભાગવત શ્રવણ એક જ ધર્મ કહેલો છે.

પ્ર-૪૯ શ્રીમદ્ ભાગવતજીના શ્રવણ પછી શું કરવું જોઈએ ?

જ-૪૯ વૈદ્યરાજ પાસેથી કોઈ રોગ મટાડવા માટે ઓષધિ લઈ તેનું સેવન કરીએ પણ ઔષધિસેવનના અનુસાર વૈદ્ય દ્વારા સૂચવેલા નિયમો ના પાળીએ તો ઔષધિ ખાધેલી વ્યર્થ જાય છે અને અવકળા કરે છે, તેવી જ રીતે

શ્રીમદ્ ભાગવતના શ્રવણ પછી સત્ય બોલવું પવિત્રતા રાખવી, ઈર્ષ્યા દ્વેષનો ત્યાગ કરવો વગેરે ધર્મને પાળવામાં ન આવે તો ભાગવત શ્રવણનો ગુણ પૂરેપુરો મળી શકતો નથી.

પ્ર-૫૦ શ્રીમદ્ ભાગવતજીની કથા થતી હોય ત્યાં ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય કેવી રીતે આવે છે ?

જ-૫૦ ભગવાનના ગુણ ગાવાથી તેમજ સાંભળવાથી ભક્તિને તેમજ તેના પુત્ર, જ્ઞાન, વૈરાગ્યને ભગવદરસથી પુષ્ટિ મળે છે તો જર્જરિત થયેલા જ્ઞાન વૈરાગ્ય પણ જાગૃત થઈ યૌવનાવસ્થા પ્રાપ્ત કરી માતા ભક્તિ સાથે જયાં ભગવાનના ભાગવતરૂપ ગુણાનુવાદ ગવાતાં હોય ત્યાં આવી પહોંચે છે અને મૂર્તિમાન જ્ઞાન વૈરાગ્ય ભક્તિ નૃત્ય કરવા માંડે છે અને શ્રોતાજનોના હૃદયમાં ઘર કરી નિરંતર નિવાસ કરે છે. ભક્તિ ભગવાનને પ્રાણથી પ્રિય છે. પોતાના મૂળ સ્વરૂપે પોષણ કરે છે. રક્ષણ કરે છે. શ્રીમદ્ ભાગવતનો આલાપ ! એનાથી વૈરાગ્ય જ્ઞાનનાં દુઃખો જશે ભક્તિને સુખ થશે કલિયુગના દોષો નિવારી શકાશે.

ભાગવતની કથાનો આશ્રય કરો તે તમને અમર બનાવશે.
પરિક્ષીત અને શુકદેવજી બન્ને અમર છે.

પ્ર-૫૧ શ્રીમદ્ ભાગવતજીનું સેવન કયારે અને કેવી રીતે કરવું જોઈએ ?

જ-૫૧ શ્રીમદ્ ભાગવતજીનું આદરપૂર્વક તથા નિર્હેતુક સેવનનો પ્રકાર તો અનિવાર્ય જ છે. આપણે ઘરમાં શ્રીમદ્ ભાગવતજીને યોગ્ય સ્થાન ઉપર આદરપૂર્વક બિરાજમાન કરી, તેનું પ્રતિદિન ભક્તિમાર્ગીય પદ્ધતિએ પૂજન અને એક કે બે કે તેથી અધિક અધ્યાયોનો અર્થ સહ પાઠ તથા પ્રતિદિન શ્રીમદ્ ભાગવત ઉપરના સામ્પ્રદાયિક સાહિત્યનું પઠન-વાંચન અનિવાર્ય કર્તવ્ય રૂપે કરવું જ જોઈએ. પક્ષી પોતાના બચ્ચાને ઉછેરવા સેવે છે તેવી રીતે પ્રેમથી ભાગવતજીનું સેવન કરવું જોઈએ.

આ મુજબના પ્રતિદિનના આવર્તનથી પુષ્ટિ પુરુષોત્તમના સ્વરુપનો પરિચય, પ્રભુનું માહાત્મ્યજ્ઞાન, ભક્તિનું સાચું સ્વરુપ તેનું જ્ઞાન અને તેથી પ્રભુમાં આદર સહિતનો સ્નેહ કેળવાય છે. અને એ સ્નેહ જ ધીમે-ધીમે પ્રેમ જેનું લક્ષણ છે એવી સ્નેહમયી પુષ્ટિ સેવામાં લઈ જાય છે.

ભક્તિવર્ધિની ગ્રંથમાં પણ શ્રી આચાર્યચરણે આજ્ઞા કરી ‘સેવાયાં વા કથયાંવા’ આ વાક્યથી જે કથા કહેવાઈ છે. તેમાં પણ ભાગવતોક્ત કથા એ અર્થ જ બહુ સુંદર છે, કારણ કે કૃષ્ણ જ જેમાં કહેવાયેલા હોય તેવું શાસ્ત્ર શ્રીમદ્ ભાગવતજી જ છે. નિબન્ધમાં પણ જોઈ ગયા તેમ સેવા-તીર્થાટન-શ્રી ભાગવત સેવન એમ ત્રણ વિકલ્પ જ કહેવાયેલા છે.

શ્રી આચાર્યચરણના સર્વ ગ્રંથોનો અભ્યાસ કરતાં એમ માલૂમ પડે છે કે પુષ્ટિમાર્ગમાં પ્રવેશ પામેલાઓના જીવનમાં આ ઉપર કહેલા વિકલ્પો જ જરૂરી છે. જો પ્રથમ બેમાં અધિકાર સિદ્ધ ન થયો હોય તો ત્રીજો શ્રી ભાગવતનું આદરપૂર્વક તથા નિર્હેતુક સેવનનો પ્રકાર જ અનિવાર્ય છે. ભાવ ભર્યા ભક્તો તેની ભગવનાનના સ્વરૂપની જેમ પણ સેવા કરે છે. કોઈપણ રીતે મન શ્રીમદ્ ભાગવતમાં જોડી દઈએ તો મનને શાંતિ મળશે. મલિનતા ચાલી જશે, મૂંઝવણ મટશે, દુઃખ જશે અને ભવ સુધરશે અને અભયતા સરળતાથી મળે છે અને ભગવાન જડે છે.

પ્ર-૫૨ શ્રી આચાર્યચરણ સર્વનિર્ણય નિબંધમાં શ્રીમદ્ ભાગવતજીનો આશ્રય કયારે કરવાની આજ્ઞા આપે છે ?

જ-૫૨ ચિત્તની બહિર્મુખતા દૂર કરી ચિત્તની અન્તર્મુખતા માટે અને ભગવત્સ્વરૂપમાં પ્રીતિનાં સંપાદનને માટે વૈષ્ણવોએ ઘર-ગૃહસ્થી વિગેરેમાંથી મોહ-આસક્તિ ત્યાગી તીર્થાટન કરતાં રહેવું અને તેમાં પણ એક સ્થાનમાં જ નિવાસ ન કરવો તેમજ સંગ્રહ-સંચય પણ કરવો નહીં, અથવા તો જગન્નાથપૂરી, પંઢરપૂર, વિઠ્ઠલનાથજી કે પછી નાથદ્વારા જેવા દેવસ્થાનોમાં કે જયાં અષ્ટયામ સેવા પૂજાનો પ્રકાર- સતત પ્રવાહની માફક વહેતો હોય ત્યાં તેવા સ્થળોમાં લૌક્કિસંગ આસક્તિ રાખ્યા વગર જ રહેવું અને આ બંને શકય ન હોય તો ત્રીજો પક્ષ એ છે કે શ્રી ભાગવતજીનો આશ્રય કરી ભાગવતજીનું પઠન-શ્રવણ કરવું-કરાવવું વિગેરે પ્રકારે સેવન કરીને રહેવું. આમ મુખ્યરૂપે ભગવત્સેવા બતાવી તેમાં ગતિ ન થાય તો- તીર્થાટન- ભગવતધામમાં નિવાસ અને તે પણ જો શક્ય ન બને તો ઘર છુટતું જ ના હોય તો ઘરમાં રહીને પણ શ્રીમદ્ભાગવતના નિર્હેતુક સેવન દ્વારા ચિત્તને બહિર્મુખતાથી બચાવી શ્રીચરણમાં

જેને પોતાના હૃદયમાં શ્રીકૃષ્ણના દર્શન થાય છે.
એને ક્યારેય પ્રભુનો વિયોગ થતો નથી.

જોડવું. આમ દ્વાદશ સ્કંન્ધમાં બતાવ્યા પ્રકારે મુખ્યરૂપે કૃષ્ણાશ્રય સિદ્ધ કરવામાં પ્રથમ ભાગવતાશ્રય જ કહેવાયો છે. તેના વડે જ ભાવદ્રઢતામાં આગળ જઈ ભક્તિમાર્ગાશ્રય દ્રઢ કરવો જોઈએ અને તે દ્વારા જ કૃષ્ણાશ્રય સુધી ભગવદ્દનુગ્રહે પહોંચી શકાય છે.

પ્ર-૫૩ શ્રીમદ્ ભાગવતજીનો આશ્રય કરવાથી શું થાય ?

જ-૫૩ શ્રીમદ્ ભાગવતજીનો આશ્રય કરવામાં આવે તો ભગવાનનું માહાત્મ્ય જ્ઞાન થાય અને તે ગંગાની માફક પવિત્ર કરાવે છે. હરિની માફક સાયુજય મુક્તિ અપાવે છે અને શંકર ભગવાનની માફક ભક્તિ પ્રાપ્ત કરાવે છે. આમ શ્રીમદ્ ભાગવત ભક્તિમાર્ગનો સર્વોત્તમ ગ્રંથ છે. શ્રી ભાગવતજીમાં આનંદરૂપ હરિની લીલા રહેલી છે. જે આનંદ આપી દુઃખ હરે છે. જીવ જયારે ત્રિવિધ તાપમાં દુઃખ અનુભવે ત્યારે કથામૃત શીતળતા બક્ષે છે. અને શોક મોહ તેમજ ભય દુર થાય છે. અને પ્રભુમાં સર્વથી અધિક સ્નેહ થાય છે.

પ્ર-૫૪ શ્રી વલ્લભાચાર્યજીનું પ્રાગટ્ય ભૂતલ ઉપર શાના માટે થયું છે ?

જ-૫૪ શ્રી વલ્લભ ભૂતલ ઉપર શ્રી ભાગવતજીનું સત્ય સ્વરૂપ જગતને સમજાવવા અને તે શ્રી સુબોધિનીજી રૂપે આપવા માટે તથા દૈવીજીવોના ઉધ્ધાર માટે જ ખાસ ભૂતલ ઉપર પધાર્યા છે.

પ્ર-૫૫ શ્રી ભાગવતતત્ત્વાર્થદીપ નિબંધ શું છે ?

જ-૫૫ શ્રી વલ્લભે જગતને શ્રીમદ્ ભાગવતજીમાં રહેલ વેદ ત્થા શ્રીમદ્ ભાગવતજીના ગૂઢાર્થ સમજાવવા માટે જ આ નિબંધ લખેલ છે. તેમાં શાસ્ત્રાર્થ પ્રકરણની ચર્ચા કરી છે. તેમાં પ્રથમ પ્રકરણમાં શરણાગતિ ભાવ સર્વોતમ છે. તેમ પ્રતિપાદિત કર્યુ છે. આ ગ્રંથના કુલ ત્રણ પ્રકરણો છે. (૧) શાસ્ત્રાર્થ પ્રકરણ (૨) સર્વનિર્ણય (૩) શ્રી ભાગવતાર્થ પ્રકરણ

પ્રથમ શાસ્ત્રાર્થ પ્રકરણમાં ભગવદ્દગીતા દ્દષ્ટિ સમક્ષ રાખીને અખંડ બ્રહ્મવાદનું નિરૂપણ છે. બીજા સર્વ નિર્ણય પ્રકરણમાં સર્વ સમસ્ત શાસ્ત્રો અને સ્વમંતવ્યનું નિરૂપણ છે. ઉપરાંત તેમાં સામાન્ય ભક્તિમાર્ગની રૂપરેખા સમજાવી છે, તેમાં જુદા જુદા શાસ્ત્રો જેવા કે વેદ, વેદાંત, સ્મૃતિઓ અને પુરાણો વગેરેનું ધર્મગ્રંથો તરીકે મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. આ પ્રકરણમાં પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ એવા ચાર નાનાં પ્રકરણો છે. બ્રહ્મ એ જ પ્રમેય (જ્ઞાન) છે. અને તેને પ્રાપ્ત કરવાનું ખરું સાધન ભક્તિ છે. એ તેમાં સિધ્ધ કરી બતાવ્યુ છે. અને ત્રીજા ભાગવતાર્થ પ્રકરણમાં સમગ્ર શાસ્ત્રની દ્દષ્ટિએ, સ્કંધોની દ્દષ્ટિએ અને પ્રકરણોની દ્દષ્ટિએ તથા અધ્યાયોની દ્દષ્ટિએ - શ્રી ભાગવતના અર્થનું નિરૂપણ કરેલ છે.

પ્ર-૫૬ શ્રી તત્વાર્થદીપ નિબંધ સમજાવવા માટેની ટીકાઓ કયા નામથી ઓળખાય છે ? અને તે ટીકાઓ કોણે કોણે લખેલી છે ?

જ-૫૬ શ્રીમદાચાર્ય ચરણ થોડા જ શબ્દોમાં પોતાનું વક્તવ્ય જણાવે છે, તેથી તેમના ગ્રંથો સમજવા કઠણ થઈ પડે છે. પરંતુ આપણા સૌના સદ્દભાગ્યે શ્રી તત્વાર્થદીપ નિબંધ ઉપર આપશ્રીએ પોતે જ "પ્રકાશ" નામની ટીકા કરેલી છે, પરંતુ સ્કંધ ચોથાની કારિકા ૩૩ સુધીના ગ્રંથ ઉપર

લોખંડના થાંભલામાં કે પથ્થરની મૂર્તિમાં ભગવાનનાં દર્શન કરવા માટે પ્રહ્‌લાદ જેવી દ્રષ્ટિ જોઈએ.

જ આપશ્રીએ કરેલ પ્રકાશ પ્રાપ્ત થાય છે.

છતાં ત્યાર પછીની કારિકાથી સ્કંધ પાંચમાની કારિકા ૧૩પ।। સુધી શ્રી ગુંસાઈજી મહારાજે પ્રકાશ રચેલ છે. તેથી ત્યાં સુધીનો ગ્રંથ સમજવાનું સરલ થાય છે. ત્યાર પછીના ગ્રંથ ઉપર ગોસ્વામી શ્રી પુરુષોત્તમદાસજી મહારાજવિરચિત "યોજના" છે. અને તે પણ આ ગ્રંથ સમજવામાં ઉપયોગી થઈ પડે છે.

પ્ર-૫૭ શ્રી ભાગવતાર્થ પ્રકરણ શું છે ? તેમાં શ્રીમદ્ ભાગવતજીના કયા કયા અર્થ શ્રી વલ્લભે આપેલ છે ?

જ-૫૭ શ્રીમદાચાર્યચરણોએ શ્રીમદ્ ભાગવતજીના વાસ્તવિક અર્થનો વિચાર કરી, તે અર્થનો સારી રીતે નિર્ણય કરી તત્વાર્થદીપ નિબંધના શ્રી ભાગવતાર્થ પ્રકરણમાં તે અર્થ દર્શાવેલ છે તે અર્થનું જ્ઞાન થતાં ભગવાનમાં સંપૂર્ણ પ્રકારે ભક્તિ થાય છે જ. વળી ભક્તિ ઉત્પન્ન થઈ શાંત રહે તેવી થતી નથી, પરંતુ લતાની પેઠે દિવસે દિવસે વધતી જઈ શ્રીકૃષ્ણરૂપ ફલ પ્રાપ્ત કરાવે તેવી થાય છે. તેથી ભક્તિની ઈચ્છા રાખનારે અવશ્ય શ્રી ભાગવતાર્થ પ્રકરણનું સુક્ષ્મ નિરીક્ષણ કરવું.

શ્રીમદ્ ભાગવતનો અર્થ તથા અભિપ્રાય સારી રીતે જાણવામાં આવે તે માટે જ શ્રી વલ્લભે શ્રીમદ્ ભાગવતજીના સાત અર્થ કરેલ છે. તેમાંના પ્રથમ ચાર અર્થ (૧) શાસ્ત્ર (૨) સ્કંધ (૩) પ્રકરણ (૪) અધ્યાયના અર્થ શ્રી ભાગવતાર્થ પ્રકરણમા જણાવેલ છે.

પ્ર-૫૮ શ્રી ભાગવતાર્થ પ્રકરણમાં શ્રીમદાચાર્યચરણે શ્રી ભાગવતશાસ્ત્રનો અર્થ શું કરેલ છે ?

જ-૫૮ આનંદરૂપ હરિની લીલા એ શ્રી ભાગવત શાસ્ત્રનો અર્થ છે. આનંદરૂપ (ભગવાન) ની લીલા પણ આનંદરૂપ જ છે અને હરિની લીલા સર્વનાં દુઃખોને હરનારી છે. તેથી દુઃખનો નાશ કરનારી અને સુખ (આનંદ) રૂપ ભગવાનની લીલા પોતે જ પુરુષાર્થરૂપ છે એવો શ્રી ભાગવતશાસ્ત્રનો અર્થ છે.

શ્રીમદ્ ભાગવત ભગવદરૂપ જ છે. તેથી પાઠ કરી તેનું ધારણ કરવાથી, ભાગવતના સ્વરૂપથી ભગવાન જ ધારણ કરેલા જાણવા. જો તેનો અર્થ પણ સંપૂર્ણ સમજાયો હોય તો આવું (ભગવદ્ રૂપ) છે. એવું જ્ઞાન ભક્તિના અંગરૂપ હોવાથી (તેનાથી) ભગવાનનું જ્ઞાન થાય છે. અને તેથી ભગવાન ભક્તિ આપે છે.

પ્ર-૫૯ આનંદરૂપ હરિની લીલા શ્રીમદ્ ભાગવતનો અર્થ છે. તે લીલા કેટલા પ્રકારની છે ?કઈ કઈ તે જણાવો ?

જ-૫૯ લીલા એટલે કોઈ પણ પ્રકારના શ્રમ પ્રયત્ન વિના માત્ર કૌતુકથી થતું જે કર્મ તેને લીલા શબ્દથી જાણવામાં આવે છે. આનંદરૂપ હરિની લીલા દશ પ્રકારની હોવાનું શ્રી ભાગવતજીમાં કહેલું છે. તે (૧) સર્ગ લીલા (૨) વિસર્ગ (૩) સ્થાન (૪) પોષણ (૫) ઉતિ (૬) મન્વન્તરો (૭) ઈશાનુકથા (૮) નિરોધ (૯) મુક્તિ (૧૦) આશ્રય. આ દશ લીલાઓનું ત્રીજાથી

શ્રીકૃષ્ણકથામાં મન એકાગ્ર બને અને શ્રીકૃષ્ણ લીલામાં તરબોળ થઈ જવાય ત્યારે મનમાંથી સંસાર આપોઆપ નીકળી જાય છે.

બારમા સુધીના દશ સ્કંધોમાં નિરૂપણ કરેલ છે. આ દશ લીલા ઉપરાંત 'અધિકાર' તથા 'સાધન' પણ ભગવાનની જ લીલા છે પરંતુ તે મુખ્ય લીલા નથી પણ મુખ્ય દશ લીલાઓમાં ઉપયોગી લીલા છે.

પ્ર-૬૦ દશ લીલાઓ કરવા માટે પ્રભુ કેટલા વ્યૂહનો આશ્રય કરે છે ? અને તે કેવી રીતે કરે છે ?

જ-૬૦ સંકર્ષણ, વાસુદેવ, અનિરૂધ્ધ અને પ્રધ્યુમ્નએ ચાર વ્યુહ છે.

સંકર્ષણઃ- વ્યૂહથી પ્રભુ અસુરોનો સંહાર કરે છે.

વાસુદેવઃ- એ વ્યુહથી પ્રભુ મોક્ષ આપે છે. એનું સૂચન 'વેદ અને વેદાંતથી વેદ્ય' વિશેષણમાં છે.

અનિરુધ્ધઃ- વ્યૂહથી ધર્મની રક્ષા કરે છે.(પ્રવૃતિધર્મ અને નિવૃત્તિધર્મ)

પ્રધ્યુમઃ- વ્યૂહથી વંશવૃદ્ધિ કરે છે. માટે યાદવકુલમાં પ્રાદુર્ભાવ વર્ણવ્યો. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારની શુદ્ધિ આ ચાર વ્યૂહથી થાય છે. ૧, ૫, ૩૭ નો શ્લોક વાસુદેવ ગાયત્રીનો મંત્ર છે તે ખાસ જપવો. આ મંત્ર નારદજીએ સંત પાસેથી મેળવેલો છે.

પ્ર-૬૧ શ્રી હરિની લીલા સમજવા માટે સૌ પ્રથમ મુખ્ય શાની જરૂર પડે છે ?

જ-૬૧ શ્રી હરિની લીલા સમજવા માટે મુખ્યત્વે પ્રભુની કૃપા અથવા તો પ્રભુની જે જીવનું વરણ કરવાની ઈચ્છા હોય તેને જ તે લીલા સમજાય છે. આનંદ માત્ર પર આધાર રાખી જીવતા ગુપ્તાનંદવાળા જીવને આનંદની પ્રાપ્તિ આનંદરૂપ હરિની લીલા રૂપ શ્રીમદ્ ભાગવત દ્વારા સુલભ બને છે. અને ભાગવતજીના સેવનથી હરિની લીલા સમજાય છે.

પ્ર-૬૨ શ્રી ભાગવતાર્થ પ્રકરણમાં બાર સ્કંધોનો અર્થ શું છે ?

જ-૬૨ અધિકાર, સાધનો અથવા સર્વ પ્રકારનાં જ્ઞાન અને સર્ગ, વિસર્ગ વગેરે ભગવાનની દશ લીલા છે એવો અનુક્રમે શ્રી ભાગવતના બાર સ્કંધોનો અર્થ થાય છે.

શ્રી કૃષ્ણની લીલા એજ ભાગવતનો વિષય છે. એના શ્રવણથી ભગવાન શ્રી કૃષ્ણ ઉપર અવશ્ય પ્રેમ થતો હોવાથી અને પ્રેમ જ તેમને પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન હોવાથી શ્રીમદ્ ભાગવતનો અર્થ સારી રીતે સમજી તેનું શ્રવણ, સેવન કરવું જોઈએ બારસ્કંધ એટલે શ્રી ભાગવતરૂપ કલ્પવૃક્ષના મૂળને લાગેલી સ્થૂલ શાખાઓ.

આનંદરૂપ હરિની લીલા એ આ સમગ્ર ભાગવતશાસ્ત્રનો અર્થ છે. તે લીલા સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઉતિ, મન્વન્તર ઈશાનુકથા, નિરોધ મુક્તિ અને આશ્રયના નામથી દશધા છે. અધિકારીના ભેદ બતાવવા માટે પ્રથમ સ્કન્ધ છે. સર્વ પ્રકારના જ્ઞાનને કહેનાર સાધનરૂપ (ભક્તિના અંગને કહેનાર) દ્વિતીય સ્કન્ધ છે. એથી સર્વ પ્રકારના જ્ઞાનો ભક્તિના અંગરૂપે છે. એ પણ બતાવ્યું છે. તે દશલીલા તૃતીય સ્કન્ધથી લઈ દ્વાદશસ્કંધ સુધીમાં કહેલી છે.

પ્રથમસ્કંધ-

પ્રથમ સ્કંધ અધિકાર નિરૂપક છે. તે અધિકાર હીન, મધ્યમ, ઉત્તમ ભેદથી ત્રણ પ્રકારનો છે.

અજાણે પણ અગ્નિ પર પગ પડે તો પણ અગ્નિ તેને બાળે છે, તેમ અજાણતાં પણ ભગવાનનું નામ લેવાય તો પ્રભુ તેને તારે છે.

સૂતશૌનક હીનાધિકારી છે. **વ્યાસ એને** નારદમધ્યમાધિકારી છે. શુક અને પરીક્ષિત ઉત્તમ અધિકારી છે.

દ્વિતીયસ્કંધ-

દ્વિતીય સ્કંધ સાધનરૂપ છે. તેમાં શ્રવણો અંગેનું નિરૂપણ કરેલું છે. અધિકાર લીલાના અંગરૂપ છે. શ્રવણાદિ અંગવાળી ભક્તિ કરવી એમ સ્કંધનો તાત્પયાર્થ છે. તત્વજ્ઞાન, હત્પ્રસાદ અને મનન નામનાં ત્રણ પ્રકરણ છે.

તૃતીયસ્કંધ-સર્ગ લીલા

તૃતીય સ્કંધમાં લૌકિક અને અલૌકિક એમ બે જાતનો સર્ગ છે. પ્રત્યેક પદાર્થમાં કારણપણાથી ભગવાનની સ્થિતી તે સર્ગ પદનો અર્થ છે.

ચતુર્થસ્કંધ-વિસર્ગ લીલા

બ્રહ્માજી પાસેથી ચરાચરની ઉત્પત્તિ તે વિસર્ગ છે. કાર્ય રૂપે પ્રથમથી જ તેમાં રહેવાપણું તેનું નામ વિસર્ગ છે.

પંચમસ્કંધ-સ્થાન લીલા

જેમ તંતુથી કપડું બને છે તો પણ કપડું ન હતું ત્યારે પણ તાંતણા હતા. સર્વવસ્તુમાં વસ્તુરૂપે અને મૂળરૂપે તે તે મર્યાદાથી રહેવું તેનું નામ સ્થાન છે.

ષષ્ઠસ્કંધ-પુષ્ટિલીલા

સર્વ સમર્થ એવા ભગવાનનો જગદ્રુપ કાર્ય સિધ્ધ કરવા માટે તે સ્થાનમાં પ્રવેશ એ પુષ્ટિલીલા છે.

સપ્તમસ્કન્ધ ઉતિલીલા

બ્રહ્મજ્ઞાનીને બ્રહ્મની પ્રતીતિ કરાવવા માટે તેવી લીલા બતાવવી તે ઉતિલીલા.કર્મ વડે વૃદ્ધિ પામે તે કર્મ વાસના કહેવાય છે.

અષ્ટમસ્કંધ

મન્વન્તરલીલા કારણરૂપ છે તેનાથી જુદારૂપે એટલે ઘટપટાદિરૂપે સત્પુરુષનાં (પ્રપંચમાં રહેવા છતા જુદા રૂપે દેખાય) ધર્મમાં કારણરૂપ થાય તે મન્વન્તરલીલા છે. મન્વન્તર એટલે સત્પુરુષનાં ધર્મો.

નવમોસ્કંધ-ઈશાનુકથા

ભગવાન ભક્તિના વિષય થાય. સેવારૂપ ધર્મ વડે લોકવેદથી જૂદા જણાય ત્યારે તે ઈશાનુકથારૂપ કહેવાય છે. આમાં ભગવાન અને તેના ભક્તોની કથા છે.

દશમસ્કંધ-નિરોધલીલા

પ્રપંચને ભૂલી ભગવાનમાં આસક્ત થવું તેનું નામ નિરોધ છે. ભગવત્સ્વરૂપ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા લૌકિક વૈદિક ભક્તો જયારે સ્વરૂપ સેવા કરવા લાગે છે ત્યારે તેજ ભગવાન તેમના હૃદયમાં ત્યાગરૂપે રહી, બાહ્યપદાર્થને છોડાવીને સ્વરૂપમાં નિરૂધ્ધ કરે છે ત્યારે તે નિરોધરૂપ થાય છે.

પ્રભુની મહત્તા સમજીને પ્રભુ પ્રત્યે સુદ્રઢ અને સર્વથી
અધિક પ્રેમ કરવો એનું નામ ભક્તિ

એકાદશસ્કંધ-મુક્તિલીલા

અન્યથા રૂપને છોડી સ્વરૂપમાં સ્થિતી કરવી તેનું નામ મુક્તિ છે. જીવમુક્તિ અને બ્રહ્મમુક્તિ એવા ભેદથી મુક્તિ બે પ્રકારની છે. નિરોધરૂપ ભગવાન જ્યારે તે તે દેહાદિના અભિમાની આત્માઓને કૃત્રિમ સ્વરૂપ છોડાવીને સ્વરૂપસ્થિતિ કરે ત્યારે તે મુક્તિરૂપ કહેવાય. ઘડા વિગેરેમાં ભગવાનની અસંગ ઉદાસીનરૂપે સ્થિતિ એ જ મુક્તિ.

દ્વાદશસ્કંધ-આશ્રયલીલા

ઉપર કહેલાં નવધા ભગવત્સ્વરૂપનો આધાર તેજ આશ્રયરૂપ સમજવો. કૃષ્ણાશ્રય, જગદાશ્રય, વેદાશ્રય, ભક્તિમાર્ગાશ્રય અને ભાગવતાશ્રય નામનાં પાંચ પ્રકરણ આશ્રયલીલાંના છે. આશ્રય બે જાતનો છે. શાસ્ત્રમાર્ગથી અને પ્રપતિથી આશ્રય સિદ્ધિ થાય છે. ક્રિયાથી આશ્રય પાંચ પ્રકારનો છે. જ્ઞાનથી આશ્રય ૮ પ્રકારનો છે.

પ્રથમ પાંચ લીલાઓ ભગવદન્વયરૂપે કહી છે. તેમાં ભગવાનનો સમન્વય કહ્યો એટલે ભગવાન એ લીલા તેમાં રહીને કરે છે. બાકીની પાંચ લીલા વ્યતિરેક વડે કરે છે.

આ પ્રમાણે ભગવાનની દશલીલા જાણવામાં ના આવે ત્યાં સુધી સર્વશાસ્ત્રોની એક વાક્યતા થતી નથી. તેવી સંકલના ભાગવતશાસ્ત્રમાં હોવાથી ભાગવત સર્વનું ઉધ્ધારક છે અને સર્વશાસ્ત્રનું નિર્વાહકપણ છે.

આમ શ્રી આચાર્યચરણે શ્રી ભાગવતાર્થ પ્રકરણમાં બાર સ્કન્ધોનો અર્થ કરેલ છે.

પ્ર-૬૩ શ્રી વલ્લભાચાર્યજીએ શાસ્ત્રીય રીતિથી શ્રી ભાગવતજીના કેટલા પ્રકરણો વડે વિચાર કર્યો છે અથવા શ્રીમદ્ ભાગવતજીમાં કુલ પ્રકરણ કેટલાં છે તેમાં શું છે ?

જ-૬૩ શ્રીમદ ભાગવતજીના દરેક સ્કન્ધના પ્રકરણો ભિન્ન છે. એમાં

પ્રથમસ્કન્ધ-

અધિકાર નિરૂપક છે. એ અધિકાર હીન, મધ્યમ અને ઉત્તમ ભેદથી ત્રણ પ્રકારના છે તે બતાવતા ત્રણ પ્રકરણ છે.

દ્વિતીયસ્કન્ધ-

સાધન રૂપ છે.-એમાં શ્રવણોના અંગોનું નિરૂપણ કરેલ છે. એમાં તત્વજ્ઞાન, (વસ્તુનિર્ધાક) [illegible]પ્રસાદ(શ્રધ્ધા) અને મનન(વિમર્શ) નામનાં ત્રણ પ્રકરણ છે.

તૃતીયસ્કંધ-

શ્રવણની યોગ્યતા થતા પ્રથમ સર્ગલીલા -કહી છે. સર્ગ લૌકિક અને અલૌકિકના ભેદથી બે પ્રકારનો છે. એ સર્ગ ગુણાતીત સૃષ્ટિ, સગુણ સૃષ્ટિ, કાલસૃષ્ટિ, તત્વસૃષ્ટિ અને જીવસૃષ્ટિ. એવા ભેદથી પાંચ પ્રકારનો છે. એ બંધસૃષ્ટિ અને મોક્ષસૃષ્ટિ એવા ભેદથી પુનઃ બે પ્રકાર છે. એટલે એમાં દશ પ્રકરણ છે.

ચતુર્થસ્કન્ધ-

વિસર્ગલીલા કહી છે. એમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ નામનાં ચાર પ્રકરણ છે. દક્ષને ધર્મ

શ્રી વલ્લભાચાર્યજીના મતે શ્રીમદ્ ભાગવત સિવાય
આ લોકમાં ભગવદ્ પ્રેમનું અન્ય કોઈ પરમ સાધન નથી.

સિદ્ધ થયો છે. ધ્રુવને અર્થ, પૃથુને કામ, અને પ્રચેતાઓને મોક્ષ સિદ્ધ થયો છે તે બતાવ્યું છે.

પંચમસ્કન્ધ-

સ્થાનલીલા છે. સ્થિતિ વૈકુંઠ વિજય એવું એનું લક્ષણ છે. એ જયારે સર્વને સ્વાધીન કરે ત્યારે વિજય કહેવાય. તે તે પદાર્થને તે તે મર્યાદા સાથે રાખવો એ સ્થિતિ એ તો તત્વ અને આત્મા એમ બે પ્રકારની હોવાથી એનાં બે પ્રકરણ છે. બીજા અર્થમાં સ્થૂલ વિચારથી તેના બે પ્રકરણ છે. સૂક્ષ્મ વિચારથી છ પ્રકરણ છે.

ષષ્ઠસ્કન્ધ-

પોષણ લીલારૂપ છે. એમાં નામ, ધ્યાન અને અર્ચન નામનાં ત્રણ પ્રકરણ છે.

સપ્તસ્કન્ધ-

ઉતિલીલા છે. ઉતિ એટલે કર્મની વાસના. સદ્‌વાસના, અસદ્‌વાસના અને મિશ્ર વાસના એ નામનાં ત્રણ પ્રકરણ છે.

અષ્ટમસ્કન્ધ-

મન્વન્તરલીલા છે. મન્વંતર એટલે સત્પુરુષના ધર્મએ પણ ભગવાનની એક લીલા છે. મોટાઓને આપત્તિ આવે તો ભગવાનનું સ્મરણ કરવું, સંપત્તિમાં સર્વદાન કરવું, અને પોતે બોલ્યા હોય એનું પાલન કરવું એ અર્થ કહેનાર ત્રણ પ્રકરણ છે. એ ધર્મોને કહેનાર મત્સ્ય ભગવાનનું ચરિત્ર એ ચોથું પ્રકરણ છે.

નવમસ્કન્ધ-

ઈશાનુકથા છે. ભગવાન અને ભક્તોની કથા તે ઈશાનુકથા એમાં સૂર્યવંશ અને ચંદ્રવંશ નામનાં બેજ પ્રકરણ છે.

દશમસ્કન્ધ

નિરોધ લીલા છે. પ્રપંચને ભૂલી ભગવાનમાં આસક્ત થવું એનું નામ નિરોધ છે. એમાં પ્રથમ જન્મ પ્રકરણ, બીજું તામસ પ્રકરણ, ત્રીજું રાજસ પ્રકરણ, ચોથું સાત્વિક પ્રકરણ અને પાંચમું ગુણ પ્રકરણ છે.

એકાદશસ્કન્ધ-

મુક્તિ લીલા છે. અન્યથા રૂપને છોડી સ્વરૂપમાં સ્થિતિ કરવી તેનું નામ મુક્તિ છે. જીવમુક્તિ અને બ્રહ્મ મુક્તિ એવા બે પ્રકારનાં ભેદ છે. તેથી આમાં બે પ્રકરણ છે. જીવમુક્તિમાં સાયુજય અને બ્રહ્મભાવ એવા બે ભેદ છે. જ્યારે ઈશમુક્તિમાં અહંતાત્યાગ અને મમતા ત્યાગ એ ભેદ છે.

દ્વાદશસ્કન્ધ-

આશ્રય લીલા છે. કૃષ્ણાશ્રય, જગદાશ્રય, વેદાશ્રય, ભક્તિમાર્ગાશ્રય, અને ભાગવતાશ્રય નામનાં પાંચ પ્રકરણ આશ્રયલીલાંના છે.

આમ સ્થૂલ ભેદથી ૪૩ પ્રકરણ છે. જ્યારે સૂક્ષ્મ ભેદ વડે અવાંતર પ્રકરણો ગણીએ તો

પ્રકરણોની સંખ્યા વધારે થાય છે. શ્રી વલ્લભાચાર્યે શાસ્ત્રીય રીતથી ૪૩ પ્રકરણો વડે શ્રી ભાગવતનો વિચાર કર્યો છે, એમાં પૂર્વાપર પ્રકરણની સંગતિ મેળવી છે. તે પ્રકરણના આરંભમાં શ્રી સુબોધિનીના પ્રકાશમાં જોવામાં આવે છે.

પ્ર-૬૪ શ્રી ભાગવતાર્થ પ્રકરણ તથા શ્રી સુબોધિનીજીમાં શ્રી આચાર્ય ચરણના કયા સ્વરૂપનાં દર્શન થાય છે ?

જ-૬૪ શ્રી ભાગવતાર્થ પ્રકરણ ત્થા શ્રી સુબોધિનીજીમાં શ્રી વલ્લભના આધ્યાત્મિક સ્વરૂપના દર્શન થાય છે.

પ્ર-૬૫ શ્રીમદ્ ભાગવતની ટીકા કરવા માટે જ કયા કયા આચાર્યો પૃથ્વી ઉપર પધાર્યા છે ?

જ-૬૫ બીજા કોઈ પણ આચાર્યો શ્રીમદ્ ભાગવતજીની ટીકા કરવા માટે પૃથ્વી પર આવ્યા છીએ એમ કહેતા નથી. ત્યારે શ્રી વલ્લભે એવી આજ્ઞા સુબોધિનીના આરંભમાં જ કરેલ છે. કે પોતે શ્રીમદ્ ભાગવતજીના અર્થ પ્રકટ કરવા માટે જ પૃથ્વી ઉપર પધાર્યા છે.

પ્ર-૬૬ શ્રી સુબોધિનીજી માટે શ્રી હરિરાયજીનાં શું વચનામૃત છે ? તે કયા ગ્રંથમાં આપશ્રીએ કહ્યા છે ?

જ-૬૬ "નાશ્રિતો વલ્લભાધીશો ન ચ દ્રષ્ટા સુબોધિની ।
ના રાધિ રાધિકાનાથો વૃથા **તજ્જન્મ** ભૂતલે ।।"

શ્રી હરિરાયજી "જન્મવૈફલ્ય" નામના ગ્રંથમાં જણાવે છે. કે જેણે આ દુનિયામાં જન્મ ધારણ કરીને શ્રી વલલ્ભાધીશનો આશ્રય કર્યો નથી. તેમના સુબોધિનીના દર્શન કર્યા નથી, ત્થા રાધિકાનાથનું આરાધન કર્યું નથી, તેનો જન્મ આ ભૂમિ ઉપર નિષ્ફળ છે. શ્રી હરિરાયજીની આજ્ઞા ઉપરથી શ્રી સુબોધિનીજીનો પ્રભાવ આપશ્રી પર સર્વથી અધિક છે તે બતાવે છે.

પ્ર-૬૭ શ્રી વલ્લભાચાર્યજીએ સુબોધિનીજીની રચના શામાટે કરી ? અને કોના દ્વારા કરી ?

જ-૬૭ ભગવદ્ આજ્ઞા દ્વારા શ્રી વલ્લભે શ્રીમદ્ ભાગવતજીનું સત્યસ્વરૂપ જગતને સમજાવવા માટે શ્રી સુબોધિનીજીની રચના કરી છે.

પ્ર-૬૮ શ્રી સુબોધિનીજી શું છે ? તે ઉપલબ્ધ છે ?

જ-૬૮ શ્રી વલ્લભાચાર્યજીની શ્રીમદ્ ભાગવત ઉપરની ટીકા એ શ્રી સુબોધિનીજીના નામથી ઓળખાય છે. શ્રી વલ્લભે શ્રીમદ્ ભાગવતજીના સાત અર્થ કરેલ છે તેમાંના ત્રણ જ અર્થ એટલે વાક્યાર્થ, પદાર્થ અને અક્ષરાર્થ શ્રી સુબોધિનીજીમાં આપ્યા છે.

શ્રી સુબોધિનીજી સમગ્ર મળતાં નથી. પરંતુ પ્રથમ સ્કન્ધ, દ્વિતીય સ્કન્ધ, તૃતીય સ્કન્ધ, ચતુર્થ સ્કન્ધના છ અધ્યાય અને સાતમાં અધ્યાયના ૧૩ શ્લોક સુધીના જોવામાં આવે છે. સંપૂર્ણ દશમસ્કંધની ટીકા ઉપલબ્ધ (મુદ્રિત) છે. એકાદશ સ્કન્ધના ચાર અધ્યાય અને પાંચમા અધ્યાયના આરંભની કારિકાઓ ત્થા થોડું વ્યાખ્યાન મળે છે.

દુઃખ, દારિદ્રય, દુર્ભાગ્ય અને ઘોર પાપોની નિવૃત્તિ માટે કલિયુગમાં ભાગવત શ્રવણ એક જ ધર્મ કહેલો છે.

પ્ર-૬૯ શ્રી વલ્લભાચાર્યજીએ શ્રી સુબોધિનીજી લખતાં પહેલા શ્રી ભાગવતજીના કેવા અર્થ કરવાની પ્રતિજ્ઞા કરી છે ?

જ-૬૯ શ્રી ભાગવતજીનાં અર્થમાં અમૂક વાત અધૂરી છે. આ વાક્ય ઉમેરવું જોઈએ. એવા બહાનાં કાઢીને નવી વાત અંદર દાખલ નહિ કરવાની પ્રતિજ્ઞા કરી છે. અથવા તો પરોક્ષ (આડીઅવળી) વાતો વિના જેવો શુદ્ધ અર્થ નીકળતો હોય તેવો જ સીધો અર્થ કરવાની આપશ્રી એ શ્રી સુબોધીનીજીના પ્રારંભમાં એટલે કે મંગલાચરણમાં પ્રતિજ્ઞા કરી છે.

પ્ર-૭૦ શ્રી વલ્લભ શ્રી વેદવ્યાસજીને શ્રીસુબોધિનીજીમાં શું સંબોધન કરે છે ?

જ-૭૦ શ્રી વલ્લભે શ્રી સુબોધિનીજીમાં શ્રી વેદવ્યાસજીને ગુરુનું સંબોધન કરેલ છે.

પ્ર-૭૧ શ્રી સુબોધિનીજીમાંથી ભગવદરસનો સ્વાદ કેવી રીતે અથવા તો ક્યારે આવે છે ?

જ-૭૧ જેમ તાવ ઉતરે અન્નનો સ્વાદ આવે છે. તેવી રીતે જેમ જેમ અજ્ઞાન દૂર થાય અને વૈરાગ્ય વધે છે. તેમ તેમ ભગવદરસનો સ્વાદ આવે છે.

પ્ર-૭૨ શ્રી ગુંસાઈજી મહારાજે સુબોધિની સમજવા માટે જે ગ્રંથ લખ્યો છે તે કયા નામથી ઓળખાય છે ?

જ-૭૨ શ્રી ગુંસાઈજી મહારાજે સુબોધિની સમજવા માટે સૂક્ષ્મ **ટિપ્પણીજી** લખ્યા છે. તે મુદ્રિત થએલ છે. તે ઉપરાંત ઘણા શ્લોકોના વ્યાખ્યાનો કર્યા છે જે સ્વતંત્રલેખના નામથી સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે.

પ્ર-૭૩ શ્રી ગુંસાઈજી રચિત સર્વોતમજીમાં ભાગવતજીના અનુસંધાનમાં પોતાના પિતૃચરણના કેટલા નામ આપ્યા છે ?

જ-૭૩ શ્રી સર્વોત્તમજીમાં શ્રીવલ્લભના ભાગવતજીના અનુસંધાનમાં બેશ્લોકના નામ શ્રી ગુંસાઈજી એ આપેલ છે.

શ્રી ભાગવત- ગૂઢાર્થ- પ્રકાશન- પરાયણઃ
સાકાર- બ્રહ્મ- વાદૈક- સ્થાપકો- વેદ- પારગઃ॥
શ્રી ભાગવતપીયૂષ-સમુદ્રમથનક્ષમઃ
તત્સારભૂતરાસસ્ત્રી ભાવપૂરિત વિગ્રહઃ॥

પ્ર-૭૪ શ્રી પુરુષોત્તમ સહસ્ત્રનામ પાઠ કોને પ્રકટ કરેલ છે ?શા માટે પ્રકટ કર્યો ? તેમાં શું છે ?

જ-૭૪ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પોતાના જયેષ્ઠપુત્ર શ્રી ગોપીનાથજીને દ્વાર બનાવી ને આ પાઠની રચના કરેલ છે. નિત્ય શ્રીમદ્ ભાગવતનો સંપૂર્ણ પાઠ કરી પ્રસાદ લેવાનો નિયમ શ્રી ગોપીનાથજીનો હતો. આપશ્રીના ધર્મપત્ની પરમ સતી શ્રી પાયાજી પોતાના પતિ ભોજન કરે પછી જ પોતે પ્રસાદ લેતા. પરિણામે પ્રસાદ લેવામાં વિલંબ થતો. સદાગ્રહથી થતો કલેશ દુર કરવા કૃપા કરી શ્રીમદ્ ભાગવતજીમાંથી લીલાનો પરિચય કરાવતાં શ્રીકૃષ્ણના હજારનામ તારવી સ્તવન રૂપે પ્રકટ કર્યા છે. તે પુરુષોત્તમ નામ સહસ્ત્ર પાઠ કરવાથી આખા ભાગવતનો પાઠ કર્યાનું ફળ મળે છે.

જીવ જ્યારે નિત્ય સેવા, સ્મરણ કરે ત્યારે ભગવાન હૃદયમાં પધારી પોતાની લીલાઓનો અનુભવ તેને કરાવે અને સ્વરૂપાનંદનું દાન કરે તેનું નામ મોક્ષ

શ્રી મહાપ્રભુજી પ્રકટિત શ્રી પુરુષોત્તમ સહસ્ત્ર નામ એટલે કે સો રૂપિયાની એક નોટ, અને શ્રીમદ્ ભાગવત એટલે એક એક રૂપિયાની સો નોટ.

વેદ એ શેરડી શ્રીમદ્ ભાગવતએ તેનો રસ. અને શ્રી પુરુષોત્તમ સહસ્ત્રનામ એ ગોળ, ખાંડ અને સાકાર. અર્થના જ્ઞાન સહિત જ આ પાઠ કરવાથી કૃતાર્થ થવાય છે.

પ્ર-૭૫ ત્રિવિધ નામાવલી શું છે ?

જ-૭૫ બાલ્યાવસ્થામાં દશમ સ્કન્ધનો પાઠ કરીને જ શ્રીગુંસાઈજી પ્રસાદ લેતા. વિલંબ થતાં પરિશ્રમ થતો. શ્રી મહાપ્રભુજી એ સહજ વાત્સલ્યે આપશ્રીને દ્વાર બનાવીને સમગ્ર નિજજન ઉપર અનુગ્રહ કર્યો. દશમ સ્કન્ધના લીલાયુક્ત સ્વરૂપનો પરિચય દેતા નામ તારવી કૃતાર્થ થવા બાલ-પ્રૌઢ-રાજ એ ત્રિવિધનામાવલી પ્રસિદ્ધ કરી.

બાલ લીલાંના નામ પાઠથી પ્રભુમાં પ્રેમ, પ્રૌઢ લીલાના નામ પાઠથી આસક્તિ અને રાજલીલાનાં નામ પાઠથી વ્યસનનું દાન પ્રભુ કરે છે. તેથી ત્રણે પ્રકારના નામોનો જપ ભક્તિ પ્રાપ્ત કરવાની ઉત્કંઠા રાખનારે અવશ્ય નિરંતર કરવો જોઈએ.

પ્ર-૭૬ આચાર્યચરણ શ્રી ભાગવતજીની લીલાને કયા કલ્પની માને છે ?

જ-૭૬ આચાર્યચરણ શ્રી ભાગવતની લીલાને સારસ્વત કલ્પીય માને છે. ભગવાન પરબ્રહ્મ સર્વાવતારના મૂળરૂપ છે તેજ શ્રી ભાગવતનો પ્રતિપાદ્ય વિષય છે જે સ્વઈચ્છાથી આનંદમાત્ર વિગ્રહ ધરી કરૂણાથી ભૂતળ ઉપર પધારી જે લીલા કરી તેને સમાધિમાં પ્રત્યક્ષ કરીને પછી તેનું વર્ણન વ્યાસજીએ શ્રી ભાગવતજીમાં કર્યું છે. તે ભાગવત શ્રવણ કરનારને મુક્તિ આપનાર છે. તેમાં સર્વે જીવોનો અધિકાર છે.

પ્ર-૭૭ શ્રી મહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવતજીમાં કેટલા પ્રકારની ભાષા માની છે ? તે કઈ કઈ અને તે કેવી રીતે શ્રી વલ્લભે સમજાવી છે ?

જ-૭૭ શ્રી મહાપ્રભુજીએ ભાગવતજીમાં ત્રણ પ્રકારની ભાષા માની છે. (૧) સમાધિભાષા (૨) મતાન્તરભાષા (૩) લૌકિક ભાષા.

ભાગવતજીમાં ક્યાંક જ્ઞાન વિ.ની પ્રશંસા, કયાંક વિદ્વાનોનો વિરોધ કયાંક પુનરૂકિત જેવા દોષો કેમ ? એ સંશયના સમાધાનમાં આ ત્રણ ભાષાનો પરિચય શ્રીમદ્ આચાર્યજીએ કરાવેલ છે.

(૧) સમાધિભાષા :- વ્યાસજીએ જેટલો વિષય સમાધિથી જાણીને કહ્યો તે સમાધિભાષા.

(૨)મતાન્તર (પરમત) ભાષાઃ- શ્રી શુકદેવજીએ 'બીજાએ કહેલી વાત તને કહું છું' એમ ખુલાસો કરીને બીજાના મતની વાત બીજાનો સંવાદ એમ રજૂઆત કરી છે તે મતાન્તર ભાષા. આ મત આ સિદ્ધાંત કદાચ શ્રી ભાગવતજીના મૂળ મતથી કદાચ જુદોય પડે એમ થાય તો વિરોધાભાસ નથી પરંતુ અન્યનો મત સમજવો.

(૩) લૌકિક ભાષાઃ- શ્રીમદ્ ભાગવતજીમાં લોકમાં પ્રસિદ્ધ વિષય જયાં કહેવાયો તે લૌકિક ભાષા સમજવી.

ભગવદ્ સેવા કરવાથી પ્રભુ પ્રત્યે પ્રેમ જન્મે છે,
ભક્તિનું એ પહેલું પગથિયું છે.

પ્ર-૭૮ વેદમાં કહેલ યજ્ઞો કયારે ફલ આપનાર થાય છે ?

જ-૭૮ દેશ, કાલ, મંત્ર, દ્રવ્ય, કર્મ અને કર્તા એ છ શુદ્ધિની અપેક્ષા વેદને છે. તે છ શુદ્ધના હોય તો વેદમાં કહેલા યજ્ઞો ફલ આપનાર થતા નથી.

જયારે શ્રી ભાગવતજીમાં કહેલી ભક્તિ પ્રહ્લાદજી વિ.ના વાક્યથી સર્વાધિકારીકા છે. એથી પણ ભક્તિ પ્રતિપાદક શ્રી ભાગવત વેદથી શ્રેષ્ઠ છે. એમ શ્રી આચાર્યચરણ આજ્ઞા કરે છે.

પ્ર.૭૯ શ્રી ઠાકોરજીએ શ્રી વલ્લભને ગંગાસાગરના સંગમ ઉપર (પ્રયાગમાં) ભૂતલ પરથી તેમના લોકમાં આવવા આજ્ઞા કરી, ફરીથી મધુવનમાં એની એજ આજ્ઞા કરી તો પણ શ્રી વલ્લભે તે આજ્ઞા પાળી કેમ નહી ?

જ-૭૯ તે બહુ રહસ્યયુક્ત છે કે સૌપ્રથમ શ્રી મહાપ્રભુજીને શ્રી ઠાકોરજીએ શ્રીમદ્ ભાગવત ઉપર ‘સુબોધિનીજી નામની ટીકા, લખવા આજ્ઞા કરેલી તેઓ શ્રી સ્વામિનીજીનું વિપ્રયોગ સ્વરૂપ છે. તેથી પોતાના અલૌકિક ભક્તિ રસનું દાન કરવાને ભાગવતનો ગૂઢ અર્થ પ્રકટ કરી ભક્તિ રસ વહાવવા ભગવદ્ આવેશથી ગ્રંથ લખતા હતાં.

શ્રી વલ્લભ તો તેમની ‘સુબોધિનીજી’ ગ્રંથ લખવાની આજ્ઞાના આવેશવાળા ચિત્તયુક્ત હોઈ ત્યાર પછીની ઉપરોક્ત આજ્ઞા શ્રી ઠાકોરજીએ બે વખત કરી તો પણ માન્યું નહીં તેથી અપરાધ કર્યો નથી પરંતુ આપશ્રી પ્રથમ ભગવદ્આજ્ઞાનું જ પાલન કરતા હતા અને તેમાં તેટલા નિમન્ગ હતા કે પ્રભુની આજ્ઞાની સ્મૃતિ રહી નહિ. તેથી પ્રભુએ બે બે વખત આજ્ઞા કરવી પડી.

કોઈક લૌકિક આવેશ હોત અને તેમ કર્યું હોત તો જરૂર પ્રભુનો અપરાધ થતે. માટે બે બે વખત ભગવદ્આજ્ઞા સ્વીકારી નહિં અને ત્રીજી વખત આજ્ઞા કરી ત્યારે માની છે.

પ્ર-૮૦ શ્રીમદ્ ભાગવતજીમાં જુદી જુદી કથાઓ અને જુદાજુદા પ્રસંગો કહ્યા છે તે શું છે ? શ્રી વલ્લભે શી રીતે સમજાવેલા છે ?

જ-૮૦ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ શ્રીમદ્ ભાગવતજીના સાત સાત અર્થ કરી ભાગવત તત્વ સમજાવ્યું છે. તે મુજબ ભાગવતજીના પહેલા શબ્દથી શરૂ કરી છેક છેલ્લા શબ્દ સુધી બધી જ પરબ્રહ્મ પૂર્ણ પુરૂષોત્તમ શ્રી કૃષ્ણની જ લીલા છે. શ્રી કૃષ્ણલીલા ફક્ત દશમસ્કંધમાં જ છે એવું નથી આખું ભાગવત તે શ્રી કૃષ્ણલીલા જ છે તેવું જ્ઞાન થાય તો જ ભાગવતજી સંપૂર્ણ સમજાશે નહિં તો જુદી-જુદી કથાઓ કે પ્રસંગો જ છે તેવું જ્ઞાન ફક્ત ઉપર ઉપરથી શ્રવણ કરવાથી કે વાંચવાથી થશે.

પ્ર-૮૧ શ્રીમદ્ ભાગવતજીના ૧૨ સ્કંધો તથા ષોડશ ગ્રંથોની સંગતિ ધનિષ્ઠ સંબંધ દર્શાવીને શી રીતે બતાવેલ છે ?

જ-૮૧ શ્રી પૂ.ગો. શ્યામ મનોહરજી (બોમ્બે) એ ‘વૈષ્ણવ પરિવાર’ના અંકમાં પ્રસિદ્ધ થયેલ પોતાના લેખમાં શ્રીમદ્ ભાગવત તથા ષોડશગ્રંથોની સંગતિ તદ્સ્થાનીય તથા તન્મૂલક ધનિષ્ઠ સંબંધ દર્શાવીને બતાવી છે.

શ્રીમદ્ ભાગવતજીના બાર સ્કંધો શ્રીનાથજીબાવાનાં બાર શ્રી અંગો સમાન છે.

ભાગવત	વિષય	ષોડશ ગ્રંથ
પ્રથમ સ્કંધ	શ્રોતા-વક્તાનું સ્વરૂપ	પંચ પદ્યાનિ- જલભેદ
દ્વિતીય સ્કંધ	તત્વજ્ઞાન-હત્ પ્રસાદ-મનન.	શ્રી યમુનાષ્ટક.
તૃતીય સ્કંધ	બંધ સૃષ્ટિ-મુક્ત સૃષ્ટિ.	શ્રી પુષ્ટિ પ્રવાહ મર્યાદા
ચતુર્થ સ્કંધ	ધર્મ- અર્થ- કામ- મોક્ષ	બાલબોધ
પંચમ સ્કંધ	દેશકાલ રૂપ પ્રાકૃત પદાર્થ જય તથા આત્મજય	અંત :કરણ પ્રબોધ.
ષષ્ઠ સ્કંધ	નામ, ધ્યાન, અર્ચનાદિ દ્વારા અનુગ્રહની અભિવ્યક્તિ.	સિદ્ધાંત મુક્તાવલી ભક્તિવર્ધિની.
સપ્તમ સ્કંધ	કર્મ વાસના	વિવેક ધૈર્યાશ્રય્.
અષ્ટમ સ્કંધ	મન્વન્તરલીલા સધ્ધર્મ	ચતુ:શ્લોકી.
નવમ સ્કંધ	ભક્તિ (દુ:ખનિવારણ તથા સુખ પ્રાપણ)	નવરત્ન સિદ્ધાંત રહસ્ય.
દશમ સ્કંધ	પ્રપંચ નિવૃતિપૂર્વક દેહેન્દ્રિય બધાંનો ભગવાનમાં નિરોધ	નિરોધ લક્ષણ.
એકાદશ સ્કંધ	મોક્ષ સ્વરૂપ, અન્યથા સ્વરૂપ ત્યાગ તથા સ્વ સ્વરૂપસ્થિતિ.	સંન્યાસ નિર્ણય
દ્વાદશ સ્કંધ	આશ્રયલીલા રૂપ	કૃષ્ણાશ્રય
	ભગવદ્ ભાવાપત્તિ	સેવાફલ.

આ રીતે, દ્વાદશાંગ શ્રી ગોવર્ધનધરના નામાત્મક અંગ સ્વરૂપ શ્રીમદ્ ભાગવતજીના બાર સ્કંધો પુષ્ટિમાર્ગીય સંદર્ભમાં સમજવા હોય તો, ષોડશગ્રંથો વસ્તુતઃ ઘણા ઉપકારી છે.

પ્ર-૮૨ ષોડશ ગ્રંથો કયા કયા છે ? તેના દાન અને પાઠ દ્વારા કયા કયા વૈષ્ણવોએ સ્વજીવન ધન્ય બનાવ્યું છે ?

જ-૮૨ ચોર્યાશી વૈષ્ણવોની વાર્તા અને એની ઉપરના ભાવ પ્રકાશમાં સોળમાંથી લગભગ દસેક ગ્રંથો માટે આ ગ્રંથોનું પ્રથમદાન કોને કર્યું, એનું વર્ણન છે. તદુપરાંત, બીજા વૈષ્ણવોએ પણ આ ગ્રંથોમાંથી જે જીવનલાભ પ્રાપ્ત કર્યો હોય, એવા પ્રસંગોનું ચિત્રાણ ચોર્યાશી તથા બસો બાવન વાર્તાઓના ગ્રંથોમાં પણ આવે છે.

શ્રી હરિરાયજી ક્રમસંગતિ પ્રમાણે.

'બૃહત સ્તોત્ર સાગર'માં સોળ લઘુ ગ્રંથોને એકઠા પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે, આથી તે બધાનો મળી એક ગ્રંથ 'ષોડશ ગ્રંથ' નામે ઓળખાય છે.

	ષોડશ ગ્રંથ	**વૈષ્ણવનું નામ.**	**રચના કાળ**
૧	શ્રી યમુનાષ્ટક ગ્રંથ	પરમાનંદદાસ (૮૪ વૈ.વા.-૮૨) કિશોરીબાઈ (૨૫૨ વૈ.વા. ૨૦૯)	વિક્રમ સંવત ૧૫૪૮ મથુરા-ગોકુલ
૨	શ્રી બાલબોધ ગ્રંથ	નારાયણદાસ કાયસ્થ અંબાલાવાલા (૮૪ વૈ.વા. ૫૭)	૧૫૫૦ પુષ્કરરાજ
૩	સિદ્ધાંત મુક્તાવાલી ગ્રંથ	અચ્યુતદાસ સનાઢ્ય (૮૪ વૈ.વા.-૫૪)	૧૫૫૫ જતીપુરા મુકામે.
૪	પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાગ્રંથ		અડેલમાં
૫	સિદ્ધાંત રહસ્ય ગ્રંથ	દામોદરદાસ હરસાની(૮૪ વૈ.વા.૧) ગોપાલદાસ (૮૪ વૈ.વા.૭૯) ગોપાલદાસ પુષ્કરણા (૨૫૨ વૈ.વા.૪૯)	૧૫૪૯ શ્રીમદ્ ગોકુલમાં
૬	નવરત્ન ગ્રંથ	ગોવિંદ દુબે (૮૪ વૈ.વા.૩૪) મુરારિ આચાર્ય (૨૫૨ વૈ.વા. ૧૩૦)	૧૫૫૮ અડેલમાં
૭	અંતઃકરણ પ્રબોધ અંતિમકૃતિ	એક વિરક્ત વૈષ્ણવ (૨૫૨ વૈ.વા. ૧૬૨)	૧૫૮૭ વૈ.વ.૭
૮	વિવેક- ધૈર્યાશ્રય	વિઠ્ઠલદાસ કાયસ્થ(૨૫૨ વૈ.વા. ૬) એક વિરક્ત વૈષ્ણવ(૨૫૨ વૈ.વા.૧૬૨)	--
૯	કૃષ્ણાશ્રય ગ્રંથ.	બુલામિશ્ર (૮૪ વૈ.વા. ૪૬)	૧૫૭૦ અંડેલમાં
૧૦	ચતુઃશ્લોકી	રાણાવ્યાસ (૮૪ વૈ.વા. ૩૨) ભગવાનદાસ સાચોરા (૮૪ વૈ.વા. ૫૩)	૧૫૮૦-૮૨
૧૧	ભક્તિ વર્ધિની	પુરુષોત્તમદાસ જોશી (૮૪ વૈ.વા. ૩૦)	૧૫૫૨ પ્રયાગ
૧૨	જલભેદ	--	--
૧૩	પંચપદ્યાનિ		-- --
૧૪	સંન્યાસ-નિર્ણય	નરહરિ સંન્યાસી (૮૪ વૈ.વા. ૭૨) એક વિરક્ત (૨૫૨ વૈ.વા.૬૮)	૧૫૫૧
૧૫	નિરોધ લક્ષણ	રાજાદુબે અને માધો દુબે (૮૪ વૈ.વા. ૩૫)	૧૫૬૬
૧૬	સેવાફલ તથા સેવાફલ વિવરણ	વિષ્ણુદાસ છીપા (૮૪ વૈ.વા.૫૦)	૧૫૮૨

ષોડશ ગ્રંથોના નામ યાદ રાખવા માટે આ એક જ શ્લોક યાદ રાખો : યમુના બાલ મુક્તાશ્ચ પુષ્ટિ સિદ્ધાંત રત્નમ અ વિવેક કૃષ્ણ ચતુર્ભક્તિ જ ૫ સન્યા નિ સેવના.

ઉપરાંત શ્રી સર્વોત્તમ સ્તોત્ર તારાચંદભાઈ (૨૫૨ વૈ.વા. -૧૧૭)શ્રી વલ્લભાષ્ટક, ધર્મજ્ઞ બ્રાહ્મણ (૨૫૨ વૈ.વા.-૧૭૪) ભક્તિહંસ તથા ભક્તિહેતુ નિર્ણય- મુરારિ આચાર્ય (૨૫૨ વૈ.વા.-૧૩૦) શ્રીમતી ટીપ્પણીજી કૃષ્ણભટ્ટ (૨૫૨ વૈ.વા.-૨) યમુનાષ્ટપદી, સનાઢય બ્રાહ્મણ મથુરાના (૨૫૨ વૈ.વા.૨૮) વગેરેને શ્રી ગુંસાઈજીની કૃપાથી ગ્રંથો ફલીભુત થયા હતા.

પ્ર-૮૩ ષોડશ ગ્રંથો શું છે ?

જ-૮૩ વૈષ્ણવજગત માટે ષોડશગ્રંથો વેદવાણી છે. સોળે કળાએ ખીલેલો ચંદ્ર અંધારી રાતને અજવાળે તેમ દ્વેષ, કલેશ, ઉદ્વેગ, અહંકાર, વિકાર જેવા દોષોથી ભરેલા કાળા હૈયાને ષોડશગ્રંથો અજવાળે છે.

ષોડશગ્રંથો પુષ્ટિમાર્ગની ગીતા છે. ભ્રમર જેમ ફુલનો પરાગ એકત્ર કરી મધ બનાવે, તેમ શ્રી વલ્લભે શાસ્ત્રોનો સાર-સંચય કરીને ષોડશ ગ્રંથો પ્રકટ કર્યા છે. વૈદ્ય ઓષધિની સાથે મધ આપે છે, તેમ પુષ્ટિજીવો માટે 'સેવાધર્મ' રૂપી ઔષધિ સાથે ષોડશ ગ્રંથો અનુપાન જેવા છે. માટે જ ષોડશગ્રંથોને પુષ્ટિમાર્ગના ઉપનિષદો પણ કહી શકાય તેમાં પુષ્ટિમાર્ગના સર્વ સિદ્ધાંતોનો નિચોડ છે.

આ ગ્રંથો એક જ કાળમાં નથી લખાયા કે એક વ્યક્તિ માટે પણ નથી લખાયા. વિ.સ. ૧૫૪૯થી લઈને વિ.સ.૧૫૮૭ સુધીના સમયગાળામાં લખાયેલા આ ગ્રંથો શ્રી વલ્લભે પોતાના પ્રથમ પ્રવાસથી આરંભી, સંન્યાસગ્રહણ કર્યો ત્યાં સુધીમાં લખ્યા છે. એમાં આરંભનો ગ્રંથ 'શ્રીયમુનાષ્ટક' લાગે છે અને આપના સોળ ગ્રંથોની માળામાં 'અંતઃ કરણ પ્રબોધ' ગ્રંથ સૌથી છેલ્લો હોય એમ જણાય છે.

અત્યારે જે સ્વરૂપમાં સોળ ગ્રંથોનો ક્રમ મળે છે તે પ્રમાણે પહેલાં નહીં હોય. શ્રી હરિરાયજી-શ્રી પુરૂષોત્તમજી તથા શ્રી દ્વારકેશજી આ ત્રણ મહાનુભાવોએ ષોડશગ્રંથની ક્રમસંગતિ ઉપર વિચાર કર્યો છે. તેમાં શ્રી હરિરાયજીનો ક્રમ આજે સર્વમાન્ય હોય એમ જણાય છે.

આ ષોડશગ્રંથોમાં શ્રી વલ્લભે નિર્ગુણ ભક્તિમાર્ગનો ઉપદેશ કર્યો છે. ક્યાંક ઉપદેશાત્મક તો ક્યાંક આદેશાત્મક શૈલીમાં બધે નિરૂપણ થયું છે. આ ગ્રંથો કહેતી વખતે શ્રી વલ્લભની નજર સમક્ષ કેવળ પોતાના પ્યારા વૈષ્ણવજનો હતા.

જેમ સાસરે જતી કન્યાને એની 'મા' શિખામણ અને આદેશ આપે, એવી લાગણી સાથે સંસારમાં પડેલા નિજજીવોનો ઉદ્ધાર કરવા માટેની આપશ્રીની અખૂટ ભાવનાનું દર્શન આ ગ્રંથોમાં થાય છે.

માટે જ શિક્ષાપત્રમાં શ્રી હરિરાયજીની આજ્ઞા છે કે માર્ગ નિષ્ઠા માટે શ્રી મહાપ્રભુજીના ગ્રંથોનો અભ્યાસ અતિ આવશ્યક છે.

ભાગવત-રસામૃત-સાગરનું મંથન કરીને શ્રી મહાપ્રભુજીએ સોળ કલા-નિધિ ચંદ્રને પ્રકટ કર્યો. તેનું નામ "ષોડશગ્રંથ."

શ્રી યમુનાજી નિજ ભક્તોને તનુ નવત્વ એટલે કે નવો દેહ આપે છે,
અને શ્રીજીની સેવા માટે ઉપયોગી બનાવે છે.

આ સોળ નાના-નાના ગ્રંથો શ્રી મહાપ્રભુજીએ પોતાના અંતરંગ સેવકોને, પોતાના તરફથી અંગત વિશ્વાસ અને આશ્વાસન આપવા માટે રચ્યા છે.

શ્રી મહાપ્રભુજીના આ ગ્રંથો શ્રી મહાપ્રભુજીરૂપ છે અને આપશ્રીની તિરોહિત સ્થિતિમાં આપશ્રી જેટલી જ કૃપા તેના પાઠ કરનાર પર ઉતરે છે.

પ્ર-૮૪ ષોડશ ગ્રંથની ટીકાઓ કોને કોને લખી છે ?

જ-૮૪ શ્રી ગુંસાઈજીથી લઈને આજ સુધી ષોડશ ગ્રંથો ઉપર ટીકાઓ લખવાનો ક્રમ ચાલુ રહ્યો છે. શ્રી ગુંસાઈજીએ ત્રણ ગ્રંથો ઉપર ટીકાઓ લખી છે. (૧) શ્રી યમુનાષ્ટક (૨) સિદ્ધાંત-મુક્તાવલી (૩) નવરત્ન.

જ્યાં શ્રી ગુંસાઈજીની ટીકા ઉપલબ્ધ હોય, ત્યાં બીજા બાળકોએ સ્વતંત્ર ટીકાઓ ન લખતાં, શ્રી ગુંસાઈજીની ટીકા ઉપર પ્રટીકા લખી છે. સાત લાલજીમાંથી શ્રી બાલકૃષ્ણલાલજી, શ્રી ગોકુલનાથજી તથા શ્રી રઘુનાથજી એ ત્રણ બાળકોની જ ટીકા ઉપલબ્ધ થાય છે.

શ્રી બાલકૃષ્ણજીએ કેવળ ભક્તિવર્ધિની ગ્રંથ ઉપર જ ટીકા લખી છે. શ્રી ગોકુલનાથજીએ સિદ્ધાંત મુક્તાવલી, પુષ્ટિપ્રવાહ મર્યાદા, સિદ્ધાંત રહસ્ય, અંતઃકરણ પ્રબોધ તથા સન્યાસ નિર્ણય આ છ ગ્રંથો ઉપર ટીકાઓ લખી છે.

શ્રી રઘુનાથજીએ પુષ્ટિપ્રવાહ મર્યાદા, સિદ્ધાંત રહસ્ય, અંતઃકરણ પ્રબોધ, વિવેક ધૈર્યાશ્રય, કૃષ્ણાશ્રય, ભક્તિવર્ધિની તથા સંન્યાસનિર્ણય આમ સાત્ ગ્રંથો ઉપર ટીકાઓ લખી છે.

ભક્તિવર્ધિની ગ્રંથ ઉપર ઉક્ત ત્રણેય ભ્રાતાઓની ટીકા લખાયેલી છે. શ્રી બાલકૃષ્ણલાલજી અને શ્રી રઘુનાથજીની વિચારસરણી સંપૂર્ણ પ્રમાણમાર્ગના પડદાવાળી છે. શ્રી ગોકુલનાથજીની વિચારસરણી સંપૂર્ણ છલોછલ રસમાર્ગના ભાવથી ભરેલી છે.

શ્રી હરિરાયજીની સાતેક ગ્રંથો ઉપર ટીકા છે, જ્યારે શ્રી પુરૂષોત્તમજીએ તો લગભગ બધા જ ગ્રંથો ઉપર ટીકાઓ લખી છે. કેટલેક ઠેકાણે પોતાનું સીધું નામ ન લખતાં બીજા નામે પણ લખી છે.

આચાર્યવંશજો સિવાય લાલુભટ્ટજી જેવા લાલાજીઓએ પણ ટીકાઓ લખી છે.

આ ટીકાઓ લખવાનું કાર્ય આજ સુધી ચાલુ જ છે. આમ શ્રી મહાપ્રભુજીની વાણીને સુબોધ બનાવવામાં આ ટીકાઓનો ખૂબ મોટો ફાળો છે.

પ્ર-૮૫ ગ્રંથ-૧ શ્રી યમુનાષ્ટકમ્ ગ્રંથનો પરિચય શું છે ?

જ-૮૫ ગ્રંથ-૧, છંદ પૃથ્વી

શ્રી યમુનાષ્ટક ષોડશગ્રંથનું મંગલાચરણ છે. ષોડશગ્રંથોમાં યમુનાષ્ટકને પ્રથમ સ્થાન આપ્યું છે. કારણ શ્રી યમુનાજીનો સ્વભાવ છે જીવોના દોષો દૂર કરવાનો અને ભગવાનમાં પ્રેમ વધારવાનો. શ્રી યમુનાષ્ટકના પાઠથી આ ફળ મળે છે.

જીવને અધિકારી બનાવવાનું પણ સામર્થ્ય શ્રી યમુનાજીમાં છે. જીવને ભગવદ્ભક્તિનો

યમુનાષ્ટપદી ગ્રંથમાં શ્રી ગુંસાઈજી મહારાજે ભગવદ્પ્રાપ્તીમાં અંતરાય દુર કરી કૃષ્ણભક્તિરૂપી ધન આપવા શ્રી યમુનાજીને વિનંતી કરી છે.

શ્રી યમુનાજી



અધિકાર આપે છે. જેમ ઘરમાં આવતી વહુને એની સાસુ ઘરનો અધિકાર આપે છે. એમ સેવાના માર્ગે વળતા જીવને શ્રી યમુનાજી સેવાનો અધિકાર આપે છે.

પ્રભુ પ્રાપ્તિ માટે સાંસારિક વિષયોમાં આસક્ત જીવોનો સ્વભાવ શ્રી યમુનાજીની કૃપાથી બદલાય છે. ભક્તના જીવનમાં પ્રથમ ભૂમિકા સ્વભાવ વિજય હોવાથી તે પ્રાપ્ત કરાવનાર 'યમુનાષ્ટક'નો ગ્રંથ પહેલો આવે છે.

શ્રી મહાપ્રભુજી પ્રથમ પૃથ્વી પરિક્રમા કરતાં કરતાં સંવત ૧૫૪૮માં તેર વર્ષની ઉંમરે મથુરા પધાર્યા અને વિશ્રામઘાટ ઉપર મુકામ કર્યો ત્યારે પૃથ્વી છંદમાં રચેલ શ્રી યમુનાષ્ટકમ્ સ્તોત્ર દ્વારા શ્રી યમુનાજીના દિવ્ય સ્વરૂપની સ્તુતી કરી છે.

શ્રી યમુનાષ્ટકની શરૂઆત 'નમામિ' શબ્દથી થાય છે. ભક્તિમાર્ગમાં પ્રવેશ કરવાની ડોકાબારી એટલે નમન. આપણને નમન કરતાં આવડે એટલે ભક્તિમાર્ગમાં પ્રવેશ થાય.

આ સ્તોત્રના પહેલા આઠ શ્લોકમાં શ્રી યમુનાજીનાં આઠ ઐશ્વર્યનું તેમના અલૌકિક અદ્ભુત સ્વરૂપનું અને તેમના દિવ્ય ધર્મોનું વર્ણન કર્યું છે.

આધિદૈવિક સૂર્યના પુત્રી શ્રી યમુનાજી ભક્તો ઉપર કૃપા કરવા ગોલોકધામમાંથી કલિંદ પર્વત દ્વારા ભૂતળ ઉપર પધાર્યા છે. તેમનું આધિભૌતિક જળ સ્વરૂપ પણ અત્યંત શોભાયમાન છે. દુષ્ટ સ્વભાવવાળાં જીવોનો ભગવત્ સંબંધ શ્રી યમુનાજી જ કરાવી આપે છે. તેવાં આપ અત્યંત દયાળું છે.

શ્રી યમુનાજી પોતાના ભક્તોને અષ્ટ સિદ્ધિ અને અષ્ટ ઐશ્વર્યોનું દાન કરે છે. તરસ છીપાવવા માટે પણ તેમના જલનું પાન કરનાર યમયાતનામાંથી છૂટતો હોય તો આપનું માહાત્મ્ય જ્ઞાન જાણીને પ્રેમભક્તિપૂર્વક આપનું પયપાન કરનાર ભક્તને પુષ્ટિમાર્ગનું ઉત્તમોત્તમ ફળ શ્રી યમુનાજી આપે તેમાં આશ્ચર્ય શું ?

શ્રી વલ્લભનાં શ્રી અંગની ભાવનામાં યમુનાષ્ટક જમણું અંગ છે. એક કિવદન્તી અનુસાર શ્રી યમુનાષ્ટક વિ.સ.૧૫૪૯માં શ્રાવણ સુદ- ૩ ના દિવસે શ્રીમદ્ ગોકુલમાં રચવામાં આવ્યું હતું. શ્રી વલ્લભ મહાવનમાં યમુનાતટ ઉપર ગોકુલ ગામની શોધમાં પરિભ્રમણ કરી રહ્યા હતા ત્યારે શ્રી યમુનાએ પ્રકટ થઈ વર્તમાન ગોકુલનું સ્થળ બતાવ્યું હતું. ત્યારે શ્રી યમુનાનાં પુષ્ટિમાર્ગીય માહાત્મ્ય અથવા મહત્વનું ગાન તેમના મુખેથી અનાયાસ નીકળવા લાગ્યું હતું.

શ્રી ગુસાંઈજીનાં ૨૫૨ વૈષ્ણવ પૈકીના કિશોરીબાઈ આ ગ્રંથની નીચેની પંક્તિનો શ્રદ્ધાપૂર્વક અહર્નિશ પાઠ કરતાં હતાં.

'વિશુધ્ધ મથુરાતટે, સકલ ગોપ ગોપીવૃતે
કૃપાજલધિ સંશ્રિતે, મમ મનઃ સુખં **ભાવય:**

તેમને શ્રી યમુનાજીએ સ્વંય પધારી અલૌકિક ફળનું દાન કર્યાનો પ્રસંગ આપણી સમક્ષ મોજુદ

છે. આવા શ્રી યમુનાષ્ટક સ્તોત્રના અર્થના અનુસંધાન પૂર્વક હંમેશ પાઠ કરવાથી મળનારાં અલૌકિક ફળો શ્રી મહાપ્રભુજીએ નવમા છેલ્લા શ્લોકમાં બતાવ્યા છે.

પ્ર-૮૬ ગ્રંથ-૨ બાલબોધ ગ્રંથનો પરિચય અથવા ટૂંકોસાર ?

જ-૮૬ ગ્રંથ-૨, છંદ-અનુષ્ટુપ

અંબાલા ગામના નારાયણદાસ કાયસ્થ થઈ ગયા. તેઓ શ્રીમહાંપ્રભુજીના શરણે આવ્યા. થોડો સમય શ્રી મહાપ્રભુજીની પાસે રહ્યા પછી આપશ્રીએ તેમને તેમના ઘેર જવા આજ્ઞા કરી ત્યારે તેમણે કહ્યું : "મહારાજ, આટલા દિવસ આપશ્રીની પાસે રહ્યો પણ મારા અંતઃકરણમાં કંઈ બોધ ન થયો."

ત્યારે શ્રી વલ્લભે તેમને પોતાનું ચરણામૃત આપ્યું અને "બાલબોધ" ગ્રંથ દ્વારકામાં ભણાવ્યો આ ગ્રંથમાં મોક્ષ શાસ્ત્રોનું નિરૂપણ છે. શ્રી વલ્લભના શ્રી અંગની ભાવનામાં આ ગ્રંથ મુખારવિંદ સ્વરૂપ છે.

આ ગ્રંથમાં ધર્મશાસ્ત્રો વિષે જાણવા ઈચ્છનારાંઓને ખૂબજ સંક્ષિપ્તમાં તેના સર્વ સિદ્ધાંતોનો સાર કહેલો છે. આમાં મનુષ્યોના ચાર પુરૂષાર્થો વિષે વિગતે નિરૂપણ કરવામાં આવ્યું છે.

આ પુરૂષાર્થો ઈશ્વર વિચારીત અને જીવ વિચારિત એમ બે પ્રકારનાં છે. ઈશ્વર વિચારિત પુરૂષાર્થોનું વર્ણન વેદમાં છે તેથી સારી રીતે સમજી શકાય છે. જીવ વિચારીત પુરૂષાર્થોનું વર્ણન ઋષિમુનિઓએ સ્મૃતિ શાસ્ત્રોમાં કર્યુ છે.

આ પુરૂષાર્થો પૈકી ધર્મ, અર્થ, અને કામનું નિરૂપણ મનુસ્મૃતિ, ગૃહ્ય સૂત્ર, બ્રુહસ્પતિ નીતિ, વાત્સ્યાયન કામસૂત્રાદિમાં છે. તેથી અહિં કર્યું નથી.

આ ગ્રંથમાં જીવ વિચારિત ચતુર્થ પુરૂષાર્થ મોક્ષ, તેના પ્રકારો, તેનું વર્ણન કરનારા શાસ્ત્રો, વગેરેનું વર્ણન છે. આ ગ્રંથનો સાર નીચે મુજબ લઈ શકાય છે.

આ સંસારમાં રહેતા રહેતા પણ ભગવત્સેવા અથવા ભગવત્કથા દ્વારા ભજનાનન્દની પ્રાપ્તિ જ પુષ્ટિજીવ માટે મોક્ષ છે.

આ ગ્રંથમાં સર્વ સિદ્ધાંતોનું સંગ્રહરૂપથી નિરૂપણ છે. કિન્તુ સ્વસિદ્ધાંતોનું નહીં. અન્યોન્ય સિદ્ધાંતોના સાધન એવમ ફલોનું એક વાર બરાબર જ્ઞાન થઈ જાય પછી પુષ્ટિજીવને અન્યમાર્ગ પર ભટકવાનો ભય નથી રહેતો.

(૧) ઋષિઓએ કરેલી શાસ્ત્રી (સ્મૃતિ વગેરે) કરતાં વેદશાસ્ત્રી વધારે બલવત છે.

(૨) આ ગ્રંથ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે જેને ધર્મને રસ્તે ચાલવાનું છે તે દરેકને અનન્ય વ્રતની જરૂર છે.

(૩) અનન્યવ્રતથી બીજા દેવની નિંદા થતી નથી. પણ પોતાના ઈષ્ટમાં બીજાનો અંતર્ભાવ આવી જાય છે. માટે ફક્ત જુદા પૂજનનો અનાદર છે.

(૪) પુષ્ટિમાર્ગને અનુસરનારની ઈચ્છા અક્ષર બ્રહ્મથી પર પુરૂષોત્તમ પ્રાપ્તિ માટે છે. તેમને લૌકિક ભોગ તો તદ્દન ત્યાજય છે.

(૫) આ ગ્રંથમાં પુષ્ટિમાર્ગીય માટે કશું કહેવામાં આવતું નથી. પણ જેનું મન અનેક દેવ, દેવીઓ અને ભૂતપ્રેત, દોરાધાગામાં લાગેલું હોય તેની પ્રવૃત્તિ નિયમિત (સ્થાયી) કરવા માટે આ ગ્રંથમાં કહેવામાં આવ્યું છે.

પ્ર-૮૭ ગ્રંથ-૩ સિદ્ધાંત મુક્તાવલી ગ્રંથનો પરિચય તથા ટૂંકસાર આપો.

જ-૮૭ કૃષ્ણ સેવા જ પુષ્ટિજીવોનું પ્રથમ કર્તવ્ય છે એવું નિરૂપણ છે. શ્રી વલ્લભનાં શ્રી અંગની ભાવનામાં આ ગ્રંથ આપશ્રીનું હૃદય છે. કહેવાય છે કે આ ગ્રંથ શ્રી મહાપ્રભુજીએ અચ્યુતદાસ માટે વિ.સ. ૧૫૫૫માં જતીપુરામાં કરેલો. અચ્યુતદાસ નામના એક વૈષ્ણવ. તેઓ જાતે સનોઢિયા બ્રાહ્મણ મથુરાના વતની. તેઓ શ્રી મહાપ્રભુજીના સેવક થયા. શ્રી મહાપ્રભુજીએ તેમના ઉપર કૃપા કરી પોતાનું ચરણોદક આપ્યું અને "સિદ્ધાંત મુક્તાવલી" ગ્રંથ કરીને તેમને શીખવ્યો. આથી બધી લીલા અને માર્ગનો સિદ્ધાંત એમને હૃદયારૂઢ થયા તેથી તેઓ માનસી સેવામાં મગ્ન થયા.

આ ગ્રંથમાં સ્વમાર્ગીય સેવાના સિદ્ધાંતો રૂપી મોતી ગૂંથી સુંદર માળા બનાવી છે. તેથી તેને સિદ્ધાંત મુક્તાવલિ એવું નામ આપવામાં આવ્યું છે. માનસી સેવાના સાધનરૂપ તનુવિત્તથી સેવા બતાવી છે, આ ગ્રંથમાં ભગવદ્‌સેવાનો સ્વમાર્ગનો પાયાનો સિદ્ધાંત સમજાવ્યો છે.

પરબ્રહ્મ શ્રીકૃષ્ણના ત્રણ સ્વરૂપો બતાવ્યા છે.

(૧) આધિદૈવિક સ્વરૂપ- ભગવાન પોતે

(૨) આધ્યાત્મિક સ્વરૂપ -અક્ષરબ્રહ્મ

(૩) આધિભૌતિક સ્વરૂપ -જગત

આમાં ભક્તોની પાંચ કક્ષાઓ બતાવી છે.

(૧) ઉત્તમકક્ષા પ્રભુકૃપાથી અહંતા -મમતા નાશ પામતા અવિદ્યા દૂર થાય. જીવ અને જગતને ભગવદ્‌અંશ જાણી અનન્ય મનથી શ્રીકૃષ્ણને ભજે.

(૨) અક્ષરબ્રહ્મ પ્રભુને બિરાજવાનું ધામ છે એવું જ્ઞાન મેળવવા પ્રયત્ન કરે તે મધ્યમ કક્ષા.

(૩) અહંતા-મમતા ન છૂટવાથી સેવામાં પ્રતિબંધ આવવાથી દુઃખ થાય છતાં પ્રભુચિતંન કરે તે હીનકક્ષા.

(૪) લૌકિક ઈચ્છા રહેવાથી સેવાના ફળમાં વિલંબ થાય. ભગવત્સ્વરૂપનું જ્ઞાન ન હોય, તેમણે ભગવદ્ સ્થાનમાં રહી સેવા સ્મરણ કરવું તે ચોથી કક્ષા.

(૫) પ્રભુ સમીપ રહેવા છતાં સેવાની ઈચ્છા ન થાય તે આરૂઢપતિત કહેવાય. તે પાંચમી કક્ષા. ભગવદ્‌ભક્તિની સર્વ શ્રેષ્ઠતા બતાવી છે.

અચ્યુતદાસે હઠ કરીને અપવાદરૂપથી જે અધિકાર પ્રાપ્ત કરી લીધો હતો તેમાં કોઈ ખોટો અર્થ ન કરી લે તેથી શ્રી મહાપ્રભુ પોતાની સૈદ્ધાંતિક સ્થિતિ આ ગ્રંથમાં સ્પષ્ટ કરતા પ્રતીત થાય

ભગવાને પોતાના મન દ્વારા પ્રવાહી સૃષ્ટિ ઉત્પન્ન કરી, તે આસુરી સૃષ્ટિ છે, પછી પોતાની વેદરૂપી વાણીમાંથી મર્યાદા સૃષ્ટિ ઉત્પન્ન કરી. તે વેદમાર્ગમાં પ્રીતિવાળી થઈ, છેવટે, પોતાના આનંદમાંથી જે સૃષ્ટિ ઉત્પન્ન કરી તે પુષ્ટિ સૃષ્ટિ કહેવાય છે.

છે. શ્રી ભાગવત શાસ્ત્રનું ગુપ્ત રહસ્ય શ્રી વલ્લભે કેવળ અચ્યુતદાસ માટે પ્રકટ કર્યું છે, પણ બધા પુષ્ટિજીવોને તેમના કર્તવ્યના ઉપદેશના રૂપમાં દર્શાવી દીધું છે.

ટૂંકસાર,

(૧) શ્રીકૃષ્ણની સેવા જ સદા કરવી.

(૨) મન પરોવી સેવા થાય તે ઉત્તમ છે. અથવા મન સેવા પરાયણ જ રહે તે ઉત્તમ છે.

(૩) જગતના નિયામકદેવ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ સ્વતંત્ર નથી. માટે બ્રહ્મવાદીઓએ શ્રી પૂર્ણ પુરુષોત્તમ શ્રી કૃષ્ણમાં જ બુદ્ધિ રાખવી.

(૪) જીવ અક્ષરબ્રહ્મ નો અંશ છે, છતાં અવિદ્યાને લીધે પોતાનું સ્વરૂપ જાણતો નથી.

(૫) સેવા સાથે શ્રવણાદિક હોય તો અવિદ્યાથી વહેલો મુક્ત થાય છે. શ્રવણ વગર સેવામાં જ આગ્રહી હોય તો પ્રભુનું જ્ઞાન તો થાય છે પણ અવિદ્યા દૂર થતાં વધારે વાર લાગે છે.

(૬) જ્ઞાનમાં અભાવ હોય તો મર્યાદાભક્તોએ ગંગાજી વિગેરે પવિત્ર સ્થાનમાં રહી ભગવાનમાં ચિત્ત રાખી રહેવું પણ પુષ્ટિભક્તોએ તો અજ્ઞાન હોય તો પણ ભગવાનની કથામાં ચિત્ત રાખીને પ્રભુની સેવા જ કરવી. તેમને અમુક જગાએ રહેવાનું આવશ્યકપણું નથી.

(૭) ઉત્તમસ્થાનમાં રહ્યા છતાં જો ભગવદ્ભજન ન કરે તો પોતાના દુષ્કર્મ વડે ચાલુ સ્થિતિથી પણ નીચે પડે છે. માટે ઉત્તમ સ્થાનમાં રહેવાનું પ્રધાનપણું નથી પણ ભગવદ્ભજનનું જ પ્રધાનપણું છે.

પ્ર-૮૮ ગ્રંથ-૪ પુષ્ટિ, પ્રવાહ, મર્યાદાભેદ : ગ્રંથનો પરિચય તથા ટૂંકસાર આપો.

ગ્રંથ-૪, છંદ -અનુષ્ટુપ.

જ-૮૮ ભગવાને પોતાના આનંદ ખાતર આ જગતની રચના કરી. તેમાં સત્ અને ચિત્ એવા પોતાના બે અંશોવાળા જીવો પણ ઉત્પન્ન કર્યા. પરંતુ જીવો સ્વભાવથી દોષવાળા છે તેથી તેમના સ્વરૂપ, દેહ, ક્રિયા ફળથી તેઓમાં તફાવત જોવા મળે છે. બધા જીવો એકસરખા નથી. આ જીવોના ત્રણ મુખ્ય પ્રકાર છે.- (૧) પુષ્ટિ (૨) પ્રવાહી (૩) મર્યાદા. તે તે પ્રકારના જીવો જેવી રીતે પોતાનું જીવન જીવે છે તે પરથી ત્રણ માર્ગો કહ્યા -(૧) પુષ્ટિમાર્ગ (૨) મર્યાદામાર્ગ (૩) પ્રવાહીમાર્ગ. જીવોના આ ત્રણભેદ સમજાવવા માટે જ આ ગ્રંથ રચ્યો છે.

દરેક પ્રકારના જીવના પણ ત્રણ ત્રણ પેટા પ્રકારો જોવા મળે છે. આ બધા જીવોની ઉત્પતિ, તેમનું સ્વરૂપ તેમનાં લક્ષણો તેમનાં કાર્ય અને તેમને પ્રાપ્ત થતું ફળ. આ ગ્રંથમાં અનેક શાસ્ત્ર પ્રમાણો દ્વારા શ્રી મહાપ્રભુજી ખૂબ સચોટ રીતે સમજાવે છે. આપશ્રીના શ્રી અંગની ભાવનામાં આ ગ્રંથ દક્ષિણભુજા સ્વરૂપે છે.

શ્રીમદ્ ભાગવતજીની કથા સદા સર્વદા સાંભળવી જોઈએ કારણ કે તેના શ્રવણ માત્રથી પ્રભુ મનમાં નિવાસ કરે છે.



જીવોના બે ભેદ

- દૈવીજીવો
  - શાંત મોક્ષના અધિકારી
    - પુષ્ટિ
      - પ્રભુમાં આસક્ત
        - પ્રભુના શ્રી અંગમાંથી
          - પ્રભુ પ્રાપ્તિનું ફળ મળે છે.
            - શુદ્ધપુષ્ટિ કોઈપણ યોનિમાં ફક્ત પ્રભુ આજ્ઞાથી લીલા ઉપયોગી કાર્ય કરી પાછા પ્રભુ સમીપ સેવામા પહોચી જાય છે. ભગવાન પ્રત્યે તેમનો પ્રેમ સહજ, ઉત્કૃષ્ટ, શુદ્ધ નિષ્કામ હોય છે, પ્રયોજન વગરનો હોય છે.
            - મિશ્રપુષ્ટિ અપરાધથી પ્રભુએ કૃપાથી દંડ કરવાથી ભૂલોકમાં આવે છે.
              - પુષ્ટિમિશ્રપુષ્ટિ પ્રભુના સ્વરૂપ ગુણ, લીલા દંડને જાણનારા હોય છે. કર્તવ્યને પણ જાણતા હોય છે.
              - મર્યાદાપુષ્ટિ ભગવાનના ગુણનેજ જાણે છે.
              - પ્રવા મિશ્રપુષ્ટિ સ્નેહની કમી ભગવદ્ગુણનું અજ્ઞાન લૌકિક આસક્તિ આરતિ થતાં ભગવદ્ સ્નેહ અને ગુણમાં ક્રમે ક્રમે આગળ વધે છે.
    - મર્યાદા
      - વેદાજ્ઞામાં આસક્ત
        - પ્રભુની વાણીથી
          - જ્ઞાનરૂપ વેદોક્ત ફલ મળે છે.
- આસુરીજીવો
  - પ્રવાહી
    - લૌકિક પ્રવાહમાંજ આસક્ત
      - પ્રભુની ઈચ્છાથી
        - લૌકિક ફળ મળે છે.
          - સહજ આસુર
            - લૌકિક સુખ દુઃખ માંજ આસક્ત રહી ભટક્યા કરે છે.
          - અજ્ઞ આસુર
            - દૈવી છે. ભક્તિમાર્ગને અનુસરી દંડ ભોગવી ક્રમે ક્રમે કૃતાર્થ થાય છે.

કેટલાક વિદ્વાનોની ધારણા છે કે દૈવી જીવોના અવાન્તર ભેદ-પુષ્ટિજીવ અને મર્યાદાજીવના જુદાજુદા હોવાના સિદ્ધાંત શ્રી મહાપ્રભુજીએ પોતાની ઉમ્મરના ઉતરાર્ધમાં સ્થાપિત કર્યો હતો. તેથી જ આ ગ્રંથનો રચનાકાલ શ્રી મહાપ્રભુના અડેલમાં સ્થિત નિવાસના સમયની આસપાસ નિર્ધારિત કરવામાં આવે છે.

જે તમને તમારી ભૂલ બતાવે તેને ગુરૂભાવે પ્રણામ કરજો.

પ્ર-૮૯ ગ્રંથ-૫ સિદ્ધાંત રહસ્ય ગ્રંથનો પરિચય આપો.

જ-૮૯ ગ્રંથ-૫, છંદ- અનુષ્ટુપ્

શ્રી મહાપ્રભુજી પહેલી પૃથ્વી પરિક્રમા કરતાં સં ૧૫૪૯ના શ્રાવણ માસમાં શ્રીમદ્ ગોકુલમાં પધાર્યા હતાં અને આપશ્રીએ શ્રી યમુનાજીના તટ ઉપર ગોવિંદઘાટ ઉપર મુકામ કર્યો હતો. ત્યારે શ્રાવણ સુદ અગિયારસની રાત્રિએ પોઢતાં પોઢતાં આપશ્રીને વિચાર આવ્યો કે :"દૈવી જીવોના ઉદ્ધાર કરવાની મને ભગવદ્ આજ્ઞા થઈ છે પરંતુ આ બધા જીવો તો અનેક પ્રકારના દોષથી ભરેલા અને સ્વભાવથી જ દોષ બુદ્ધિવાળા છે, જયારે પૂર્ણ પુરૂષોત્તમ પ્રભુ તો નિર્દોષ છે. તેથી આવા જીવોનો સંબંધ પ્રભુ સાથે કેવી રીતે કરાવવો ?

ત્યારે ત્યાં મધ્યરાત્રિએ શ્રી ઠકુરાણી ઘાટ ઉપર સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ પ્રભુ શ્રી ગોકુલચંદ્રમાજી સ્વરૂપે પધાર્યા અને શ્રી મહાપ્રભુજીને આજ્ઞા કરી કે : "તમે ચિંતા કરશો નહિં. હું તમને બ્રહ્મસંબંધનો મંત્ર આપું છું. તે તમે જીવને આપી, તેનો બ્રહ્મ સાથે સંબંધ (અર્થાત્ બ્રહ્મસંબંધ) કરાવશો. તે જીવ નિર્દોષ થશે અને હું તેનો અવશ્ય અંગીકાર કરીશ. તે જીવનો કદાપિ ત્યાગ નહિ કરું " પ્રભુના આ વચનો સાંભળી શ્રી મહાપ્રભુજી અત્યંત પ્રસન્ન થયા.

આપશ્રીએ પવિત્રા એકાદશી નિમિત્તે સિદ્ધ કરેલ સુતરના ૩૬૦ તારનું કેસરમાં રંગેલું પવિત્રું શ્રી ગોકુલચંદ્રમાજીને ધરાવી મીશ્રીનો ભોગ ધર્યો. અને "મધુરાષ્ટક" સ્તોત્ર દ્વારા આપશ્રીની સ્તુતિ કરી. પછી પ્રભુ અંતધ્યાર્ન થઈ ગયા ત્યારે, પોતાની નજીક સૂતેલા દામોદરદાસ હરસાનીને અતિ આનંદથી પૂછ્યું; દમલા તેં કંઈ સાંભળ્યું ખરું ?" ત્યારે દામોદરદાસજીએ ગુરૂદેવ પાસેથી વિસ્તારપૂર્વક સમજવાની ઈચ્છાથી, દીનતાપૂર્વક જવાબ આપ્યો : "મહારાજ, સાંભળ્યું તો ખરું. પણ સમજણ ન પડી". ત્યારે આપશ્રીએ કૃપા કરી શ્રાવણસુદ બારસના સવારે પ્રથમ બ્રહ્મસંબંધ દામોદરદાસજીને કરાવી, પ્રભુની આજ્ઞા મુજબ સમજાવવા "સિદ્ધાંત રહસ્ય ગ્રંથ રચી સમજાવ્યો છે. આપશ્રીના શ્રીઅંગની ભાવનામાં આ ગ્રંથ દક્ષિણ ચરણ સ્વરૂપે છે.

બ્રહ્મસંબંધ (૧) ગુરુની (૨) ભગવદીયની (૩)શ્રી પૂર્ણપુરૂષોત્તમની (૪) શ્રી સ્વામિનીજીની કૃપા તથા જીવનો ઉદ્યમ હોય તો જ ફળ રૂપ નીવડે છે. તેમાં પણ ભગવદીય તથા સ્વામિનીજીની કૃપા દુર્લભ કહી છે.(શ્રી ગોકુલેશહાસ્ય પ્રસંગ-૪૧)

લોક અને વેદમાં મર્યાદા માર્ગમાં પાંચ પ્રકારના દોષ કહ્યા છે. (૧)સહ્જ દોષ (૨) દેશોત્યદોષ (૩) કાળોત્યદોષ (૪) સંયોગજદોષ (૫) સ્પર્શજદોષ. અથવા બ્રહ્મસંબંધ થતાં પહેલાં મનુષ્યમાં જે દોષો હોય છે તે બધા બ્રહ્મસંબંધ થતાં નાશ પામે છે. અને તે મનુષ્ય બ્રહ્મના જેવો નિર્દોષ બને છે. જેમ ગંગાજળમાં ખાર, કુંડી, ગટર વગેરેનું મલિન અને અપવિત્રજળ મળે છે અને સારું જળ પણ હોય છે. મલિનજળ ગંગાજીમાં નથી મળતું ત્યાં સુધી અપવિત્ર રહે છે. પરંતુ ગંગાજીમાં મળતાં ગંગાજળ થઈ જાય છે અને તે પવિત્ર જળ ગણાય છે. જે મેલા જળને અડકવાથી પણ સ્નાન કરવું પડે, તે ગંગાજીમાં ભળી જવાથી

બ્રહ્મસંબંધ લેનાર વૈષ્ણવે આટલું તો જરૂર કરવું જ. પ્રભુસેવા, પ્રભુને પ્રણામ ચરણસ્પર્શ, કૃષ્ણાશ્રયનો પાઠ ગદ્યમંત્રનું ઉચ્ચારણ અને પાંચ માળા તથા ભગવદીયોનો સંગ.

ગંગાજીના સામર્થ્યથી પવિત્ર બનતા પાન કરવા લાયક બને છે. તેમ બ્રહ્મસંબંધ થઈ જીવ દોષરહિત બને છે. અલબત્ત દોષો તો જીવના દેહને રૂપમાં રહે છે. બ્રહ્મસંબંધ લીધા પછી તે નષ્ટ થઈ જતા નથી. પરંતુ તે નિષ્ક્રિયજીવન ગાળે છે. બીજા અર્થમાં કહીએ તો તે નિવૃત્તિજીવન ગાળે છે. ભગવદ્ સેવામાં પ્રતિબંધ રૂપે બનતા નથી.

નિવૃત્તિનો અર્થ દેહથી અલગ થવું એવો નથી. દેહના દોષો દેહમાં જ રહે છે. પરંતુ સેવામાં પ્રતિબંધ કરવાનું સામર્થ્ય તેમનામાં રહેતું નથી.

બ્રહ્મસંબંધ લેવાથી દોષોની નિવૃત્તિ થાય છે. પરંતુ સંસારમાં રહેતાં અને સાંસારિક કાર્યો કરતાં ફરી પાછા તે દોષો પ્રવૃત્તિમય બનવાની શંકા રહે છે. તેમ ન બને તે માટે શ્રી મહાપ્રભુજીએ એક રામબાણ ઈલાજ બતાવ્યો છે. 'અસમર્પિત'નો ત્યાગ અને 'અનન્યાશ્રય'નો દ્રઢતાપૂર્વક સ્વીકાર.

પશ્ચિમ પંજાબના વાસી ગોપાલદાસ ક્ષત્રી શ્રી મહાપ્રભુજીના શરણે આવ્યા ત્યારે આપશ્રીને વિનંતી કરી કેઃ "મહારાજ, હું મહામુર્ખ છું. આપના માર્ગનો કશો પ્રકાર જાણતો નથી. માટે એવી કૃપા કરો કે માર્ગનો સર્વ સિદ્ધાંત મને હૃદયારૂઢ થાય. "ત્યારે આપશ્રીએ તેમને પોતાનું ચરણોદક આપ્યું અને "સિદ્ધાંત રહસ્ય" ગ્રંથ ભણાવ્યો તેથી તેમને માર્ગના સર્વસિદ્ધાંત હૃદયારૂઢ થયા. આ ગ્રંથ વેદતુલ્ય છે, કારણ આ વાણી સાક્ષાત્ શ્રી ઠાકોરજીની જ છે, કારણતેના પહેલા જ શ્લોકમાં આપશ્રી આજ્ઞા કરે છે કે : "સાક્ષાત્ પ્રભુએ જે કંઈ કહ્યું છે તે હું અક્ષરે અક્ષર (એટલે કે જરાય ફેરફાર કર્યા વિના) કહું છું." આ ગ્રંથમાં મુખ્યત્વે બે ભગવદાજ્ઞાઓ છે. (૧) બ્રહ્મસંબંધ લઈ દોષમુક્ત થવાની (૨) બ્રહ્મસંબંધ લીધા પછી કેવી રીતે જીવન જીવવું તે અંગે, આ ગ્રંથનો સાર છે. ત્થા અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો અથવા અર્ધભુક્તા આપણે અથવા બીજા કોઈએ વાપરેલી વસ્તુ ધરાવવી નહિં", નિવેદન, દાન અને સમર્પણનો ભેદ યાદ રાખવો. હંમેશા ભગવદીયો સાથે મળી બ્રહ્મસંબંધ મંત્રનું રહસ્ય વિચારવું.

દાન અર્પણ સમર્પણ વચ્ચે ભેદ છે. તેથી તેનો અર્થ સમજી લઈએ.

દાન - જે વસ્તુ આપણી હોય તે, મનમાં સંકલ્પ કરી બીજાને આપવી તેનું નામ દાન. પુષ્ટિ વૈષ્ણવે બધું શ્રીકૃષ્ણને સમર્પણ કર્યું હોવાથી તેનું બધું કૃષ્ણની માલિકીનું બને છે. અને તેથી કૃષ્ણની માલિકીની વસ્તુઓનું દાન કરવાનો અધિકાર રહેતો નથી.

અર્પણ - વૈદિક પૂજામાર્ગમાં પોતાના દેવને જે કંઈ આપવામાં આવે તે 'અર્પણ' કર્યું કહેવાય. અને જે વસ્તુ દેવને અર્પણ કરી હોય તે આપણા ઉપયોગમાં ના લેવાય માટે જ પુષ્ટિમાર્ગમાં અર્પણની કોઈ વિધિ નથી. માટે વૈષ્ણવ કશાનું પણ વેદોક્ત વિધિ મુજબ અર્પણ શ્રીકૃષ્ણને કરતો નથી.

સમર્પણ - પરંતુ જે વસ્તુ જેની માલિકીની હોય તેને તે સોંપી દેવી તેનું નામ સમર્પણ. એટલે કે આપણી પાસે જે કાંઈ છે અને જેને આપણે મારું મારું ગણીએ છીએ તે વાસ્તવમાં તો શ્રીકૃષ્ણની માલિકીનું જ છે. આપણું કશું જ નથી. તે શ્રીકૃષ્ણને પાછું આપી દઈ તેના માલિક

"પૂજા માર્ગમાં અર્પણ અને પુષ્ટિમાર્ગમાં સમર્પણ હોય છે. બન્ને જુદી વસ્તુઓ છે તેથી તેનો ભેદ દરેક વૈષ્ણવે સમજી લેવો."

ન બનતાં શ્રીકૃષ્ણ જ તેનો માલિક છે તેને સમર્પણ કરી અને આપણે માત્ર તેના વહીવટકર્તા બનીએ તેજ સમર્પણની સાચી ભાવના છે.

બ્રહ્મસંબંધ કરતી વખતે આપણે હાથમાં તુલસીદળ લઈ તુલસીજીની સાક્ષીએ કહીએ છીએ કે 'હે સ્વામી, આ બધું તારું જ છે. અજ્ઞાનથી હું તેને મારૂં માનતો હતો હવે ગુરૂકૃપાએ મારી આંખ આડેનાં પડળો ખસી જતાં, હું જોઈ શકું છું કે તે બધું તારૂં જ છે, માટે તે બધું (મારું સર્વસ્વ) હું તને સમર્પણ કરું છું.'

આમ પ્રભુને સમર્પિત કરેલી બધી વસ્તુઓના માલિક પ્રભુ જ છે. આપણે તો તેનો વહીવટ જ કરવાનો છે. ફક્ત પ્રભુના સુખ માટે જ તેનો વિનિયોગ થઈ શકે. અલબત્ત સ્વામી પ્રસાદીરૂપે જે કંઈ આપે તેનો જ ઉપયોગ સેવક કરી શકે. સ્વામી પોતાના ઉતરેલાં વસ્ત્ર, અલંકાર, ભોજ્ય પદાર્થો, આદિ સેવકને જે આપે તેને પ્રભુની પ્રસાદી સમજી તેનો ઉપયોગ સેવક જરૂર કરે. આ ભાવના નિરંતર હૃદયમાં રહેવી જ જોઈએ. પ્રભુની પ્રસાદીનો દુરુપયોગ ન થાય.

આ બધી વસ્તુઓ કૃષ્ણને સમર્પિત કરી, પરંતુ કૃષ્ણના ક્યા સ્વરૂપને તે સમર્પણ કરવામાં આવી તે બતાવવા માટે, સ્વાનુભવબળે શ્રી ગુંસાઈજીના ચતુર્થ લાલજી શ્રી ગોકુલનાથજીએ 'ભગવતે કૃષ્ણાય' શબ્દો પછી, કૃષ્ણનું સ્વરૂપ બતાવતા. 'શ્રી ગોપીજન વલ્લભાય' એ શબ્દો મૂક્યા છે. શ્રી કૃષ્ણે સ્વમુખે આપેલ ગદ્યમંત્રમાં એ શબ્દો નથી. શ્રી વલ્લભે દમલાને આપેલ સૌ પ્રથમ બ્રહ્મસંબંધ મંત્રમાં એ શબ્દો ન હતા પરંતુ શ્રીગોકુલનાથજીના અનુયાયીઓ એ શબ્દો ગદ્યમંત્રમાં મૂકે છે અને પછી ગદ્યમંત્ર બોલે છે.

આમ સમર્પણ વિધિ પૂરી થતાં અહંતા-મમતામય સ્વરૂપવાળો જીવ હવે પોતાના અજ્ઞાનથી પોતાને માલિક માનતો હતો તે 'હું તારો દાસ છું' એમ માને છે.

સિદ્ધાંત રહસ્ય ગ્રંથ વાંચતા તેમાંથી પ્રશ્ન ઉદ્ભવે કે આ સમર્પણ મંત્રને ક્યા શાસ્ત્રનો આધાર છે ? તેના જવાબમાં,

આ સમર્પણ મંત્રને શ્રીમદ્ ભગવદ્ ગીતા, શ્રીમદ્ ભાગવતજી અને ભગવદ્ આજ્ઞા ત્રણેનો આધાર છે.

શ્રીમદ્ ગીતાના ૯મા અધ્યાયના ૨૭મા શ્લોકમાં કહ્યું છે :

જે કરે, ભોગવે, વા જે જે હોમે, દાન જે કરે.
આચરે તપને વાજે કર અર્પણ તે મને.

ગીતાજીના અધ્યાય ૯ના શ્લોક ૩૪માં કહ્યું છે :

મન ભક્તિ મને અર્પ મને પૂજ મને નમ
મને જે પામશે આવા યોગથી મત્પરાયણ

ગીતાજીના ૧૨મા અધ્યાયના ૧૪મા શ્લોકમાં કહ્યું છે :

યોગી સદા સંતોષી જીવાત્મા દઢ નિશ્ચયી
મન બુદ્ધિ મને અર્પ્યા તે મદભક્ત મને પ્રિય

ગીતાજીના ૧૮માં અધ્યાયના ૬૫, ૬૬મા શ્લોકમાં કહ્યું છે :

મન ભક્તિ મને અર્પ મને પૂજ મને નમ
મને જ પામશે નિશ્ચે, મારું વચન લે પ્રિય
છોડીને સઘળા ધર્મો મારું જ શરણું ઘર
હું તને સર્વ પાપોથી છોડાવીશ નચિંત થા.

એજ રીતે શ્રીમદ્ ભાગવતના અગિયારમા સ્કંધના ૨, ૩, ૧૧ અને ૧૯મા અધ્યાયમાં સમર્પણની જ ભાવના ને સમર્થન સાંપડે છે.

પરંતુ સૌથી મોટું અને વજનદાર પ્રમાંણ આચાર્યચરણના પોતાના શબ્દો જ છે. પુષ્ટિભક્તો માટે તેથી વિશેષ નક્કર પ્રમાણ બીજું કોઈ ન હોઈ શકે. આચાર્યચરણ આજ્ઞા કરે છે, 'સાક્ષાત ભગવાને ભાખ્યું તેહ અક્ષરશઃ કહું.'

બ્રહ્મસંબંધનો મંત્ર તેનું રહસ્ય જાણ્યા પછી હવે છેલ્લી એક વાત જાણવાની રહે છે. બ્રહ્મસંબંધ લેનાર ભગવદીયે ગદ્યમંત્ર લીધા પછી પોતાનું જીવન કેવી રીતે જીવવું ? એનો સીધો અને સ્પષ્ટ જવાબ આ છે. 'કૃષ્ણસેવા કરવી.' તે આ રીતે ગુરુદેવ પાસેથી પુષ્ટ કરાવીને સ્વરૂપ સેવા અથવા ચિત્રસેવા પધરાવવી જો ઘરમાં પહેલેથી જ ભગવદ્ સેવા બિરાજતી હોય તો તેમાં જોડાઈ જવું.

જો અષ્ટ પ્રહર સેવા થઈ શકે તો જીવનું અહોભાગ્ય પરંતુ તેમ ન બને તો ગુરૂદેવની આજ્ઞા લઈ તે પ્રમાણે સેવા કરવી. ઓછામાં ઓછું નિયમિત દરરોજ ભગવાનના ચરણસ્પર્શ તો કરવા જ જોઈએ.

અમારા સમર્થ ગુરૂદેવ કાંકરોલી નરેશ શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રીની આજ્ઞા મુજબ બ્રહ્મસંબંધ પહેલાં વૈષ્ણવી પ્રથમ દીક્ષા તરીકે અષ્ટાક્ષર નામમંત્ર ગ્રહણ કરે ત્યારે જીવ વૈષ્ણવ બને છે અને સાત પ્રકારની ભક્તિ, શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન અને દાસ્ય ભક્તિનો અધિકારી થાય છે. બાકીના બે ભક્તિના પ્રકાર રહ્યા સખ્ય અને આત્મનિવેદન તેના અધિકારી થવા માટે જીવે નિવેદનમંત્રની દીક્ષા બ્રહ્મસંબંધ મંત્ર લેવાની જરૂર છે. આમ નવધા ભક્તિનો જીવ અધિકારી બની, ભગવદ્ સેવા અને ભગવદ્ ભક્તોના સંગ દ્વારા તે પ્રેમલક્ષણાભક્તિ પામે છે.

પ્ર-૯૦ ગ્રંથ-૬ નવરત્નમ્ ગ્રંથનો પરિચય -

જ-૯૦ ઉત્તર ગુજરાતમાં આવેલા ખેરાળુ ગામના વાસી ગોવિંદ દુબે. તેઓ શ્રી મહાપ્રભુજીના શરણે આવ્યા. પોતાના ઘેર શ્રી ઠાકોરજીને પધરાવી સેવા કરે, પરંતુ સેવામાં મન લાગે નહિ. મનમાં ખૂબ વ્યગ્રતા રહે. તેથી એક દિવસ તેમણે શ્રી મહાપ્રભુજીને આ બાબતનો પત્ર લખ્યો. ત્યારે આપશ્રીએ 'નવરત્ન'ગ્રંથ કરી, લખીને મોકલ્યો અને આજ્ઞા કરી કે આ ગ્રંથનો પાઠ કરવાથી તારા મનની વ્યગ્રતા મટશે. તે પત્ર ગોવિંદ દુબે પાસે આવ્યો. ત્યારે તેઓ

પ્રસન્ન થઈને 'નવરત્ન'નો પાઠ કરવા લાગ્યા. શ્રી મહાપ્રભુજીની કૃપાથી તેમના મનની વ્યગ્રતા, ચિંતા વગેરે બધું દૂર થઈ ગયું. અને મન ભગવદ્ સેવામાં લાગ્યું.

આ ગ્રંથમાં ચિંતાની શાંતિ માટે નવગ્રહના નવરત્નરૂપ રક્ષણ કરવાવાળા નવ શ્લોકો શ્રી મહાપ્રભુજીએ રચેલા છે.

આપશ્રીના શ્રીઅંગની ભાવનામાં આ ગ્રંથ આપશ્રીનું દક્ષિણ ઉરુ સ્વરૂપે છે.

(૧) બ્રહ્મસંબંધી જીવે દ્રઢ વિશ્વાસ રાખવો કે પ્રભુ તેની લૌકિક ગતિ કદાપિ નહિ કરે.
(૨) બ્રહ્મસંબંધ મંત્રનું રહસ્ય તાદ્રશી ભગવદીયો સાથે મળી હંમેશા વિચારવું પ્રભુ પોતાની ઈચ્છાથી કાર્ય કરશે.
(૩) બધાંનો પ્રભુની સાથે સંબંધ છે. જડ ચેતનનો અન્ય વિનિયોગ થાય તો પણ ચિંતા કરવી નહિ.
(૪) નિવેદન પછી પ્રભુ પ્રેમલક્ષણા ભક્તિ આપી પોતાના સ્વરૂપ-દર્શનનું દાન કરશે.
(૫) આત્મનિવેદનનો પ્રભુ અંગીકાર કરે જ છે. માટે તેની ચિંતા ન કરવી. પ્રભુ સર્વ સમર્થ છે. બધાંના સર્વ દુઃખ અને પાપ નિવૃત્ત કરે છે.
(૬) વૈષ્ણવને લૌકિક વૈદિક કાર્યોમાં વિઘ્નો આવે તો તેને ભગવદ્કૃપા માનવી.
(૭) ગુરુની આજ્ઞા પ્રમાણે સેવા કરવી. વિશેષ ભગવદાજ્ઞા થાય તો તેમ કરવું. સદા સેવામાં ચિત્ત રાખવું.
(૮) સેવામાં ચિત્તને ઉદવેગ થાય તો પણ તેમાં પ્રભુની લીલા માનવી
(૯) ચિંતા દુર કરવાનો સૌથી સરળ ઉપાય અષ્ટાક્ષર મંત્ર શ્રી કૃષ્ણઃ શરણં મમનું સતત રટણ છે.

ખરું રત્ન અંધકારમાં પ્રકાશ આપનાર હોય છે. તેમ આ નવ શ્લોકરૂપ નવરત્ન અંતઃકરણમાં ધારણ કરવાથી અંતઃકરણમાં રહેલો ચિંતારૂપ અંધકાર નાશ પામે છે. માટે આ ગ્રંથનું નામ નવરત્ન રાખેલ છે.

નવરત્ન દ્વારા ભગવતસેવામાં પ્રવૃત્ત જીવને નિશ્ચિત બનાવવાનો પ્રયાસ છે. જીવ તો ભગવાનની સેવા કરે છે, પરંતુ ભગવાન તેની સેવા તથા સેવકના રૂપમાં ભક્તનો પોતાનો અંગિકાર કરે છે કે નહીં તેની વ્યર્થ ચિંતા ન કરવાનો આદેશ આ ગ્રંથમાં આપવામાં આવ્યો છે, અને બ્રહ્મસંબંધી જીવે લૌકિકઅલૌકિક કોઈપણ પ્રકારની ચિંતા ન કરવી તે સમજાવ્યું છે. અહંકારના શોધનથી તેમાં રહેલી મમતાનો નાશ થવાથી દૈન્ય પ્રાપ્ત થાય છે, તે દૈન્ય સર્વ મલીનતા તોડવાનું પરમ સાધન થઈ પ્રભુમાં ખરી પ્રીત જોડાવે છે.

ઉપર પ્રમાણે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારના શોધન (સમાધાન)થી ચિંતાનો નાશ થઈ દીનતા પ્રાપ્ત થાય ત્યારે જ પ્રભુની અંગીકૃતનો અનુભવ થાય છે. દીનતા પ્રાપ્ત કરવામાં અષ્ટાક્ષર મંત્ર ઘણો જ અસર કરનાર છે. કારણ કે આ મંત્ર દીનતાનો જનક છે.

સમર્પણથી લૌકિક અહંતા–મમતા છુટે છે અને ચિંતા દુર થાય છે.

દીનતા પ્રાપ્ત થયા પછી પણ આ મંત્ર કાયમ જપવો જેથી પ્રભુ વિના રહ્યું ન જાય તેવી દીનતા પ્રાપ્ત થઈ પ્રપંચની તદન વિસ્મારિક અંતિમ વિરહ દશા થઈ પછી સ્વરૂપના સાક્ષાત દર્શનાદિ થાય છે.

પ્ર-૯૧ અંતઃ કરણ - પ્રબોધ ગ્રંથનો પરિચય (છંદ અનુષ્ટુપ ગ્રંથ-૭)

જ-૯૧ શ્રી મહાપ્રભુજીના પૃથ્વી પરના પ્રાગટ્યનું કારણ શ્રી ભાગવતનો ગૂઢ અર્થ પ્રકટ કરવાનું આ માટે આપશ્રીએ શ્રીમદ્ ભાગવત પર ટીકા રૂપે શ્રી સુબોધિનીજી લેખનનું કાર્ય આરંભ્યું. જ્યારે આપશ્રી ગંગાસાગરમાં બિરાજતાં હતા. ત્યારે સ્કંધ ૧ થી ૩ ટીકાનું કાર્ય પૂર્ણ થયું હતું. ત્યાં પ્રભુએ શ્રી મહાપ્રભુજીને આજ્ઞા કરી કે :'હવે તમારો વિયોગ સહન થતો નથી, માટે ગોલોકધામમાં પધારો.' ત્યારે ભગવદ્ઈચ્છા જાણી, શ્રી ઠાકોરજીના હૃદયરૂપ દશમ સ્કંધના સુબોધિનીજી લખવાનો પ્રારંભ કર્યો. સ્કંધ ૪ થી ૯ રહેવા દીધાં. તે સમયે આપ મધુવનમાં બિરાજતા હતા. ત્યાં બીજી વખત ભગવદાજ્ઞા થઈ. પરંતુ દશમસ્કંધ પૂરો થયો ન હોવાથી તે આજ્ઞા પણ ન માની. અગિયારમો સ્કંધ શરૂ કરતાં ત્રીજી આજ્ઞા થઈ. તેથી તે કાર્ય અધૂરું મૂકી ભગવદાજ્ઞા પૂર્ણ કરવા સંન્યાસ લીધો. બે આજ્ઞા ન માનનાર પોતાના અંતઃકરણને બોધ આપવા સારું આ ગ્રંથની આપશ્રીએ રચના કરી છે. પરંતુ આ ગ્રંથ દ્વારા વાસ્તવમાં તો આપણા અંતઃકરણે જ બોધ લેવાનો છે.

અંતઃકરણ પ્રબોધ ગ્રંથમાં આંતરિક શુદ્ધિ અને ચિત્ત જ સ્થિર થવાનું નિરૂપણ છે.

આપશ્રીના શ્રી અંગની ભાવનામાં આ ગ્રંથ શ્રી વલ્લભના નાભિ સ્વરૂપે છે.

ચિંતામુક્ત બનેલા ભક્તે પોતાનું સર્વસ્વ પ્રભુને સોંપી તેમની સેવામાં પોતાના દેહનો વિનિયોગ કરવાનો બોધ પોતાના અંતઃકરણને આપશ્રી આપતા હોય તે રીતે આ ગ્રંથ કર્યો છે.

જેમ વેણુનાદ સાંભળીને જે ગોપિકાઓ ભગવાનની સમીપ પહોંચી શકી એમને પુનઃ ઘેર પાછા ફરી જવાની ભગવાને આજ્ઞા આપી હતી. પરંતુ તેઓ ભગવત્ સ્વરૂપ સુખ માટે ભગવદ્ આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું હતું અને પાછી વળી નહોતી તેવી જ રીતે શ્રીવલ્લભે પણ ભગવદ્ આજ્ઞાનું ઉલ્લંઘન નામસેવાર્થ ભગવદ્ વિપ્રયોગને સહન કરતાં કરવું પડ્યું હતું.

"તવ કથામૃતં તપ્તજીવનમ્"ની સુબોધિનીમાં શ્રી મહાપ્રભુજી એ વિવેચન કર્યું છે કે અમૃતની આવશ્યક્તા મૃત્યુના ઉપસ્થિત હોવા પર છે અન્યથા સ્વતઃ અમૃતપાનની તરસ કોઈને પણ નથી હોતી. આ રીતે ભગવાનના સ્વરૂપ અને ભગવાનની કથામાં ઘનીભૂત રસ અને તરલીભૂત રસ જેવું અંતર હોય છે. અન્યથા રાસમાં ભગવાનના તિરોહિત થઈ જવા પર તેઓને શોધવાના બદલે ગોપીજનોએ પણ ભાગવતકથાનું આયોજન કર્યું હોત.

'સેવાયાં વા કથાયાંવા' માં સેવા અને કથા મુખ્ય કલ્પ છે. જ્યારે સેવા અથવા કથા ગૌણ કલ્પ છે. અર્થાત્ ભગવત્ કથા પણ વસ્તુતઃ ભગવત્સેવાનું અંગ હોય તો ઉત્તમ કલ્પ છે. અન્યથા ગૌણ કલ્પ અથવા અનુકલ્પ છે. આ રીતે શ્રી મહાપ્રભુજી સેવાંગભૂત અન્તઃકરણની શુદ્ધિના પ્રકાર તેને ભગવાનની સેવામાં અનન્યરુચિ હોવાથી પ્રેરણા દ્વારા આ ગ્રન્થમાં આપી રહ્યા છે.

શ્રીમદ્ ભાગવતજી સાક્ષાત્ શ્રીકૃષ્ણ છે. પ્રભુ પોતાની ઈચ્છા પ્રમાણે જ બધું કરે છે. એમ માનવું તેનું નામ વિવેક.

પ્ર-૯૨ ગ્રંથ-૮ વિવેક - ધૈર્ય - આશ્રય ગ્રંથનો પરિચય

જ-૯૨ છંદ-અનુષ્ટુપ

આપશ્રીના શ્રીઅંગની ભાવનામાં આ ગ્રંથ શ્રી વલ્લભના વામભુજાસ્વરૂપે છે. આપણી ભક્તિ દ્રઢ થાય તેના ઉપાય આ ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ બતાવ્યા છે. તેમાં વિવેક-ધૈર્ય અને આશ્રયનાં સ્વરૂપનું ખૂબ સુંદર રીતે દ્રષ્ટાંતો આપીને આપશ્રીએ નિરૂપણ કર્યું છે, અને ત્રણેના ગુણો કેળવવાની સમજ આપી છે. ક્યારે ક્યાં અને કયા પ્રસંગે આ ગ્રંથનું પ્રણયન થયું તે ઉલ્લેખ નથી મળતો.

પ્રભુ પોતાની ઈચ્છા પ્રમાણે બધું કરે છે તેમ માનવું તેનું નામ વિવેક છે. આ વિવેકના નવ પ્રકાર આપશ્રીએ બતાવ્યા છે. વિવેક તો દશમોનિધિ છે. તે જેની પાસે છે તે આનંદાનુભવ કરી શકે છે.

પ્રથમ વિવેક

આપણે બ્રહ્મસંબંધ લઈ પ્રભુના શરણે ગયા છીએ. માટે પ્રભુમાં દઢવિશ્વાસ રાખી આપણું ચિત્ત પ્રભુમાંજ જોડી રાખી એકાગ્ર ચિત્તથી સેવા કરવી. પ્રભુ પોતાની ઈચ્છાથી (એટલે સહજ સ્વભાવ)થી જે કરવું હશે તે કરશે. આમ મનમાં ભાવના રાખવી તે પ્રથમ વિવેક છે.

બીજો વિવેક

જ્યારે જીવ પ્રભુના શરણે જાય છે, ત્યારે શરૂઆતમાં તેની ઈચ્છા લૌકિક અને વૈદિક કાર્યો સિદ્ધ કરવાની હોય છે, પરંતુ પ્રભુ જાણતા હોય છે કે આવી ઈચ્છાઓ પૂરી કરવાથી જીવનું ભલું થશે નહિ. તેથી જીવની આવી ઈચ્છાઓ પૂરી થતી નથી પણ જ્યારે જીવ સેવા સંબંધી અલૌકિક ઈચ્છા કરે છે, ત્યારે પ્રભુ તેની ઈચ્છા અવશ્ય પૂરી કરે છે. માટે પ્રાંર્થના કરી સ્વામીના અભિપ્રાયમાં સંશય કરવો નહિ પ્રભુ સર્વ સમર્થ તે યાદ રાખવું તે બીજો વિવેક છે.

ત્રીજો વિવેક

પ્રાર્થના કરી માગણી કરવાથી દાસ ધર્મમાં ન્યૂનતા આવે છે કારણ કે, આપણા સ્વામીની કૃતિમાં આપણને અવિશ્વાસ છે તેમ સમજીએ તો ઉત્તમ ફળ મળતું નથી માટે માગણી માટે પ્રાર્થના કયારેય કરવી નહિ.

ચોથો વિવેક

પ્રભુ બધું આપવા સમર્થ છે માટે તેમની સેવા છોડી બીજા પ્રયત્નો કરીએ તો તે નકામા જાય છે. માટે પ્રભુ જે કાંઈ કરશે તે યોગ્ય જ હશે એમ વિશ્વાસ રાખવો.

પાંચમો વિવેક

હું પ્રભુનો છું એ બ્રહ્મસંબંધની ભાવના રાખી વાસના સહિત -અભિમાનનો ત્યાગ કરવો, આપણે સ્વતંત્ર નથી પરતંત્ર છીએ તે યાદ રાખવું.

છઠ્ઠો વિવેક

ઉત્તમ સેવકના અંતઃકરણમાં પ્રભુનો આવેશ થાય છે. તેવા શુદ્ધ અંતઃકરણમાં પ્રભુની વિશેષ

શ્રીમદ્ ભાગવત કે જે વાસ્તવમાં આ અન-અવતારકાળમાં શ્રીકૃષ્ણનું નામ સ્વરૂપ છે, તેનું રહસ્ય પ્રકટ કરવા ત્થા દૈવીજીવોનો ઉદ્ધાર કરવા માટે જ શ્રી વલ્લભાચાર્યજીનું પ્રાગટ્ય ભૂતલ ઉપર થયું છે.

આજ્ઞા થાય છે. આ આજ્ઞા ભગવદ્દસુખ માટેની હોય તે પ્રમાણે કરવા તત્પર રહેવું એ છઠ્ઠો વિવેક છે.

સાતમો વિવેક

આપત્તિ વખતમાં હઠનો ત્યાગ કરવો. જે મળે તેનાથી ચલાવી લેવું.

આઠમો વિવેક

લૌકિક વૈદિક કાર્યો ભગવદ્દસેવા છોડી કરવા નહિ. તે આસક્તિ વગર કરવા.

નવમો વિવેક

ધર્મ અને અધર્મનો સૂક્ષ્મ વિચાર કરી દરેક કાર્યો કરવા સારા કાર્યો જ કરવા.

ભગવતકૃપાથી આશ્રય સિદ્ધ થઈ શકે છે અન્યથા વિવેક અને ધૈર્ય સિવાય આશ્રય દ્રઢ નથી થઈ શક્તો.

'વિવેક, ધૈર્ય, અને આશ્રય' શબ્દ સામાન્ય અર્થોમાં શ્રી મહાપ્રભુજીને વિવક્ષિત નથી પરંતુ એક નિશ્ચિત પારિભાષિક અર્થમાં જ વિવક્ષિત છે.

જેમ : ૧ વિવેક = હરિઃ સર્વ નિજેચ્છાતો કરિષ્યતિ.

૨ ધૈર્ય = ત્રિદુઃખસહનમામૃતં સર્વત : સદા.

૩ આશ્રય=ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિ :

આજ પારિભાષિક અર્થો પુષ્ટિમાર્ગીય કૃષ્ણસેવામાં ઉપયોગી બને છે. કૃષ્ણસેવામાં પ્રવૃત પુષ્ટિભક્ત કઈ કઈ પરિસ્થિતિઓમાં સેવાકર્તા માટે આવશ્યક વિવેક, ધૈર્ય, આશ્રયને ખોઈ શકે છે ત્થા કયા ઉપાયો વડે આમની રક્ષા સંભવે છે. આદિ વિષયોનું નિરૂપણ આ ગ્રંથમાં થયું છે. જન્મથી મૃત્યુ પર્યત બધાં પ્રકારનાં દુઃખોને સ્વીકારી લેવા તેનો પ્રતિકાર ન કરવો. તે ધૈર્ય છે. ત્રણ પ્રકારના દુઃખો બતાવી, તેમાં કેવી રીતે રહેવું અને તે દૂર કરવા ક્યા ઉપાયો વિચારવા તેનું નિરૂપણ કરતાં આપશ્રીએ ધૈર્યનું સ્વરૂપ બતાવ્યું છે. દુઃખોને સ્વીકારી લેવા તેનો પ્રતિકાર ના કરવો ક્યારેક એકાદ દુઃખ સહી લેવું અને ક્યારેક વિચલિત થઈ જવું એ ધૈર્યનો સ્વભાવ નથી.

દુઃખ ત્રણ પ્રકારનાં

(૧) આધિભૌતિક દુઃખ- દેહ સંબંધી- દૂર કરવા માખણ કાઢી લીધા પછી છાશ સત્વવિનાનીમાં મમત્વપણાની બુદ્ધિ ન રાખતાં સાર રૂપ પ્રભુમાં જ મન પરોવવું.

(૨) આધ્યાત્મિક દુઃખ-ઈન્દ્રિયો સંબંધી હોય છે. તે દૂર કરવા જડ ભરતના જેવી ભાવના રાખવી. ભરતજી પરોપકાર કરતાં હરણીના બચ્ચામાં મમતા થવાથી હરણ યોનિમાં જન્મ લીધો પછી જ્યારે બ્રાહ્મણ કુળમાં જન્મ થયો ત્યારે પ્રભુ કૃપાના બળે પાછલાજન્મોનું ભાન રહેવાથી કોઈના સંગ ન કરવાનો નિશ્ચય કરી જડ (માટી, પથ્થર.વિ.) પેઠે પડ્યા રહેતા હતા. ઈન્દ્રિયોના વિષયોમાં પૂર્ણ વૈરાગ્યવાન હતા. જેથી ભૂખ વિગેરે પણ બાધા કરી શકતા નહિ. તેવી ભાવનાથી આધ્યાત્મિક દુઃખ સહન કરી દુર કરવું. માન-અપમાન સરખા ગણવા.

આધિભૌતિક, આધ્યાત્મિક કે આધિદૈવિક એ ત્રણે પ્રકારનાં દુઃખ આવી પડે ત્યારે શાંતિથી તે સહન કરવાં તેનું નામ ધૈર્ય.

(૩) આધિદૈવિક દુઃખ- પ્રારબ્ધ ભોગવવા કે પ્રભુએ ફળ આપવામાં વિલંબ સંબંધી હોય છે. - ભક્તિભાવ પૂર્વક, દીનતા રાખી ભગવાનના શરણે રહી તે સહન કરવાં જોઈએ- જેમ અંર્તગ્રૃહગતા ગોપીજનોને પ્રભુને કામ દ્વારા મળવાની ઈચ્છા હતી જેથી પ્રભુએ તેમને તેમના સંબંધી દ્વારા મળવામાં પ્રતિબંધ કર્યો. તે પ્રતિબંધાદિ દુઃખમાં દેહાંતે હું નિશ્ચય કૃતાર્થ થઈ જઈશ એવી બુદ્ધિથી વિરહનો અનુભવ કરતાં કરતાં પ્રભુમાં ચિત્ત જોડવાથી આદ્યદૈવિક દુઃખ દુર થાય છે.

પ્રભુની સર્વાત્મભાવે શરણાગતિ સ્વીકારવી અને કઈ કઈ પરિસ્થિતિમાં તેમનો દ્રઢ આશ્રય રાખવો તેનું નિરૂપણ કરી આશ્રયનું સ્વરૂપ સમજાવ્યું છે. આ ત્રણે બાબતો જીવનમાં ઉતારી મનન કરી જીવનમાં ઉતારવાની ખાસ જરૂર છે.

-૯૩ ગ્રંથ-૯ શ્રી કૃષ્ણાશ્રય ગ્રંથનો પરિચય આપો

-૯૩ ગ્રંથ-૯, છંદ-અનુષ્ટુપ્

શ્રી વલ્લભપ્રભુના શ્રી અંગની ભાવનામાં આ ગ્રંથ વામ ચરણ છે.

જેમ શ્રી યમુનાજીના સાનિધ્યમાં કે પરોક્ષમાં શ્રી યમુનાજીની સ્તુતિ માટે શ્રી યમુનાષ્ટક છે તેમ શ્રી કૃષ્ણની સાનિધ્યમાં કૃષ્ણઆશ્રય સિદ્ધ થવા માટે આ સ્તોત્ર છે.

લાહોરના વિદ્વાન પંડિત બુલામિશ્ર (૮૪ વૈ.વા.૪૬મી) શ્રી મહાપ્રભુજીના શરણે આવ્યા. ત્યારે આપશ્રીએ તેમને નામનિવેદન કરાવ્યું. પછી 'શ્રી કૃષ્ણાશ્રય' ગ્રંથ રચી તેનો પાઠ કરાવ્યો. તેથી બુલામિશ્રને શ્રી ઠાકોરજીની લીલાનો અનુભવ થવા લાગ્યો. બધાં શાસ્ત્ર, પુરાણ, વેદ ના આશયનું જ્ઞાન થઈ ગયું. શ્રી મહાપ્રભુજીએ કૃપા કરી એમને ફળરૂપ માનસી સેવાનું દાન કર્યુ. વિ.સ.૧૫૭૦માં આ સ્તોત્રનું પ્રણયન અડેલમાં કરેલું.

મર્યાદા માર્ગીય ભક્તો પોતાના ઈષ્ટદેવોના દર્શન કરતી વખતે પોતાના સુખ માટે પ્રાર્થના કરે છે. આપણે આવી પ્રાર્થના ન કરવી, પરંતુ આ ગ્રંથનો પ્રભુ સન્મુખ પાઠ કરવો જોઈએ. દીનતાપૂર્વક અર્થ વિચારીને પાઠ કરવાથી ખૂબ આનંદ આવશે. ખાસ કરીને, રાજભોગ-આરતી પછી દંડવત્ કરતાં આ ગ્રંથનો પાઠ કરવો. પણ સમયની અનુકુળતા ન હોય તો ગમે તે સમયે પ્રભુની સન્મુખ પાઠ કરી શકાય. ક્યારેક પ્રભુ સન્મુખ પાઠ કરવાનું ન બને તો મનથી ભાવના કરી પણ પાઠ કરવો. પાઠ કરતાં મન પ્રભુમાંજ જોડવું.

આ ગ્રંથમાં અગિયાર શ્લોક છે. તેનાં કારણો નીચે પ્રમાણે છે.

(૧) ભક્તના મુખ્ય બે ભેદ:- ૧. સગુણ ૨. નિર્ગુણ. સગુણના નવ ભેદ છે. (૧) સાત્વિક-સાત્વિક (૨) સાત્વિક-રાજસ (૩) સાત્વિક-તામસ (૪) રાજસ-સાત્વિક (૫) રાજસ-રાજસ (૬) રાજસ-તામસ (૭) તામસ- સાત્વિક (૮) તામસ-રાજસ (૯) તામસ-તામસ આમ ૯ સગુણ અને ૧ નિર્ગુણ મળી કુલ ૧૦ પ્રકારના ભક્તોના સેવ્ય અથવા શરણરૂપ પરબ્રહ્મ શ્રી કૃષ્ણજ છે.

(૨) શ્રીમદ્ ભાગવતમાં ભગવાન શ્રીકૃષ્ણની ૧૦ લીલાઓનું વર્ણન છે. ત્રીજા સ્કંધથી

શ્રી વલ્લભે શ્રી સુબોધિનીજીમાં સ્પષ્ટ આજ્ઞા કરી છે કે, જેને પણ શ્રી કૃષ્ણાશ્રય કરવો હોય તો પહેલાં ભાગવતાશ્રય કરવો જોઈએ તો જ ભગવદાશ્રય થશે.

બારમા સ્કંધ સુધીમાં છે. આ દશ લીલા કરવાવાળા, જગતના આશ્રય સ્વરૂપ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ છે.

(૩) (૧) કાલ (૨) દેશ (૩) અર્થ (૪) કર્તા (૫) કર્મ (૬) મંત્ર આ ધર્મના છ સાધનો છે. તેમનું વર્ણન શ્લોક ૧ થી ૬ સુધી છે. આ બધા સાધનો કલિયુગમાં નષ્ટ થયા છે. તેથી છેલ્લા ચાર શ્લોકમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ રૂપ શ્રી કૃષ્ણ જ છે. એમ નિરૂપણ કર્યું છે.

(૪) પ્રાણ દશ છે. (૧) પ્રાણ (૨) અપાન (૩) વ્યાન (૪) સમાન (૫) ઉદાન (૬) નાગ (૭) કર્મ (૮) કૃકલ (૯) દેવદત્ત (૧૦) ધનંજ્ય તેથી ૧૦ શ્લોક ૧૦ પ્રાણરૂપ છે. ૧૧મો ફલશ્રુતિનો શ્લોક આત્મારૂપ છે.

પ્રભુના નામ અને સ્વરૂપનું માહાત્મ્ય જાણ્યાં છતાં દીનતા ન હોય તો પ્રભુ તદીયપણાથી સ્વીકારે નહિ માટે દીનતા નવમા શ્લોકમાં બતાવી છે.

કૃષ્ણાશ્રય ગ્રંથમાં વિવેક અથવા ધૈર્ય સિદ્ધ ન થાય તો પણ આશ્રયનો કદાપિ ત્યાગ ન કરવો તેમ સમજાવ્યું છે અને પુષ્ટિમાર્ગીય જીવે શામાટે કેવળ શ્રીકૃષ્ણનો જ આશ્રય કરવો તે વાત સમજાવી છે.

અન્યાશ્રય રહિત કેવલ શ્રીકૃષ્ણનો આશ્રય જ ઉચિત છે. આ બતાવવા માટે બીજાઓના આશ્રયની નિષ્ફળતાનો બોધ જરૂરી છે. તે અનુસાર આ સ્તોત્રના પ્રથમ ત્રણ શ્લોકમાં લોકાશ્રયની નિષ્ફળતાનું નિરૂપણ કરાયું છે. તથા બીજા ત્રણ શ્લોકમાં ધર્માશ્રયની નિષ્ફળતાનું ત્રીજા ત્રણ શ્લોકમાં કૃષ્ણાશ્રયની મહત્તાનું નિરૂપણ ક્રમશઃ કર્મમાર્ગીય, જ્ઞાનમાર્ગીય તથા ભક્તિમાર્ગીય દૃષ્ટિકોણથી કરવામાં આવ્યું છે. અંતિમ બે શ્લોકોમાં પૃથક શરણમાર્ગ ઉપદેશ દ્વારા ગીતાની જેમ શ્રી મહાપ્રભુજીએ પણ સંપૂર્ણ નિર્ભયતાનું વરદાન આપ્યું છે. ભાગવતના બારમા સ્કન્ધમાં પાંચ પ્રકારના આશ્રય તે પ્રમાણે છેલ્લા ૫ શ્લોક શ્રી કૃષ્ણાશ્રયના છે.

પ્ર-૯૪ ગ્રંથ-૧૦ ચતુઃશ્લોકી ગ્રંથનો પરિચય.

જ-૯૪ ગ્રંથ-૧૦ , છંદઅનુષ્ટુપ્

ગોધરાના રાણાવ્યાસ. તેમને પોતાની વિદ્વતાનું ખૂબ અભિમાન. જ્યાં જ્યાં વાદ કરવા ગયા, ત્યાં ત્યાં હાર્યા તેથી ગંગાજીમાં ડૂબી જઈ આપઘાત કરવાનો વિચાર કરી, ગંગાતીરે આવ્યાં ત્યાં શ્રી મહાપ્રભુજીના તેમને દર્શન થયાં. તેમને પોતાને શરણે લેવા શ્રી મહાપ્રભુજીને વિનંતી કરી શ્રી મહાપ્રભુજીએ તેમને નામનિવેદન કરાવ્યું. બીજા દિવસે શ્રી મહાપ્રભુજીએ તેમને 'ચતુઃશ્લોકી' ગ્રંથ શીખવ્યો અને આજ્ઞા કરી કે, "જા પંડિતોથી વાદ કરી આવ" ત્યારે શ્રી મહાપ્રભુજીના કૃપાબળથી એકજ વચનમાં કાશીના સર્વ પંડિતોને જીતી સાંજે તેઓ પાછા આવ્યા.

શ્રી મહાપ્રભુજીએ "બાલબોધ" ગ્રંથમાં મર્યાદા માર્ગીય ચાર પુરૂષાર્થો સમજાવ્યા હતા. આ ગ્રંથના ચાર શ્લોકમાં આપશ્રી અલૌકિક ભક્તિમાર્ગના ચાર પુરૂષાર્થ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ કયા હોય તેનું નિરૂપણ કર્યું છે. અને શ્રી કૃષ્ણ જ આપણા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ

પુષ્ટિજીવોનો સ્વામી શ્રીકૃષ્ણ, આથી તેણે અન્યાશ્રયનો ત્યાગ કરી કેવળ શ્રીકૃષ્ણનો આશ્રય કરવો.

છે તે વાત સિદ્ધ કરી બતાવી છે.

(૧) ભગવાન અંશી છે. અને જીવ અંશ છે. તેથી અંશે અંશીની સેવા કરવી તે જ ધર્મ છે.

(૨) આમ બધું છોડી પ્રભુની સેવા કરનાર ભક્તના અર્થ રૂપ પ્રભુ પોતે જ બને છે. તેઓ સર્વ સમર્થ છે, માટે ધન વગેરેની ચિંતા કરવી નહિ.

(૩) જો સર્વાત્મભાવથી પ્રભુને હૃદયમાં ધારણ કરી લેવામાં આવે તો તેઓ જ આપણી સર્વ ઈચ્છાઓ પૂરી કરે છે, તેઓ જ કામ સ્વરૂપ છે.

(૪) નિત્ય સેવા-સ્મરણ કરવાથી પ્રભુ ભક્તના હૃદયમાં પધારી તેને પોતાની લીલાઓના સ્વરૂપાનંદનું દાન કરે છે. તેજ પુષ્ટિમાર્ગીય મોક્ષ છે.

આમ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ માટે તો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થો પ્રભુ પોતે જ છે.

ઋષિઓએ સ્મૃતિમાં ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ ચાર પુરૂષાર્થ કહેલાં છે તે ગૌણ છે અને વેદમાં બતાવેલા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થો મુખ્ય છે. માટે વેદના રહસ્યરૂપ મુખ્ય પુરૂષાર્થનું ભાન કરાવવા આ ગ્રંથ બનાવી બતાવેલ છે કે મુખ્ય પુરૂષાર્થોમાં જ મન એટલું બધું પરોવવું કે ગૌણ પુરૂષાર્થમાં કશો મોહ ઉત્પન્ન થવા અવકાશ જ ન રહે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થ અનુક્રમે જ પ્રાપ્ત થાય છે.

ધર્મ એટલે ફરજ, આ જીંદગીમાં પોતાની ખરી ફરજો બજાવવાથી પોતાને જે પદાર્થ મેળવવાની ઈચ્છા હોય તે પદાર્થ (અર્થ) પ્રાપ્ત થાય છે. ઈચ્છાપૂર્વક મળેલા પદાર્થના ભોગથી કામ એટલે કે ઈચ્છા પૂર્ણ થાય છે. કામ પૂર્ણ થયા બાદ મનની વૃત્તિનિષ્કામ થાય છે. જ્યારે નિષ્કામવૃત્તિ થઈ એટલે મોક્ષનો માર્ગ ખુલ્લો થાય છે.

આપણી જીંદગીમાં આપણે બજાવવાનાં જે ધર્મો છે તે એટલા બધા છે કે કેટલેક પ્રસંગે તેમાંથી એક ધર્મ બજાવતાં બીજા ધર્મ (ફરજ)ને હાનિ પહોંચે છે.

આથી ઘણાંને મોહ ઉત્પન્ન થાય છે. જેથી ધર્મના ખરા સ્વરૂપથી અજ્ઞાન રહી ચારે પુરૂષાર્થોમાંથી ભ્રષ્ટ થાય છે.

શ્રી મહાપ્રભુજીએ ધર્મ, (ફરજ)ની બાબતમાં મોહ ઉત્પન્ન ના થાય તે માટે દરેક જિજ્ઞાસુને આ બાબતમાં બોધ આપ્યો કે 'ધર્મા ધર્માગ્રદર્શનમ્' આગળથી ધર્મ અને અધર્મનું દર્શન કરવું આ વિવેક દરેક ધર્મ બજાવતાં યાદ રાખવો. જે કાર્યમાં ધર્મ વિશેષ હોય અને અધર્મ ઓછો હોય તે કાર્ય જરૂર પ્રસંગે કરવું. પણ જે કાર્યમાં ધર્મ ઓછો અને અધર્મ વધારે માલમ પડે તે કાર્ય સર્વથા ન કરવું. જે કાર્યમાં અધર્મની છાયા ન જ હોય તે તો અવશ્ય કરવું પણ તે કાર્ય પ્રભુ કાર્ય છોડીને તો ન જ કરવું. કોઈ જાતનો ધર્મ બજાવતાં તેમાં પોતાની આસક્તિ ન રાખવી અને કશા ફળની ઈચ્છા પણ ન રાખવી, એ પ્રમાણે વર્તવાથી મોહ ઉત્પન્ન થવાને સંભવ રહેશે નહિ. ચતુઃશ્લોકીમાં કૃષ્ણાશ્રય માટે અન્ય કોઈ કર્તવ્ય હોવાની ભ્રમણા દુર કરવામાં આવી છે.

જીવ પરમાત્માનો અંશ છે. તેથી પરમાત્માની સેવા કરવી એ જીવનો ધર્મ છે.

પ્ર-૯૫ ગ્રંથ-૧૧ ભક્તિવર્ધિની ગ્રંથનો પરિચય આપો.

જ-૯૫ ગ્રંથ-૧૧, છંદ-અનુષ્ટુપ

ગુજરાતના વાસી એક સાચોરા બ્રાહ્મણ. તેમનું નામ પુરૂષોત્તમદાસ જોષી એક દિવસ તેઓ પોતાના ગામના પાદરે આવેલ તળાવકાંઠે મધ્યાન્હ સંધ્યા કરતા હતા. ત્યાં શ્રી મહાપ્રભુજી પધાર્યા આપશ્રી પણ સંધ્યા કરવા લાગ્યા. પુરૂષોત્તમદાસે આપશ્રીને પૂછ્યું "મહારાજ" કર્મમાર્ગ મોટો કે જ્ઞાન માર્ગ મોટો ? તેમને દૈવી જીવ જાણી આપશ્રીએ આજ્ઞા કરી : "જેને જેમાં વિશ્વાસ હોય તે મોટો. પરંતુ ખરેખર મોટો તો ભક્તિમાર્ગ છે." ત્યારે પુરૂષોત્તમદાસ કહે : "મહારાજ, ભક્તિનું સ્વરૂપ કૃપા કરીને સમજાવો." ત્યારે આપશ્રીએ "ભક્તિવર્ધિની" ગ્રંથ રચી પુરૂષોત્તમદાસને તે સમજાવ્યો. આથી તેમના મનમાં ભક્તિ દ્રઢ થઈ.

આ ગ્રંથમાં શ્રી મહાપ્રભુજીએ પ્રભુ પ્રત્યે આપણી ભક્તિ કેવી રીતે વધે તેના ઉપાય બતાવ્યા છે. પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધ દ્વારા આત્મનિવેદન કરવાથી આપણામાં ભક્તિનું બીજ રોપાય છે. તેનું નામ બીજભાવ છે. તેને ઉછેરી દઢ કરવા ભગવદ્સેવા અને સ્મરણ કરવા જોઈએ. તે કેવી રીતે કરવા તે આ ગ્રંથમાં બતાવ્યું છે.

ત્યાર પછી ભક્તિની ત્રણ અવસ્થા અને તેના લક્ષણો બતાવ્યા છે. (૧) પ્રેમ-પ્રભુમાં આપોઆપ સ્નેહ થાય તેથી લૌકિક સ્નેહ નાશ પામે. (૨) આસક્તિ-આપણું મન પ્રભુમાં આસક્ત થાય. તેથી કુટુંબ અને ઘરમાંથી આસક્તિ છૂટી જાય. (૩) વ્યસન-પ્રભુ વિના એક ક્ષણ પણ એકલા રહી શકાય નહી. ત્યારે પૂર્ણ ત્યાગ થાય છે. તે વખતે બીજભાવ દ્રઢ બને છે.

આ અવસ્થાએ પહોંચ્યા પછી ભક્ત લૌકિક આસક્તિ રૂપી ઘરનો ત્યાગ કરી પ્રભુ પ્રાપ્તિની ઈચ્છાથી ભક્તિભાવ વધારે છે. ભક્તિ સુદ્રઢ થયે સર્વાત્મભાવરૂપ સાક્ષાત્ સ્વરૂપાનંદનો તેને અનુભવ થાય છે. આજ પુષ્ટિમાર્ગીય ઉત્તમોત્તમ ફળ છે.

શ્રી વલ્લભપ્રભુના શ્રી અંગની ભાવનામાં આ ગ્રંથ દક્ષિણ ઉરુ સ્વરૂપે છે.

શાસ્ત્રમાં ભક્તિની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે "પ્રભુનું માહાત્મ્ય જાણીને, પ્રભુમાં સુદ્રઢ અને સર્વથી અધિક એવો પ્રેમ કરવો તેનું જ નામ ભક્તિ."

પ્રભુનું માહાત્મ્ય જાણ્યાં વગર તેમાં સુદ્રઢ સ્નેહ થતો નથી. જે પ્રમાણમાં પ્રભુનું માહાત્મ્યજ્ઞાન થાય તે પ્રમાણમાં પ્રભુ પ્રત્યે સ્નેહ પણ વધતો જાય છે. જે પ્રમાણમાં સ્નેહ વધે તેજ પ્રમાણમાં ભક્તિ વધેલી ગણાય છે.

પ્રભુનું માહાત્મ્ય જ્ઞાન શ્રવણ-કીર્તનથી થાય છે અને પ્રભુમાં સ્નેહ લૌકિકમાં ત્યાગની લાગણીથી થાય છે. આ બેથી જ બીજ ભાવ દ્રઢ થાય છે.

બીજ ભાવ દ્રઢ થયા વગર વૃક્ષ થતું નથી. ખેતરમાં વાવેલ ઘણાં બીજો નકામાં જાય છે. કારણ કે, તે બીજ જમીનમાં ઉપલક રહેલાં હોય છે. જમીનમાંજે ભાગમાં ભીનાશ રહેલી હોય ત્યાં સુધી બીજ પહોંચ્યું ન હોય, તો તે બીજ નકામું જાય છે, તેમજ જે શ્રવણકીર્તન

યમુનાજી ભક્તિ આપે છે;
ગંગાજી મુક્તિ આપે છે.
નર્મદાજી વૈરાગ્ય આપે છે.

મનમાં રહેલી પ્રેમની લાગણી સુધી પહોંચતું નથી, તે ભક્તિ ઉત્પન્ન કરતું નથી.

પ્રભુમાં સ્નેહ વધારવામાં ત્રણ વાનાં બાધક છે. (૧) પ્રભુ સિવાય બીજી વસ્તુમાં સ્નેહ (૨) ઘરમાં આસક્તિ (૩) પ્રભુ વિના કાળ નિર્વાહ. જ્યારે પહેલો દોષ દૂર થાય ત્યારે પ્રભુમાં પ્રેમ થાય છે. જ્યારે પહેલો અને બીજો દોષ દૂર થાય છે ત્યારે પ્રભુમાં આસક્તિ થાય છે. અને જ્યારે ત્રણે દોષો દૂર થાય છે ત્યારે પ્રભુમાં વ્યસન થાય છે.

આ ગ્રંથમાં પુષ્ટિભક્તિની વૃદ્ધિ માટે ત્યાગ, સેવા, શ્રવણ વગેરે અંગોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

જે ભક્તને ભગવત્સેવા અથવા ભગવત્કથામાં જીવનપર્યંત આસક્તિ રહે છે. તેના ભક્તિભાવનો ક્યારે પણ નાશ થતો નથી એવી શ્રી મહાપ્રભુજીની માન્યતા છે. માટે પુષ્ટિમાર્ગીય ભક્તે જીવન પર્યંત ભગવત્સેવા અને સેવાના અનવસરમાં ભગવત્કથામાં દ્રઢ આસક્તિ રાખવી તેથી ભક્તિનું ફળ પ્રાપ્ત થાય છે.

પ્ર-૯૬ ગ્રંથ-૧૨ જલભેદ ગ્રંથનો પરિચય

જ-૯૬ શ્રી વલ્લભના શ્રી અંગની ભાવનામાં આ ગ્રંથ આપશ્રીનો કંઠ છે. જેવી રીતે જળ મૂળ સ્વભાવે તો શીતલ, મીઠું, સ્વચ્છ અને ગુણવાળું છે, પરંતુ જેના આધારે તે રહે છે તેવા સ્વભાવવાળું બને છે, તેવી રીતે ભગવાનના ગુણો પણ આનંદરૂપ એક સમાન છે. પણ જે વક્તાઓમાં જે પ્રકારે પોતાના ગુણદોષ હોય છે તેના આધારે તેઓ ભગવદ્‌ગુણોનું ગાન કરે છે. તેથી ભગવાનના ગુણો વિવિધતાવાળા જણાય છે. જેમ જળના મુખ્ય ૨૦ ભેદ છે. તેમ આ વક્તાઓનાં ૨૦ ભેદ છે.

આ યુગમાં અનેક વક્તાઓ મળી આવે છે. તેમાંથી કોની પાસેથી ભગવદ્ ગુણાનુવાદનું શ્રવણ કરવું કે ન કરવું - તે સામાન્ય જીવ માટે અઘરું છે. તેથી ક્યારેક ફળરૂપી લાભ થવાને બદલે નુકશાન પણ થાય છે, માટે સારા અને યોગ્ય વક્તા પસંદ કરવામાં સરળતા થાય તે હેતુથી જ શ્રી મહાપ્રભુજી આ ગ્રંથમાં ૨૦ પ્રકારના જુદા જુદા વક્તાઓનાં લક્ષણોને તેમના ભાવને ૨૦ પ્રકારના જળ સાથે સરખાવે છે. માટે પુષ્ટિમાર્ગીય જીવે વક્તાની પસંદગીમાં ખૂબ કાળજી રાખવી.

શ્રીકૃષ્ણ કેવળ ભાવ વડે પ્રાપ્ત થાય છે. ભાવ એટલે સ્નેહ. આવા ભાવની વૃદ્ધિ માટે સત્વગુણ, રજોગુણ અને તમોગુણ નાશ પામવા જોઈએ. તેથી આ ત્રણે ગુણોની નિવૃત્તિ થાય અને આપણા સર્વ સંદેહ દૂર થાય એવા વીસ પ્રકારના ભાવોનું નિરૂપણ કરે છે.

વેદની તૈત્તિરીય શ્રુતિમાં જેટલા જળના ભેદ ગણાવ્યા છે. તેટલા જ ભેદ ભગવાનનું ગુણગાન કરનારા વક્તાઓના પણ છે.

૧. કૂવાનું જળ - ગંધર્વોને નામે પ્રસિદ્ધ છે. તે ગાયકો તેઓ કૂવાના જળ સમાન છે.
૨. નહેરનું જળ - ભૂમિ ઉપર વંશ પરંપરાથી પોતાના ગુરૂ પાસેથી ખરો અર્થ જાણી પુરાણ વાંચનારા પૌરાણિકોનો ભાવ નહેરના જલ જેવો છે.

લૌકિકમાંથી ચિત્ત છૂટી જઈ કેવળ પ્રભુમાં જ પરોવાયેલું રહે છે.
તેને આસક્તિ કહે છે તે ભક્તિનું બીજું પગથિયું છે.

૩. ખેતરનું જળ - આ પુરાણીઓ પૈકી જે વક્તાઓ પોતાના કુટુંબના ભરણપોષણ માટે કથા કરે છે. તેમનો ભાવ ખેતરમાં પ્રવેશ કરેલા જલ જેવા છે.

૪. ખાડાનું બંધિયાર અને ગંદુ જળ -કેટલાક ગાયકો વેશ્યા જેવી સ્ત્રીઓમાં આસક્ત હોય છે. તેઓ પ્રભુનું માહાત્મ્ય જાણીને ભાવથી નહિ પણ પોતાના ઉત્તમ સ્વર અને ગીત સંભળાવે છે. તેમનો ભાવ.

૫. વીરડાનું પાણી અથવા ખાળ કુંડીનું જળ - પ્રભુના ગુણગાન દ્વારા આજીવિકા ચલાવનાર નીચ વક્તાનો ભાવ વીરડાના ગંદા જલ જેવો છે. તે ડહોળાયેલું ગંદુ અને એંઠું હોય તેમ ગાયકના ભાવપણ દુષિત હોય છે.

૬. નદીના ધરાનું જળ - જે પંડિતો ભગવત્ શાસ્ત્રમાં તત્પર છે તેઓ નદીના ધરાના જળ જેવા છે. જળ બહુ ઉંડું, અને શુદ્ધ હોય છે. આવા પંડિતો પણ ઉત્તમ હોવાથી તેમની પાસેથી સાંભળેલ ભગવદ્ ગુણો સ્વરૂપ અને ફળથી ઉત્તમ હોય છે.

૭. વાવનું જળ - જે વક્તા ગંભીર મનવાળા અને શ્રોતાઓના બધા સંદેહ ટાળનાર છે તેઓ વાવના જળ જેવા છે.

૮. કમળથી સુશોભિત - સરોવરનું જળ-પ્રેમી પંડિતો આવા હોય છે. પ્રભુમાં પ્રીતિવાળા વિદ્વાનોનો ભાવ, શ્રોતાંઓમાં જ્ઞાન અને ભક્તિ વધારે છે.

૯. તળાવનું જળ - પંડિતો પ્રભુમાં પ્રેમવાળા હોય પણ શાસ્ત્રોનું જ્ઞાન ખૂબ ઓછું હોય તો તેમનો ભાવ નાનકડા તળાવ જેવો છે. તળાવના જળને મનુષ્યો-પશુ વગેરે ડહોળીને ગંદુ કરે તેમ શાસ્ત્રોનો અભ્યાસ ઓછો હોવાથી આવા પંડિતોને દુ:સંગ દોષ થાય છે, અને તેમનો સંગ કામનો નથી.

૧૦. નાના તળાવડાનું જળ - કર્મ માર્ગી વક્તા યજ્ઞયાગાદી જેવા સાધનોનું અભિમાન હોવાથી તેમનો ભાવ હલકો ઓછા જળવાળા નાનાતળાવ જેવો છે.

૧૧. વરસાદનું જળ - વરસાદ બધે જ પડે પણ અનાજ ખેતરમાં જ પકવે છે. તેમ યોગીનો ભાવ યોગ કરે ત્યારે યોગ્ય પાત્રને યોગ શીખવે તેને પોતાના જેવા કરી શકે છે.

૧૨. પરસેવાનં ગંધાતું જળ - ભક્તિ વિનાના કેવળ તપ અને જ્ઞાનના ભાવવાળા માત્ર દેહદમન કરનારા વકતાનો ભાવ ઉપયોગ વગરનો કલેશ કરનારો છે.

૧૩. ઝરાનું જળ પર્વત પરથી પડે તે ઝરો-વેદનું અલૌકિક જ્ઞાન ધરાવતા પ્રભુનો અનુભવ ક્યારેક શબ્દ દ્વારા શ્રી હરિના ગુણ ગાઈ વ્યક્ત કરે અને સંસારમાં બંધનોમાંથી આપણને મુક્ત કરે આવા વક્તા દુર્લભ ઝરાના જળ જેવા નિર્મળ, શીતલ અને મધુર હોય છે.

૧૪. ઝાકળનું જળ - દેવો વગેરેની ઉપાસના-પૂજા કરવાથી જેમનો ભાવ ઉત્પન્ન થયો છે. તેવા વક્તા ઝાકળના જળ જેવા કાંઈ કામના નથી તેમનાથી ભગવાનની પ્રાપ્તિ થતી નથી.

શ્રી વલ્લભાચાર્યજીને શ્રીમદ્ ભાગવતજી પ્રત્યે પરમ આસક્તિ અને આગ્રહ છે.

૧૫. ઝરણાનું જળ પર્વતમાંથી નીકળે તે - નવધા ભક્તિનું આચરણ કરી મનને શુદ્ધ કર્યું છે. ભગવાનના સ્મરણ રૂપ ધર્મ તેમનામાં પ્રકટ્યો છે. તે ઝરણા જેવા પવિત્ર અને નિર્મળ હોય છે.

૧૬. કુંડના બંધિયાર જળ જેવા - સાધન ભક્તિમાં પ્રેમવાળા પણ પ્રભુ પ્રેમમાં વધઘટ વિનાના.સ્થિર મર્યાદા ભાવવાળા કુંડના જળ જેવા છે. તેમના જ ભાવવાળા શ્રોતાઓ હોય છે તે તેમના જેવા જ ભાવવાળા બને છે.

૧૭. પ્રવાહવાળી નદીનું જળ - સત્સંગ અને દુ:સંગ તેમને ગુણદોષ લાગે છે અનેક જન્મોથી સિદ્ધિ મેળવવા પ્રયત્નશીલ છે પણ નદીનો પ્રવાહ વધે ઘટે તેમ પ્રભુ પ્રેમમાં વધઘટ થાય છે. તેમનો સંગ ઉત્તમ નથી.

૧૮. સમુદ્રને મળનારી મોટી નદી જેવા - ઉપર કહેલા (ફક્ત ૧૭ના વક્તા) જેવા ભાવવાળા ભક્ત જો સંગદોષની ઉપાધિથી મુક્ત સ્વતંત્ર હોય તો તેમનો ભાવ સમુદ્રને મળનારી મોટી નદી જેવો છે.

૧૯. સમુદ્રનું જળ - જગતમાં પૂર્ણ ભગવદીય તરીકે પ્રસિદ્ધ એવા શેષ, વ્યાસ, અગ્નિ (શ્રી વલ્લભ) હનુમાનજી, જડભરત, નારદ, મૈત્રેય, ઉદ્ધવજી વગેરે આદિ મહાનુભાવો સમુદ્રના જળ સમાન છે. આ બધા ભક્તિ વડે પૂર્ણ છે પણ પોતાના આત્માના આનંદ માટે જ ભગવાનની સેવા કરે છે. જેમ ચંદ્રના દર્શનથી સમુદ્રમાં ભરતી આવે છે. તેમ પ્રભુના દર્શનથી તેમના હૃદયમાં નવાનવા ભાવ જાગૃત થાય છે. સમુદ્રનું જળ અતિ ગંભીર અનેક રત્નોની ખાણ રૂપ કદી ખાલી ન થાય તેવું હોય છે. તેવી રીતે આવા ભગવદીઓના ભાવ પણ અતિ ગંભીર, રત્નો જેવા સુંદર અને અલૌકિક તથા સ્થિર હોય છે. માટે તેમનો સંગ ઉત્તમ ફળ રૂપ છે.

કેટલાક લોક, વેદ અને મિશ્રભાવ વડે હરિના ગુણનું વર્ણન કરે છે તે છ પ્રકારના સમુદ્ર જેવા છે. તેમ શ્રી મહાપ્રભુજી સમજાવે છે. (૧) ક્ષારસમુદ્ર (૨) દધિમંડ સમુદ્ર (૩) સુરોદક સમુદ્ર (૪) ક્ષીરોદક સમુદ્ર (૫) ધૃતોદક સમુદ્ર (૬) ઈક્ષુરસોદિક સમુદ્ર આ છ ભગવદીય વક્તાઓના પેટા પ્રકાર જલભેદ ગ્રંથમાં જોવા વિસ્તાર ભયથી આપેલ નથી. હવે આ બધા પૂર્ણ ભગવદીય વક્તાઓમાં પણ પૂર્ણત્તમ ઉત્તમ ભગવદીય વક્તા તરીકે શ્રી મહાપ્રભુજી અમૃત સમુદ્રસમ ભાવવાળા ગુણથી પર સતચિત્ત અને આનંદરૂપ એવા સર્વ ગુણ પ્રભુના છે. એવું જાણીને વર્તન કરનાર વિચક્ષણ પુરુષના ભાવ અમૃત બરોબર છે. તેમની વાણીનું પાન અત્યંત દુર્લભ છે. આવા મહાપુરુષોના વચનો કોઈ પણ કારણ વગર ફક્ત પ્રભુની કૃપા થવાની હોય છે તેના પ્રત્યે કવચિત્ કહેવાયા છે. આ વાક્ય અમૃતબિંદુ રૂપ છે. અંતઃકરણ ધરાઈ જાય તેટલું પીવામાં આવે તો વિશેષની ઈચ્છા ન રહે માટે જેટલું મળે છે તેને બિંદુ કહે છે. પ્રભુની કૃપાથી ભવિષ્યમાં ફળ મળવાનું છે તેથી આવા ભગવદીઓનો સંગ મળ્યો છે એમ માની તેમને છોડવા નહિ.

શ્રીમદ્ ભાગવતજીનું ભક્તના મુખારવિંદથી જ શ્રવણ કરવું જોઈએ.
તો જ ભક્તિ પ્રાપ્ત થાય છે.

૨૦. વરાળનું પાણી - ઉપર બતાવ્યા પ્રમાણે ઓગણીસ પ્રકારનાં વક્તાઓથી જુદા પ્રકારના વચન કહેનારાં જેમનું વર્ણન આ ગ્રંથમાં કરવામાં આવ્યું નથી તેવા બાકીના સર્વ વક્તાઓ વરાળના પાણી જેવા અથવા જળાશયમાંથી વાસણમાં પડેલા પાણી જેવા છે. તેનાથી ફળ પણ તેવું જ મળે છે.

(ભગવાનના ગુણો તો સમાન જ છે. પણ જુદા જુદા પ્રકારના વક્તાઓના ભાવથી પ્રભુના ગુણોમાં ભેદ જણાય છે.)

પ્ર-૯૭ ગ્રંથ-૧૩ પંચપધાનિ ગ્રંથનો પરિચય આપો.

જ-૯૭ ગ્રંથ-૧૩, છંદ-અનુષ્ટુપ

શ્રી મહાપ્રભુજીએ અગાઉના "જલભેદ" ગ્રંથમાં જેમ વક્તાઓના પ્રકાર તથા લક્ષણો બતાવ્યા તેમ હવે આ ગ્રંથમાં શ્રોતાઓના પ્રકાર તથા લક્ષણો બતાવે છે.

આપશ્રી બધા ભક્ત શ્રોતાઓને મુખ્ય બે પ્રકાર (વિભાગ)માં વહેંચે છે.

(૧) પુષ્ટિશ્રોતા (૨) મર્યાદા શ્રોતા.

પુષ્ટિમાર્ગીય શ્રોતા ઉત્તમ છે.

મર્યાદામાર્ગીય શ્રોતાના ત્રણ પેટા પ્રકાર છે.

(૧) ઉત્તમ (૨) મધ્યમ (૩) હીન.

આમ ચાર પ્રકારના શ્રોતાઓના લક્ષણ બતાવ્યાં છે. તેમાં સંગ કરવા પુષ્ટિમાર્ગીય શ્રોતા સૌથી ઉત્તમ છે. તે ન મળે તો મર્યાદા માર્ગીય ઉત્તમ શ્રોતાનો સંગ કરવો તેવી આજ્ઞા કરે છે.

પુષ્ટિમાર્ગીય શ્રોતા :- આવા શ્રોતાઓનું મન ભગવદ્ ભજન કરતાં તેના રસથી વિહ્વળ થઈ જાય છે. અથવા કથા શ્રવણ કરતાં ભજનાનંદથી ઉભરાય છે. આવા ભક્તો-નિર્વિષયી હોય છે. તેમને લૌકિક-વૈદિક કાર્યોમાં રસ પડતો નથી. તેઓ ભગવદ્-ગુણાનુવાદનું શ્રવણ કરવામાં અતિ ઉત્સાહવાળા હોય છે.

પુષ્ટિમાર્ગીય શ્રોતાઓના ત્રણ વિશેષણો આપ્યાં છે.

(૧) શ્રીકૃષ્ણનાં ભજનાનંદરૂપી રસમાં જેનું મન ચોંટી ગયું છે. તેથી કરીને ભગવદ્ ગુણગાનમાં પ્રીતિવાળાં છે. એવા શ્રોતા...

(૨) લોક અને વેદમાં આનંદ વગરના, એટલે લૌકિક ફળ અને વૈદિક ફળની કાંઈ ઇચ્છા નથી તેવા શ્રોતા.

(૩) શ્રવણમાં ઉત્સાહવાળાં, શ્રવણમાં જેનો ભાવ સદા સ્થાયી (કાયમ) રહે છે. તેવા શ્રોતા. તેઓ મુખ્ય શ્રોતા છે : જેનું મન કૃષ્ણરસમાં ચોંટી ગયું હોય તેવા ભક્તિવર્ધિની ગ્રંથમાં કહેવા પ્રમાણે આસક્તિ સુધી પહોંચ્યા હોય તેને લૌકિક અને વૈદિક વ્યવહાર બાધકરૂપ લાગે અને પ્રભુ પ્રત્યે વ્યસનદશાની શરૂઆત થઈ હોય તેઓ ભગવદ્ ગુણગાન, શ્રવણમાં ઉત્તમ મુખ્ય શ્રોતાજન છે.

જો શ્રવણ, મનન, નિંદિધ્યાસનપૂર્વક ભગવદ્સ્વરૂપ ભાગવતજીનું શ્રવણ કરવામાં આવે તો એક નહીં પણ કરોડો જન્મનાં પાતકો તત્કાળ નાશ પામે છે. એમ શ્રી વલ્લભાચાર્યજીએ પ્રમાણ સાથે આજ્ઞા આપેલી છે.

મર્યાદા માર્ગીય ઉત્તમ શ્રોતા :

દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, કર્મ અને મંત્ર આ છ બાબતોની શુદ્ધિ ઉપર વેદમાં ભાર મૂકવામાં આવ્યો છે. તેવી આ છ બાબતોની શુદ્ધિ દ્વારા શ્રવણ વગેરે ભક્તિ કરવામાં આવા ભક્તો અનન્ય મનવાળા હોય છે.તેમને મર્યાદા માર્ગીય શ્રોતાઓમાં ઉત્તમ કહ્યા છે. જો પુષ્ટિમાર્ગીય ઉત્તમ શ્રોતા ન મળે તો મર્યાદામાર્ગીય ઉત્તમ શ્રોતાઓનો સંગ કરવો જોઈએ એવું શ્રી મહાપ્રભુજીએ આ ગ્રંથમાં સમજાવ્યું છે. અન્યાશ્રય ક્યારેય ના કરવો જોઈએ.

પ્ર-૯૮ ગ્રંથ-૧૪ સંન્યાસ નિર્ણય ગ્રંથનો પરિચય આપો.

જ-૯૮ ગ્રંથ-૧૪ છંદ-અનુષ્ટુપ

શ્રીવલ્લભના શ્રી અંગની ભાવનામાં આ ગ્રંથ આપશ્રીના ભાલ સ્વરૂપે છે.

નરહરિ સંન્યાસી શ્રી મહાપ્રભુજીના સેવક હતા. એકવાર તેઓ હરતા ફરતા બદ્રિકાશ્રમ ગયા. ત્યાં શ્રી મહાપ્રભુજી પણ પધાર્યા હતા. ત્યાં નરહરિદાસે આપના દર્શન કરી વિનંતી કરી "મેં પહેલાં સંન્યાસ ગ્રહણ કર્યો હતો. પછી આપની કૃપાથી ભક્તિમાર્ગમાં આવ્યો. સંન્યાસનો પ્રકાર તો હું જાણું છું. પણ ભક્તિમાર્ગનો પ્રકાર હું જાણતો નથી માટે મને કૃપા કરીને કહો." ત્યારે શ્રી આચાર્યશ્રી કહે : "તને ભક્તિમાર્ગીય સંન્યાસનો પ્રકાર કહું છું." શ્રી મહાપ્રભુજીએ "સંન્યાસ નિર્ણય" ગ્રંથ રચી, નરહરિ સંન્યાસીને ભણાવી, તેનો ભાવ સમજાવ્યો.

એમ પણ કહેવાય છે કે શ્રી મહાપ્રભુજીએ વિચાર્યું કે પોતે વર્ણાશ્રમધર્મ પાળવા ભવિષ્યમાં સંન્યાસ ગ્રહણ કરશે ત્યારે પોતાને સંન્યાસ લેતા જોઈ પોતાના સેવકો તેમનું અનુકરણ ન કરે તે હેતુથી આ ગ્રંથ દ્વારા કર્મમાર્ગીય સંન્યાસ કરતાં ભક્તિમાર્ગીય સંન્યાસની ઉત્તમતા સિદ્ધ કરી બતાવી.

ભક્તિમાર્ગમાં સાધન દશામાં શ્રવણાદિ ભક્તિની સિદ્ધિ માટે સંન્યાસ સુખ આપનારો નથી. પરંતુ વિરહાનુભવ માટે તે કર્તવ્ય છે. આવા સંન્યાસના બે લક્ષણો છે.

(૧) વિકલતા (૨) અસ્વસ્થતા.

મર્યાદા ભક્તિમાં તેના ગુરુ કૌણ્ડિન્ય ઋષિને તથા પુષ્ટિભક્તિમાં તેના ગુરુ શ્રી ગોપીજનોને કહ્યા છે.

સંન્યાસ-પરિત્યાગનો વિચાર જીંદગી એળે જવા સંબંધી પશ્ચાત્તાપની શાંતિ માટે દુઃસંગનો ત્યાગ થવા માટે કરાય છે.

કર્મ માર્ગમાં જીંદગી સુધી કર્મ કરવા આજ્ઞા છે. માટે તે માર્ગમાં સંન્યાસ કરવો સંભવતો જ નથી.

જ્ઞાન માર્ગમાં બે રીતે સંન્યાસ થઈ શકે છે. (૧) જ્ઞાન મેળવવા માટે ઘરનો ત્યાગ (૨) જ્ઞાન થયા પછી ઘરનો ત્યાગ પરંતુ તેનું ફળ સેંકડો જન્મ પછી જ મળે છે. જ્ઞાન પ્રાપ્ત થયા પછી

જે બહુ ભોગ ભોગવે છે તેને વૃધ્ધાવસ્થા જલ્દી વળગે છે.

પણ યજ્ઞાદિ સાધન કરવાં જોઈએ એવી શાસ્ત્રની આજ્ઞા છે, જ્ઞાન મેળવવા માટે કોઈનો સંગ તો કરવો જ પડે જ્યારે સંન્યાસ ધર્મમાં સંગત્યાજ્ય છે. ખરું જ્ઞાન હોય અને બધી રીતે બરાબર વર્તાય તો કેટલેક જન્મે સત્યલોક સુધી સ્થિતિ થાય છે.તેથી આગળ અક્ષરબ્રહ્મ કે પુરુષોત્તમ પ્રાપ્તિ થતી નથી. આ કલિકાળમાં તો તે સંન્યાસમાં અનેક વિઘ્નો આવવાથી ચાલુ સ્થિતિમાંથી પણ નીચો પડે છે.

પુષ્ટિમાર્ગમાં સંન્યાસ લેવાની જરૂર નથી જે જરૂર છે તે ગોપીજનો જેવા ભાવ અને ઉત્કટ પ્રેમની ઉંચી વિરહ-અવસ્થાની જરૂર છે.

કલિયુગમાં આચરવો મુશ્કેલ એવો સંન્યાસ ભૂલથી સ્વીકારી લીધા પછી તે ન બની શકે ત્યારે પસ્તાવો થાય આવી ભૂલ ન થાય અને પશ્ચાત્તાપ ન કરવો પડે માટે સંન્યાસનો વિચાર કરવામાં આવે છે.

પ્રભુ દર્શન માટે વિરહ આવશ્યક છે. આવા વિરહ માટે ભક્તિમાર્ગીય સંન્યાસ આવશ્યક છે. તેના સ્વરૂપનું નિરૂપણ આ ગ્રંથમાં કર્યું છે.

અંતરમાં રહેલ આત્મા બહાર પ્રકટ થઈ જ્યારે અંદર પ્રવેશ કરે છે. ત્યારે સકળ બંધ નાશ પામે છે, બીજે પ્રકારે નાશ પામતા નથી. માટે ભક્તિમાર્ગની, રીતે તે પ્રમાણે સંન્યાસ થઈ શકે છે. તે સંન્યાસના દ્રષ્ટાંત ગોપીજન છે.

શ્રવણાદિની પ્રવૃત્તિને માટે અથવા ગૃહાદિના બાધથી સાધનને માટે આ ભક્તિમાર્ગીય સંન્યાસ થઈ શકે તેમ નથી. પણ ફક્ત વિરહ અનુભવવાને અર્થે જ થઈ શકે છે.

આ સંન્યાસમાં **બાહ્ય**ચિન્હની ખાસ જરૂર નથી પણ તેના લક્ષણ અસ્વસ્થપણું અને વિકળપણું છે. અક્ષરબ્રહ્મની અપેક્ષાએ કૌડિન્યઋષિની જેમ અને પુરુષોત્તમની પ્રાપ્તિ માટે શ્રી ગોપીજનની માફક સંન્યાસ કર્તવ્ય છે.

શ્રી આચાર્યચરણ આજ્ઞા કરે છે કે, ભક્તિમાર્ગીય સંન્યાસ લેનારને ભગવાન પણ બાધા કરવાને શક્તિમાન નથી. (તો પછી દેશ, કાલ વગેરે સાધનો તો ક્યાંથી બાધા કરી શકે ?) સંન્યાસનિર્ણયમાં એ બતાવ્યું કે ભક્તિવર્ધિનીમાં ત્યાગનું જે વિધાન કરવામાં આવ્યું છે તેના માટે યોગ્ય સમય ક્યો હોય.

પ્ર-૯૯ ગ્રંથ-૧૫ નિરોધ લક્ષણમ્ ગ્રંથનો પરિચય આપો .

જ-૯૯ ગ્રંથ-૧૫ છંદ- અનુષ્ટુપ્

આપશ્રીના શ્રી અંગની ભાવનામાં આ ગ્રંથ આપશ્રીના મસ્તક સ્વરૂપ છે. પાટણની પાસે આવેલું મણુંદ નામનું નાનકડું ગામ. ત્યાં સાચોરા બ્રાહ્મણ બે ભાઈ રહે. મોટા ભાઈનું નામ રાજાદુબે અને નાનાનું નામ માધોદુબે. દ્વારિકામાં શ્રી મહાપ્રભુજીના દર્શન કરી. બંને ભાઈ તેમના શરણે આવ્યાં. શ્રી મહાપ્રભુજીએ તેમને આજ્ઞા કરી : "બધી જગ્યાએથી મન છોડીને, નિરોધ કરી ભગવદ્સેવા કરજો. " ત્યારે તે ભાઈઓએ વિનંતી કરી : મહારાજ, નિરોધનું સ્વરૂપ શું છે ? ત્યારે આપશ્રીએ નિરોધનું સ્વરૂપ સમજાવ્યું. જે સમજવાથી બંનેને નિરોધ

સંન્યાસ લેવો તો માત્ર ભગવાનના વિરહનો અનુભવ કરવા માટે જ લેવો.

દશા શું છે તેનો ખ્યાલ આવ્યો. તેઓએ આપશ્રીને ફરીથી વિનંતી કરી, "મહારાજ અમને તો નિરોધ દશા થવી દુર્લભ છે. આપ નિરોધનું દાન કરો તોજ અમને તે દશા પ્રાપ્ત થાય, કારણ કે અમારામાં તો કશું જ સામર્થ્ય છે નહિં."

ત્યારે આપશ્રીએ કૃપા કરી શ્રીમદ્ ભાગવતનો દશમ સ્કંધ જે નિરોધ લીલા કહેવાય છે તેના સારરૂપ "નિરોધ લક્ષણમ્" ગ્રંથ રચી. બંને ભાઈઓને તેનો પાઠ કરાવ્યો, ત્યારે તત્કાલ બંને ભાઈઓનું મન અલૌકિક થઈ ગયું અને લીલારસનો અનુભવ થયો.

આ ગ્રઁથમાં નિરોધની પ્રથમ, મધ્યમ, અને ઉત્તમ દશા તેનાં સાધન તથા ફળનું નિરૂપણ કર્યું છે.

(૧) પ્રથમ દશા- પ્રભુના વિયોગથી હૃદયમાં થતા તાપથી દુઃખ થાય તેવી ઈચ્છા કરવી. તેનું સાધન-ભગવદ્ ગુણગાન. તેનું ફળ સંસારની વિસ્મૃતિ અને પ્રભુમાં સ્નેહની વૃદ્ધિ.

(૨) મધ્યમ દશા- અંતઃકરણના દોષો અને સંસારની આસક્તિ નાશ પામે- પ્રભુ દર્શનના સુખની ઈચ્છા થાય. તેનું સાધન ભગવદ્ગુણગાન. તેનું ફળ-હૃદયમાં બિરાજતા પ્રભુ કૃપા કરી બહાર પ્રકટ થાય અને દર્શન આપે છે. (પ્રભુ પ્રાપ્તિ માટે અતિશય વિરહી ઉપર જ આ જાતની કૃપા થાય છે.)

(૩) ઉત્તમ દશા- ફળરૂપ વિરહ દશા પ્રાપ્ત થાય. તેનું સાધન કેવળ પ્રભુકૃપા અને ભગવદ્ ગુણગાન. તેનું ફળ રસાનંદનું દાન આ નિરોધ જ સર્વથી શ્રેષ્ઠ છે. તેની બરોબરી બીજું કોઈ કરી શકે તેમ નથી.

ચિત્ત-વૃત્તિનો પ્રપંચમાંથી નિગ્રહ થઈને તે ચિત્ત વૃત્તિ પ્રભુ તરફ લાગવી તેનું નામ નિરોધ. નિરોધ પ્રાપ્તિનું મુખ્ય દ્વાર છે ગુણગાન. તે મહત કૃપામાંથી અંકુરિત થાય છે.

નિરોધ એટલે પ્રપંચમાં રહીને પ્રપંચ ભૂલવો, નહીં કે પ્રપંચમાંથી બહાર નીકળી પ્રપંચ ભૂલવો. તેની વિસ્મૃતિ તો મરણ છે. પ્રપંચમાં રહી પ્રપંચમાં લપટાઈ ન જવું જલકમલવત્ રહેવું અને ભગવદ્પરાયણ રહેવું તેનું નામ નિરોધ.

નિરોધથી બીજો મોટો મંત્ર નથી, કે કોઈ મોટું તીર્થ નથી. કોઈ સ્તોત્ર નથી, તેથી ઉત્તમ બીજી કોઈ વિદ્યા નથી. નિરોધ જ **સર્વોપરી** છે. માટે શ્રી વલ્લભાચાર્યજી આ ગ્રંથમાં આજ્ઞા કરે છે કે, "ઈન્દ્રીયો પર કાબુ મેળવીને હું (શ્રી વલ્લભ) ભગવદાસક્ત થયો છું. તેથી નિરોધને પામ્યો છું. આથી સંસારમાં રચ્યા પચ્યા રહેતા ભક્તોને ભગવદ્ આસક્તિ રૂપ નિરોધ થાય તે માટે હું નિરોધનું વર્ણન કરૂં છું."

ભગવદધર્મના સામર્થ્યથી વિષયોમાં વૈરાગ્ય સ્થિર થાય છે. પ્રભુનું ગુણગાન કરવાથી પ્રભુના આનંદનો સ્પર્શ થાય છે. તેથી ક્યારેય દુઃખ જણાતું નથી. માટે ઈર્ષ્યા અને લોભનો ત્યાગ કરીને સર્વદા પ્રભુનું ગુણગાન કરવું. તેથી સત, ચિત્ત, આનંદપણું (પ્રકટ) થાય છે.

જે જીવોને શ્રી હરિએ છોડી દીધા છે તેઓ નિરંતર ભવસાગરમાં મગ્ન આસક્ત છે. અને જે નિરોધ પામેલા જીવો છે તે નિરંતર ભાગવત વિષયમાં મગ્ન રહેલાં છે.

સેવા એટલે શ્રીકૃષ્ણ ભગવાનમાં ચિત્ત પરોવવું તે.
એકાગ્ર મનથી શ્રીકૃષ્ણનું સ્મરણ કરવું તેનું નામ સેવા.

બધી ઈન્દ્રિયો પ્રભુમાં શી રીતે લાગે તેના ઉપાય માટે ધ્યાનથી મન પ્રભુમાં લાગે, દર્શનથી આંખ, સ્પર્શથી ત્વચા, અને પ્રસાદી વસ્તુના ગંધના સ્પર્શથી નાક, કૃતિથી હાથ ગતિથી પગ, શ્રવણથી કાન, કીર્તનથી મુખ તથા જીભ, સાક્ષાત્ સ્વરૂપની સાથે તે ઈન્દ્રિયોનો પ્રભુની સેવામાં સ્પષ્ટ વિનિયોગ થાય છે. એવી ભાવના રાખવી. પેટ, મસ્તક, છાતી વગેરે બીજા અવયવો પ્રભુ પરાયણ ઈન્દ્રિયોને મદદકર્તા થાય છે. તથા દંડવતાદિ દ્વારા પ્રભુ સેવામાં ઉપયોગી થાય છે. એ ભાવના કરવી.

નિરોધદશા સ્વબળથી પ્રાપ્ત થતી નથી. મહાન ભગવદીઓની કૃપાથી જ થાય છે. માટે નિરોધ દશાની પ્રાપ્તિ માટેના અધિકારીઓએ ભગવદીઓનો સંગ કરી તેમની પાસેથી શ્રવણ કરી ગુણગાન કરવું.

જે ઈન્દ્રિયનું ભગવત્ સંબંધી કાર્ય સ્પષ્ટ રીતે જ જણાય ત્યારે તેનો નિગ્રહ વિશેષ કરવો. તેના ઉપર વિશેષ સંયમ રાખવો બળાત્કારે પણ નિગ્રહ કરવો. નિરોધ દશા ટકી રહે તે માટે ઓછું બોલવું. અંતઃકરણની મમતા સંસારમાંથી છુટી પ્રભુમાં લાગે તે ઉપાય કરવા. આસક્તિ વાળા પદાર્થના ત્યાગથી, વિયોગથી ઘણો ક્લેશ થાય છે, અને તેથી નિરોધ થતો નથી.

પ્ર-૧૦૦ ગ્રંથ-૧૬ સેવા ફલમ્ તથા સેવા ફલ વિવરણનો પરિચય આપો ?

જ-૧૦૦ ગ્રંથ-૧૬, છંદ-અનુષ્ટુપ

શ્રી મહાપ્રભુજીના સેવક વિષ્ણુદાસ છિપા. આગ્રા નજીકના એક ગામના રહેવાસી. તેઓ શ્રી મહાપ્રભુજીના શરણે આવ્યા.. તેમણે શ્રી મહાપ્રભુજીને વિનંતી કરી : "મહારાજ, હું મુર્ખ છું તેથી મારા ઉપર એવી કૃપા કરો જેથી શ્રી ભાગવત આદિ આપના ગ્રંથોનું જ્ઞાન થાય. આપના માર્ગનો સિદ્ધાંત જાણ્યો જાય." ત્યારે શ્રી મહાપ્રભુજી એ 'સેવાફલ' ગ્રંથ રચી વિષ્ણુદાસને સંભળાવ્યો. તે સાંભળી વિષ્ણુદાસે કહ્યું : "મહારાજ 'સેવાફલ' ગ્રંથના સાંભળવાથી બધાં શાસ્ત્ર-પુરાણનું જ્ઞાન થયું, પરંતુ સેવાફલ ગ્રંથનો અભિપ્રાય સમજવામાં ન આવ્યો." ત્યારે શ્રી મહાપ્રભુજીએ કહ્યું : "સેવાફલ ગ્રંથ ઘણો જ કઠણ છે. સારું કર્યું તે પૂછ્યું પછી આપશ્રીએ "સેવાફલ"ની ટીકા (સેવા-ફલ-વિવરણમ્) કહી સંભળાવી. ત્યારે વિષ્ણુદાસને માર્ગનો સમગ્ર સિદ્ધાંત હૃદયારૂઢ થયો. આપશ્રીના શ્રી અંગની ભાવનામાં આ ગ્રંથ આપશ્રીનું ડાબું અંગ છે.

આ ગ્રંથમાં શ્રી મહાપ્રભુજીએ ત્રણ પ્રકારના જીવો-પુષ્ટિ પુષ્ટિ, પુષ્ટિ મર્યાદા અને પુષ્ટિ પ્રવાહીના અધિકાર ભેદના કારણે ત્રણ પ્રકારની સેવા અને તેના ત્રણ પ્રકારના પ્રતિબંધ તથા ત્રણ પ્રકારના ફળનું નિરૂપણ કર્યું છે.

પુષ્ટિ પુષ્ટિ સેવાનું ફળ અલૌકિક સામર્થ્ય છે. પુષ્ટિમર્યાદા સેવાનું ફળ શ્રી પુરુષોત્તમમાં સાયુજ્ય (મોક્ષ) છે. પુષ્ટિ પ્રવાહી સેવાનું ફળ ગૌલોક ધામમાં પ્રાપ્તિ અથવા સેવાપયોગી દેહની પ્રાપ્તિ છે.

આ ફળ મળવામાં ત્રણ પ્રતિબંધ (વિઘ્ન) આવે છે (૧) ઉદ્વેગ (ચિંતા) (૨) પ્રતિબંધ (જીવકૃત અને ભગવત્ કૃત) (૩) લૌકિક ભોગ.

વૈષ્ણવે બધેથી મનને ખેંચી લઈ, નિરોધ કરી ભગવદ્ સેવા કરવી જોઈએ.

પ્રભુ વગર પ્રાણ તરફડે તેનું નામ વ્યસન, ભક્તિનું એ ત્રીજું અને છેલ્લું પગથિયું છે.

પ્રતિબંધ દૂર કરવાના ઉપાય : (૧) ભગવદ્ ચિંતનથી ચિંતા દૂર થાય છે. (૨) જીવકૃત પ્રતિબંધ બુદ્ધિ વડે દૂર થાય છે. (૩) ભગવતકૃત પ્રતિબંધનો કોઈ ઉપાય નથી. (૪) લૌકિક ભોગ મન વડે દૂર થાય અથવા ઘર વગેરેનો ભગવદ્સેવામાં વિનિયોગ કરવાથી દૂર થાય છે.

સિદ્ધાંત મુક્તાવલીમાં માનસી સેવાની વ્યાખ્યા આપી છે કે ચિત્ત પ્રભુમાં પરોવાઈ જાય તેનું નામ માનસી સેવા.

માનસી સેવા સિદ્ધ થાય ત્યારે (૧) અલૌકિક સામર્થ્ય (૨) સાયુજ્ય (૩) વૈકુંઠાદિમાં સેવાપયોગી દેહ એ ત્રણ ઉપર બતાવેલ ફળ પ્રાપ્ત થાય છે.

આ ફળ મળવામાં ઉદ્વેગ પ્રતિબંધ (જીવકૃત અને પ્રભુકૃત) બે જાતના અને લૌક્કિ ભોગ એ ત્રણ બાધક છે.

ઉદ્વેગ : નવરત્ન અને અંતઃકરણ પ્રબોધ ગ્રંથમાં આજ્ઞા કર્યા મુજબ ચિંતાનો ત્યાગ કરવો.

લૌકિક ભોગ : લૌકિકમાં વૈરાગ્ય વડે ત્યાગ કરવો. તેથી વૈરાગ્ય પ્રભુ સેવામાં મન વધારે લગાડવાથી અને ઈન્દ્રિયનિગ્રહ રાખવાથી થાય છે.

ભગવત્કૃત પ્રતિબંધનો કશો જ ઉપાય નથી પણ બને તો શુદ્ધાદ્વૈત સિદ્ધાંત અનુસાર તત્ત્વજ્ઞાન મેળવવાથી છેવટે અક્ષરપ્રાપ્તિ સુધી પહોંચી જાય છે.

અલૌકિક ભોગ : એ તો સેવાના મુખ્ય ફળ રૂપ છે. પ્રતિબંધરૂપ નથી.

સેવાફળ ગ્રંથ તદિયો એટલે જેના અંતઃકરણમાં સાધનનું બળ નથી પણ પ્રભુકૃપાનું જ બળ છે. તેવા અંતઃકરણવાળા મિશ્ર પુષ્ટિ જીવો માટે જ છે. શુદ્ધ પુષ્ટિમાં પ્રવેશ થયેલા ભક્તોને કશું થતું નથી.

પ્ર-૧૦૧ ગ્રંથ-૧૭ પંચ શ્લોકી ગ્રંથનો પરિચય.

જ-૧૦૧ શ્રી મહાપ્રભુજીએ જ રચેલો હોવા છતાં આ ગ્રંથનો સમાવેશ ષોડશ ગ્રંથમાં કરવામાં આવેલો નથી. પરંતુ તેનો ભાવાર્થ વિચારતાં એમ જણાય છે કે જાણે ષોડશ ગ્રંથમાં નિરૂપેલા સ્વમાર્ગના સર્વ સિદ્ધાંતો ટૂંક સારરૂપે આ નાનકડા ગ્રંથના પાંચ શ્લોકોમાં આપી ન દીધા હોય !

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવના આચાર-વિચાર, સેવા સત્સંગ કેવાં હોય તે ખૂબ સુંદર રીતે બતાવી પ્રભુની શરણાગતિ માટે ના છ માર્ગો પણ બતાવ્યા છે. વૈષ્ણવ તરીકે આપણું કર્તવ્ય છે કે આ આજ્ઞાઓનું યથાશક્ય પાલન કરવું.

(૧) આપણે પ્રભુમાં સર્વાત્મભાવ રાખવો જોઈએ. પ્રભુમાં આપણા સર્વાત્મભાવને ટકાવી રાખવા ઘરનો ત્યાગ કરવો જોઈએ. પરંતુ ઘરનો ત્યાગ કરવાનું જો શક્ય આપણા માટે ન હોય તો તે ઘરનો શ્રીકૃષ્ણ પ્રભુની સેવા કરવામાં ઉપયોગ કરવો જોઈએ.

(૨) બીજાઓના સંગથી દુઃસંગ જન્મે છે અને તે આપણા સર્વાત્મભાવનો નાશ કરે છે. માટે પ્રભુમાં જ સર્વાત્મભાવ રાખી એકાંત (એક-કાન્ત) સેવન કરવું. આમ કરવું શક્ય ન

જીવ પરમાત્માનો અંશ છે. તેથી પરમાત્માની સેવા કરવી એ જીવનો ધર્મ છે.

હોય તો ઉત્તમ એવા ભગવદ્ ભક્તોનો સત્સંગ કરવો. કારણ કે ભગવદ્ભક્તોનો સંગ દુ:સંગની ઉત્તમ દવા છે. તે આપણને દુ:સંગમાં ફસાતાં બચાવે છે.

(૩) જો સ્ત્રી-પુત્ર વગેરે કુટુંબીજનો પ્રભુની સેવામાં-અનુકૂળ ન હોય તો જાતે જ સેવાનાં બધાં કાર્યો કરવા પરંતુ જો કુટુંબીજનો પ્રતિકુળ હોય. સેવામાં અંતરાયરૂપ હોય તો જ અવશ્ય ઘરનો ત્યાગ કરવો.

(૪) જેઓ શ્રીકૃષ્ણથી બહિર્મુખ હોય અને જેમના સંગથી આપણે પણ બહિર્મુખ થઈએ તેવાઓનો ત્યાગ કરવામાં કોઈ દોષ નથી. પ્રભુસેવાનો વિરોધ કરે તેમનો અવશ્ય ત્યાગ કરવો.

(૫) પ્રભુ મારા સ્વામી છે. તેને જેમ સારું લાગશે તેમ વિચારી અવશ્ય મારું ભલું જ કરશે તેવો આપણે દઢ વિશ્વાસ રાખવો. આત્મનિવેદન કરવું. આપણા આચાર-વિચારમાં પૂર્ણ દીનતા રાખવી અને આમ છ પ્રકારની શરણાગતિ સ્વીકારી પ્રભુનું જ દઢ શરણ રાખવું.

પ્ર-૧૦૨ ભગવત્કૃપા શ્રી સુબોધિનીજીમાં કેવી રીતે સમજાવેલ છે ?

જ-૧૦૨ ભગવાનની કૃપા સર્વ ધર્મોમાં ત્થા ધર્મી કરતાં વધારે બલ વાળી છે. ભક્તકૃપાલુને સારી રીતે નમન કરવાથી જ તેમની કૃપા પ્રાપ્ત થાય છે. ભગવાને પોતાની કૃપા શરણે આવેલાને જ આપી છે. પોતાનામાં દોષ જોનાર ભગવદીય ઉપર ભગવાન કૃપા કરે છે. પોતાના દોષોનું જ્ઞાન ભગવત્કૃપાથી જ થાય છે, પોતાની મેળે થતું નથી. ભગવાનનું જ્ઞાન કહેવામાં આવે તો પણ ભગવાનની કૃપા વિના થતું નથી. પોતાના કૃપાપાત્રને ભગવાન પોતે જ બોલાવી પ્રવૃત્તિ કરાવે છે.

'कृपा भई तब जानिये जब दिखे अपना दोष ।'

પ્ર-૧૦૩ વેદનો આછો પરિચય.

જ-૧૦૩ જ્ઞાનનો ભંડાર એ વેદ છે. વેદથી અત્યારે તો આપણે મંત્ર સંહિતા એટલું જ સમજીએ છીયે અને એનો એ અર્થ અત્યારે પ્રસિદ્ધ છે. પરંતુ વેદનો વ્યાપક અર્થ 'મંત્ર અને બ્રાહ્મણ ગ્રંથો એ વેદ' એ પ્રમાણે છે.

શ્રી વલ્લભાચાર્યજી અન્યત્ર વેદ અને વેદાન્ત એવો ભેદ પણ પાડે છે. વેદથી પૂર્વકાંડ એટલે કર્મકાંડ અને વેદાન્તથી ઉત્તરકાંડ એટલે જ્ઞાનકાંડ એ પ્રમાણે સમજવાનું છે. અને વેદાન્ત - જ્ઞાનકાંડ એટલે ઉપનિષદો તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ ઉપનિષદો જ મુખ્ય છે.

પરમાત્માતત્ત્વના નિ:શ્વાસ એજ વેદ અનાદિ સિદ્ધ છે. નિરપેક્ષ ભગવાનના નિ:શ્વાસરૂપ વેદો જ પ્રમાણ છે. શ્રી વલ્લભાચાર્યજી તો વેદના અક્ષરે અક્ષરને સત્ય માને છે.

વેદના બે સ્વરૂપ છે. એક તો અક્ષર રાશિસ્વરૂપ અને બીજુ પ્રતિપાદ્ય અર્થ સ્વરૂપ - વેદનો અર્થ કર્મ અને જ્ઞાન સિદ્ધ જ છે.

વૈષ્ણવની કૃપાથી ગુરુની કૃપા થાય, ગુરૂ પ્રસન્ન થાય પછી કોઈ વસ્તુની ન્યૂનતા (કમી) રહેતી નથી. તેથી વૈષ્ણવનો હરહંમેશ સંગ કરવો.

શ્રી વલ્લભાચાર્યજી સ્પષ્ટ માને છે કે વેદમાં કહેલા બધાય પદાર્થ પ્રભુના અવયવરૂપ છે. અને તેથી એ આધિદૈવિક જ છે.

વેદમાં જે જે પદાર્થોનું વર્ણન છે તે નિત્ય ભગવત્સ્વરૂપ છે. શ્રી વલ્લભાચાર્યજી વેદને ઉચ્ચ સ્થાન આપે છે. અને વેદના ત્રણ સ્વરૂપો પણ માને છે. શબ્દ રાશિ એ એનું આધિભૌતિક સ્વરૂપ છે. અર્થરાશિ એનું આધ્યાત્મિકસ્વરૂપ છે. અને ત્રીજું આધિદૈવિક સન્મનુષ્યાકૃતિ સ્વરૂપ પણ વેદનું છે. કારણ કે પરિક્ષિત રાજા પાસે આવેલા સર્વે ઋષિઓને સ્વર્ગમાં નિવાસ કરતા દેહધારી વેદ જેવા વર્ણવ્યા છે.

ભગવાનનું પીતાંબર વેદરૂપ છે. ભગવાન આધિદૈવિક રૂપ ઉપર પીતાંબર ધારણ કરે ત્યારે જ અહીં વેદનો પ્રચાર થાય છે. પીતાંબર ઉપર શોભતી સુવર્ણમાલા (કાંચી) ઉપનિષદોના અર્થરૂપ છે. ૩-૧૫-૮૦

યજ્ઞમાં ઉપયોગી વેદોનો હયગ્રીવે ઉદ્ધાર કર્યો અને સર્વને ઉપયોગી વેદોનો મત્સ્યે ઉદ્ધાર કર્યો હતો. ૨-૭-૧૨.

વેદની શાખાઓ છે. ભગવાનની એક મૂર્તિના સ્વરૂપનું પ્રતિપાદન કરનાર વેદની શ્રુતિઓનો સમૂહ તે શાખા.

સર્વ કોઈ ભગવાનનું ભજન કરે તે માટે ભગવાને પોતે હૃદયમાં રહીને તેમને પરાયણ રહેનાર ભક્તો કૃતાર્થ થશે એમ જણાવવા વેદો રચ્યા છે.

જેમ રોગનો અધિકાર હોય ત્યાં આયુર્વેદ ઉપાય છે તેમ સંસારનો અધિકાર હોય ત્યાં વેદ ઉપાય છે. તેથી વૈદિક કર્મોથી સ્વાભાવિક કર્મો દૂર થાય છે.

જેમ જેમ પાપ અધિક હોય તેમ તેમ વેદથી વિરુધ્ધ માર્ગમાં રુચિ થાય છે, પણ ધર્મ પુષ્ટ થાય ત્યારે વેદ વિરુધ્ધ માર્ગમાં રુચિ થતી જ નથી.

વેદો ભગવાનનાં વાક્ય હોવાથી જ પ્રમાણ છે. ભગવાન અનન્ત છે. તેમણે જુદા જુદા પુરુષોના અનન્ત અધિકાર પ્રમાણે બહુ રીતે શાસ્ત્રાર્થ કહેલ છે. ભક્તોને પણ જુદો જુદો કહેલ છે. -૩-૨૨-૨૦.

બુધ્ધાવતારે પરીક્ષા માટે જ વેદની નિંદા કરેલી છે. ૧૧-૪-૨૨

વેદથી ભગવાનનું જ્ઞાન થાય છે, પણ ભક્તિથી જ ભગવાન વશ થાય છે, અને ભગવાનનું યથાર્થ જ્ઞાન થાય છે.

મનુસ્મૃતિમાં કહ્યું છે કે શ્રુતિ એટલે વેદ. વેદએ કોઈ પુરુષે રચેલ નથી, પરન્તુ પરમાત્માએ બ્રહ્માજીને ઉત્પન્ન કરી એમને શીખવેલ છે એટલે વેદએ નિત્યસિધ્ધ ગ્રંથ છે. પુરાણપણ વેદસમ છે. પુરાણ જાણ્યા વગર વેદનો બરોબર અર્થ થઈ શક્તો નથી.

વેદનું તાત્પર્ય ભોગમાં નથી, ત્યાગમાં છે.

લૌકિકમાંથી ચિત્ત છૂટી જઈ કેવળ પ્રભુમાં જ પરોવાયેલું રહે છે.

તેને આસક્તિ કહે છે તે ભક્તિનું બીજું પગથિયું છે.

શ્રીનાથજી બાવા



પ્ર-૧૦૪ પ્રભુનું નિજ સ્વરૂપ અને શ્રીમદ્ ભાગવત એક જ છે અથવા શ્રીનાથજી બાવાના બાર શ્રી અંગ સાથે શ્રીમદ્ ભાગવતના બાર સ્કંધની સરખામણી.

	શ્રી અંગનું નામ	સ્કન્ધ	લીલા	સર્ગાદિ દશલીલાની વ્યાખ્યા
૧	શ્રીદક્ષિણચરણારવિન્દ (જમણું)	પ્રથમ સ્કન્ધ	અધિકારલીલા	દશલીલામાં ઉપયોગી
૨	શ્રીવામચરણારવિન્દ	દ્વિતીય સ્કન્ધ	જ્ઞાનલીલા	દશે લીલામાં ઉપયોગી
૩	શ્રીદક્ષિણબાહુ	તૃતીય સ્કન્ધ	સર્ગલીલા (૧)	બ્રહ્મની પાસેથી સત્વાદિગુણના વૈષમ્યા વડે પંચ મહાભૂત, તન્માત્રા, ઈન્દ્રિયો અને અંતઃકરણની ઉત્પત્તિનો પ્રકાર સર્ગ શબ્દવાચ્ય છે.
૪	શ્રીવામબાહુ	ચતુર્થ સ્કન્ધ	વિસર્ગલીલા (૨)	બ્રહ્માજી પાસેથી ચરાચરની ઉત્પત્તિ વિસર્ગ કહેવાય છે.
૫	શ્રીદક્ષિણ સાથળ	પંચમ સ્કન્ધ	સ્થાનલીલા (૩)	ભગવાનનો વિજય - સર્જેલાપદાર્થોનું મર્યાદાપૂર્વક પાલન જ ઉત્કર્ષ છે. આને સ્થાનલીલા કહે છે.
૬	શ્રીવામ સાથળ	ષષ્ઠ સ્કન્ધ	પોષણલીલા (૪)	નિજ ભક્તો ઉપર પ્રભુનો અનુગ્રહ પોષણ કે પુષ્ટિ છે.
૭	શ્રી દક્ષિણ (કટિસ્થ) શ્રીહસ્ત	સપ્તમ સ્કન્ધ	ઉતિલીલા (૫)	કર્મ વડે વૃધ્ધિ પામે તે કર્મ વાસના ઉતિલીલા કહેવાય છે.
૮	શ્રી દક્ષિણ સ્તન	અષ્ટમ સ્કન્ધ	મન્વન્તર લીલા (૬)	ભગવાનુગૃહીત મન્વન્તરાધિપતિઓનો ધર્મ તે મન્વન્તર લીલા.
૯	શ્રી વામ સ્તન	નવમ સ્કન્ધ	ઈસાનુકથાલીલા (૭)	અવતારોનું ચરિત્ર અને ભગવાનને અનુસરનારા રાજાઓનું ચરિત્ર ઈસાનુકથા કહેવાય.
૧૦	શ્રી હૃદય	દશમ સ્કન્ધ	નિરોધલીલા (૮)	પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ નિરોધ છે.
૧૧	શ્રી મસ્તક	એકાદશ સ્કન્ધ	મુક્તિલીલા (૯)	અન્યથા સ્વરૂપનો ત્યાગ કરી સ્વસ્વરૂપમાં અવસ્થિત એ મુક્તિ.
૧૨	શ્રી વામ શ્રી હસ્ત	દ્વાદશ સ્કન્ધ	આશ્રય લીલા (૧૦)	જગતનો આવિર્ભાવ, નિરોધ અને પ્રલય જે વડે જાણી શકાય તે આશ્રય.

શ્રી વલ્લભાચાર્યજીને શ્રીમદ્ ભાગવતજી પ્રત્યે પરમ આસક્તિ અને આગ્રહ છે.

પ્ર-૧૦૫ અઢાર પુરાણો ક્યા ક્યા છે, ક્યા કલ્પ ના છે તથા કેટલા શ્લોકમાં છે તેની સૂચિ.

નં.	પુરાણ	કલ્પ	શ્લોક	નં.	પુરાણ	કલ્પ	શ્લોક
૧	બ્રહ્મ	બ્રાહ્મ	૧૦,૦૦૦	૧૦	બ્રહ્મવૈવર્ત	સ્થન્તર	૧૮,૦૦૦
૨	પદ્મ	પાદ્મ	૫૫,૦૦૦	૧૧	લિંગ	કલ્પાન્તમાં (૧)	૧૧,૦૦૦
૩	વિષ્ણુ	વારાહ	૨૩,૦૦૦	૧૨	વારાહ	માનવ	૨૪,૦૦૦
૪	વાયુ (ઈશ્વર)	શ્વેત	૨૪,૦૦૦	૧૩	સ્કન્દ	તત્પુરૂષ	૮૧,૧૦૦
૫	ભાગવત	સારસ્વત	૧૮,૦૦૦	૧૪	વામન	કૂર્મ	૧૦,૦૦૦
૬	નારદ	બૃહત	૨૫,૦૦૦	૧૫	નૃસિંહકૂર્મ	લક્ષ્મી	૧૦,૦૦૦
૭	માર્કણ્ડેય	માર્કણ્ડેય	૯,૦૦૦	૧૬	મત્સ્ય	સત્ય	૧૪,૦૦૦
૮	અગ્નિ	ઈશાન	૧૬,૦૦૦	૧૭	ગરૂડ	ગારુડ	૧૯,૦૦૦
૯	ભવિષ્ય	અઘોર	૧૪,૫૦૦	૧૮	બ્રહ્માણ્ડ	બ્રહ્માણ્ડ	૧૨,૦૦૦

બધા જ પુરાણોમાં શ્રી ભાગવત જ શ્રેષ્ઠ છે.

(૧) મત્સ્ય (૨) કૂર્મ (૩) લૈડાગ (૪) શૈવ (૫) સ્કન્દ (૬) આગ્નેય - છ સાત્વિક - (૧) બ્રહ્માણ્ડ (૨) બ્રહ્મવૈવર્ત (૩) માર્કણ્ડેય (૪) ભવિષ્ય (૫) વામન (૬) બ્રાહ્મ - રાજસ અને બાકીના છ પુરાણો તામસ પુરાણો છે. બધા પુરાણોના શ્લોકની સંખ્યા ચાર લક્ષ થાય છે.

સાત્વિક કલ્પોમાં વિષ્ણુથી, રાજસ કલ્પોમાં બ્રહ્માજીથી તામસ કલ્પમાં શિવજીથી અને સકાર્ણ કલ્પોમાં પિતૃ સરસ્વત્યાદિથી સૃષ્ટિના પ્રકારો જણાવ્યા છે.

સર્વરૂપ હરિ છે. તેથી સર્વ જ સૃષ્ટિ પ્રકારોનો ઉપસંહાર પ્રભુમાં થાય છે.

વિશેષ જીજ્ઞાસુએ સર્વનિર્ણય નિબંધમાં પુરાણ પ્રકરણ જોઈ લેવું.

તથા આ પુરાણોનાં જુદાં જુદાં લક્ષણો મત્સ્યપુરાણમાં આપ્યાં છે. ત્યાંથી વિશેષ જિજ્ઞાસુઓએ સંગ્રહ કરી લેવો.

તેમાં જે દશ લક્ષણયુક્ત હોય તે મહાપુરાણ અને જે પાંચ લક્ષણયુક્ત હોય તે ઉપપુરાણ એમ કહ્યું છે.

પ્ર-૧૦૬ મંગલ ચતુષ્પદી શું છે ? ભાગવતજીની કઈ લીલા તેમાં છે ?

જ-૧૦૬ શ્રીમદ્ ભાગવત મહાપતિત ને પણ પાવન કરનાર મહાપવિત્ર ભગવત્સ્વરૂપ હોવાથી તેનું ગાન શરૂ કરતાં પહેલાં મંગલાચરણના શ્લોકો મુકીને પછી આ ગીત 'મંગલ મંગલં વ્રજભૂમિ' પણ મંગલાચરણ તરીકે ગાવું જોઈએ જેની સ્તુતિ રૂપે મંગલં લીલાનું આવગાહન થઈ શકે છે. શ્રીમદ્ પ્રભુચરણ શ્રી ગુંસાઈજી કૃત આ કીર્તનમાં શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધના જન્મ

શ્રીમદ્ ભાગવતજીનું ભક્તના મુખારવિંદથી જ શ્રવણ કરવું જોઈએ. તો જ ભક્તિ પ્રાપ્ત થાય છે.

કલ્પનાના કોઈ રંગો નથી. શ્રી મહાપ્રભુજીના અલૌકિક ચરિત્રને ના સમજીએ અને જ્યાં સુધી તેમના દિવ્ય માહાત્મ્ય જ્ઞાનનો આપણને સંપૂર્ણ પરિચય ના થાય. ત્યાં સુધી તેમના સ્વરૂપમાં સુદૃઢ અને અધિક પ્રેમ અને આસક્તિ જન્મે નહિં, અને તો તેમના ચરણારવિંદમાં દૃઢ આશ્રય ન થાય. જેમને શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદમાં દૃઢ આશ્રય નથી તેમનું જીવન નકામું ગયું છે. તેમ શ્રી હરિરાયચરણ આજ્ઞા કરે છે.

શ્રી મહાપ્રભુજીના આધિભૌતિક (ક્રિયાત્મક) આધ્યાત્મિક (જ્ઞાનાત્મક) અને આધિ દૈવિક (ભાવાત્મક) ચરિત્રો આ બેઠકચરિત્રો દ્વારા આપણને જાણવા મળે છે.

બેઠક યાત્રા કરીએ ત્યારે તે તે સ્થાનના માહાત્મ્યજ્ઞાનનો પૂર્વપરિચય હોયતો તે સ્થાનમાં એકાંતમાં ધ્યાનપૂર્વક બેસતાં અને તે સ્થાનના ચરિત્રનું સ્મરણ કરતાં શ્રી મહાપ્રભુજી ત્યાં બિરાજેલા તે સમયની દિવ્ય લીલાની આપણને અનુભૂતિ થાય છે, અને અલૌકિક આનંદ આવે છે.

પુષ્ટિમાર્ગમાં ભગવાન કરતાં ગુરુને (ભગવાન બતાવનારને) મહાન ગણવામાં આવ્યા છે. તેથી શ્રી વલ્લભને પ્રભુ કરતાં મોટા માનવાથી શ્રી મહાપ્રભુજી કહ્યા છે.

પ્રદેશવાર જોઈએ તો ઉત્તરમાં ૩૯ (જે પૈકી વ્રજમાં ૨૨ બેઠકજી છે.) દક્ષિણમાં૧૮, પૂર્વમાં ૪, પશ્ચિમમાં ૨૦ અને મધ્યભારતમાં ૩ બેઠકજી આવેલ છે. આ ૮૪ બેઠકજીમાં ૬૩ પ્રગટ છે. જ્યારે ૨૧ બેઠકજી આજે પણ ગુપ્ત જ છે. પ્રગટ બિરાજતા બેઠકજીમાં ૧૫ જેટલી બેઠકજીમાં સેવાની વ્યવસ્થાની દૃષ્ટિએ સારી વ્યવસ્થા છે અને ૨૦ જેટલાં બેઠકજીમાં મધ્યમ વ્યવસ્થા છે જ્યારે બાકીનાં બેઠકજીમાં નહીંવત વ્યવસ્થા છે.

બેઠક ચરિત્રમાં શ્રી મહાપ્રભુજીના જીવનનો ભૂતલ પરનો ભૌતિક ઈતિહાસ, શાસ્ત્રાર્થના પ્રસંગો અને ભાવરહસ્યના પ્રસંગો આપણને પ્રાપ્ત થાય છે. તેમાં શ્રી મહાપ્રભુજીના વિવિધ પ્રકારના સાત સ્વરૂપનાં પણ આપણને દર્શન થાય છે. (૧) મુખ્ય પુરૂષાકાર સુધાસ્વરૂપ (૨) આનંદસ્વરૂપ ભગવદ્ભાવ રૂપે કૃષ્ણસ્વરૂપ (૩) પરમાનંદ સ્વરૂપ- ગૂઢ સ્ત્રી ભાવ રૂપ સ્વામિની સ્વરૂપ (૪) કૃષ્ણાસ્ય (કૃષ્ણ મુખારવિંદ) સ્વરૂપ ધર્મી - વિપ્રયોગાત્મક સ્વરૂપ. (૫) વૈશ્વાનર સ્વરૂપ - તાપાત્મક સ્વરૂપ (૬) વલ્લભ સ્વરૂપ - લીલા મધ્યપાલ સ્વરૂપ (૭) આશ્રય સ્વરૂપ - સન્મનુષ્યાકૃતિ વાકપતિ સ્વરૂપ.

પ્ર-૧૦૮ શ્રીમદ્ ભાગવતજીના સપ્તાહમાં સૌ પ્રથમ ભાગવતજીનું માહાત્મ્ય કેમ કહેવામાં આવે છે ?

જ-૧૦૮ કોઈ પણ વસ્તુનું માહાત્મ્ય જાણ્યા વગર તે વસ્તુ ઉપર આપણી શ્રધ્ધા થાય જ નહીં. માહાત્મ્ય એટલે તે વસ્તુનો મહિમા લૌકિક દાખલાથી બરોબર સમજ પડી જશે કે જો કોઈ છોકરો મેટ્રિક અથવા ગ્રેજ્યુએટ સુધી ભણેલો હોય પણ તેનું સર્ટિફિકેટ ન હોય તો કાનુનની

અમુક હોદ્દાની સરકારી નોકરી મળી શક્તી નથી. તેનું સર્ટિફિકેટ તે વ્યક્તિનું માહાત્મ્ય છે.

માટે કોઈપણ શાસ્ત્ર પ્રવચનનું માહાત્મ્ય વર્ણન કરેલું ન હોય. તો તે ઉપર આપણી શ્રધ્ધા થતી નથી. અને શ્રધ્ધા વગર કશુંય શ્રવણ કરેલું, દાનમાં આપેલું, યજ્ઞ કરેલો, યાત્રા વ્રત વગેરે કરેલા હોય તેનું ફળ આ લોક અથવા પરલોકમાં પણ મળતું નથી.

બીજું પણ લોક પ્રમાણ છે. ડાકોર ગામમાં શ્રી રણછોડજી બીરાજે છે. તેમના દર્શન કરવા ઘણા ભક્તો પૂનમ ઉપર પગે ચાલીને અથવા રેલ્વે, બસથી યાત્રા કરવા જાય છે. પણ આપણા ગામમાં અમદાવાદ અથવા કોઈપણ ગામ શહેરમાં શ્રી રણછોડજીના મંદિર હોય, ત્યાં દર્શન કરવા જવામાં ડાકોર જવા જેટલી શ્રધ્ધા રહેતી નથી. કારણ કે ડાકોરમાં બીરાજેલા રણછોડજીનું માહાત્મ્ય જગજાહેર છે.

આ સિદ્ધાંતને લઈ શ્રીમદ્ વલ્લભાચાર્ય ચરણ ષોડષ ગ્રંથમાં વર્ણન કરે છે કે, પ્રભુનું માહાત્મ્ય જ્ઞાન સહિત દૃઢ ભક્તિ તથા મહાન અધિક સ્નેહ ભગવાનમાં આપણો થાય તો જ જીવ સંસારથી મુક્ત થઈ શકે છે, બીજો રસ્તો નથી.

શ્રી વલ્લભાચાર્યજીના જીવન ચરિત્રનું માહાત્મ્ય, તેમ શ્રીનાથજી બાવાના પ્રાકટ્ય કેવી રીતે થયું વગેરે આપણે ન જાણતાં હોઈએ તો કોઈ પણ બ્રહ્મ સંબંધ લઈ શ્રી વલ્લભને શરણે જાય જ નહીં.

પદ્મ પુરાણમાં માહાત્મ્યના છ અધ્યાયનું પણ રહસ્ય એ છે કે આ ઐશ્વર્ય- વીર્ય- યશ- શ્રી- જ્ઞાન- વૈરાગ્ય આ છ ધર્મો એક કાળ વચ્છિન્ન સતત જેમાં વસતા હોય તે ધર્મી શ્રી પુરુષોત્તમનું આ માહાત્મ્ય છે.

માટે જ તે સૌ પ્રથમ શ્રીમદ્ ભાગવત કહેતાં પહેલાં કહેવામાં આવતું હોય છે.

• • •

સેવા માટે દેહ છૂટે તો શ્રીનાથજી એને ક્યારેય છોડતા નથી. સેવા વિના માર્ગમાં અંગીકાર નથી.

અંકુર-૨

'સારસંગ્રહ'

પ્ર-૧ ભગવત્ કથા શું છે ?

જ-૧ જેવા ભગવાન છે તેવી જ ભગવાનની કથા છે, તેથી પણ અધિક છે. જેને ભગવાનની કથામાં રસ પડે છે. તેને પછીથી કથા વિના કાંઈ ગમતું જ નથી. ભગવાન શ્રીકૃષ્ણ સદાનંદ જ છે. ભગવાનના સર્વ ધર્મો ભગવદ્ રૂપ જ હોવાથી તેમની કથા પણ તેમના જેવી સદાનંદ જ છે. શ્રીકૃષ્ણકથા ઘણા રસવાળી હોઈ તેનાથી તૃપ્તિ થતી જ નથી.

કીડીને થોડોક જ ખોરાક જોઈએ છે, તેથી તેને થોડાની જ ઈચ્છા થાય છે, અને તેટલું મળતાં તેની ઈચ્છા તૃપ્ત થાય છે. પરંતુ હાથીને કરોડો કીડીઓનો ખોરાક મળે તો પણ તૃપ્તિ થતી નથી, ભગવાનના ગુણગાનની જેને ઈચ્છા થાય તે ભગવાન અનંતગુણોવાળા હોવાથી લાંબા સમયે પણ ભગવાનના સર્વ ગુણોનું ગાન કરી શકતો નથી. તેથી ભગવાનના ગુણગાન કરવાની તેની ઈચ્છા તૃપ્ત થતી જ નથી.

લોકમાં પણ કથારસથી તૃપ્તિ નથી થતી એ પ્રસિદ્ધ છે. જેને કથારસનું ભાન નથી તેજ તેનાથી દુર રહે છે. તેથી કથારસનું અજ્ઞાન જ ભગવત્કથાથી દુર રાખે છે. જેને કથારસનું ભાન થાય તે તેના વિના રહી શકતો જ નથી. ભગવદ્કથારસના અજ્ઞાન વિના ભગવત્કથાથી વિમુખ થવામાં બીજું કાંઈ કારણ નથી. જ્યાં રહેવાથી બીજા વિષય વિના ભગવાનની કથામાં જ સમય વ્યતીત થાય ત્યાં જ રહેવું યોગ્ય છે. બીજા રસમાં જેનું ચિત્ત લાગેલું હોય તેને કથામાં રસ ઉત્પન્ન થતો નથી. ભગવત્કથા રસનો અધિકાર ભગવાનમાં પ્રેમ હોવાથી કથારસનો અધિકાર પ્રાપ્ત થાય છે.

ભગવાનની કથામાં વાક્ય માત્રની મુખ્યતા નથી. જે વાક્ય અથવા વચન શ્રવણ કરવામાં આવે તે મુખ્ય નથી, પરંતુ કથામાં સર્વત્ર અંદરનો ભાવ મુખ્ય છે. ભાવ રાખી પ્રેમથી કથાનું શ્રવણ કરવું જોઈએ.

ભગવત્કથા શ્રવણ કરતાં ભગવાન કર્ણ દ્વારા હૃદયમાં પધારે છે. કથાનું પૂર હૃદયમાં જવાથી દોષ દૂર થાય છે. ભગવત્કથા અમૃતરૂપ છે. દેવોને પણ દુર્લભ છે.

આયુષ્ય હરવાનું કાર્ય સૂર્યનું.ક્ષણે ક્ષણે તે દરેકનું આયુષ્ય હરે છે. પણ જે પોતાને માટે અથવા ભગવદાર્થ ઉત્તમશ્લોકની કથામાં ગાળે તેના આયુષ્યને હરવાનું કાર્ય ભગવાનની કથાએ જ કર્યું એમ જાણી સૂર્ય તેનું આયુષ્ય હરતો નથી. (૨-૩-૧૭)

ભાગીરથી ગંગાજીમાં સ્નાન કરવાથી તન શુદ્ધ થાય છે.
ભાગવત કથારૂપી ગંગાજીમાં સ્નાન કરવાથી મન શુદ્ધ થાય છે.

પ્ર-૨ જીવે ઉત્તમ વક્તા ક્યાં અને કેવી રીતે બનવું જોઈએ ?

જ-૨ કથા સાંભળીને ઘેર ગયાં પછી તમે વક્તા બનજો ને મનને શ્રોતા બનાવજો, જીવનમાં ક્રાંતિ, ચૈતન્ય લાવવા માટે જ કથા છે ને પછી, મનને પ્રેમથી સમજાવવું જોઈએ કે સંસારમાં રસ ન રાખીશ, કારણ સંસાર તો ઝેરથી ભરેલો છે. ઝેરને તો ખાઈએ ત્યારે જ મરી જવાય છે. જ્યારે સંસારના વિષય-વિષનો તો વિચાર કરીએ તો પણ અધોગતિ પમાય છે.

મનને સમજાવવું જોઈએ કે સંસારના વિષયો તો વિષ કરતાં પણ વસમા છે. એથી બચવું હોય તો શ્રી ઠાકોરજીના ચરણોમાં ચોંટી જા. કારણ કે પ્રભુના ચરણોમાં જ વિષય-વિષથી બચાવનારી અજબ જીવન સંજીવની બેઠી છે. આંખને કહેજો કે જગતના રૂપની પાછળ ના ભટકીશ, કાનને કહેજો કે નિંદા વચનો સાંભળીને સંસારનું ઝેર ના ચૂસીશ, જીભને કહેજો કે કોઈની નિંદા કે સ્વાદ લાલસા પાછળ ના ભટકીશ. આ રીતે ત્વચા અને નાસિકાની ઈન્દ્રિયોને પણ પ્રેમથી સમજાવીને પ્રભુના જ માર્ગે વાળજો.

કેટલાંય જીવોમાં આ બધું જ જ્ઞાન હોય છે. પણ વૈરાગ્ય નથી હોતો. કેટલાંકમાં જ્ઞાન અને વૈરાગ્ય બંને હોય ત્યારે પ્રેમ નથી હોતો ભક્તિનો અભાવ હોય છે. આવી અપરિપૂર્ણતાને લીધે જ રસમય **શબ્દબ્રહ્મ** નો અનુભવ કરી શકાતો નથી.

લોટ, ઘી, ખાંડ સપ્રમાણ હોય તો જ લાડુનો આસ્વાદ મેળવી શકાય છે. તેમ જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય પરિપૂર્ણ હોય તો જ પ્રભુભક્તિનો આસ્વાદ પણ માણી શકાય છે.

સત્સંગના અરીસામાં મન તપાસવાનું રાખ્યું હોય તો જ મન સચવાય છે.

પ્ર-૩ શ્રીમદ્ ભાગવત કે શ્રી સુબોધિનીજીની કથાથી શું થવું જોઈએ ?

જ-૩ કથા એ માતા છે. એ નવો જન્મ આપે છે, માટે કથા સાંભળ્યા પછી જૂનાં દૂષણ મરી જવાં જ જોઈએ. કથા સાંભળ્યા પછી સ્વભાવ સુધારવો જ જોઈએ.

કથા સાંભળ્યા પછી કરેલા પાપ માટે હૃદયમાં પસ્તાવો થવો જોઈએ. કથા સાંભળ્યા પછી હૃદયમાં એવો ભાવ જાગવો જ જોઈએ કે મારી પાસે જે કંઈ છે તે પ્રભુનું જ છે. ને હું પ્રભુનો દાસ છું. કથા સાંભળ્યા પછી હૃદયમાં નિર્મળ ભાવ ના જાગે તો કથા સાંભળી નકામી છે. ભોજનની ખાલી વાત કરવાથી જ નહિ પણ ભોજન કરવાથી જ તૃપ્તિ થાય છે. તેમ જ્ઞાનની વાતો કરવાથી નહિ, પરંતુ જ્ઞાનની વાતો પચાવવાથી જ શાંતિ સાંપડે છે.

કથા સાંભળ્યા પછી પણ મનને પ્રેમથી સમજાવીને પ્રભુના માર્ગે વાળવું ને સતત પ્રભુ સ્મરણમાં લીન રાખવું જોઈએ, ને એવી ઉંચી ભૂમિકાએ પહોંચાડવું જોઈએ કે સતત પ્રભુનાં સ્મરણ અને ચિંતનમાં જ રાચ્યા કરે.

શ્રી સુબોધિનીજી દ્વારા 'શ્રીમદ્ ભાગવતનું રહસ્ય સમજનારના હાથમાં જીવનની સફળતાની ચાવી આવી જાય છે.'

શ્રીકૃષ્ણકથામાં જગતને ભુલાવવાની અને મનને સમાધિ દશામાં પહોંચાડવાની અજબ તાકાત છે. શ્રીકૃષ્ણ જેને કૃપાપૂર્વક પ્રેમરસનું દાન કરે છે, તેને સંસારના સઘળા રસ તુચ્છ લાગે છે.

પ્ર-૪ વાસના કેવી રીતે શાંત કરી શકાય ?

જ-૪ વાસનાને ગમે એટલા ભોગ પીરસો તો ય એ કદીય તૃપ્ત થતી જ નથી. ભોગો ને જેમ ભોગવતા જાવ તેમ તેમ વાસના પણ વધતી જ જાય છે.

અગ્નિમાં ઘીની આહુતિ આપવાથી જેમ અગ્નિ શાંત થવાને બદલે ભભૂક્યા જ કરે છે. તેમ વાસના પણ ભોગ ભોગવ્યા જ કરવાથી શાંત થતી નથી.

અગ્નિમાં લાકડાં નાંખો એટલે તે સળગે, પણ લાકડાં ખૂટી જાય એટલે અગ્નિ આપમેળે શાંત થઈ જાય છે. તેમ વાસનાને ભોગ પીરસ્યા કરો ત્યાં સુધી એ ભભૂક્યા કરે છે. ને ભોગો આપવાના બંધ કરો એટલે આપોઆપ શમી જાય છે.

એટલે આજથી વાસનાને ભોગો આપવાના બંધ કરવાનો વિવેક તેમજ સંયમથી શાંત કરવાનો સંકલ્પ કરીએ એકદમ બંધ ના થઈ શકે તો ધીમે ધીમે ઓછું કરતા કરતાં એકદમ જ બંધ કરવાનો વિવેક અને સંયમ રાખવાથી વાસનાને શાંત કરી શકાય છે.

જે માનવી વાસના વિનાનો થઈને જ મર્યો હોય, તેની પાછળ શ્રાદ્ધ ન કરીએ કે વાસ ન નાખીએ તો પણ કશો વાંધો આવતો નથી. એટલે વેર અને વાસનાનો વિનાશ કરીને જે ભક્તિમય જીવન ગાળે છે, તેનું મૃત્યુ જ મંગલમય બને છે. શરીરને વસ્ત્ર ઢાંકે છે ને સૂર્યને વાદળ ઢાંકે છે, તેમ પરમાત્મા ને વાસનાનું આવરણ ઢાંકે છે. જગતમાં એવી કોઈ જગા નથી જ્યાં પ્રભુ બિરાજતા ન હોય.... પરંતુ વાસનાનું આવરણ જામ્યું છે તેથી જ પ્રભુ દેખાતા નથી, માટે વાસનાનો વિચાર કરી ઉપર કહ્યા પ્રમાણે તેને હંમેશા શાંત રાખવી જોઈએ.

પ્ર-૫ દોષ નિવૃત્તિ કેવી રીતે અથવા તો ક્યારે થાય ?

જ-૫ દોષરહિત જ ભગવાન ગ્રહણ કરે છે. સત્પુરુષોની દૃષ્ટિ બ્રહ્મજ્ઞાનીની જેમ સર્વદોષ મટાડનારી છે. જેમ ઔષધથી અજીર્ણ દુર થાય છે. તેમ પ્રસાદી અન્નથી પ્રાપ્ત કરેલા દેહથી દોષની નિવૃત્તિ થાય છે. ભગવત્કથાનું શ્રવણ કરતાં હૃદયમાં કથાનું પૂર હૃદયમાં પ્રવેશ કરે છે. અને ત્યાંથી બધાય દોષોને ખળભળાવી મુખમાંથી બહાર નીકળે છે. એમ કેટલોક સમય આવૃત્તિ કરવાથી પૂરેપૂરો દેહ શુદ્ધ થાય છે. દોષ દુર કરવામાં હરિનું ગુણગાન જ સાધન છે. જ્યાં સુધી ભગવાન દોષને દૂર કરે નહિ ત્યાં સુધી સાધનોથી દુર કરવા છતાં દોષો સારી રીતે દુર થતા નથી.

'જીવો ચિત્તની જડતાને લીધે આળસુ બની ગયા છે અને ઘણી જ મંદ બુદ્ધિવાળા થયા છે તે જ્ઞાનેન્દ્રિયોનો દોષ છે. મંદભાગ્યવાળા થાય છે તે કર્મેન્દ્રિયનો દોષ છે, રોગાદિકથી પીડાયેલા છે તે શરીરનો દોષ છે. ૧-૧-૧ 'જેનામાં થોડો પણ દોષ હોય તે ભગવાનના ગુણોનું ગાન કરી શકતો નથી. ૧૦-૧-૪

પ્ર-૬ પરમહંસ કોને કહેવાય ?

જ-૬ પરમહંસ કોનું નામ છે તે બાબત શ્રી સુબોધિનીજીમાં બીજા પ્રસંગથી આચાર્યચરણ પરમહંસનો અર્થ એ કરે છે. કે પરસ્ય અથવા પરમસ્ય યે હંસા તે પરમહંસ તેનો અર્થ એટલે પરમ પુરુષોત્તમ તેમને જાણવાની ઈચ્છાવાળા હંસ જેવા ભક્ત અથવા પરમનો અર્થ પણ પરના પ્રમાણે પરમ એટલે પૂર્ણ પુરુષોત્તમ તેમની લીલાના રસનું અહર્નિશ પાન કરનારા જે હોય તે ખરા હંસના લક્ષણો, વાટકામાં પાણી દૂધ ભેગું કરીને મૂકો તો ખરો હંસ હોય તે દુધ પી જાય અને પાણી રાખી મૂકે તેવી જ રીતે પરમ હંસ પુરુષો લૌકિક બધુંય મુકી દઈને કેવળ ભગવદ્ રસ રૂપી દૂધનું રાતદિવસ પાન કરે તેજ પુષ્ટિમાર્ગીય પરમ હંસ છે. આવા પુષ્ટિમાર્ગીય પરમહંસ શ્રી ગોપીજનો હતાં શ્રી આચાર્યચરણ તથા શ્રી પ્રભુચરણના સેવક ચોરાશી તેમજ બસોબાવન વૈષ્ણવ પરમહંસના સમકક્ષ સમાન ગણાય છે.

આજકાલ ક્વચિત જંગલમાં અઘોરી પડેલું હોય તે ખાઈ જાય, ઉઘાડા નગ્ન હાલતમાં પડેલા તે અઘોરી સ્થિતિવાળા **(સર્વ ખલું ઈદં બ્રહ્મ)** એ જ્ઞાનવાળા બ્રહ્મ જ્ઞાની કહેવાય, પણ ઉચ્ચ કોટિના ઉપર જણાવેલા ઉત્તમ લક્ષણોવાળા હોય તે જ પરમહંસ જાણવા તે શ્રીવલ્લભનો સિદ્ધાંત છે. માટે શ્રીમદ્ ભાગવત્ પરમહંસ લોકોને ભગવદ્ રસ પીવાનું શાસ્ત્ર છે. અઘોરી લોકો માટે નથી.

શ્રી શુકદેવજી ભગવદ્ રસનું પાન કરનારા પરમહંસ હતા. વનમાં પડ્યા રહેનાર કેવળ બ્રહ્મજ્ઞાની અઘોરી ન હતા. શ્રીમદ્ ભાગવત પરમહંસ(હંસક્ષીરનો) ન્યાય કરનાર ખરી તથ્ય (વાતને કહેનારા) અને વ્યર્થ વાતનો ત્યાગ કરનાર શુકદેવજીને પરમહંસ કહેવાય છે.

પ્ર-૭ જીવ ઈશ્વરને કેમ ઓળખી શકતો નથી ?

જ-૭ વાસનાના આવરણથી જીવ પ્રભુને ઓળખી શકતો જ નથી. એક મનુષ્યને જાણવા મળ્યું કે ગંગાકિનારે રહેતા એક સંત મહાત્મા પાસે પારસમણિ છે. પારસમણિ મેળવવા તે મનુષ્ય સંતની સેવા કરવા લાગ્યો. સંતે કહ્યું કે ગંગાસ્નાન કરી આવું અને આવીને તને પારસમણિ આપીશ, સંત ગયા પછી પેલાનું મન અધીરૂં થયું. સંતની ગેરહાજરીમાં આખી ઝૂંપડી ફેંદી વળ્યો, પરંતુ પારસમણિ હાથ ન લાગ્યો . સંત પધાર્યા સંતે કહ્યું, આટલી ધીરજ રાખી ન શક્યો ? પારસમણિ તો મ્હેં દાબડીમાં મૂકી રાખ્યો છે. એમ કહી એક દાબડી નીચે ઉતારી આ પારસમણિ લોખંડની દાબડીમાં હતો. પેલા મનુષ્યને શંકા ગઈ કે આ પારસમણિ લોખંડની દાબડીમાં છે તેમ છતાં આ લોખંડની દાબડી સોનાની કેમ ના થઈ ? સાચેસાચ આ પારસમણિ હશે ? કે સંત મારી મશ્કરી કરે છે ? તેમણે સંતને પૂછ્યું. દાબડીમાં પારસમણિ હોવા છતાં લોખંડની દાબડી સોનાની કેમ ના થઈ ? સંતે સમજાવ્યું તું જુએ છે ને કે પારસમણિ એક ચીંથરામાં બાંધેલો છે. કપડાંના આવરણને લઈને પારસમણિ અને લોખંડનો સ્પર્શ થઈ શકતો જ નથી. એટલે દાબડી સોનાની ક્યાંથી થાય ? દાબડી લોખંડની જ રહી કારણ કે પારસમણિ

મંત્રશાસ્ત્રમાં દેવતા સ્વાધીન થાય છે, પણ તે ઈશ્વરરૂપ નથી; અર્થાત્ પુરૂષોત્તમ પ્રભુ તો ભાગવતથી જ હૃદયમાં પધારે છે. ૧-૧-૨.

ચીંથરામાં બાંધેલો હતો. ચીંથરાનું આવરણ હતું.

તેવી જ રીતે જીવ અને પ્રભુ હૃદયમાં જ છે. પણ વાસનાના આવરણને લઈને તેનું મિલન થતું નથી એટલે કે જીવ ઈશ્વરને ઓળખી શકતો નથી અને મળી શકતો નથી.

જીવાત્મા એ દાબડી છે. પરમાત્મા પારસમણિ છે. વચમાંનું ચીંથરું દુર કરવાનું છે. અહંતા મમંતારૂપી ચીથરું દૂર કરવાનું છે.

પ્ર-૮ જીવ ઈશ્વરથી કેમ વિખુટો પડ્યો છે ?

જ-૮ જીવ ઈશ્વરથી કેમ વિખુટો પડ્યો તેની ચર્ચા કરવાની જરૂર નથી. આ જીવ ઈશ્વરથી કેમ વિખુટો પડ્યો ક્યારે વિખુટો પડ્યો તે કહી શકાતું નથી. પરંતુ જીવને ઈશ્વરનો વિયોગ થયો છે તે હકીકત છે. જીવને ઈશ્વરનો વિયોગ ક્યારથી અને કેમ થયો તેની પંચાત કરવાની જરૂર નથી. તેથી લાભ નથી. કાંઈક ભૂલ થઈ છે તેથી જ આ ગોટાળો થયો છે. તે હકીકત છે.રોગ થયા પછી રોગ કેમ થયો તેનો જ વિચાર કર્યા કરીએ તો રોગ વધી જાય, તાવ આવ્યા પછી તાવ કેમ આવ્યો તેના વિચાર કરીશું તો તાવ વધી જશે. કપડાંને ડાઘો પડે ત્યારે તે ક્યાંથી પડ્યો અને કેમ પડ્યો તે વિચારવાથી કપડું સ્વચ્છ થશે નહિ. તે ડાઘ દુર કરવાથી જ દુર થાય છે.

તેમ જીવ ઈશ્વરને મળવા માટે જ પ્રયત્ન કરે તે ઈષ્ટ છે. આજથી જ નિશ્ચય કરીએ કે હું કોઈનો નથી ઈશ્વરનો જ છું.

પ્ર-૯ જીવ ભાગ્યશાળી ક્યારે બને ?

જ-૯ જીવ ભાગ્યશાળી ત્યારે બને કે જ્યારે તે નિર્ભય બને છે. જેને માથે કાળનો ભય છે તે નિર્ભય ક્યાંથી ? ભાગ્યશાળી તે કે જેને મૃત્યુનો ભય નથી. ધ્રુવને, વ્રજભક્તોને, પાંડવોને ધન્ય છે કે જેમને કાળ આધીન હતો.

પ્રભુને અપેક્ષા રહે છે કે, મનુષ્યને મન, બુદ્ધિ આપી તેનું તેણે શું કર્યું ? મૃત્યુ એટલે હિસાબ આપવાનો દિવસ જેનું જીવન શુદ્ધ છે તેનો હિસાબ ચોકખો છે. જીવને હિસાબ આપતાં બીક લાગે છે. ત્યારે આખા જીવનનો હિસાબ પ્રભુ માંગશે ત્યારે શું દશા થશે ? તેનો વિચાર કાયમ કરવો જોઈએ.

અંતકાળે બીક લાગે છે કરેલા કર્મોની.કરેલા પાપોની યાદથી મૃત્યુની બીક છે ત્યાં સુધી શાંતિ નથી. કાળના કાળ ભગવાન જીવને અપનાવે, તો ભગવાનનો નોકર કાળ તેનું કાંઈ કરી શકતો નથી.

ઉપનિષદ કહે છે - જીવ અને ઈશ્વર સાથે બેઠા છે. છતાં જીવ ઈશ્વરને ઓળખી શકતો નથી. જીવ બર્હિમુખને બદલે અંતર્મુખ બને તો તે અંતર્યામીને ઓળખી શકે છે અને ભાગ્યશાળી બને છે.

'માનવ શરીર દુઃખ કે સુખ ભોગવવા માટે નહીં પરંતુ પ્રભુને પ્રાપ્ત કરવા માટે મળ્યું છે. માટે શરીર છે ત્યાં સુધી પ્રભુ ભજન જ કરવું જોઈએ.

પ્ર-૧૦ ઉત્સવ કોને કહેવાય ?

જ-૧૦ ઉત્સવ એટલે સર્વને ભૂલાવે તેવો મનનો આનંદ. તેથી ઉત્સવમાં આસક્તિવાળાં ને બીજાં કશાની પણ ખબર રહેતી નથી, પોતાના સર્વસ્વની હાનિ થતી હોય તો તેની પણ ખબર રહેતી નથી. (૧૦-૩૮-૨૩)

ભગવાનના ઉત્સવનું સ્વરૂપ શ્રી ઉદ્ધવજી હતા. તે જ્યાં જતા ત્યાં ઉત્સવ થતાં. શ્રી ગોપીજન ખૂબ જ ઉત્સવ ઘેલાં હતા. રોજે રોજ કોઈના કોઈ બહાને પ્રભુનો ઉત્સવ માનતા અને ઉજવતા હતાં. ઉત્સવ કદાચ જ થાય છે. મહોત્સવ તો તેથી પણ દુર્લભ છે. તેમાં પણ સર્વનો ઉત્સવ ઘણો જ દુર્લભ છે. (૧૦-૪૩-૭)

મહોત્સવમાં એવો પ્રકાર છે કે દ્વારની બંને બાજુ બે કુંભો સ્થાપવા, તેમના ઉપર દહિં ભરેલા પાત્ર રાખવાં અને તેમની પાસે દીવો, કેળો, સોપારીઓ, ધ્વજા, પતાકા અને ચંદ્રવર્ણ એટલે ચંદ્રના આકારવાળા અરીસાઓ રાખવા મહોત્સવમાં સર્વત્ર આ પ્રમાણે કરવામાં આવે છે. (૧૦-૩૮-૩૭-૩૯)

ચંદ્રવરણ એટલે ચંદ્રના આકારવાળા અરીસા.

પ્ર-૧૧ પ્રભુ કેવી રીતે સેવ્ય છે ?

જ-૧૧ પરમાત્માનાબેરુપછે:રુપઅનેનામપ્રભુએરુપઅનેનામથીક્રીડાકરીછે. રુપ સૃષ્ટિમાટેપુષ્ટિજીવોને પ્રભુએ ઉત્પન્ન કર્યા છે. અને પ્રભુ નામ રુપની સેવા માટે પુષ્ટિ અને મર્યાદા બન્નેને ઉત્પન્ન કર્યા છે. શ્રીવલ્લભેશાસ્ત્રાર્થ-નિબંધનામંગલાચરણમાંજસૌપ્રથમઆવાતસમજાવીદીધેલછે.

સાકાર એટલે ભક્તના હૃદયનો જેવો ભાવ એવો પ્રભુ આકાર ધારણ કરે છે, સર્વોત્તમજી ટીકામાં શ્રી ગોકુલેશજી આજ્ઞા કરે છે કે આનંદનો આકાર એટલે સાકાર. લીલા કરવા માટે પ્રભુ સામર્થ્યથીસગુણ બનેછેઅનેપ્રાકૃત ગુણ ધારણ કરેછે.

પ્રભુનાં નિર્ગુણ અને સગુણ બે સ્વરૂપો છે. મૂખ નિર્ગુણ જેને માયાવાદીઓ સગુણ કહે છે. નિર્ગુણ એટલેલૌકિકગુણ રહિત અને અલૌકિક ગુણ સહિત.

જો કે શ્રી ગુંસાઈજી મહારાજની તો સ્પષ્ટ આજ્ઞા છે કે ભગવાનને સ્વરૂપ ના કહેતાં સાક્ષાત્ કૃષ્ણ કે પ્રભુ કે પછી સ્વામી કે પછી જે જે બાવા તરીકે જ કહેવું યોગ્ય છે.

આપણાં માટે પ્રભુનાં નિર્ગુણ અને સાકાર સ્વરૂપ દુર્લભ છે. પણ પ્રભુએ આપણાં માટે એક સ્વરૂપ સુલભ રાખ્યું છે તે નામ સ્વરૂપ છે. ભગવાનના નામનો આશ્રય કરે, ભગવાનના નામ સાથે પ્રીતી કરે. તેને એક વખત પ્રભુનો સાક્ષાત્કાર થાય છે.

પ્ર-૧૨ સ્વરૂપ સેવામાં આનંદ ક્યારે મળે ?

જ-૧૨ પ્રભુના નામમાં પ્રીતી થતી નથી ત્યાં સુધી ભગવાનમાં આસક્તિ થતી નથી, નામ સેવા વિના સ્વરૂપ સેવા ફળતી નથી. નામમાં જ્યાં સુધી નિષ્ઠા ન થાય ત્યાં સુધી ભગવાનની સ્વરૂપ સેવામાં પ્રીતિ થતી જ નથી. નામ સાથે પ્રીતિ ના કરીએ ત્યાં સુધી પાપની ટેવ છૂટતી નથી. નામ સેવાથી મન શુદ્ધ થાય છે. તે પછી સ્વરૂપ સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, સ્વરૂપ સેવા

'પ્રભુના સ્વરૂપાનંદથી વિશેષ કોઈ આનંદ ત્રિલોકમાં અને ગોલોકમાં પણ નથી. આ સ્વરૂપાનંદની પ્રાપ્તિ એ પ્રભુની પુષ્ટિજીવ પરની મહત્તમ કૃપા છે.'

બરોબર થતી નથી તેનું કારણ એ છે કે મનશુદ્ધિ થતી નથી. મન શુદ્ધિ વગર સ્વરૂપ સેવામાં આનંદ મળતો નથી.

સેવા કરવાવાળા સંસાર સાથે સ્નેહ કરે છે. ત્યાં સુધી સ્વરૂપ સેવાનો આનંદ મળતો નથી. સેવા કરવી હશે તો સંસારનો સ્નેહ છોડવો પડશે. સંસારના વિષયો સાથે સ્નેહ કરો, પણ વિવેકપૂર્વક સ્નેહ કરો. અગ્નિ બાળે છે પણ તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવામાં આવે તો તે ઉપયોગી થઈ પડે છે. અગ્નિ ન હોય તો મનુષ્યનું પોષણ થઈ શકે નહિ.

સંસારમાં જ્યાં સુધી દેહનું ભાન છે ત્યાં સુધી મનુષ્ય સંસારને છોડી શક્તો નથી, જે મન માયાને સ્પર્શ કરે છે તે મન મનમોહનની સેવામાં જઈ શક્તું નથી. મન વારંવાર માયાના વિચાર કરે છે, ત્યારે તે મલિન બને છે. શ્રી કૃષ્ણના સ્મરણ વિના મન સંસારમાં રત રહે તો આપણું મન શુદ્ધ નથી એમ માનવું જોઈએ. 'પ્રેમ ગલિ અતિ સાંકરી તામેં દો ન સમાય'

જ્યાં સુધી સ્વરૂપ સેવામાં મન એકાગ્ર ના થાય ત્યાં સુધી નામ સેવા કરવી જોઈએ. તનથી નહિ મનથી ઠાકોરજીની સેવામાં રહેવું જોઈએ. ઠાકોરજીના ચરણમાં રહેવું જોઈએ અને પ્રભુના ચરણમાં બેઠા હોય તેને આનંદ મળવો જોઈએ. અત્તરવાળાની દુકાને બેસો તો અત્તરની સુગંધ આવે છે. તેમ આનંદ રૂપ પ્રભુનાં ચરણમાં રહેવાથી આનંદ મળે છે.

સ્વરૂપ સેવામાં આનંદ આવતો નથી કેમ કે મન વ્યગ્ર છે. આપણું મન ઈશ્વરને છોડીને વારંવાર વિષયો તરફ જાય છે. મનુષ્યનું મન સંસાર વ્યવહારના વિષયોમાં એવું તદ્રુપ થાય છે કે તે પાપ કરે છે તેનું પણ તેને ભાન રહેતું નથી. મનમાં અનેક જન્મોનાં મેલ ભરેલાં છે. માટે જ સ્વરૂપ સેવામાં મનશુદ્ધિ આવશ્યક છે.

સ્વરૂપ સેવા કરતાં હૃદય પીગળે, આંખો ભીની થાય, આનંદ આવે, અને સાત્વિક ભાવ જાગે તો સેવા સફળ થઈ છે. એમ સમજજો. સેવા એ હૃદયનો ભાવ છે. હૃદયના ભાવ વગર કરેલી સેવા ફળતી નથી. જીવ શુદ્ધ થઈ પ્રભુની સેવા કરે છે ત્યારે ઠાકોરજી પ્રેમથી પ્રસન્ન થાય છે.

મનને શુદ્ધ કરવા નામ સેવાની જરૂર છે. મન શુદ્ધ કરે છે ભાગવત. કળિયુગમાં નામ સેવા પ્રધાન છે. શ્રીમદ્ ભાગવત એ ભગવાનનું નામ સ્વરૂપ છે. નામ એ જ બ્રહ્મ છે. નામ એજ પરમાત્મા છે. બલ્કે પરમાત્મા કરતાં પણ શ્રેષ્ઠ છે. કારણ પ્રભુ તો દેખાતાં નથી. તેથી તેની સાથે સ્નેહ કરવો કઠણ છે. રાત્રે બાર વાગે ઠાકોરજીની સેવા ના થઈ શકે પણ ઠાકોરજીનું નામ લઈ શકાય. પ્રભુને દેશકાળની પણ મર્યાદા છે. નામ સેવાને નથી.

પ્ર-૧૩ શ્રી વલ્લભાચાર્યજીએ ભગવત્સેવા માટે શું આજ્ઞા કરી છે ? શ્રી સુબોધિનીજીના આધારે ?

જ-૧૩ પુષ્ટિમાર્ગીય ભગવત્સેવા સ્નેહયુક્ત છે. જેથી સેવ્યને સુખ થાય અને જેથી સેવ્યને સંતોષ થાય તે જ સેવા કહેવાય છે. ભગવાનનું જ્ઞાન ના હોય તો પણ રૂચિ પ્રમાણે શાસ્ત્રને અનુસરી

'પુષ્ટિજીવોને પ્રભુએ પોતાની સેવા માટે જ પ્રગટ કર્યા છે.'

'ભજન વગર ભોજન કરે તે અસુર કહેવાય છે.' ભજન એટલે ભગવદ્સેવા પરાયણ'

શ્રીમદ વલ્લભાચાર્યજી



ભગવાનની સેવા કરવી. ભગવાનનાં સેવકોમાં ભગવદ્બુદ્ધિ રાખવી. ઇન્દ્રિયોનું ચંચલપણું હોય તો સેવા ફલ આપતી નથી. એમ લોક અને વેદમાં સિદ્ધ છે. ભગવાને બહિર્મુખોને સેવાથી દૂર રાખેલા છે.

સેવકોમાં સેવાનો અધિકાર જણાવનાર બે ધર્મો મુખ્ય છે. (૧) નિવૃત્તત્વ અને (૨) નિયતાર્થત્વ. પહેલો ધર્મ ભગવાન સિવાય બીજાથી દૂર રહેવા માટે, અને બીજો ભગવાનમાં દ્રઢતા રાખવા માટે છે. આ બંને ધર્મો આવશ્યક છે. તે ન હોય તો સર્વ પ્રકારથી સેવા કરવામાં આવે તો પણ પુરૂષાર્થ ન થાય.

જીવની પ્રવૃત્તિ આનંદ માટે જ છે અને આનંદ ભગવાનમાં જ છે. બીજે ક્યાંય નથી. જીવોનો આનંદ તિરોહિત્ત છે. જડમાં તો આનંદની ગંધ પણ નથી. જેનામાં આનંદ હોય તે જ આનંદ આપી શકે.

ભગવાનની સેવા માટે સત્સંગ એ પ્રથમ સાધન છે અને દોષરહિત સેવા એ બીજુ સાધન છે. સેવા રાગ અને રોગ દૂર કરાવનારી છે. ભગવત્સેવા કરનારને શાપ પણ લાગતો નથી.

સેવા એટલે ભક્તિ, ભગવાનમાં મન પરોવવું તે ભક્તિનું લક્ષણ છે. એ જ ભક્તિ મહાપુરૂષાર્થ છે. તનુજા વિત્તજા સાધનસેવા છે. આ સાધનસેવા કરવાથી ફલરૂપ માનસી સેવા સિદ્ધ થાય છે.

જેમ ગંગાજીનો પ્રવાહ સમુદ્ર તરફ અવિચ્છિન્ન રીતે વહ્યા કરે છે. કોઈ પણ સ્થલે અટકતો જ નથી, તેમ મનનો પ્રવાહ-ગતિ-પ્રભુ તરફ અવિચ્છિન્ન રીતે વહ્યા કરે, તેનું નામ માનસી સેવા છે; નિર્ગુણ ભક્તિ છે.

શ્રી વલ્લભે ષોડ્શગ્રંથમાં સેવા પર ભાર મૂકી સમજાવેલ છે, તે વાંત જીવનમાં ઉતારી જો સેવા કરવામાં આવે તો તે સેવા આધિદૈવિક બને, સેવા તો આપણે હાથે જ કરવી જોઈએ. સેવાના બાકીના વખતમાં પ્રભુના સ્વરૂપને સમજાવનારા ગ્રંથો વાંચવા જોઈએ. નામ સેવા પણ જરૂરી છે, કુંભનદાસને દોઢ જ પુત્ર હતાં તે યાદ કરી લેવું જોઈએ. જે લોકો ભગવાનની લીલા બતાવનારા શ્રી ભાગવત સુબોધિનીજી વિગેરે ગ્રંથનું મનન કરે છે. તેમનો પણ પ્રભુમાં ઉત્તમ નિરોધ થાય છે. અને તેમનો નાશ થતો નથી.

પ્ર-૧૪ આપણો પ્રભુ તરફનો પ્રેમ કેવો છે ?

જ-૧૪ મનુષ્યનો પ્રેમ વિભાજીત હોય છે. ક્ષણે ક્ષણે પ્રેમપાત્ર બદલે છે. પરંતુ ક્યાંય તેને સંતોષ અને શાંતિ મળતા નથી. બાલ્યાવસ્થામાં મા ઉપર પ્રેમ કરે છે. લગ્ન થાય એટલે પત્ની સાથે પ્રેમ કરે છે. ત્યાર બાદ પુત્ર પ્રેમ કરે છે. ત્યાર બાદ પૈસા ઉપર પ્રેમ કરે છે. આવી રીતે બધે જ પ્રેમ કરતો ફરે છે. અને છેલ્લે તેનામાં થોડો કે વધારે જે પ્રેમ વધે તે પ્રભુને કરવા જાય છે. ઘરમાં પ્રભુ માટે લવાતી સામગ્રી દૂધ, ખાંડ વિગેરે બધું જ પહેલાં પ્રભુ માટે જુદું રાખી લઈને જ ઉપયોગ કરીએ

'જીવ જ્યારે પ્રભુને પોતાના આત્મારૂપે જાણે છે, ત્યારે સર્વથી અધિક સ્નેહ પ્રભુમાં થાય છે. ૧-૧-૧.

છે. અને પ્રેમ અર્ધભૂક્ત આપીએ છીએ. પ્રેમપાત્ર પ્રભુને જ બનાવાય.

ભાગવતશાસ્ત્ર એ પ્રેમશાસ્ત્ર છે વારંવાર વાંચવાથી પ્રભુ સાથે પ્રેમ થાય છે, અને પ્રેમ વધે છે. આજકાલ આપણે ભક્તિ બહુ કરીએ છીએ પરંતુ ભગવાનને સાધન અને સંસારના સુખને સાધ્ય માનીએ છીએ માટે જ ભક્તિ ફળતી નથી. સંસારના દરેક પ્રેમમાં વધઘટ થાય છે જ્યારે પ્રભુના પ્રેમમાં ક્યારેય પણ ઘટાડો થતો જ નથી હોતો જેવા પણ હોઈએ તે પ્રેમમાં વધારો જ થતો હોય છે.

આપણને પ્રભુ તરફ પ્રેમ થઈ જાય તો કશું જ કરવાનું ના રહે. આપણે લગભગ માની જ લઈએ છીએ કે આપણને પ્રભુ તરફ પ્રેમ છે. હકીકતમાં તે પ્રેમ બધેથી કરીને છેલ્લે વધેલો ઘટેલો.પ્રેમ પણ શુદ્ધ અથવા સાચો પ્રેમ હોય તો જ પ્રભુમાં આસક્તિ થાય છે અને પ્રેમની ચરમસીમા સમી વ્યસનદશામાં ભાગ્ય મંડાય છે. શાંતિથી વિચારીએ તો જ આપણને ખ્યાલ આવશે કે આપણા પ્રેમમાં કેટલો દમ છે.

પ્ર-૧૫ ભગવાનની હુંફ ક્યારે અનુભવાય ?

જ-૧૫ ઘરમાં પ્રભુનું સ્વરૂપ કે ચિત્રજી કેવળ દીવો કરવા કે આરતી ઉતારવા કે ભોગ ધરવા માટે જ ન હોવું જોઈએ.

ઘરનાં અન્ય સૌની જેમ પ્રભુની સાથે પણ આત્મીયતાનો ભાવ કેળવવો પડે. એટલું જ નહિ પરંતુ એવી ભાવના પણ રાખવી પડે કે આ ઘર તો પ્રભુનું જ ઘર છે ને અમે બધાં તો તેમની પ્રેરણા મુજબ ચાલનારાં દાસ છીએ. એટલે ઘરમાંથી બહાર જતા આવતા પણ તેજ પ્રભુને દંડવત્ કે વંદન કરી સાથેને સાથે રાખવા જોઈએ. ઘરનાં એક વડીલ જેવો ભાવ રાખવો જોઈએ. જે ઘરમાં કોઈ વડીલ ના હોય તે ઘરના લોકો સ્વચ્છંદી બનતા વાર ના લાગે. માટે ક્યારેય સ્વતંત્ર બની સ્વચ્છંદી ના બનતાં પ્રભુની હુંફ અનુભવવી ખૂબ જ જરુરી છે.

પ્ર-૧૬ મંદિરમાં જઈને શું કરવું જોઈએ ?

જ-૧૬ લગભગ મંદિરમાં લોકો પ્રભુને જોવા માટે તેમનો વૈભવ જોવા માટે શાંતિ માટે જતાં હોય છે. મંદિરમાં પ્રભુ પાસે જઈએ ત્યારે પ્રભુને ભાવનાની આંખથી જોઈને વિચારવું જોઈએ કે મારો પ્રભુ મને જોઈ રહ્યો છે. માટે મારે એવા બનીને પ્રભુ પાસે જવું જોઈએ કે મને જોતાં જ પ્રભુની આંખ પ્રેમથી હરખાઈ જાય.

આવી ભાવનાથી જ મંદિરમાં દર્શન કરવા જઈએ તો આપણને અનેરી શાંતિ સાંપડે. જેનું હૃદય ભાવનાથી ભરેલું હોય તો જ પ્રભુ પાસે પીગળે ને તેને જ શાંતિ તેમજ આનંદ સાંપડે. મંદિરના સ્વરૂપમાં રૂડી ભાવનાથી દર્શન કરીએ છીએ તેવી જ ભાવનાથી પ્રત્યેકમાં પ્રભુનાં દર્શન કરવાની ભાવના કેળવવી જોઈએ.

પ્રભુ શું એક જ મંદિરમાં કે એક જ સિંહાસન પર બેસી રહેનારું તત્વ છે ? એ તો પ્રાણીમાત્રમાં બિરાજનારૂં અને વિલસનારૂં ચૈતન્યતત્વ છે. તે યાદ રાખવું જોઈએ.

'વૈષ્ણવ કહેવડાવવું સરળ છે, પણ થવું કઠિન છે.'

આવો પ્રભુ સાથેનો સતત પ્રેમસંયોગ જ આપણને અપાર શાંતિ અને શાશ્વત આનંદનો આસ્વાદ આપે છે. માટે જ મંદિરમાં જઈએ ત્યારે ઉપરોક્ત ભાવના કરવી જોઈએ.

પ્ર-૧૭ ભોજન, ભજન, દાન અને સ્નાન કેવી રીતે કરવાં જોઈએ ?

જ-૧૭ માનવે સો કાર્ય છોડી ભોજન કરવું જોઈએ. એક હજાર કાર્ય છોડી સ્નાન કરી પવિત્ર થવું જોઈએ. એક લાખ કાર્ય છોડી દાન કરવું જોઈએ. (યથાશક્તિ દાન) અને એક કરોડ કાર્ય બાજુમાં મૂકીને ભગવદ્ સ્મરણ કે સેવા અથવા ભજન કરવું જોઈએ. આ રીતની વિશેષ ભાવના રાખી આત્મકલ્યાણ વિચારવું જોઈએ.

લગભગ તો કરવા ખાતર જ બધું કરી નાંખતા હોઈએ છીએ પણ ઉપરોક્ત વિશેષતા ધ્યાનમાં રાખી દરેક કામ કરતાં ઘણો લાભ થાય છે. માટે સત્કાર્ય તુરત જ કરવું જોઈએ. આવતી કાલ ઉપર ના છોડવું જોઈએ. ઘરનાં કાર્યો કર્યા પછી માળા ફેરવવાની નહિ. પરંતુ પ્રભુનાં નામનો જપ કર્યા પછીથી જ બધાં કાર્યો કરવા જોઈએ. કરોડ કામ છોડીને પહેલું ભગવદ્ સ્મરણ કરવું જોઈએ. કળિયુગના મનુષ્યો જે કરવાનું છે તે કરતાં નથી અને જે ન કરવાનું છે તે પહેલું કરે છે. માટે જ વ્યાસજીએ કળિયુગના મનુષ્યને મંદબુદ્ધિવાળા કહ્યા છે. સ્વાદ ભોજનમાં નહિ પણ ભૂખમાં છે. મનુષ્યને પ્રભુને મળવાની ભૂખ ના જાગે. ત્યાં સુધી તેને સંત મળે તો પણ તેને તેમાં સદ્ભાવ થતો નથી. આ બધી વાત સમજાતી જ નથી.

પ્ર-૧૮ માનવ સ્વભાવ કેવો છે ?

જ-૧૮ આપણે પુણ્ય કરવું નથી અને પુણ્યનું ફળ જોઈએ છે. અથવા તો સોય જેટલું સત્કર્મ કે પુણ્ય કરીએ તલવાર જેટલા દોષો કરીએ છીએ અને પાછા ઉંટ ઉપર બેસી ને જોઈએ કે આપણને લેવા વિમાન ક્યારે આવે. લગભગ આવો જ માનવનો સ્વભાવ હોય છે.

પ્ર-૧૯ પ્રભુ પાસે જવામાં કેટલા અંતરાય નડે છે ?

જ-૧૯ પ્રભુ પાસે જવામાં મુખ્ય બે જ અંતરાય નડે છે.
(૧)ભગવદ્કૃત પ્રતિબંધ અને (૨) જીવકૃત પ્રતિબંધ.

ભગવદ્કૃત પ્રતિબંધ એટલે આપણી લાખ ઈચ્છા પ્રભુ પાસે જવાની હોય પણ પ્રભુની જ ઈચ્છા એમની પાસે બોલાવવાની ના હોય તે ભગવદ્કૃત પ્રતિબંધ છે. કોઈ મહારોગ આવી પડે. હાથપગ કપાઈ જાય તો સેવામાં શી રીતે જઈ શકાય. લક્વો વિ. થાય તો પથારી વશ થઈ ગયા હોઈએ તો ? આ બધા કારણો ભગવદ્કૃત પ્રતિબંધ સમજવા જોઈએ.

જીવકૃત પ્રતિબંધનો અર્થ છે ભગવાન પાસે જવામાં આપણે પોતાની જાતે જ અવરોધ ઉભા કરીએ તે એટલે કે સેવામાં મુખ્ય જે આળસ કરીએ, થાય છે થાય છે, કે થશે તેમ વિચારીએ તે પ્રભુ પાસે જવામાં આપણે ઉભા કરેલા અંતરાયો છે જે દૂર થઈ શકે છે. ભગવદ્કૃત પ્રતિબંધ દૂર થઈ ના શકે, એટલે વિવેકપૂર્વક અંતરાય દુર કરવો જ જોઈએ.

'અર્જુન ધર્મનું આચરણ કરતો હતો માટે જ પ્રભુ તેના રથના સારથિ બન્યા હતા.'

ટૂંકમાં જીવકૃત પ્રતિબંધ એટલે લૌકિક પ્રતિબંધ-લોકમાં ગણાતા સગાં; વહાલાં, દેહનું આલસ્ય, લોકમાં વ્યગ્રમન વગેરે પ્રતિબંધ સેવામાં અંતરાય કરે છે. તે અધોગતિ કરનાર છે માટે તેનો સમજીને ત્યાગ કરવો જોઈએ. જીવકૃત પ્રતિબંધ બુદ્ધિ વડે દૂર થાય છે. પણ ભગવદ્ કૃત પ્રતિબંધ હોય એટલે શરીરમાં કાયમના રોગાદિક આવે અથવા મનની વૃત્તિ જ પ્રભુ સેવામાં ચોંટે નહિં, પણ મન બીજા વિષયોમાં જ રહે, મનને વારંવાર પાછું વાળી સેવામાં લગાડવા છતાં મન અન્ય બાબતોમાં જ લાગતું હોય તો તે ભગવદ્કૃત પ્રતિબંધ છે. તે દૂર કરવાનો કોઈ જ ઉપાય નથી.

પ્ર-૨૦ આત્મધર્મ અને દેહધર્મ કેવી રીતે અપનાવવા જોઈએ ?

જ-૨૦ ધર્મના બે પ્રકાર છે. (૧) શરીરધર્મ (૨) આત્મધર્મ.

આત્માનો ધર્મ છે કે પરમાત્મા સાથે તે પ્રેમ કરે. પ્રભુ પ્રેમમાં તત્પર રહી તન્મય બને. ઠાકોરજીના ભજનમાં સાથ આપે તે જ સાચો સગો છે. પ્રભુના માર્ગે લઈ જાય તેજ સાચો સગો સ્નેહી છે પ્રહલાદજી એ પિતાની આજ્ઞા માની નહિ. મીરાંબાઈએ તુલસીદાસજી ના કહેવાથી ગૃહત્યાગ કર્યો. આત્માનો સંબંધ કેવળ પરમાત્મા સાથે જ છે. માતા-પિતાનો સંબંધ શરીર સાથે છે. તે બધાં દેહનાં ધર્મો છે. પ્રભુ સાથે આત્માના ધર્મ લાગુ પડે છે.

આત્મધર્મ અને દેહધર્મમાં વિરોધ આવે ત્યારે દેહના ધર્મોનો ત્યાગ કરવો જોઈએ. આત્માના ધર્મો ક્યારેય છોડાય નહિ. આત્માના કલ્યાણ માટે જે કાંઈ કરવું તે આત્મધર્મ છે. દેહ-શરીરનાં કલ્યાણ માટે જે પણ થાય તે દેહના ધર્મ છે. આ બંનેમાં વિવેક રાખી યોગ્ય ધર્મ અપનાવવો જોઈએ. શરીરનાં ધર્મો શરીરનાં અંત સાથે પૂરાં થાય છે. તેથી તેવા ધર્મો આપણા માટે ઉપયોગી નથી માટે આપણે આત્મધર્મ એવા ભગવત્સેવા રૂપ ધર્મનું આચરણ કરવું જોઈએ.

પ્ર-૨૧ વૈષ્ણવતા કયારે કહેવાય ? એક લીટીમાં સમજાવો ?

જ-૨૧ ભગવાનનાં નામ લેતાં હૃદય પીગળે. આંખમાં આંસુ આવે, શરીરે રોમાંચ થાય ત્યારે વૈષ્ણવતા ગણાય. બીજા ઘણાં લક્ષણોમાં આ જ એક મુખ્ય અંગ છે. વૈષ્ણવતા ગમે તેવી સ્થિતિમાં પ્રભુની કૃપાનો અનુભવ કરે અને મનને શાંત રાખે તે જ વૈષ્ણવતા. ક્યારેય કોઈપણ સંજોગોમાં આનંદ ઓછો જ ના થાય તે જ વૈષ્ણવ છે.

પ્ર-૨૨ પ્રભુ પાસે જવાના મુખ્ય માર્ગ કેટલા ? તે તમામ માર્ગનું એક એક લીટીમાં દ્રષ્ટાંત આપો ?

જ-૨૨ પ્રભુ પાસે જવાના મુખ્ય ત્રણ માર્ગ છે. કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ, ભક્તિમાર્ગ આ ત્રણ માર્ગ તે સમજવા માટે તરસનું દ્રષ્ટાંત ઉત્તમ છે.

કર્મમાર્ગ- તરસ લાગે ત્યારે ખાડો ખોદી જલ કાઢીએ તે કર્મમાર્ગ- પુરીનો દાખલો- બધી જ વસ્તુ જોઈએ. પુરી બનાવવી હોય તો પુરી બનાવવા માટેના દરેક સાધનો જોઈએ. લોટ, પાણી, તાવડી, સ્ટવ, દીવાસળી, વિચારો એક પણ વસ્તુ ના હોય તો પૂરી બની જ ના શકે.

'દરેક વૈષ્ણવોમાં ભગવદ્ બુદ્ધિ રાખવી અને
દીનતાપૂર્વક સ્નેહપૂર્ણ વ્યવહાર કરવો.'

તેમ કર્મમાર્ગમાં પણ કર્મ કરવા માટેના દરેક સાધનની જરૂર પડે છે.

જ્ઞાનમાર્ગ- તરસને જ્ઞાનથી છીપાવવી તે જ્ઞાન માર્ગ.

ભક્તિમાર્ગ- ગંગાજીના કિનારે જ વાસ કરવો તે ભક્તિ માર્ગ.

પ્ર-૨૩ મંત્ર અને યંત્રનો સંબંધ કેવો છે ? અથવા તો મનને કેવી રીતે સુધારી શકાય ?

જ-૨૩ માનવના મનનો સ્વભાવ પાણી જેવો છે.

પાણી હંમેશા ઉંચાઈ ઉપરથી નીચાણ બાજુ જ જાય છે તેમ મનને પણ સંસારના વિષયોમાં લોભાઈને પતનના માર્ગે જવાનું જ ગમે છે.

પાણીની જેમ મનને પણ નીચે જ ગબડતા રહેવાની સંસારના વિષયોમાં જ વહ્યા કરવાની આદત છે. આ આદત જ તેને પાપકર્મ તરફ લઈ જાય છે.

મનની આ બૂરી આદત નાબૂદ કરી શકાશે ને એને ઉંચે ચઢવાના સ્વભાવવાળું બનાવી શકાશે તો જ જીવનમાં શાંતિ અને સંતોષ લહેરાશે. જપ કરવાથી પ્રારબ્ધ બદલાય છે. અને પ્રભુ સંબંધ થાય છે. જપ કરવાનું કામ આપણું ગણવાનું કામ પ્રભુનું છે.

નીચે વહેવાના સ્વભાવવાળાં પાણીને યંત્રનો સંગ થાય તો તે ઉંચે ચઢતું થાય છે. તેમ નીચે ગબડવાના સ્વભાવવાળાં મનને જો પ્રભુ નામના મંત્રનો સંગ થાય તો તે પણ ઉર્ધ્વગામી બનીને પ્રભુ પાસે પહોંચી જાય છે.

માટે મનને સતત મંત્ર -પ્રભુ નામસ્મરણમાં પરોવાએલું રાખો તો એ સુધરી જશે. ને પ્રભુ પાસે પહોંચવાની શક્તિ અનેક ઘણી વધી જશે. તનથી પાપ કરીએ તેનાથી કેટલાંય વધારે મનથી જ પાપ થતાં હોય છે. મનનાં પાપ છાનાં રહેતાં હોઈ ઉધઈનું કામ કરતા હોય છે. મંત્રથી જીવનો સંબંધ થાય છે. શબ્દસંબંધ પહેલાં થાય છે. તે વિના બ્રહ્મ સાથે સંબંધ થતો નથી. તે પછી પ્રત્યક્ષ સંબંધ થાય છે.

જપની ધારા તૂટવી ના જોઈએ. એક વર્ષ સુધી વાણીથી જપ કરવાં. ત્રણ વર્ષ કંઠથી જાપ કરવાં. ત્રણ વર્ષ પછીથી જ મનથી જપ થાય છે. એ પછી અજપા જપ થાય છે.

પ્ર-૨૪ કોઈ પણ જાતના મંત્રો કરવાથી મન સુધરે છે ? તે કેમ મનાય ?

જ-૨૪ જેમ આપણે દુધની તપેલી ભરી અંદર એકાદ ચમચી જ મેળવણ પધરાવીએ તો તે દહીં બની જાય છે. આપણે સામે જ બેઠા રહીએ ને જોયા કરીએ તો પણ દુધમાંથી દહીં ક્યારે અને કેવી રીતે થઈ ગયું તે સ્પષ્ટ રીતે જોઈ શક્તા જ નથી.

તેવી જ રીતે મનને ભગવદ્‌નામમાં લગાવી. સતત મંત્ર જાપ (મેળવણની જેમ) કરવાથી તેમાં એટલે કે મનમાં પણ આંતરિક ફેરફાર થઈ જતા હોય અને કુદરતી જ તે શુદ્ધ બને છે જે જોઈ શકાતું નથી પણ તેમ જ થાય છે તે હકીકત જ છે જે અનુભવે જ સમજાય છે. માટે તનની સુખાકારીની કાળજી રાખીએ એટલી મનની સુખાકારી માટે પણ કાળજી રાખવી જ જોઈએ.

વૈષ્ણવો માટેનો ગાયત્રીમંત્ર આ પ્રમાણે કરી શકાય 'બુદ્ધિપ્રેરક શ્રીકૃષ્ણના ચરણ કમળ પ્રસન્ન થાઓ.' એવી શ્રીવલ્લભની આજ્ઞા છે.

પ્ર-૨૫ પોતાનું નામ ક્યારે બગડે છે ?

જ-૨૫ જેની આંખ બગડે એનું બધું જ બગડે છે. પાપ પહેલું આંખમાં આવે છે. પછી મનમાં આવે છે, પછી વાણીમાં ને વર્તનમાં આવે છે. રાવણની આંખમાં કામ હતો, ને હિરણ્યાક્ષની આંખમાં લોભ હતો. માટે જ તે લોકોનું મન પણ બગડ્યું, જીવન પણ બગડ્યું અને નામ પણ બગડ્યું. માટે જ આજે કોઈ પોતાના દિકરાનું નામ રાવણ કે હિરણ્યાક્ષ રાખતા નથી.

પ્ર-૨૬ કામ, ક્રોધ અને લોભથી શું થાય છે ?

જ-૨૬ કામથી કર્મનો નાશ થાય, ક્રોધથી જ્ઞાનનો નાશ થાય અને લોભથી ભક્તિ નષ્ટ થાય છે. માટે જ કામ દેવતાઓને જ શોભે, ક્રોધ ઋષિમુનિઓને શોભે અને લોભ માનવને શોભે છે.

પ્ર-૨૭ પુત્રથી સદ્‌ગતિ કેવી રીતે થાય ?

જ-૨૭ પુત્ર હોય તોજ સદ્‌ગતિ થાય એ વાત બરાબર નથી. પુત્ર વડે નહિ, સદ્‌ગતિ તો આપણાં સત્કર્મ વડે પામી શકાય.

આજે પેલા પાંડવોનો વંશ પણ નથી રહ્યો, કે નરસિંહ મહેતાના વંશનો દીવો તેમની હાજરીમાં જ ઓલવાઈ ગયો એટલે એ શું અવગતિયા થયા ગણાય ? આપણાથી એવું કહી શકાય જ નહિં કે એમની સદ્‌ગતિ નથી થઈ. આત્મદેવ ને પુત્રેષણા થઈ ધધુંકારી જેવો પુત્ર થયો શું લાભ થયો ? કર્મથી જ સદ્‌ગતિ અને દુર્ગતિ થતી હોય છે.

આજે શ્રી રામચંદ્રજી ભગવાનનો સૂર્યવંશ અને ભગવાન શ્રીકૃષ્ણનો ચંદ્રવંશ પણ નથી રહ્યો, એટલે શું એમની અવગતિ થઈ હશે ? એવું બની શકે જ નહિં. તે આપણે બરોબર જાણી શકીએ છીએ. આપણો ઉદ્ધાર આપણે જાતે જ કરવાનો છે. પછી દીકરા દ્વારા સદ્‌ગતિની આશા જ શા માટે રાખવી ? આજના વાતાવરણમાં ઉછરેલા છોકરાઓ તો શ્રાદ્ધ પણ કરવાના નથી તો પછી ઉદ્ધાર તો કરવાના છે જ ક્યાંથી ? માટે આપણો ઉદ્ધાર જાતે જ કરવાનો સંકલ્પ કરવો જોઈએ. પુત્ર જ સ્વર્ગમાં લઈ જશે. એવા ખોટા ખ્યાલમાં ના જ રહેવું જોઈએ. જે માનવ વેર અને વાસના વગર જ મરે છે તેની પાછળ વાસ મુકવાની કે શ્રાદ્ધ કરવાની કોઈ જ જરૂર રહેતી નથી. માટે જ સત્કર્મ વડે જ સદ્‌ગતિ થશે તે કાયમ યાદ રહેવું જોઈએ.

પ્ર-૨૮ જગતમાં વંશ કેટલા છે ? તે કયા કયા છે ?

જ-૨૮ જગતમાં બે જ વંશ ચાલે છે. (૧) પુત્રપરંપરાનો બિંદુવંશ (૨) શિષ્ય પરંપરાનો નાદ વંશ જૂના સમયમાં તો શિષ્યને નિરપેક્ષભાવે જ શિક્ષણ અપાતું હતું. નદી અને વૃક્ષની જેમ ગુરુકૂળના ગુરુદેવ કશીયે અપેક્ષા વિના જ વિદ્યાદાન આપતા હતા. ને સાથે સાથે અન્ન વડે પોષણ આપતા હતા. આવા ગુરૂદેવ પાસેથી વિદ્યાદાન મેળવ્યા પછી ઘેર પાછો વળનાર શિષ્ય ગુરુદેવનું ઋણ ચૂકવવાની ભાવનાથી જ ગુરુદક્ષિણા આપતો હતો.

તે રીતે ગુરુકુળમાંથી વિદાય લેતી વખતે શ્રીકૃષ્ણે ખૂબ નમ્રતાપૂર્વક ગુરુદક્ષિણા આપવાની

શ્રીમદ્ ભાગવતજી એટલે ગાયત્રીનો જ વિસ્તાર.

જેના પર ભગવાન કૃપા કરે તેનો લૌકિક વ્યવહાર છૂટી જાય છે.

ભાવના વ્યક્ત કરી ત્યારે ગુરુદેવ સાંદીપનિએ નિઃસ્પૃહભાવે આટલું જ કહ્યું હતું. 'મારી જેમ તું પણ બીજાને નિઃસ્પૃહભાવે વિદ્યા આપતો રહેજે ને વિદ્યાનો વંશ વધારતો રહેજે.'

આમ કુરુક્ષેત્રમાં વિષાદગ્રસ્ત બની કર્તવ્ય ચૂકી ગયેલા અર્જુનને ગીતાનો ઉપદેશ આપીને અને સ્વધામ પધારતી વખતે શ્રી ઉદ્ધવજીને પણ ઉત્તમ ઉપદેશ આપી ને શ્રી કૃષ્ણે ગુરુદેવની નાદ વંશ વધારવાની ગુરુદક્ષિણા બરાબર આપી હતી, શ્રી વલ્લભની વલ્લભ કુલ બિંદુ સૃષ્ટિ છે અને વૈષ્ણવ નાદ સૃષ્ટિ છે.

પ્ર-૨૯ પુષ્ટિજીવોના ભેદ કહો ?

જ-૨૯ મુખ્ય ચાર ભેદો છે. શુદ્ધ પુષ્ટિ, પુષ્ટિ પ્રવાહ, પુષ્ટિ મર્યાદા અને પુષ્ટિ પુષ્ટિ.

(૧) પુષ્ટિ પૃષ્ટિના જીવો સર્વજ્ઞ હોય છે. તેઓમાં ભક્તિ પ્રધાન જ્ઞાન હોય છે.

(૨) પુષ્ટિ મર્યાદા સૃષ્ટિ-ના જીવો જ્ઞાન પ્રધાન ભક્તિ યુક્ત હોય છે.

(૩) પુષ્ટિ પ્રવાહ સૃષ્ટિ-ના જીવો ક્રીયારત હોય છે પ્રેમ અને જ્ઞાનની અપેક્ષાએ પ્રભુના કાર્ય કરવા વિશેષ અભિરૂચી હોય છે.

(૪) શુદ્ધ પુષ્ટિ - ના જીવો સર્વોચ્ચ છે. શ્રી વૃંદાવનની ગોપિકાઓમાં જ ફક્ત તેવો પ્રેમ પ્રદર્શિત થયેલો તેથી તો તેઓ શુદ્ધ પુષ્ટિ ભક્તોમાં ગણાય છે, અને પુષ્ટિ સૃષ્ટિનાં પ્રેમ ભક્તિમાર્ગના આચાર્ય છે. આવા જીવો પ્રભુની નિત્ય લીલામાં નિત્ય સહચરી છે.

પ્ર-૩૦ ભક્તિ કેવી રીતે કરવી જોઈએ ભાગવતજીમાં કહ્યા મુજબ જણાવો ?

જ-૩૦ નિષ્કામ ભક્તિ જ ભાગવત શાસ્ત્રનો મુખ્ય વિષય છે. ભક્તિ પૈસા કે સુખ મેળવવા માટે નહિ, પણ ભગવાન મેળવવા માટે કરવાની છે.

ભક્તિનું ફળ ભોગ નહિં ભગવાન જ છે. ભગવાન પાસે લૌકિક સુખની માંગણી કરનારો ભગવાનને ઓળખતો જ નથી. માટે જ બાલભાવની સેવા આપણે ત્યાં થાય છે. બાળક નાનું શું આપી શકે એની પાસે માંગવાની ઈચ્છા જ ન થાય. કેવળ વાત્સલ્ય જ આવે.

પ્રભુ તો અંતર્યામી છે, ઉદાર છે, ને પૂર્ણ રીતે ન્યાયી છે. એટલે પ્રભુ પાસે માંગવાની જરૂર નથી. આપણા કલ્યાણ માટે જે જરૂરી હશે તે પ્રભુજી આપમેળે જ આપવાના છે.

પ્રભુ પાસે માંગવાથી જે માંગીએ તે તો લાયકાત પ્રમાણે મળી જ જાય છે પણ પછી પ્રભુ મળતા નથી. પ્રભુ કરતાં જે કાંઈ પણ વધારે લાગે તેની જ માગણી યોગ્ય કહેવાય. કશુ પણ માંગતા પ્રભુ જ જતા રહે એવું તુચ્છ વસ્તુ માંગીને શું લાભ- નિષ્કામ ભક્તિ જ પ્રભુને મેળવે છે.

આખા ભાગવતજીમાં લગભગ પ્રભુના વિજયની જ કથા છે છતાં સુદામાજી આગળ પ્રભુને પરાજીત થવું પડ્યું છે. કારણ કે અકલ્પીય દારિદ્રય હોવા છતાં સુદામાજીએ ક્યારે આશા કરી કાંઈ પણ માંગ્યુ નથી. ત્યારે જ પ્રભુ પ્રસન્ન થયા છે. માટે આપણે પ્રસન્ન રહેવું તે સારૂ કે પ્રભુને પ્રસન્ન કરવા તે સારૂં ? તે વિચારવું જોઈએ ? અને પ્રભુ પ્રસન્ન રહે તેવી જ ભક્તિ કરવી જોઈએ.

પ્રવાહી જીવો પ્રભુના મનથી ઉત્પન્ન થયા છે. મર્યાદા જીવો પ્રભુની વાણીમાંથી થયા છે. જ્યારે પુષ્ટિજીવો પ્રભુના આનંદમાંથી બન્યા છે. માટે જ જીવનમાં ક્યારેય કોઈપણ સંજોગોમાં આનંદ ઓછો થાય તે પુષ્ટિજીવ અથવા વૈષ્ણવ ના કહેવાય.

પ્ર-૩૧ સંત કેમ થવાય ? અથવા તો સંતોના લક્ષણો શું છે ?

જ-૩૧ બ્રહ્માજીની સૃષ્ટિ ગુણદોષથી ભરેલી છે. કોઈ પણ વસ્તુ ગુણદોષ વિનાની નથી. દૈવી સૃષ્ટિ આસુરી સૃષ્ટિ અનાદિ કાળથી છે. કોઈના પાપ જોવાથી પણ પાપ લાગે છે. કોઈના પાપનો વિચાર કે ઉચ્ચાર કરવાથી પણ પાપ લાગે છે. માટે જ કોઈનું પાપ- દોષ જોવા નહિ તથા વાણીથી ઉચ્ચાર પણ કરવા નહિ. આમ કરે તે સંત બને છે.

દષ્ટિને ગુણમય બનાવો. આજથી જ પાપ કરવાનું છોડી દો તો સંત બનાશે. મૃત્યુ માથે રાખી પાપ કરવા નહિ, કોઈના દોષ જોવા નહિ, અને આપણા મનને સાચવવું આ ત્રણે કરીએ તો સંત થવાય. આપણે સંત થઈએ તો આપણને સંત મળે.

સંત થવા માટે કપડાં બદલવાની જરૂર નથી. પણ કાળજું બદલવાની- સ્વભાવ બદલવાની જરૂર છે. વ્યવહારમાં બોલતા, ખાતા, પીતાં, જે અતિ સાવધાન છે તે સંત છે. લોભીનું લક્ષ્ય જેમ પૈસો હોય છે. તેમ સંતોનું લક્ષ્ય હોય છે કે મારે આ જન્મમાં જ પ્રભુન દર્શન કરવા છે. ઘર છોડવાથી સંત થવાય કે સંત મળે તેવું પણ નથી. અતિ સાવધાન રહીને ઘરમાં રહે તે સંત છે.

જે પ્રત્યેક વ્યવહારમાં પ્રતિ ક્ષણે સાવધાન થાય છે તે સંત છે. સંત થવું હોય તો દષ્ટિને ગુણમય બનાવવી જોઈએ. દોષ દષ્ટિ રાખવાથી મન બગડે છે. જેને અતિશય હલકો માનીએ તેમાં પણ એકાદ સદ્‌ગુણ હશે.

આ જીવ ઈશ્વરનો અંશ છે. તેમાં ઈશ્વરનો એક પણ અંશ ના હોય તો તે અંશ ના કહેવાય. દુનિયામાં દોષથી કોઈ જ પર નથી.કાંઈક દોષ છે. માટે જ તો જીવ ઈશ્વરથી જુદો છે. કોઈ દોષ ના હોય તો જીવ આ શરીરમાં ના રહે કાંઈક દોષ છે, એટલે જ જીવ શરીરમાં છે. સંતોમાં ભલે એકાદ દોષ હોય પણ તે દુર કરવા એ સમર્થ હોય છે.

મનુષ્યનો મોટામાં મોટો દોષ એ પોતાની જાતને નિર્દોષ માને છે, સમજે છે એ છે. નિર્દોષ એક ઈશ્વર જ છે.

જગતના કોઈપણ જીવના દોષને જોવા નહિ. પોતાના મનને સુધારી આપણી ભૂલ બતાવે તેનો ઉપકાર ભૂલવો ના જોઈએ.

જ્ઞાન, ધન અને માન સુપાત્રને મળે તો તે સુખી થાય છે. જે લાયક નથી તેને બહુ જ્ઞાન મળે તો ઘણા ભાગે તેને બીજાની ભૂલ જ દેખાય છે, અનાધિકારીને જ્ઞાન મળે તો તે ભક્તિમાં વિઘ્ન કરનારું પણ છે.

સત્સંગ વગર મનુષ્યને પોતાના દોષનું ભાન થતું નથી. સત્સંગમાં મનુષ્યને પોતાની ભૂલનું જ્ઞાન થાય છે.

સાચા સંત પાપ છોડાવે છે અને પ્રભુના માર્ગે વાળે છે. સાચા સંત કૃપા કરે ત્યારે સંપત્તિ આપતા નથી તે માને છે કે વધારે સંપત્તિ આપીશ ત્યારે શિષ્ય પ્રમાદી થશે. સાચા સંત તો સન્મતિ આપે છે અને વિકાર વાસનાનો નાશ કરાવે છે.

સંતને જગતમાં ખૂબ સહન કરવું પડે છે. સહન કરે તે સંત.

તમારા મનને સુધારે, સ્વભાવને સુધારે, તમારી ભક્તિને વધારે અને સુખી કરે તે સંત. સંત જીવનનું મોટામાં મોટું લક્ષણ સહનશક્તિ છે. જે સહન કરતાં શીખે. તે જ સંત બને છે. સાધારણ મનુષ્યનું મન ક્ષણે ક્ષણે બદલાય છે. જ્યારે સહનશીલ સંતોનું મન સદા શાંત અને સ્થિર રહે છે. સંતનો ઉપદેશ લેવા લાયક થઈશું તો આપણને કોઈ સંત આવીને મળશે. અધિકાર સિદ્ધ થાય એટલે સદ્‌ગુરુ મળે છે. અધિકાર વિના સંત મળે, તો તેના તરફ સદ્‌ભાવ જાગતો નથી. સંતને શોધવાની જરૂર નથી. શોધવાથી સંત મળતા નથી. પ્રભુ કૃપાથી જ સંત મળે છે. અંતે જ્યાં સુધી મન શુદ્ધ થશે નહિ, ત્યાં સુધી પ્રભુ કૃપા થશે જ નહિ. મન દુર્જન હશે ત્યાં સુધી સંત મળતા નથી. સંત થશો તો સંત મળી આવશે. જે દિવસે મન શુદ્ધ છે ચારિત્ર્ય શુદ્ધ છે એવી સાક્ષી આત્મા આપે, તો માનવું કે સંત થયા.

પ્ર-૩૨ આંખ અને કાનનો ઉપયોગ શી રીતે થાય ?

જ-૩૨ ઘણાં આંખથી પ્રભુના સ્વરૂપને મનમાં ઉતારે છે. ઘણાં કાનથી શ્રવણ કરી ભગવાનને હૃદયમાં ઉતારે છે. આથી આંખ અને કાન બન્નેને પવિત્ર રાખવા જોઈએ. ત્યાં શ્રી કૃષ્ણને પધરાવવા જોઈએ. દરેક સત્કર્મના આરંભમાં શાંતિપાઠ કરવામાં આવે છે. કાન અને આંખ પવિત્ર થાય પછી જ સત્કાર્યનો પ્રારંભ થતો હોય છે.

મનુષ્ય નાકથી કે બીજા બધા અંગોથી ખાસ પાપ નથી કરતો જેટલું આંખથી અને કાનથી કરતો હોય છે. માટે જ આંખ અને કાનને પવિત્ર કરવાની સૌથી વધારે જરૂર રહે છે. તેથી જ ગોર મહારાજ આંખે અને કાને જ પાણી અડાડવાનું કહેતા હોય છે.

શુદ્ધ ઈન્દ્રીયોમાં જ પ્રભુનો પ્રકાશ થાય છે. આથી ઈન્દ્રીયોને શુદ્ધ રાખી મન પણ શુદ્ધ રાખવું જોઈએ. આંખ અને કાન બે બે આપ્યા છે. બાકી મોઢું, નાક વિગેરે એક જ છે. તો ડબલ હોવાથી ખૂબ સાંભળવું અને ખૂબ જોવું પણ બોલવું ઓછું. ખાવું ઓછું.

પ્ર-૩૩ સ્વચ્છતા અને પવિત્રતામાં શું ભેદ છે ?

જ-૩૩ બધે જ સ્વચ્છતાને પવિત્રતા માની પૂજવામાં આવે છે. પરંતુ સ્વચ્છતા અને પવિત્રતામાં ઘણો ફેર છે. આપણી ઈચ્છા પ્રમાણેની શુદ્ધિ તે સ્વચ્છતા,ને સંત તેમજ શાસ્ત્રની સંમતિ પ્રમાણેની શુદ્ધિ તે પવિત્રતા. માનવ શરીર અને કપડાં જ સ્વચ્છ રાખે છે પણ મનને સ્વચ્છ પવિત્ર રાખવું જોઈએ મર્યા પછી એજ સાથે આવે છે.

પ્ર-૩૪ બે હાથનો ઉપયોગ કેવી રીતે થાય ?

જ-૩૪ પ્રભુએ બે હાથ સત્કર્મ કરવા માટે જ આપ્યા છે. જે હાથ ઠાકોરજીની સેવા નથી કરતા ને પરોપકારના કામોમાં નથી જોડાતા તે હાથ મોટાઓના વચન પ્રમાણે મડદાના હાથ છે. પરોપકાર અને પ્રભુ સેવામાં રોકાયેલા હાથ જ ભાગ્યશાળી હાથ છે.

રોજ રાત્રે સુતી વખતે તમારા બે હાથને પૂછી જોજો આજે કોઈ સત્કર્મ કર્યું છે ખરૂં ? એ હાથ વડે સત્કર્મ કર્યું હોય તો જ ખાવાનો કોળિયો બીજા દિવસે હાથમાં લેવાય નહિ તો ઉપવાસ જ કરવો જોઈએ.

જે ભગવાનના સ્મરણથી અટકતો નથી તે વૈષ્ણવ છે.
કારણ કે તે પોતાના માર્ગને ઉત્તમ બનાવે છે. ૧૧-૨-૫૩.

કશું પણ સત્કર્મ કર્યા વગર જ ખાઈએ તો તે પાપ જ ખાઈએ છીએ તેવી ભાવના સમજવી જોઈએ.

પ્ર-૩૫ બે પરમ વૈષ્ણવ અથવા તો બે સંતોનું મિલન કેવું હોય છે ?

જ-૩૫ ચાર મિલે ચોસઠ ખિલે, વીસ રહે કર જોડ.
હરિજન સે હરિજન મીલે તો, બિહસે સાત કરોડ.

ચાર= ચાર આંખો, વીસ= બન્નેના હાથના આંગળા
ચોસઠ= ચોસઠ દાંતો, સાત કરોડ= સાત કરોડ રૂવાંટી.

શરીરમાં સાડા ત્રણ કરોડ રૂવાંટી હોય છે. હરિજન એટલે હરિના લાડીલા જન. હરિજન એટલે પ્રભુ પ્રેમી વૈષ્ણવ.

સત્સંગમાં મનુષ્ય જીવે એટલું જ તે જીવ્યો કહેવાય. સત્સંગમાં, પ્રભુ સેવામાં, કૃષ્ણ કીર્તનમાં, કૃષ્ણકથામાં, ભગવદ્ વાર્તામાં જેટલો સમય જાય માનજો એટલો સમય જ જીવ્યા છીએ બાકીમાં મર્યો છું. સંતોના મિલનમાં કેવળ ભગવાનની જ વાતો થાય છે. સંત મળે ત્યારે આપણી લૌકિક વાતો પૂછવી ના જોઈએ. વૈષ્ણવોના ઘરમાં એક જ વિષય હોવો જોઈએ ને તે શ્રીકૃષ્ણ.

પ્ર-૩૬ જ્ઞાનમાર્ગ અને ભક્તિ માર્ગમાં સફળ કયારે થવાય ?

જ-૩૬ ભક્તિ વિનાનું જ્ઞાન લંગડુ છે, ને જ્ઞાન વિનાની ભક્તિ આંધળી છે. પૂર્ણ વૈરાગ્ય હોય તો જ જ્ઞાનમાર્ગમાં સફળ થવાય અને પૂર્ણ સદ્ભાવ હોય તો જ ભક્તિમાર્ગમાં સફળ થવાય.

જ્ઞાનીને મન કોઈ પોતાનું નથી. તેથી કોઈનું ય સુખ દુઃખ પોતાનું નથી. એને તો પોતાના શરીરનું સુખદુઃખ પણ લેપી શકતુ નથી. કારણ બધાયમાંથી મમતાનો ત્યાગ કરી બધાયમાં સમત્વબુદ્ધિ સેવી આનંદ રૂપ બને છે. શિવજી ત્યાગ રૂપ છે. જગત માટે સર્વસ્વનો ત્યાગ કર્યોને જગતને જેની જરૂર નથી તે ઝેર કે ધંતૂરો જ સ્વીકાર્યો. સમજપૂર્વક છોડવું તે ત્યાગ.

જ્યારે ભક્તને મન સૌ પોતાના છે, સઘળા જીવોમાં પોતાનો જ પ્રભુ બિરાજેલો છે. એટલે સૌના સુખદુઃખ પોતાના જ સુખદુઃખ છે. આ ભાવનાથી એ સર્વમાં પોતાના પ્રભુનું જ સાનિધ્ય અનુભવતો, સર્વ પ્રત્યે સરખો સદ્ભાવ સેવીને આનંદરૂપ બને છે. શ્રીકૃષ્ણે સર્વ સાથે પ્રેમ કર્યો. ગાળો આપનાર, ઝેર આપનાર કે લાત મારનારને પણ પોતાના ગણ્યા તેથી જ તે સર્વ પ્રિય બન્યાં.

આમ જ્ઞાન માર્ગ અને ભક્તિમાર્ગ પોત પોતાની રીતે જીવને આનંદ અને શાંતિ ભણી દોરી જાય છે.

સાધારણ જીવ માટે જ્ઞાન માર્ગ અઘરો છે. કારણ કે, ત્યાગની વાતો કરવી સહેલી છે. પણ મનથી ત્યાગ કરવો અઘરો છે.

સાધારણ જીવ માટે તો સર્વમાં ભગવાન જ બિરાજેલ છે એવી ભાવનાથી સર્વ સાથે સરખો

વૈષ્ણવો જ્યાં વસે છે એ ભૂમિ તીર્થરૂપ બની જાય છે. તીર્થો ભગવાનનો સંબંધ હોવાને લીધે પુણ્ય કરાવનારા હોવા ઉપરાંત ભક્તિ પણ કરાવનારા છે. ૩-૧-૧૮.

પ્રેમ કરવાનું શીખવતો ભક્તિમાર્ગ જ ઉત્તમ સાધન છે.

જીવનમાં ભક્તિ વધારવી હોય તો સર્વ સાથે પ્રેમ કરો અને જ્ઞાન વધારવું હોય તો સર્વનો ત્યાગ કરો.

પ્ર-૩૭ મનુષ્યને અસત્ય વચન બોલવાના મુખ્ય કારણ કયા છે ?

જ-૩૭ મનુષ્ય અજ્ઞાન, ભય, અને લોભ આ ત્રણ કારણને લીધે જ અસત્ય વચનો બોલતો હોય છે.

પ્ર-૩૮ મનુષ્ય પશુ જેવો કયારે કહેવાય ?

જ-૩૮ મનુષ્ય કોઈ પણ જાતના લક્ષ્ય વિનાનું જીવન જીવે ત્યારે પશુ સમાન ગણાય છે. પશુ અને માનવનાં બધા જ કાર્યો સરખા હોય છે. પરંતુ પશુને જીવવાનું કોઈ જ લક્ષ્ય હોતું નથી તેથી ભગવદ્ પ્રાપ્તિ કરવામાં મુશ્કેલી પડે છે. પશુ ત્રણ વર્ષ પછી પોતાના માતા-પિતાને પણ ભૂલી જાય છે. તો પ્રભુને શી રીતે યાદ રાખી શકે ? મનુષ્ય જયારે આચારહીન બને ત્યારે પશુ જ છે.

પ્ર-૩૯ તીર્થયાત્રા કેવી રીતે કરવી જોઈએ ?

જ-૩૯ ઘરમાં રહીને તીર્થનું સ્મરણ કરવું તે પુણ્ય છે. તીર્થમાં જઈ ઘરનું સ્મરણ તે પાપ છે. હૃદયને ભક્તિ રસમાં ઝબોળીને જ તીર્થયાત્રા કરવી જોઈએ.. તીર્થમાં મોજ મજા ના થાય તો સારૂં. નિંદા ન કરવી જોઈએ. કેવળ ફરવાની ભાવનાથી ના જવાય. તીર્થમાં તો તપ અને સંયમ વડે પવિત્ર થવાની ભાવનાથી જ જવાય. તીર્થયાત્રા તીર્થરૂપ થવા માટે જ છે બરોબર યાત્રા કરે છે તે તીર્થ જેવો જ થાય છે. તીર્થ યાત્રા તેની જ સફળ થાય છે કે જે તીર્થ જેવો બનીને ઘરે આવે છે.

તીર્થમાં જઈને કોઈ વસ્તુ છોડવાની વાતનો કોઈ જ અર્થ નથી પણ આપણા પોતાના સ્વચિંતનમાં આપણને જે બાધક હોય તેનો ત્યાગ કરવો જોઈએ. બને ત્યાં સુધી તો પ્રભુ માટે આપણને બાધક પ્રિય વસ્તુનો જ ત્યાગ કરવો જોઈએ. તીર્થમાં સ્નાન કરતી વખતે પાપ ધોવાય છે એવો ભાવ રાખી ને સંત શોધી કાઢીને સત્સંગ કરવો જોઈએ. તો જ મન સુધરશે ને જીવન સાર્થક થશે. તીર્થમાં જઈ તનનો મેલ નહિં પણ મનનો મેલ ધોવાનો છે. ભૂમિ ઉપર શયન કરવું જોઈએ. ત્રિકાલ સવાર-બપોર-સાંજ સ્નાન કરવું.

યાત્રાનો અર્થ છે. યાતિ ત્રાતિ : ઈન્દ્રિયોને પ્રતિકુળ વિષયોમાંથી હટાવી અને અનુકુળ વિષયોમાં જોડી દેવી એનું નામ યાત્રા જ્યાં જવાથી આત્મોદ્ધાર થાય તે યાત્રા.

યાત્રા વિધિપૂર્વક કરવાની હોય છે. તો જ તેનો અર્થ સરે છે. યાત્રામાં જતાં પહેલાં "આજથી હું બ્રહ્મચર્ય પાળીશ, આજથી ક્રોધ નહિં કરૂં, આજથી જુઠ્ઠું નહિં બોલું, આજથી વ્યર્થ ભાષણ નહિ કરૂં." એવી પ્રતિજ્ઞાઓ કર્યા પછીથી જ યાત્રાની શરૂઆત કરવી જોઈએ.

ગુરૂનું અપભ્રંશ છે ગોર. ગોરને નોકર ન ગણવો જોઈએ. તીર્થમાં તીર્થના બ્રાહ્મણોની નિંદા ન કરવી જોઈએ. એક એક તીર્થમાં જઈ એક એક પાપ છોડવાનું હોય છે. ક્રોધ, કામ,

પ્રથમ પરિક્રમા શ્રીવલ્લભે શરૂ કરી. વિ.સ.૧૫૪૬માં અને પૂરી કરી સંવત ૧૫૫૨માં કુલ સાત વર્ષ થયેલાં.

લોભ, વિગેરે ક્રમાનુસાર એક એક કરી છોડવા જોઈએ.

કાશીની યાત્રામાં જ્ઞાન સિદ્ધિ થાય છે. વ્રજમાં ભક્તિ સિદ્ધ થાય છે. નર્મદાના કિનારે વૈરાગ્ય સિદ્ધ થાય છે.

મનને શુદ્ધ કરવા તીર્થયાત્રા કરવાની જરૂર છે. પણ જેનું મન શુદ્ધ છે. એક ઠેકાણે બેસીને સેવા-સ્મરણમાં જ આનંદ મળે છે. જેને ભક્તિભાવ નો રંગ લાગ્યો છે. તે બહુ ભટકતો નથી.

તીર્થ યાત્રા ભારત દેશની અતિ પ્રાચીન પરંપરા છે. હિંદુઓ જ નહીં, મુસલમાનો, ખ્રિસ્તીઓ, જૈનો, બૌદ્ધો અને શીખો પણ તેમના તીર્થસ્થાનોની યાત્રા કરવાનો આગ્રહ રાખે છે.

આપણાં ધર્મશાસ્ત્રોએ તીર્થયાત્રા અને તીર્થોની પરિક્રમાનો બહુ મોટો મહિમા બતાવ્યો છે. અને તેનું ભારે મોટું ફળ પણ બતાવ્યું છે. અનેક યજ્ઞો કરવાથી જે ફળ મળે, તેથી વધુ તીર્થયાત્રાથી મળે છે. મોટામાં મોટો પાપી પણ જો વિધિપૂર્વક તીર્થયાત્રા કરે તો તેના સર્વ પાપો નાશ થાય છે. ને તે પવિત્ર શુદ્ધ બને છે. પણ તીર્થમાં જઈ પાપ કરે તો તે વ્રજલેપ બની જાય છે. કયારેય નાશ પામતું નથી.

પ્ર-૪૦ શ્રી આચાર્યચરણે નિબંધમાં પુષ્ટિમાર્ગીય ભક્તિ પ્રાપ્ત કરવા માટે શું આજ્ઞા કરી છે ?

જ-૪૦ આપણાં શ્રી મહાપ્રભુજી શ્રીમદ્ આચાર્યચરણે વેદ, ઉપનિષદ વગેરે શાસ્ત્રોનો સાર શ્રીમદ્ ભાગવતજીમાં સુબોધિનીજી દ્વારા પ્રકટ કર્યો છે. માટે પુષ્ટિમાર્ગીય ભક્તિ જેમણે પણ પ્રાપ્ત કરવી હોય તેમને માટે શ્રી મહાપ્રભુજી નિબંધમાં આજ્ઞા કરે છે કે 'પઠનીય પ્રયત્નેન શ્રી ભાગવત-માદરાત' આ શ્લોકથી શ્રી આચાર્યચરણ જણાવે છે કે જેણે પુષ્ટિ રસની પ્રાપ્તિ કરવી હોય તેણે આદર શ્રદ્ધાપૂર્વક સતત શ્રીમદ્ ભાગવતજીનો પાઠ કરવો.

આખો પાઠ દરરોજ તો ના થઈ શકે પણ આખા પાઠનો એક શ્લોક, અડધો શ્લોક કે છેવટે પા શ્લોક પણ નિત્ય નિયમ પૂર્વક સારી રીતે અર્થ સાથે સમજી કરવો જ જોઈએ.

પ્ર-૪૧ વેદાંતમાં સાક્ષાત્કારના બે પ્રકારો બતાવ્યા છે. તે કયા છે ?

જ-૪૧ વેદાંતમાં પરોક્ષ સાક્ષાત્કાર અને અપરોક્ષ સાક્ષાત્કાર એમ બે પ્રકારો બતાવ્યા છે. પરોક્ષ સાક્ષાત્કારમાં પ્રભુ કયાંક છે એવું માનવું તે પરોક્ષ સાક્ષાત્કાર છે. અને પ્રભુ સર્વત્ર બિરાજે છે. આપણે પણ પ્રભુથી અલગ નથી એવું ભાન થઈ જાય ત્યારે તે અપરોક્ષ સાક્ષાત્કાર છે. સ્થાવર, જંગમ સર્વ મનુષ્યમાં પ્રભુના દર્શન કરો તે જ ઉત્તમ દર્શન છે. જેને આત્મ સ્વરૂપમાં ભગવાનનાં દર્શન થાય છે. તેને જ ઉપનિષદ અપરોક્ષ દર્શન કહે છે. જીવ જયારે અપરોક્ષ દર્શન કરે ત્યારે જ કૃતાર્થ થાય છે.

પુરાણ તિલક શ્રીમદ્ ભાગવત વૈષ્ણવોનું પરમ ધન છે.

પ્ર-૪૨ મૃત્યુ માટે શું કરવું જોઈએ ?

જ-૪૨ મૃત્યુને લોકો અમંગળ માને છે, પરંતુ તે અમંગળ નથી.જે દુઃખમાંથી મનુષ્યને ડોકટર કે વૈદ્ય છોડાવી શક્તા નથી, તે દુઃખમાંથી મૃત્યુ આપણને છોડાવે છે. મૃત્યુ એ પ્રભુનો સેવક છે. આંગણે આવતાં લગ્નની તૈયારી કેટલાય મહિનાઓથી કરવી પડે છે. કયાંક બહારગામ જવું હોય તો પણ થોડાક દિવસ પહેલાં તો તૈયારી કરીએ જ છીએ.

પરંતુ જે અનિવાર્ય જ છે. તેવા મૃત્યુની તૈયારી કરતાં જ નથી. લગ્ન કદાચ બંધ રહેશે, બહારગામ જવાનું કદાચ માંડી વળાશે. પણ મૃત્યુ તો અનિવાર્ય જ છે.

છતાંય, માનવી મરવા માટેની તો કશી તૈયારી કરતો જ નથી. જાણે કે કદીય મરવાનું જ નથી ? માટે પ્રભુએ જે કાંઈ આપ્યું હોય તેનો સદ્ઉપયોગ કરવો. આંખ, મન, વાણી, ધનનો સદ્ ઉપયોગ તૈયારી છે.

માટે મૃત્યુની પણ તૈયારી કરવાની ટેવ ખાસ પાડવી જોઈએ. મૃત્યુને મંગળમય બનાવવું જોઈએ. મૃત્યુ માથે છે એટલું ભાન સતત સાવધ રાખશે. યમના દૂતો જો આજે આવે તો સ્વર્ગમાં લઈ જશે કે નર્કમાં તેનો વિચાર કરતા રહી મૃત્યુની તૈયારી રાખવી જોઈએ. પ્રતિક્ષણ પ્રભુનું સ્મરણ રાખવું જોઈએ ભાગવતજી મરણ સુધારે છે.

પ્ર-૪૩ કથામાં અથવા વ્રતમાં ઉપવાસ કેવી રીતે કરાય ?

જ-૪૩ ઉપવાસ એટલે પ્રભુની ઉપ-સમીપમાં વાસ-વસવાની પ્રક્રિયા. જે સત્કાર્ય વડે જીવન પ્રભુની સમીપ પહોંચી શકે તેનું નામ જ ઉપવાસ. જે માનવી સાત્વિકતાપૂર્વક મનથી પ્રભુના સ્મરણમાં અને ચરણમાં જ રહે તેના ઉપવાસ જ સાચા છે.

બાકી સ્વાદ લાલસાને પોષે એવા ચટાકેદાર ફરાળ ખાઈને કરેલા ઉપવાસ સાચા અર્થમાં ઉપવાસ નહિ પણ પ્રભુથી દૂર -અપ લઈ જનારા અપવાસ છે.

કેવળ શરીરના ઉપવાસ આમાં કામ નહિં લાગે. મનના ઉપવાસ કરીશું તો જ પ્રભુ પાસે પહોચાશે. ઉપનો અર્થ સમીપ અથવા પાસે થાય છે. અને અપનો અર્થ નરક થાય છે. ઘણી વખત આપણને શબ્દના અર્થના અજ્ઞાનથી પણ બોલતા ફાવતું નથી હોતું.

પ્ર-૪૪ યજ્ઞ અને સત્રમાં ફેર શું છે ?

જ-૪૪ યજ્ઞમાં યજ્ઞ કરનારો જ યજમાન છે. સત્રમાં કથામાં દરેકશ્રોતા એજયજમાન છે. યજ્ઞની જે સેવા કરે તે સેવા અનુસાર ફળ મેળવે છે. યજ્ઞમાં માત્ર એક જ વ્યક્તિને યજ્ઞ કરનારને જ યજ્ઞનું પૂર્ણ ફળ મળે છે. બીજાને યજ્ઞનું પૂર્ણ ફળ મળતું નથી. યજ્ઞમાં ફળની વિષમતા છે. જયારે સત્રમાં કથામાં દરેકને સરખું જ ફળ મળે છે. કથામાં દરેકને સરખું જ શ્રેય મળે છે. ફળમાં સામ્ય એનું નામ સત્ર અને ફળમાં વિષમતા એનું નામ યજ્ઞ. કથામાં હજારો રૂપિયા ખર્ચ કરનારને અને જે ગરીબથી કાંઈ થઈ શકે જ નહિ તે ફક્ત વંદન કરે તો તે બન્નેને સરખું જ ફળ મળે છે.

શ્રી વલ્લભના મતે માયાનું ઈશ્વરથી કોઈ અલગ અસ્તિત્વ નથી.

પ્ર-૪૫ પ્રભુની દાસી માયાનો ટૂંકો પરિચય શું છે ?

જ-૪૫ માયા પોતાના લોભામણા રૂપથી અન્ય જીવોને પોતાને વશ રાખે છે. જેથી તેવા જીવો પ્રભુની સમીપ આવી શકતા જ નથી. માયાના પરિવારના પરિચયમાં અવિશ્વાસ તેનો પિતા છે. દોષ દૃષ્ટિ તેની માતા છે. અન્યાશ્રય તેનો મામો છે. લોકેષણા તેની માસી છે. દુ:સંગ તેનો પતિ છે. ભગવદીયોનો દ્વેષ તેનો સસરો છે. ક્ષણિક અને તુચ્છ ફળની ઈચ્છા તેની સાસુ છે. દુર્ગુણો તેના દીકરા છે. અને સંસારમાં આસક્તિઓ તેની પૂત્રવધુઓ છે. આ સર્વ દૈવી જીવો સિવાયના જીવોને પોતાના વશ રાખે છે.

પ્ર-૪૬ શ્રીમદ્ ગોકુલનો આછો પરિચય ?

જ-૪૬ શ્રીમદ્ ગોકુલમાં શ્રીપુષ્ટિમાર્ગનું પ્રાગટય છે. માટે બેઠકચરિત્રનો પ્રારંભ ત્યાંથી થયો છે.

શ્રીમદ્ ગોકુલ એટલે પૂર્ણપુરૂષોત્તમ શ્રીકૃષ્ણ પ્રભુનું પ્રાગટય સ્થાન, અને અલૌકિક લીલાભૂમિ. ભક્તોએ તેથી જ હરહમેંશ શ્રી ગોકુલવાસ ઈચ્છયો છે. અને ગાયું છે કે "સદા મન શ્રી ગોકુલ મેં રહીયે, ગોવિંદઘાટ છોંકરકી છૈયાં બેઠક દર્શન પઈયે."

આવા શ્રીમદ્ ગોકુલમાં બિરાજતા શ્રી ગોકુલેશ પ્રભુનું સુંદર નિરૂપણ શ્રી ગુંસાઈજીએ 'શ્રીમદ્ ગોકુલાષ્ટક' નામના સ્તોત્રમાં કર્યું છે. તે જરૂર જોઈ લેવું વિસ્તારભયથી આપ્યું નથી. ભક્તકવિ ભીમે પણ આતુરતાપૂર્વક શ્રી ગોકુલ જવાની પોતાની ઉત્કંઠ અભિલાષા વ્યક્ત કરી છે.

જેણે એકવાર ગોકુલનો અલૌકિક રસ ચાખ્યો છે. તેને લાખ પ્રકારના લોભ બતાવવા છતાં તેનું મન બીજે કયાંય ભટકતું નથી. આવી શ્રી હરિરાય ચરણની આજ્ઞા છે.

ભક્તકવિ શ્રી વ્યાસદાસજી પણ સ્વયં અનુભવ કરીને કહે છે કે 'દેખો યા લોકમેં ગોકુલ ગોલોક હૈ.'

આવા અપાર મહિમાવાન શ્રીમદ્ ગોકુલનું યશોગાન પામરજીવ શું ગાઈ શકે ? શ્રી મહાપ્રભુજીના ૮૪ બેઠકજીમાં પ્રથમ ત્રણ બેઠકો શ્રીમદ્ ગોકુલમાં જ કહી છે. બીજા એક પણ સ્થળમાં એક સાથે એક જ સ્થળે ત્રણ બેઠકો શ્રી વલ્લભની નથી.

'શ્રી ગોકુલ' શબ્દના અનેક અર્થ થાય છે. તેમાંનો એક અર્થ 'ગો' એટલે ઈન્દ્રિયો અને 'કુલ' એટલે સમૂહ તેથી ગોકુલ એટલે ઈન્દ્રિયોનો સમૂહ. જેમાં એકાદશ ઈન્દ્રિયો આવેલી છે. તેવો આપણો દેહ એટલે ગોકુલ, અને આવા દેહરૂપી ગોકુલમાં જેનું હૃદય કામ, ક્રોધ વિગેરે દુર્ગુણોથી મલિન નથી બન્યું અને દીનતા અને સર્વાત્મભાવ પૂર્વકના પ્રેમથી નવનીત જેવું કોમળ છે, ત્યાં સમગ્ર લીલા પરિકર સહિત શ્રી ઠાકોરજી અને શ્રી સ્વામિનીજી સાથે શ્રી મહાપ્રભુજી બિરાજે છે. આપણી એકાદશ ઈન્દ્રીયો દ્વારા મન, વચન, કર્મથી તેમના સેવા-સ્મરણ કરવા જોઈએ.

માયાથી પર એવા બ્રહ્મ સ્વરૂપનું જ્ઞાન એટલે બ્રહ્મવાદ અથવા શુદ્ધાદ્વૈતવાદ છે. 'શ્રીમદ્ ભાગવતજીનું સામાન્ય જ્ઞાન પ્રત્યેક હિન્દુને હોવું જ જોઈએ.'

શ્રી મહાપ્રભુજી શ્રીનાથજી- શ્રી યમુનાજી



-૪૭ કંસનો પરિચય આપો ?

-૪૭ કંસ એટલે શું ?- અસ્તિ અને પ્રાપ્તિ નામની બે પત્નીઓના પતિ એટલે કંસ. કં એટલે સુખ અને સ એટલે સંહાર. અસ્તિ એટલે બેન્ક અગર તિજોરી બેલેન્સ અને પ્રાપ્તિ એટલે કમાણી. મારી પાસે આટલા પૈસા છે. ને તેને વધારવા માટે મારે બીજી આટલી કમાણી કરવી છે. આવા વિચાર જેના ચિત્તમાં સતત રમ્યા કરે ને બેલેન્સ તેમજ કમાણી વધારવા માટે ન્યાય-નિતિને વેગળી મૂકીને જ વર્ત્યા કરે તેનું જ નામ કંસ.

-૪૮ ભક્તિનો પુત્ર જ્ઞાનનો પરિચય ?

-૪૮ પ્રત્યેક પ્રાણી માત્ર જીવ એ ઈશ્વરનો અંશ છે. અને તે ઈશ્વરરૂપ અંશથી જ પ્રગટ થએલો છે. માટે તે જીવને તે અંશી પરમાત્મા સાથે કેવી રીતે જલદીથી જોડાઈ જાય તેવું જ્ઞાન મેળવવું તે ભક્તિનો પુત્ર જ્ઞાન છે. શ્રી કૃષ્ણના સ્વરૂપનું જેને બરોબર જ્ઞાન થાય તે પ્રભુથી જુદો રહી શકતો જ નથી, સર્વત્ર પ્રભુને જોતાં પ્રભુમય બને છે.

જે પરમાત્માની પાછળ જ પડે છે તે જ જ્ઞાની છે. શ્રવણ મનન અને નિંદિયાસનથી જ્ઞાન દ્રઢ થાય છે. દ્રઢતા વગરનું જ્ઞાન વ્યર્થ છે. તે રીતે બેદરકારીથી કરેલું શ્રવણ વ્યર્થ છે.

જ્ઞાનીઓ સાધન માર્ગનો આશ્રય કરે છે. અને મુક્ત બને છે. જ્ઞાનથી ભેદને દૂર કરવો એ જ્ઞાન માર્ગનું લક્ષ્ય છે. જ્ઞાનમાર્ગમાં ઈન્દ્રિયોનો નિરોધ કરવાનો હોય છે. જ્ઞાનનું ફળ પૈસો, પ્રતિષ્ઠા કે પરોપકાર જ નથી. પરંતુ પ્રભુના ધ્યાનમાં મગ્ન રહેવું તે જ્ઞાનનું ફળ છે.

લૌકિક વ્યવહારના જ્ઞાનમાં દ્વૈત છે. પરંતુ પ્રભુ સ્વરૂપ સંબંધીના જ્ઞાનમાં અદ્વૈત છે. વ્યવહારના જ્ઞાનમાં જ્ઞાતા અને જ્ઞેય જુદા છે. પરમાત્માનું જ્ઞાન થાય ત્યારે જ્ઞાતા અને જ્ઞેય એક બને છે. આમ પ્રભુ મેળવવા અથવા પ્રભુ સાથે જોડાવા માટે જ્ઞાન ઘણી બધી જાતનું છે. પરંતુ દરેક વૈષ્ણવ માટે શ્રી આચાર્ય ચરણનું આપેલું શુદ્ધાદ્વૈત જ્ઞાન જ યોગ્ય છે. કામનું છે. અઢીમણના જ્ઞાન કરતાં આચરણનું અધોળ શ્રેષ્ઠ છે. જ્ઞાનમાર્ગમાં જેનું પતન થાય છે તે નાસ્તિક બને છે.

શ્રી વ્યાસજી ભગવાનનો જ્ઞાનાવતાર જ હતા. જ્ઞાની પુરૂષો પોતાની અશાંતિનું કારણ અંદર શોધે છે. અજ્ઞાન અને અભિમાન એ દુઃખના કારણો છે વ્યાસજી જ્ઞાની છે છતાં પોતાને નિર્દોષ માનતા નહોતાં. મનુષ્યનો મોટામાં મોટો દોષ તે પોતાને નિર્દોષ સમજે છે એ છે. નિર્દોષ એક પ્રભુ જ છે.

જ્ઞાન, ધન અને માન સુપાત્રને મળે તો તે સુખી થાય છે. જે લાયક નથી તેને બહુ જ્ઞાન મળે તો ઘણાભાગે તેને બીજાની ભૂલ દેખાય છે. અનધિકારીને જ્ઞાન મળે તો તે ભક્તિમાં વિઘ્ન કરનારું થાય છે, અનધિકારીને જ્ઞાન મળે તો તેને અભિમાન થાય છે.

બ્રહ્મચર્ચા કરનારા સુલભ છે. બ્રહ્મજ્ઞાની સુલભ નથી. તેનાથી વધારે શુકદેવજી જેવી બ્રહ્મદૃષ્ટિ રાખવી અતિશય કઠણ છે.

પુષ્ટિ જીવે પુષ્ટિમાર્ગમાં પાંચ તત્વોને જરૂર ઓળખવાં જોઈએ.
(૧) શ્રીનાથજી (૨) શ્રીવલ્લભ (૩) શ્રીગિરિરાજજી
(૪) શ્રી યમુનાજી (૫) શ્રી વ્રજભૂમિ

ગીતાજીના ૧૩માં અધ્યાયમાં ૭થી૧૧ સુધીના શ્લોકોમાં જ્ઞાન અને અજ્ઞાનસંબંધી નીચે મુજબ વર્ણન કર્યું છે.

જ્ઞાન-(૧) અમાનીપણું (૨) અદંભીપણું (૩) અહિંસા (૪) ક્ષમા (૫) સરળતા (૬) આચાર્યની ઉપાસના (૭) સ્થિરતા (૮) ઈંદ્રિયોનો આત્મામાં નિગ્રહ (૯) શુદ્ધિ (૧૦) ઈન્દ્રિયોનો વિષય તરફ વૈરાગ્ય (૧૧) અનહંકાર (૧૨) જન્મમૃત્યુ, વૃદ્ધાવસ્થા વ્યાધિ વગેરે દુઃખોના દોષનો અનુભવ (૧૩) પુત્ર, સ્ત્રી, ઘર વગેરેમાં અનાસક્તિ (૧૪)તેમનો સત્સંગ (૧૫) ઈચ્છેલા પદાર્થોની પ્રાપ્તિમાં સર્વદા સરખા ચિત્તપણું. (૧૬) પ્રભુ વિષે અનન્ય યોગવાળી અવ્યાભિચારણી ભક્તિ (૧૭) એકાંત રહેઠાણ (૧૮) જન સમૂહ પર અપ્રિતિ (૧૯) અધ્યાત્મજ્ઞાનમાં હંમેશા નિષ્ઠા અને તત્વજ્ઞાનના અર્થનું દર્શન- આનાથી વિરૂદ્ધ તે અજ્ઞાન- ઉપર બતાવેલા જ્ઞાનના લક્ષણો છે. તે રહિત ઘરનો ત્યાગ કરે તે નિષ્ફળ છે.

જેમ તાવ ઉતરે અન્નનો સ્વાદ આવે છે તેમ અજ્ઞાન જેમ જેમ દૂર થાય છે. તેમ તેમ ભગવદ્ રસનો સ્વાદ આવે છે.

ભગવાનનું જ્ઞાન બહુ દુર્લભ છે. કારણ કે જ્ઞાનના ઉત્તમ સાધનરૂપ વેદની શ્રુતિઓ પણ ભગવાનને જાણતી નથી. ગંગાજી બુદ્ધિનો સંસ્કાર કરનારાં હોવાથી જ્ઞાનનું સાધન છે.

ભગવાનનું જ્ઞાન થવામાં ભગવાનનાં વિરોધી જીવના છ ધર્મો બાધક છે. (૧) ભગવાનનાં ઐશ્વર્યનું જ્ઞાન થવામાં શોક બાધક છે. (૨) વીર્યનું જ્ઞાન થવામાં હર્ષ બાધક છે. (૩) યશનું જ્ઞાન થવામાં ભય બાધક છે. (૪) શ્રીનું જ્ઞાન થવામાં દ્વેષ અને લોભ બાધક છે. (૫) ભગવાનના જ્ઞાનનું ભાન થવામાં મોહ બાધક છે. (૬) વૈરાગ્યનું જ્ઞાન થવામાં મદ બાધક છે. (૧૦-૪-૨૭)

વેદો, તપ, જ્ઞાન, મનન, નિદિધ્યાસન, યોગ તથા ચિતૈકાગ્રતા વિગેરે કોઈ સાધનથી ભગવાનનો સાક્ષાત્કાર થતો જ નથી. માત્ર ભક્તિથી જ ભગવાનનું જ્ઞાન થાય છે. અને ભગવાન વશ થાય છે. બીજી કોઈ રીતે તેમ થતું નથી. (૨-૬-૩૮)

પ્ર-૪૯ જ્ઞાનનો નાનો ભાઈ વૈરાગ્યનો પરિચય.

જ-૪૯ સ્ત્રી, પુત્ર, ઘર, ધન, કુટુંબ, જાતિ અને આ દેહ પણ જીવ સાથે છેલ્લી વખતે સંબંધ રાખવાના નથી તેમ જાણી તેઓથી તટસ્થ રહેવું તેનું નામ વૈરાગ્ય છે.

વૈરાગ્ય સદાચારિણી (અવ્યભિચારિણી) ભક્તિથી જ ઉત્પન્ન થાય છે. ત્યાગ વિના વૈરાગ્ય વિના જ્ઞાનમાર્ગમાં સફળતાં મળતી નથી.

પ્રભુથી વિખુટા પડેલા જીવો શ્રીકૃષ્ણની સન્મુખ આવે તે માટે શ્રી ભાગવતશાસ્ત્ર છે. ભાગવતજીએ પ્રેમશાસ્ત્ર છે. આ પ્રેમશાસ્ત્રનો પ્રચાર જે અતિશય વિરક્ત (વૈરાગી) હોય તેજ કરી શકે છે.

સંસારસુખ ભોગવ્યા પછી ઘણાને વૈરાગ્ય આવે છે. પરંતુ સંસારના કોઈ વિષયો પ્રત્યે રાગ ન

સમર્પણથી લૌકિક અહંતા-મમતા છુટે છે.

હોય તેવા જન્મથી વૈરાગી ખાસ કોઈ જ હોતા નથી.

ભગવાન શંકર વૈરાગ્યનું સ્વરૂપ છે. રાધાકૃષ્ણ, સીતા-રામ, લક્ષ્મી-નારાયણ, બધા યુગલ સ્વરૂપો લગભગ સાથે જ બિરાજે છે. જ્યારે શંકર-પાર્વતી સાથે બિરાજતા જ નથી, શ્રી વિષ્ણુ ભગવાને બહુ આગ્રહ કર્યો માટે શિવજીએ લગ્ન કર્યું. પણ પાર્વતીજીને આજ્ઞા આપી કે એક ખૂણામાં તમે ધ્યાન ધરો અને એકખૂણામાં પોતે ધ્યાન ધરે. જગતને જેની અપેક્ષા છે તેનો જ શિવજી ત્યાગ કરે છે. ગુલાબના ફુલ માટે કોઈ ઝગડો કરે પણ ધંતુરાના ફુલ માટે કોઈ ઝગડો થતો નથી. માટે શ્રીમદ્ ભાગવત શાસ્ત્રનો પ્રચાર શિવજી એ જ કર્યો છે તેમનામાં સંપૂર્ણ વૈરાગ્ય છે.

કેટલાંકમાં વૈરાગ્ય હોય છે પણ પ્રભુમાં પ્રેમ હોતો નથી. તે વૈરાગ્યની કિંમત નથી. એમ તો વાનરો ઘરમાં રહેતા જ નથી. કાયમ એકાદશી કરે છે. ફળફૂલ ખાય છે પણ વાનરોમાં પ્રભુ પ્રેમ ક્યાં છે ? માટે પ્રેમ વગર વૈરાગ્યની કિંમત નથી.

શરીરમાં હૃદયએ વૃંદાવન છે. હૃદય વૃંદાવનમાં કોઈ કોઈ વખત વૈરાગ્ય જાગે છે પણ તે જાગૃતિ કાયમ રહેતી નથી. સ્મશાનમાં જઈએ ત્યારે સ્મશાન વૈરાગ્ય આવે છે. વિષયો ભોગવે એટલે તેના પ્રત્યે અરુચિ તો આવે જ છે. પરંતુ વૈરાગ્ય અને વિવેક વગરની હોવાથી કાયમ ટકતી જ નથી. આ કાયમ ટકી રહે તેનું જ નામ વૈરાગ્ય છે.

શ્રીમદ્ ભાગવતજીની કથાથી વૈરાગ્યની જાગૃતિ થાય છે. શ્રુતિતો કહે છે કે કર્મથી, ધનથી, પુત્રથી, મુક્તિ મળતી જ નથી. ફક્ત એકલા ત્યાગથી જ અમૃત્વની પ્રાપ્તિ થાય છે.

પ્ર-૫૦ કલિયુગનો પરિચય - શ્રી સુબોધિનીજીનાં આધારે.

જ-૫૦ કલિ એટલે કજીયો. કલિકાલમાં સર્વ જ વિષાદનું સ્થાન છે. વિષ ઘટિકા જેવો નિંદિત કાલ કલિ છે.

જ્યારે ભગવાન શ્રીકૃષ્ણે મથુરાનો ત્યાગ કર્યો ત્યારે જ કલિની પ્રવૃત્તિ થઈ એવો મુખ્ય સિદ્ધાંત છે. ૧૦-૪૯-૨

જે દિવસે પ્રાત:કાલે ભગવાન સ્વધામ પધાર્યા તે દિવસે તે જ વખતે કલિની પ્રવૃત્તિ થઈ એવો પણ પક્ષ છે. ૧-૧૪.

તે વરુના જેવો છે તે રાતમાં સૂતેલા અરક્ષિત બાલકો ને જ પકડે છે, વાઘની પેઠે સર્વ ભક્ષક નથી. ૧-૧૮-૭.

દુર્યોધન કલિનો અવતાર છે. ૧૦-૮૫-૩૮.

ધર્મનો ભાગ 'કૃત' છે કેવલ અધર્મનો ભાગ કલિ છે.

કલિમાં ભગવાનનો આવિર્ભાવ થતો નથી, અને ધર્મનું રક્ષણ કરનાર કોઈ નથી. જો કોઈ અધર્મનું નિવારણ કરવા અથવા અધર્મીને દંડવા પ્રયાસ કરે તો કલિ તેના ઉપર અપકાર કરે છે. તેથી કલિકાલમાં પાખંડીઓનું નિવારણ કરતાં નિવારણ કરનારને ભય છે. ૧-૧૭-૩૦.

શિક્ષાશ્લોકી ગ્રંથમાં શ્રી વલ્લભાચાર્યજીએ પોતાના બંને લાલજીઓને વિષે જગત સમસ્તના જીવોને કળિયુંગમાં જીવન કેવી રીતે જીવવું તે સમજાવ્યું છે.

કલિનો નિગ્રહ બહિર્મુખીથી અથવા ભગવદીય ન હોય તેનાથી થઈ શકતો નથી. (૧-૧૭-૧૬.)

સત્યયુગમાં પાપ તે જ ક્ષણે લાગે છે, ત્રેતાયુગમાં પાપ બારમે દિવસે, દ્વાપરયુગમાં એક માસે અને કલિમાં એક વર્ષ પછી પાપ લાગે છે તેથી વિપરીત રીતે ધર્મ સિદ્ધ થાય છે. (૧-૧૮-૭)

પ્ર-૫૧ કળિને રહેવાના સ્થાન કયા કયા છે ?

જ-૫૧ જુગાર અસત્ય રૂપ છે, સુરાપાન મદરૂપ છે, સ્ત્રીસંગ આસક્તિ અથવા તો કામરૂપ છે, અને હિંસા ક્રોધ રૂપ છે. સુર્વણ વૈરરૂપ છે. આ પાંચને પ્રમાદથી પણ સેવવા નહિ. પદાર્થના આગ્રહથી સેવવામાં આવે તો કોઈવાર કલિસ્થાન પણ સેવાય છે. અને તેથી મહાન અધર્મ-અનર્થ થાય છે. આ પાંચમાં કલિ રહેતો હોવાથી કલિસ્થાનની શંકાથી આ પાંચેયનો દૂરથી ત્યાગ કરવો જોઈએ. ૧-૧૭-૩૯.

સટ્ટો એ જીવનનો બટ્ટો છે. કેટલાંક જુગારથી ધન મેળવી ને દાન કરે છે. તે યોગ્ય નથી. તેઓ માને છે કે દાન કરવાથી મારા ધનની શુદ્ધિ થઈ ગઈ, પણ એથી ધનની શુદ્ધિ થતી નથી. અધર્મનું ધન પ્રભુને સ્વીકાર્ય નથી. પાપ કરી અર્થોપાર્જન કરે અને પ્રભુને અર્પણ કરે તેનાથી પ્રભુ પ્રસન્ન થતાં નથી.

જે બુદ્ધિપૂર્વક હિંસા કરે ત્યાં કળિ રહે છે. હિંસામાં કળિનો નિવાસ છે.

સુર્વણ પાપથી ઘરમાં આવે તો તે કળિનું સ્વરૂપ કહેવાય છે. અનીતિનું ધન કમાનારને દુ:ખ આવે જ છે, પણ જો તે અનીતિનું ધન વારસામાં મૂકી જાય તો વારસોને પણ દુ:ખ આવે છે.

પ્ર-૫૨ કલિ કોને ત્યાં આવે છે અને કોને ત્યાં નથી આવતો.

જ-૫૨ સમાજને સુધારવું અશક્ય જેવું બન્યું છે. પરંતુ વ્યક્તિગત જીવન સુધરી શકે છે. આચાર વિચાર જેના શુદ્ધ હોય તેના ઘરમાં કલિ આવી શકશે નહિ. જે ઘરમાં નીતિનું ધન આવે છે તે ઘરમાં કલિ આવી શકતો નથી. જેના ઘરમાં સ્વેચ્છાચાર વધ્યો અને સદાચાર ઘટ્યો છે તેના ઘરમાં કલિ આવે છે. જેના ઘરમાં નિત્ય કૃષ્ણકીર્તન કૃષ્ણ સેવા થતાં હોય તેના ઘરમાં કળિ આવી શકતો નથી. આજે પણ કેટલા વૈષ્ણવોના ઘર એવા છે જ્યાં કળિ પ્રવેશી શક્યો નથી. શાસ્ત્રની રચના મનુષ્યનું કલ્યાણ કરવા માટે છે. આચાર ધર્મ જે છોડે છે, તેના વિચાર શુદ્ધ રહેતા નથી. ધર્મ એ પિતા છે.

ધર્મ એ મા છે. પત્નીની પસંદગી હોય, માની પસંદગી હોય નહિ. ધર્મ બદલી ન શકાય. વર્ણાશ્રમધર્મનું પાલન કરવાથી આચાર શુદ્ધ બને છે અને કલિ પ્રવેશતો નથી. પાપીના મનમાં કલિ આવે તેમ જે શાસ્ત્રની મર્યાદા તોડે તેના ઘરમાં કલિ આવે છે.

જેનું હૃદય ભગવદ્‌લીલાથી ભરપુર તરબોળ રહે છે.
તે હૃદય ભગવદ્ નિવાસસ્થાન માટે યોગ્ય થાય છે.

પ્ર-૫૩ શાસ્ત્ર શબ્દનો અર્થ શું છે ?

જ-૫૩ શાસ (સુ) ધાતુ ઉપરથી શાસ્ત્ર શબ્દ સિદ્ધ થાય છે. આ ધાતુનો અર્થ અનુશિષ્ટિ થાય છે, અનુશિષ્ટિ એટલે શિક્ષણ કે આજ્ઞા. અર્થાત્ ધર્મ-અધર્મનું શિક્ષણ આપે તે શાસ્ત્ર.

શાસ્ત્રો રાજાની પેઠે આજ્ઞા કરે છે. તેથી જો શાસ્ત્રોનો વિરોધ પ્રાપ્ત થતો હોય તો અપરાધ પણ બોધિત થાય છે.

શાસ્ત્ર એટલે ધર્મનું રાજાજ્ઞાની પેઠે શાસન કરનાર ગ્રન્થ. જેમ રાજા ન્યાય અને અન્યાયનો વિવેક કરી અમુક પ્રકારનું શાસન કરે છે તેમ શાસ્ત્ર ધર્માધર્મનો વિવેક કરી યોગ્ય દિશામાં પ્રવૃત્તિ કરાવે છે.

પ્ર-૫૪ આસ્તિક દર્શન અને નાસ્તિકદર્શન બંનેમાં શું ભેદ છે.

જ-૫૪ સંસ્કૃત વાઙ્મયનો અમુક અંશ 'દર્શન' એ નામે પ્રસિદ્ધ છે. એ અંશમાં ભિન્નભિન્ન ચિંતકોએ પરમતત્ત્વ કે જેના વાસ્તવિક જ્ઞાનથી દુઃખની આત્યંતિક નિવૃત્તિ થાય એનો સ્વમતિ અનુસાર વિચાર કરેલો છે. એ પ્રત્યેક તત્વચિંતકની સમુદિત વિચારશ્રેણી પણ દર્શન કહેવાય છે. આ દર્શનના મુખ્ય બે ભાગ છે. એક આસ્તિક દર્શન (૨) નાસ્તિક દર્શન.

આસ્તિક દર્શન વેદનું પ્રામાણ્ય સ્વીકારે છે. એમ માને છે કે વેદમાં જે કહ્યું છે તે સાચું છે. નાસ્તિકદર્શન માને છે કે વેદઃ પ્રમાણમ્ નાસ્તિ । વેદનું પ્રમાણ એમાં નથી સ્વીકારાયું. વેદમાં જે કહ્યું છે તે સાચું છે તે વાતને એમાં સ્વીકાર નથી. એ રીતે ચાર્વાક, બૌદ્ધ અને જૈન દર્શન નાસ્તિક દર્શન ગણાય છે.

ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વ મીમાંસા અને ઉત્તર મીમાંસા એ છ દર્શનો આસ્તિક દર્શન કહેવાય છે. આ આસ્તિક દર્શનો પૈકી પણ પૂર્વ મીમાંસા અને ઉત્તર મીમાંસા અથવા વેદાન્ત - એ બંને દર્શનોને આસ્તિક દર્શન ઉપરાંત વૈદિક દર્શન કહેવામાં અવાસ્તવિક્તા નથી. કારણ કે એ બંને દર્શનોમાં વેદ-વાક્યોનો જ વિચાર કરવામાં આવ્યો છે.

વેદનું બીજુ નામ શ્રુતિ છે એટલે બંને મીમાંસા - દર્શનો શ્રુતિમુલક દર્શનો કહેવાય છે.

એક વ્રજવાસી પાસે સાંભળેલું કે નાસ્તિકદર્શન અપનાવતા જૈનોના દેરાસરમાં પણ જઈએ તો પહેલાં બ્રહ્મસંબંધ પણ ફરીથી લેવામાં આવતું. અથવા તો કોઈ ભૂખ્યો વાઘ કે વરૂ પાછળ પડે ત્યારે વાઘના મ્હોંમાં જવું સારૂં કે પછી તે વખતે મુસલમાનની મસ્જિદ આવતી હોય તો તેમાં જવું સારૂં પણ જૈનના દેરાસરમાં ના જવું આવું માનવામાં આવતું હતું.

પ્ર-૫૫ શ્રીમદ્ ભાગવત આદ્ય પુરાણ તથા મહાપુરાણ કેમ છે ?

જ-૫૫ શ્રીમદ્ ભાગવત આદ્ય પુરાણ છે. પ્રથમ ઉત્પન્ન થયેલ બ્રહ્માજીને ભગવાને પહેલાં જ કહેલું છે. વિષ્ણુપુરાણમાંથી કહેલું પ્રમેય શ્રી ભાગવતમાંથી લીધેલું છે. જેમ વેદનો વિભાગ થતા જુદી જુદી શાખાઓ થઈ તેમ વિષ્ણુ પુરાણ શ્રીમદ્ ભાગવતની એક શાખા જ છે.(૩-૮-૯).

શ્રી વલ્લભાચાર્યજીને શ્રીમદ્ ભાગવત અતિશય પ્રિય હતું. ભાગવત પારાયણ આપશ્રીના નિત્ય નિયમિત કાર્યરૂપ બની ગયું હતું.

શ્રીમદ્ ભાગવતજીને પુરાણ પુરાભવમ્ પ્રાચીનકાળમાં બનેલી ઘટનાઓનું નિરૂપણ કરનાર હોવાથી પુરાણ કહે છે.

નિરૂક્તિ અનુસાર તો પુરાણનો અર્થ એવો સુંદર થાય છે કે, 'પુરા અપિ નવં ભવતિ ઈતિ પુરાણમ્' જે તત્ત્વ પુરાણું હોવા છતાંય પુરાણું નથી. પ્રાચીન હોવા છતાં અર્વાચીન છે તે પુરાણ કહેવાય છે.

શ્રીમદ્ ભાગવતજી તો મહાપુરાણ છે. એમાં તો શ્રીહરિની હજારો વર્ષ પહેલાં થઈ ગયેલી હોવા છતાંય સનાતન સર્વકાલિક એવી નિત્ય લીલાઓનું વર્ણન છે. પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણના અનેક અવતારો તેમજ તેમની અનેક વિવિધ લીલાઓનું નિરૂપણ છે. તેથી શ્રીભાગવતજીને મહાપુરાણ કહે છે.

વૈદિક સાહિત્યમાં પુરાણનો સમાવેશ થતો ન હોવા છતાં તેને વેદ સમાન મહત્તા આપવામાં આવી છે. બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યા પ્રમાણે પરમતત્ત્વના નિઃશ્વાસ, ઉચ્છવાસમાંથી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તેમજ અથર્વવેદની ઉત્પત્તિથી તેમજ ઈતિહાસ પુરાણ પણ ઉત્પન્ન થયા, એ પુરાણગ્રંથો પાંચમો વેદ જ છે. વેદોનો અર્થ સમજાવવા વ્યાસજીએ પુરાણોની રચના કરી પુરાણો વેદ ઉપરનું ભાષ્ય છે.

જે દશ લક્ષણયુક્ત હોય તે મહાપુરાણ અને જે પાંચ લક્ષણવાળું હોય તે ઉપપુરાણ એમ દ્વાદશસ્કંધમાં ભેદ જણાવેલાં છે.

મત્સ્યપુરાણમાં બધા પુરાણોનાં લક્ષણો, એના શ્લોકોની સંખ્યા અને પ્રતિપાદ્ય વિષયનો ઉલ્લેખ છે.

વેદો બધા પુરાણોમાં રહ્યા છે. પુરાણ જાણ્યા વગર વેદનો અર્થ કરે તો તે બરાબર ના થાય. પુરાણ ધર્મનું હૃદય છે. તેથી જો પુરાણ ન જાણે તો એને અત્યંત મૂંઝાવું પડે છે. શ્રુતિ અને સ્મૃતિ બે નેત્ર છે તેમ ન જાણે તો તે અંધ કહેવાય છે. તેમ પુરાણને ન જાણે તો એ મૂઢ ગણાય છે.

વેદમાં યજ્ઞાદિ કહ્યા છે. તેના અભિપ્રાયનું (ક્યારે કરવા, ક્યારે ન કરવા એ જાતનું) જ્ઞાન પુરાણોથી જ થાય છે.

વેદના અર્થમાં સંદેહ આવે ત્યારે મીમાંસાનો ઉપયોગ છે. તેવો જ વેદાર્થસંદેહમાં પુરાણોનો પણ ઉપયોગ છે. આમ અનેક કારણોથી શ્રીમદ્ ભાગવતજીને આદ્યપુરાણ માન્યું છે.

પ્ર-૫૬ ભાગવત ખાસ કોના માટે છે ?

જ-૫૬ પરિક્ષિત રાજાને નિમિત્ત બનાવીને સંસારમાં ફસાયેલા લોકોને માટે વ્યાસજીએ આ ભાગવતની કથા કરેલી છે. ભાગવતજી ખાસ સંસારીઓના માટે જ છે. ઘરમાં રહેલા ગૃહસ્થનું પણ કલ્યાણ થાય એ આદર્શ રાખીને આ કથા કરી છે.

પ્રભુનું માહાત્મ્ય જ્ઞાન મેળવી - જાણી સર્વથી અધિક પ્રેમ પ્રભુમાં જેને કરવો હોય ભક્તિ વધારવી હોય તેને માટે ખાસ શ્રીમદ્ ભાગવત છે.

જે મનુષ્યને ભક્તિ પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તેઓએ શ્રી ભાગવતાર્થ પ્રકરણનું શ્રવણ કરવું જોઈએ તેવી શ્રી વલ્લભની આજ્ઞા છે.

પ્ર-૫૭ ભાગવત રસનું પાન ક્યાં સુધી કરવું જોઈએ ?

જ-૫૭ વેદરૂપી કલ્પવૃક્ષોનું આ ભાગવત ફળ છે. ઝાડની છાલ તથા પાનમાં જે રસ હોય છે. તેના કરતાં ઝાડના ફળમાં વિશેષ રસ હોય છે. રસરૂપ આ શ્રીમદ્ ભાગવતરૂપ ફળનું મોક્ષ મળતાં સુધી વારંવાર પાન કરવું જોઈએ પિબત ભાગવતં **રસમાલયમ્.**

જીવ ઈશ્વરનું મિલન ના થાય, ત્યાં સુધી આ પ્રેમરસનું પાન કરવું જોઈએ. ઈશ્વરમાં લય ના થાય ત્યાં સુધી ભાગવતનો આસ્વાદ કર્યા કરવો જોઈએ.

પ્ર-૫૮ ધર્મ કોને કહેવાય ?

જ-૫૮ સત્ય, તપ, દયા પવિત્રતા એ ધર્મના ચાર અંગો છે. આ ચારે તત્ત્વોનો સમન્વય એને જ ધર્મ કહે છે. આ ચાર તત્ત્વો જેનામાં પરિપૂર્ણ હોય તેને ધર્મ કહે છે.

સત્ય ગયું અને ત્રણ પગ ઉપર ધર્મ ટકી રહ્યો તે યુગનું નામ ત્રેતાયુગ.
સત્ય અને તપ જાય અને ધર્મ બે પગ ઉપર ટકી રહ્યો તે યુગનું નામ દ્વાપરયુગ.
કળિયુગમાં દયાદાન એક પગ ઉપર જ ધર્મ ટકી રહ્યો છે.

સત્ય એજ પરમાત્મા છે. સત્ય પરમાત્માથી ભિન્ન નથી. અસત્ય બોલે છે તેના પુણ્યનો નાશ થાય છે.

તપ-થોડી તપશ્ચર્યા રોજ જ કરવી જોઈએ. સમજીને થોડું દુઃખ સહન કરીએ તો પાપ બળે છે. દુઃખ સહન કરી પ્રભુની આરાધના કરીએ તેનું નામ તપ.

પવિત્રતા - કળિયુગમાં પવિત્રતા રહી નથી. બહારથી બધા પવિત્ર લાગે છે, પણ અંદરથી મલિન થયા છે, કપડાંને પડેલો ડાઘો જાય પણ મનને પડેલ ડાઘ જાય નહિ. જીવાત્મા બધું છોડે ત્યારે મનને સાથે લઈને જાય છે. આપણે અનાજ, વસ્ત્ર, અથાણાં ન બગડે તેની કાળજી અતિશય રાખીએ છીએ. પણ મનની કાળજી રાખતા જ નથી. કાળજી રાખવી જ જોઈએ કે આપણું મન બગડે નહિં.

દયા - ધર્મનું ચોથું અંગ છે દયા. શ્રુતિ એમ કહે છે કે કેવળ પોતાના માટે જ રાંધીને ખાય છે. તે અન્ન ખાતો નથી, પાપ જ ખાય છે. પ્રભુએ આપ્યું હોય તો જરૂરથી બીજાને જમાડીને જમવું જોઈએ. બહુ ન આપ્યું હોય તો શરીરને ઘસાવા દેવું જોઈએ. અને પરોપકારની ભાવના રાખવી જોઈએ.

ધર્મના ચાર ચરણોમાં સત્ય સર્વોપરી છે.

પ્ર-૫૯ ભગવાનની સ્તુતિ ક્યારે કરવી જોઈએ ?

જ-૫૯ ભગવાનની સ્તુતિ રોજ ઓછામાં ઓછી ત્રણ વખત કરવી જોઈએ. સવારે, બપોર અને રાત્રે સુતા પહેલા. તે ઉપરાંત સુખમાં સ્તુતિ કરવી, દુઃખમાં પણ સ્તુતિ કરવી, અને અંતકાળે સ્તુતિ કરવી. અર્જુન દુઃખમાં સ્તુતિ કરે છે. કુંતાજી સુખમાં સ્તુતિ કરે છે. અંતકાળ વખતે

ધર્મની એવી રીતી છે કે પોતાના આશ્રયવાળાને તે શુદ્ધ જ રાખે છે.

૧-૮-૧૨

ભીષ્મ સ્તુતિ કરે છે. સુખમાં સ્તુતિ કરો કે મારા કર્મથી નહિ પણ નાથ તમારી કૃપાથી હું સુખી થયો છું. જીવનમાં પાપથી કોઈ દુઃખનો પ્રસંગ આવે તો ધીરજ રાખીને પ્રભુની સ્તુતિ કરવી જોઈએ.

દુઃખ આપણને સાવધાન કરવા માટે આવે છે. દુઃખ એ તો ગુરુ છે. દુઃખમાં મનુષ્યને પરમાત્માનું જ્ઞાન થાય છે. દુઃખ આવે ત્યારે માનવું કે મારા પાપ તો પહાડ જેવાં છે. મારા પાપના પ્રમાણમાં ભગવાને ઓછી સજા કરી છે.

શરીર સારૂં હોય ત્યારે સાવધ થઈ સ્તુતિ કરવી જોઈએ. છેવટની વેળા પથારીમાં પડીએ ત્યારે જ સ્તુતિ કરીએ તો અંતકાળે દુઃખથી દેહાનુસંધાન થાય છે. તેથી પરમાત્માનું સ્મરણ કરવું કઠણ પડે છે.

પ્ર-૬૦ જપનું ફળ શું છે ?

જ-૬૦ જપ વિના જીવન સુધરતું નથી. જપ વિના પાપની આદત છુટતી નથી. દાનથી ધનની શુદ્ધિ થાય છે, ધ્યાનથી મનથી શુદ્ધિ થાય છે સ્નાનથી શરીરની શુદ્ધિ થાય છે. ધ્યાન-જપથી મનની મલિનતા દૂર થાય છે.

વ્યવહારનું કામ કરતા અંદરથી મંત્રની ધારા ચાલુ રહેતો માનવું કે મંત્ર સિદ્ધ થયો.

વ્યવહારનું કામ છોડાયા પછી જ મંત્રની ધારા ચાલુ રહે તો માનવું કે મંત્ર સિદ્ધ થયો નથી.

દાસબોધમાં રામદાસ સ્વામીએ લખ્યું છે કે જપ કરવાથી જન્મકુંડલીના ગ્રહો પણ સુધરે છે.

એક કરોડ જપ કરવાથી તન સુધરે એટલે કે આરોગ્ય પ્રાપ્ત થાય છે.

બે કરોડ જપ કરવાથી દ્રવ્યસુખ મળે, ધનની પ્રાપ્તિ થાય છે.

ત્રણ કરોડ જપ કરવાથી પરાક્રમ સિદ્ધ થાય છે. યશ કિર્તિ મળે છે.

ચાર કરોડ જપ કરવાથી સુખની પ્રાપ્તિ થાય છે.

પાંચ કરોડ જપ કરવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

છ કરોડ જપ કરવાથી આંતર શત્રુઓનો વિનાશ થાય છે.

સાત કરોડ જપ કરવાથી સ્ત્રીને સૌભાગ્ય સુખ મળે છે.

સ્ત્રીને પતિનું સુખ અને પુરૂષને પત્નીનું સુખ મળે છે.

આઠ કરોડ જપ કરવાથી મરણ સુધરે છે. અપ મૃત્યુ ટળે છે. મૃત્યુ સ્થાન સુધરે છે.

નવ કરોડ જપ કરવાથી ઈષ્ટદેવની ઝાંખી થાય છે. અપરોક્ષાનુભૂતિ થાય છે. જે દેવના જપ કરે તે દેવના સગુણ સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે.

દશ-અગિયાર-બાર કરોડ જપ કરવાથી સંચિત પ્રારબ્ધ અને ક્રિયમાણ કર્મો બળે છે. આ કર્મોનો નાશ થાય છે.

તેર કરોડ જપ કરવાથી ભગવાનના સાક્ષાત દર્શન થાય છે.

દરરોજ ૨૯૬૮૧ (ત્રીસ હજાર મંત્ર એકદિવસના) કરીએ તો બાર વર્ષે તેર કરોડ મંત્ર થઈ

પાઠ મોટેથી બોલીને થાય. જપ હોઠ ફફડે અથવા હોઠ પણ ન ફફડે તેવી રીતે થાય. સ્તોત્રનો પાઠ થાય, મંત્રનો જપ થાય.

રહે. વર્ષે એક કરોડને ત્યાંશી લાખ ઉપર મંત્ર અને મહિને આઠ લાખ નેવું હજાર પાંચસો મંત્ર થાય.

એક કલાકના ૧૨૩૭ મંત્ર કરવા પડે એક મિનીટમાં ૨૧ મંત્ર કરીએ તો બરોબર બાર વર્ષે લગભગ તેર કરોડ મંત્ર પુરા થાય.

પ્ર-૬૧ ઈન્દ્રિયોરૂપી ઘોડા કાબુમાં કેમ રહે ?

જ-૬૧ એવા પાર્થ સારથિને રોજ નિહાળવા જોઈએ. મારા ઈન્દ્રિયોરૂપી ઘોડા હે નાથ હું આપને સોપું છું. શરીર રથ છે, ઈન્દ્રિયો ઘોડા છે. પ્રભુ સારથી ના હોય તો આ રથ ખાડામાં જાય છે. કથા ચાલતી હોય ત્યાં સુધી જ આપણા સારથી શ્રીકૃષ્ણને રાખીએ છીએ. પણ કથા પુરી થયા પછી કોણ સારથી થશે તે સમજ પડતી નથી. સંસારના સુંદર વિષયો દેખાય એટલે ઈન્દ્રિયરૂપી ઘોડા એની પાછળ દોડે છે. આ ઈન્દ્રિયોને સાચવવાની જરૂર છે. પ્રભુ સારથી થાય તો જ આ ઘોડાઓ સચવાય છે.

પ્રભુને વિનંતી કરવી જોઈએ કે મારા શરીરરથ ઉપર આપ વિરાજો. શરીરરથમાં પ્રભુ બિરાજેલા છે. તેવી ભાવના કરવી જોઈએ અને ત્યારે વિનંતી કર્યા કરવી જોઈએ કે ઘોડાઓ કાબૂ બહાર જાય તો તેને અટકાવજો. મેં મારા શરીર રથની લગામ તમારાં હાથમાં સોંપી છે. મારી ઈન્દ્રિયોને કબજે રાખજો. મારો રથ સહિસલામત પાર ઉતારો. પ્રભુ શરણ ગ્રહણ કરનારનું જ મરણ સુધરે છે. અથવા તો મન શાંત થાય છે. ઈન્દ્રિયોની શક્તિઓ સંસારના વિષયોમાં વહી જઇને આજે વેડફાઈ રહી છે. એને એ રીતે વેડફાતી અટકાવી દઈને પ્રભુના માર્ગે વાળવી જોઈએ, તો ઈન્દ્રિયોની સંયમિત અને સંગઠિત શક્તિ વડે પ્રભુનો પ્યાર મેળવી શકાય છે. બરફી ખાધા પછી ચા ફીક્કી લાગે છે. એજ રીતે ઈન્દ્રિયોને જો ભગવદ્ રસનો સ્વાદ ચખાડી દઈએ તો જગતના તમામ વિષય રસ ફિક્કા લાગશે. ને ઈન્દ્રિયો વિષયની ચૂંગાલમાંથી છૂટી જશે.

પ્ર-૬૨ સત્સંગનો મહિમા શું છે ?

જ-૬૨ સત્સંગ અને ભાગવત એ બંને ભગવાનના આધિભૌતિક ચરણ છે. સત્સંગ એટલે સાધુઓનો સંગ-સાધુઓને કાંઈ છુપું રાખવાનું હોતું નથી. જો કાંઈ છૂપું રાખવાપણું હોય તો તે સાધુ રહે જ નહિ.

સદ્બુદ્ધિથી સત્સંગ થાય છે. સત્સંગ મોક્ષનું ધ્વાર છે. બુદ્ધિ સર્વનો નિર્ણય કરનારી છે, દુસંગથી બુદ્ધિનો નાશ થાય છે.

કળિયુગમાં સ્મરણ સેવા એટલે કે નામ સેવા તુરત ફળે છે. અને આ સર્વનું મૂળ છે સત્સંગ. જે સત્સંગ કરે છે તે સંત બને છે. સત્સંગમાં કૃષ્ણકથા સાંભળી સાચું જીવન મળે છે. કથા સાંભળી વૈરાગ્ય વધે છે. અને સ્વભાવ સુધરે છે. સંયમ વધારી ભજનમાં વધારો થાય તો સફળતા જરૂર મળે છે.

નારદજી દાસીપુત્ર હતા પણ સાચા સંતોના સત્સંગથીજ દેવર્ષિ બન્યા હતાં.

સમાધાન સૌનું થાય, સત્સંગ તો ભગવદીયનો જ થાય !

સંતો પોતેજ તીર્થ સ્વરૂપ છે, સંત જંગમતીર્થ છે. પારસમણિ લોઢાને કંચન કરે છે. પણ લોઢાને પોતાના જેવું બનાવતો નથી, ત્યારે સંતો તેમના સંસર્ગમાં આવેલાને પોતાના જેવા જ બનાવે છે. સંત કરે આપુ સમાન ! માનવ દેવ થવા સર્જાયો છે. માનવને દેવ થવા માટે ચાર ગુણોની જરૂર છે. સંયમ, સદાચાર, સ્નેહ અને સેવા. આ ગુણો સત્સંગ વગર આવતા નથી. સત્સંગનું ફળ ભાગવતજીમાં બતાવ્યું છે. મનુષ્ય માયાનો દાસ બન્યો છે. સત્સંગથી તે એમાંથી છૂટી શકે છે. સત્સંગથી ખરો ભક્તિનો રંગ લાગે, તેને માયામાં રમવું ગમતું નથી, અને પ્રભુ વિના ચેન પડતું નથી.

ટૂંકમાં બધાજ સંગ છોડાવી કેવળ પ્રભુનો જ સંગ કરાવે તેનું નામ સત્સંગ. આપણો જે કાંઈ ભાવ હોય તેમાં થોડો પણ વધારો થાય તેનું નામ સત્સંગ અને બધામાં પ્રભુ જોવા. વ્યવહાર કરતા કરતા પ્રભુથી જુદા પડવું નહિ તે જ્ઞાન સત્સંગ વગર પ્રાપ્ત થતું નથી. રોજ થોડો સમય સત્સંગ કરવાની જરૂર છે. સત્સંગથી મનનો મેલ દૂર થાય છે. જીવ જયારે જન્મ્યો ત્યારે શુદ્ધ હતો તે પછી જેના સંગમાં આવ્યો તેવો તે થયો માટે જ ઉત્તમ સત્સંગ ખાસ કરવો જ જોઈએ.

પ્ર-૬૩ પાપ અને પૂણ્યને કબુલ કરવાથી શું થાય ?

જ-૬૩ પાપને છુપાવવું જોઈએ નહિ અને પુણ્યને પ્રગટ કરવું જોઈએ નહિ. સમાજમાં પાપ જાહેર કરવાથી પાપની આદત છુટે છે અને પાપનો નાશ થાય છે. પુણ્ય સમાજમાં જાહેર કરીએ તો પુણ્યનો નાશ થાય છે. જન્મ મૃત્યુના દુઃખના વિચારથી પાપ છુટે છે. અતિશય ભિતી રાખ્યા વિના પ્રભુમાં પ્રીતી થતી નથી. કાળની ભિતી રાખી પાપ કબુલ કરવાથી નિર્ભય થવાય છે. જીવ અતિ આદ્ર બનીને પ્રભુને પોકારે છે ત્યારે તે શબ્દ પ્રભુને કાને જાય છે.

પ્ર-૬૪ કયા પ્રકારના મદ ભાન ભૂલાવે છે ?

જ-૬૪ ચાર પ્રકારના મદથી મનુષ્ય ભાન ભુલે છે.

(૧)વિદ્યામદ (૨)જુવાનીનો મદ (૩)દ્રવ્યમદ (૪)અધિકારમદ

આ ચાર પ્રકારના મદથી જીવ ભગવાનને ભૂલીજાય છે.

સંપત્તિ મળે એ સારૂં નથી, એવી સંપત્તિ મળે નહિ જે વિકાર વાસનાને વધારે

વિદ્યામદવાળા શ્રદ્ધા વગર અક્કડ થઈને કથામાં જતા હોય છે. કીર્તનમાં તાળી પાડતા શરમ આવે છે. જુવાનીમાં પાપ કરતા શરમ નથી આવતી પણ તાળી પાડી કીર્તન કરતા શરમ આવે છે.

મહાભારતમાં કહ્યું છે કે સર્વ પ્રકારના રોગનો જન્મ મદમાંથી થયો છે. માટે દીન બની પ્રાર્થના કરવી જોઈએ સર્વપ્રકારનું અભિમાન જેને છૂટે છે, જે દીન બને છે. તે ભગવાનને વહાલો લાગે છે.

માનવીના સ્વભાવમાં બેઠેલું અભિમાન એની જીવનટાંકીમાં ભરનારાં પુણ્યનાં પાણીને તુરત

ભગવાનથી વિમુખ હોય તેવાઓનો જન્મ, વિદ્યા, સર્વજ્ઞતા, કુલિનતા અને ક્રિયાકુશલતા એ સર્વ ધિક્કારરૂપ છે.

જ ખલાસ કરી દેનારૂં મોટું કાણું છે. મથી મથીને ગમે એટલું પાણી ટાંકીમાં ભર્યું હોય તોય પેલું કાણું તો ટાંકીને ખાલીને ખાલી જ રાખે છે.

કૂવામાંથી કાઢીને ચારણીમાં ભરેલું પાણી ઘેર લઈ જઈ શકાય તો જ અભિમાનપૂર્વક કરેલ સત્કર્મનું પુણ્યભાથું પ્રભુના ઘર સુધી પહોંચાડી શકાય છે. માટે, આજથી જ સાવધ બની જીવન ટાંકીનું અભિમાન-છિદ્ર નાબૂદ કરવાનો યત્ન કરવો જરૂરી છે.

પ્ર-૬૫ તમાકું ખાવાથી શું થાય ?

જ-૬૫ શાસ્ત્રમાં તો એવું લખ્યું છે કે તમાકુ પીએ, તમાકુ ખાય કે તમાકુ સુંઘે એને બહુ પાપ લાગે છે. તમાકુમાં કલિનો નિવાસ છે. તમાકુ ખાય એની જીભ બગડે છે. તેને કાંઈ જ મંત્ર સિદ્ધ થતો નથી. તમાકુથી જીવલેણ રોગ પણ થઈ શકે છે.

ખેતરમાં ચણા, બાજરા, વગેરે અનાજના પાકને સાચવવા માટે વાડ કરવામાં આવે છે. જયારે તમાકુના ખેતરને વાડ નથી હોતી. તમાકુના પાકનું રક્ષણ કરવા વાડની જરૂર નથી, કારણ કે ગાય, બળદ, તો શું કદાચ ગધેડા આવી ચઢે તો તે પણ તમાકુમાં મોઢું નાંખતા નથી.

પશું જેને સુંઘતો પણ નથી. એ આપણે ખાઈએ તો વ્યાજબી ગણાય ? શાસ્ત્રે નિષેધ કરેલી વસ્તુઓ ખાય ત્યાં કાળ આવે છે. માટે જ નિશ્ચય કરી પ્રભુને ધરાવી પ્રસાદી વસ્તુ જ ખાવી જ હિતાવહ છે. શાસ્ત્રમાં નિષેધ છે એવા તમામ અભોજ્ય પદાર્થોનો વૈષ્ણવોએ ત્યાગ કરવો જોઈએ.

પ્ર-૬૬ પ્રભુની કરૂણા કેવી છે ?

જ-૬૬ પુરંજનની કથામાં અવિજ્ઞાત નામનો મિત્ર હતો. તે કાયમ ગુપ્ત મદદ કરતો હતો.

આ પુરંજન એટલે જીવ અને અવિજ્ઞાત એટલે ઈશ્વર.

જીવ ઈશ્વરનો છૂટો પડેલો અંશ છે. પોતાના અંશ ઉપર ઈશ્વરને અપાર કરૂણા છે. તેથી તે જીવને હરપળે ગુપ્ત મદદ કર્યા જ કરે છે.

પ્રભુ જીવને કહેઃ

ધરતી ખોડવાનું કામ તારું વરસાદ વરસાવવાનું કામ મારૂં.

તું ખેતર સાચવજે, હું અન્ન પકવીશ.

તું ભોજન કરજે, હું અન્ન પચાવીશ.

જમ્યા પછી સુવાનું કામ તારૂં, તારી ગાફેલ દશામાં બચાવવાનું કામ મારૂં.

આ જીવ ઉપર ઈશ્વરના કેટ-કેટલા ઉપકાર છે- ને છતાં જીવ કેટલો બધો કૃતઘ્ન છે ? જેના સહારે એ જન્મે છે, જીવે છે, અને જીતે છે. એના ઉપકારને પણ એ યાદ કરે છે ?

મંદિરમાં પ્રભુ પાસે જાઓ ત્યારે પ્રભુના ઉપકારનું સ્મરણ કરજો, હૃદયને ભાવથી છલકાવી દેજો, ને પછી ભાવ સભર હૃદયથીજ પ્રભુને વંદન કરજો, વંદન હાથ કે માથા વડે નહિ હૃદયથી જ કરવાનાં છે. વંદનમાં હૃદયના ભાવ ભળે તો જ તે સાર્થક બને છે.

ભગવાનના ચરણકમલનો રસ જેણે માણ્યો હોય
તેને અન્યત્ર આસક્તિ ક્યારેય ન થાય.

પ્ર-૬૭ પુષ્ટિમાર્ગીય જીવનું ઉચ્ચતમ ન ભૂલી શકાય તેવું કર્તવ્ય શું છે ?

જ-૬૭ હું કોણ ? કયાંથી આવ્યો ? કયાં જવાનો ? શા માટે આવ્યો છું ? શું કરી રહ્યો છું ? શું કરવાનો છું ? મારૂં અહિં કોણ છે ? પહેલાં કોણ હતું ? હવે પછી મારૂં કોણ હશે ? મારૂં સ્વરૂપ કેવું ? દેહ, ઈન્દ્રયી, બુદ્ધિ પ્રાણ વગેરેનો સંબંધ કયાં સુધી ?

કોની સાથે ? આ બધા પ્રશ્નોનું સાચું સમાધાન ન થાય ત્યાં સુધી સતત વિચાર કરીને પાકો નિર્ણય કરી લેવો એ પુષ્ટિમાર્ગીય જીવનું ઉચ્ચત્તમ કર્તવ્ય છે. જે પ્રથમ કર્તવ્ય કયારે ન ભૂલી જવા જેવું કર્તવ્ય છે.

પ્ર-૬૮ સંસાર વૃક્ષ કેવું છે ?

જ-૬૮ સંસાર વૃક્ષના બે બીજ છે. પુણ્ય તથા પાપ. અગણિત વાસનાઓ તેના મૂળિયાં છે. ત્રણ ગુણો સત્વ, રજ, તમ તેના થડ છે. ઈન્દ્રિયો અને મન તેની ડાળીઓ છે. વિષયોરૂપી રસ છે. સુખ અને દુઃખ તેનાં બે ફળ છે. વિષયોમાં ફસાયેલો રહે તે દુઃખ ભોગવે છે. આને ભોગી કહેવાય વિવેકી પરમહંસો સુખ ભોગવે છે. તેને યોગી કહેવાય છે.

બહારનો સંસાર દુઃખ આપતો જ નથી પણ આપણા મનમાં છે તે સંસાર જ દુઃખ આપે છે. ભાગવતજીના એકાદશ સ્કંધમાં પ્રભુએ ઉદ્ધવજીના ઉપરના આ પ્રશ્નના જવાબમાં આ વાત કહી છે.

વિષયોનું ચિંતન જ બાધક છે. ઈશ્વરનું સ્મરણના થાય તો વાંધો નહિ પણ સંસારના વિષયોનું ચિંતન કરવું ના જોઈએ, મનનો ઈશ્વરમાં લય કરવો એજ મહાન યોગ છે.

જો સાંસારિક પદાર્થોની પ્રાપ્તિથી આનંદ થતો હોય હર્ષ અનુભવાતો હોય, અને વિયોગથી દુઃખ, શોક-ગ્લાનિ થતાં હોય તો નક્કી માનવું કે આપણામાં સંસાર રહેલો છે. હરિ રહેલા નથી.

આપણે ભગવાન સિવાય બીજું મેળવવાનું છે શું ? આપણી બધી ક્રિયાઓ પૂજા તેમજ સેવા-સ્મરણનું ફળ એટલું જ છે કે શ્રી હરિ હૃદયમાં બિરાજે.

જમી રહ્યા પછી જેમ પતરાળું ફેંકી દેવામાં આવે છે. તેમ ભગવાન મળ્યા પછી કોઈ પણ જાતની લૌકિક કે વૈદિક કામના રહેવી ન જોઈએ.

લૌકિક કે વૈદિક કામના હૃદયમાં સંઘરી રાખીને ભગવાનની સેવા બની શક્તી નથી, સંસારના વિષયો કે સંસાર વ્હાલો લાગે ત્યાં સુધી સમજવું કે હું હજુ વૈષ્ણવ થયો નથી. મુક્તિને માટે લાયક થયો નથી.

સુંદર સુંદર વિષયો દેખાય તેમ છતાં, વિષયો ભોગવવાની શક્તિ હોવા છતાં તે વિષયોમાં જેનું મન ન જાય તે વૈષ્ણવ.

સંસારનું સુખ જેને મીઠું લાગે છે આજે આ ખાવું છે કાલ તે ખાવું છે, ત્યાં સુધી તેનું જ્ઞાન કાચું છે તેની ભક્તિ કાચી છે. ભક્તિનો રંગ લાગે ત્યારે સંસારના સુખ ઉપર સૂગ આવે છે.

સંસારરૂપ સાગરમાં સતત સંતાપ પામતા, તેને તરવા ઈચ્છતાં, લોકો માટે ભગવાન પુરુષોત્તમ શ્રીકૃષ્ણના કથારસ સેવન સિવાય બીજો કોઈ ઉપાય નથી.

સંસાર સુંદર નથી, સંસારનો સર્જનહાર સુંદર છે. સંસાર કાર્ય છે કૃષ્ણ કારણ છે, સંસારને કોઈ બદલી શક્તુ નથી. દૃષ્ટિ સુધરે તેની સૃષ્ટિ બદલાઈ જાય છે. માટે જ આપણા વૈષ્ણવ આચાર્યો જગતને સત્ય માને છે. અને જગતમાં જે કાંઈ છે તે મારા ભગવાનનું જ છે. એમ કહીને મનથી આસક્તિ છોડી દે છે.

પ્ર-૬૯ માયાને તરવાના ઉપાય શું છે?

જ-૬૯ માયાને તરવાની ઈચ્છા હોય તેણે સ્વતંત્ર રહેવું ન જોઈએ. કોઈ લાયક ગુરુ ના શરણે જઈ કોઈ સંતની આજ્ઞામાં રહેવું જોઈએ.

વિલાસી ગુરૂ શિષ્યનું કલ્યાણ કરી શકે નહિ. જ્ઞાની અને બ્રહ્મ નિષ્ઠ ગુરૂ શિષ્યનું કલ્યાણ કરી શકે. કેવળ શબ્દબ્રહ્મમાં નિષ્ઠા હોય પણ બ્રહ્મનિષ્ઠા ના હોય તો તે ગુરૂ થવાને લાયક નથી. એવા કોઈ સંત શોધી કાઢવા જોઈએ કે જે સંતની સ્મૃતિ આપણને પાપ કરતાં અટકાવે. યૌવનમાં જે સ્વતંત્ર થાય છે મોટે ભાગે તેનું પતન જ થાય છે. યૌવનમાં મનુષ્ય પશુ જેવો થાય છે. માટે યુવાનીમાં ખાસ સંતનો આશ્રય કરી તેમની આજ્ઞા મુજબ સાધન કરવું જોઈએ. માયાને તરવાની ઈચ્છા હોય તેણે સ્વાદ અને વાદ છોડી દેવા જોઈએ. પ્રત્યેક ઈન્દ્રિયથી બ્રહ્મચર્ય પાળવું જોઈએ.

પ્રભુના નામના મહામંત્રનો એક આસને એકાંતમાં બેસી નિયમપૂર્વક દરરોજ ત્રણ કલાક જપ કરવો જોઈએ. ભગવાનનું ધ્યાન કરવું જોઈએ.

માયા એ છાયા જેવી છે. જો આપણે દીવાની સામે ઉભા રહીએ તો છાયા આપણી પાછળ રહે છે, અને જો દીવા તરફ પૂંઠ કરીને ઉભા રહીએ તો તો છાયા આપણી આગળ રહે છે. માટે જો ઈશ્વરની સામે ઉભા રહીએ તો માયા આપણી પાછળ ઉભી રહેશે અને પજવી શકશે નહિ.

જો પ્રભુથી વિમુખ બનીએ તો જ માયા આપણી આગળ આવીને ઉભી રહે છે અને પજવે છે.

જેને માયાને તરવાની ઈચ્છા છે તેણે કાયાથી, વાણીથી કે મનથી કોઈનું દિલ ન દુભાવવું જોઈએ.

કળિયુગના મનુષ્યોનાં શરીર વિલાસી છે. શરીરની ઉત્પત્તિ જ કામમાંથી થયેલી છે. તેથી કળિયુગમાં યોગમાર્ગ અને જ્ઞાનમાર્ગથી ભગવત્પ્રાપ્તિ થવી બહું જ મુશ્કેલ છે. કળિયુગમાં હરિકીર્તન જ સહેલો ઉપાય છે. શ્રીકૃષ્ણના નામના જપ કરવાથી સદ્ગતિ મળે છે.

પ્ર-૭૦ દુનિયામાં મોટામાં મોટું આશ્ચર્ય શું છે?

જ-૭૦ ધર્મરાજ યુધિષ્ઠિરે મહાભારતના વનપર્વમાં યક્ષના આ પ્રશ્નનો જવાબ આપ્યો છે કે દરરોજ સેંકડો જીવો યમરાજને ઘેર જઈ રહ્યા છે, તે જોવા છતાં (પણ) બીજા બાકી રહેલા લોકો તો એમજ માને છે કે આપણે તો મરવા ના જ નથી. અને એમ માની આ દુનિયામાં મનસ્વી રીતે રહે છે, વર્તે છે અને દુનિયામાં સ્થિર (અમર) રહેવા ઈચ્છે છે. જાણે કે પોતે મરવાના

ભગવત્-પ્રસાદિ વસ્તુઓથી જીવનનિર્વાહ કરનારા દાસો ભગવાનની માયાને સરલતાથી જિતે છે.

જ નથી. આથી મોટું આશ્ચર્ય બીજું શું હોઈ શકે ? આજ મોટામાં મોટું આશ્ચર્ય છે. માનવી ને મરવાનું અનિવાર્ય જ છે છતાં માનવી મરવા માટેની કશી તૈયારી કરતો જ નથી.

પ્ર-૭૧ ત્યાગ અને સમર્પણ કેવા હોવા જોઈએ ?

જ-૭૧ શિવજી ત્યાગરૂપ છે, શ્રીકૃષ્ણ પ્રેમસ્વરૂપ છે. શિવજીએ જગત માટે સર્વસ્વનો ત્યાગ કર્યોને જગતને જેની જરૂર નથી તે ઝેર કે ધંતૂરો જ સ્વીકાર્યો. ગુલાબના ફુલની દરેકને ઈચ્છા હોય અથવા તો ગુલાબનું ફુલ દરેકને ગમે પણ ધંતૂરાને માટે કોઈ ઝઘડો જ ના કરે. એટલે સંસારને જેની જરૂર નથી. તે જ શિવજીએ સ્વીકાર્યું છે. બીજા બધાનો ત્યાગ કર્યો છે.

જયારે શ્રીકૃષ્ણે સર્વની સાથે પ્રેમ કર્યો. એમણે ગાળો દેનાર, ઝેર આપનાર કે લાંત મારનારને પણ પોતીકાં ગણ્યાં, તેથી જ તે સર્વપ્રિય બની ગયા.

જ્ઞાનમાર્ગ ત્યાગ સૂચવે છે. જયારે ભક્તિમાર્ગ સમર્પણ ઝંખે છે. ભક્તિમાર્ગમાં પણ ત્યાગ તો છે જ પણ તેમાં સ્નેહનું મિશ્રણ છે. સ્નેહપૂર્વક છોડવું તે સમર્પણ, ને સમજપૂર્વક છોડવું તે ત્યાગ.

સર્વમાં એક જ પ્રભુ બિરાજે છે, એવું સમજીને વ્યવહાર કરીએ તો તે વ્યવહાર પણ ભક્તિ બની જશે. જયાં સુધી શરીર છે ત્યાં સુધી વ્યવહાર -ધંધો પણ કરવો જ પડવાનો છે. એટલે વ્યવહાર જરૂર કરવો પણ તેમાં વિવેક રાખીને કરવો.

સંતોએ પણ ધંધો તો કર્યો જ છે ? કબીર વણકર હતા. ગોરાકુંભાર માટી કામ અને નામદેવજી દરજીકામ કરતા જ હતા ને ? એટલે વ્યવહાર છોડવાની કશી જરૂર નથી. પરંતુ ધંધો કે વ્યવહાર કરતાં ધર્મ ચૂકી ન જવાય એજ ખરૂં સાચવવાનું છે સ્નેહપૂર્વક છોડી બધે જ પ્રભુના દર્શન કરી સાચું સમર્પણ કરવું જોઈએ.

ભાગવત સમર્પણયોગ શિખવવા માટે જ છે. ભાગવત કહે છે કે, તમારૂં જે કંઈ છે તે પ્રભુને સમર્પી દો, ને તે પછી વિવેકથી ભોગવો. ગળામાં કંઠી નાખવા પાછળ જીવનો એવો ભાવ હોવો જોઈએ કે આ શરીરને હું કૃષ્ણાર્પણ કરૂં છું. શ્રીકૃષ્ણ રાજી રહે એ રીતે જ શરીરનો ઉપયોગ કરીશ.

પ્ર-૭૨ યૌવન અને સંયમથી કૃતાર્થ કેવી રીત થવાય ?

જ-૭૨ યૌવનમાં ધીરે ધીરે સંયમ વધારતા જઈને ભક્તિ કરી હશે તો આ જીવનમાં પ્રભુ મેળવી શકાશે.

પરંતુ, જેનું યૌવન ભોગવિલાસની પાછળ ભટકવામાં જ ભરખાયું છે તેને વર્તમાન જીવનમાં તો પ્રભુ નથી જ મળતા !

હા, એ જીવ જો વૃદ્ધાવસ્થામાં ભક્તિ કરવા માંડે તો એનું બીજું જીવન જરૂર સુધરે છે, પરંતુ વર્તમાન જીવનમાં તો પ્રભુદર્શનની સાર્થક્તા નથી જ પમાતી !

માટે, વર્તમાન જીવનને સુધારવા અને સાર્થક બનાવવા માટેનો એકમાત્ર ઉપાય યૌવનમાં

પ્રાણ, અર્થ, બુદ્ધિ અને વાણીથી સદા સર્વનું કલ્યાણ કરવું,
તેમાં જ જન્મની સફળતા છે.

વિવેકી બની સંયમ વધારતા જવો એ જ છે. વિદ્યાર્થી જો વિલાસી થાય તો વિદ્યા બળી જાય છે. સાંદીપની ઋષિના ગુરુકુળમાં વિદ્યાર્થી તો ઘણા હતા, પણ શ્રીકૃષ્ણે મૈત્રી તો સુદામાજી સાથે જ રાખી સુદામા એટલે સુયોગ્ય સંયમ, આવા સંયમની મૈત્રી જ જીવનની સફળતા અપાવે છે.

પ્ર-૭૩ રાત્રે સૂતાં અને સવારે ઉઠતાં હરિસ્મરણ કેમ કરવા જોઈએ ?

જ-૭૩ જીવને હરિદર્શનની પ્યાસ છે, એ પ્યાસ બૂઝાવવા માટે જ મંદિરમાં જાય છે ને મૂર્તિના દર્શન કરી તેનું પછી સ્મરણ કરે છે.

નિવૃત્તિના સમયે પથારીમાં પડ્યા પછી આપણને જે સતત યાદ આવે તેમાં જ આપણે ફસાયેલા છીએ એમ માનવું જોઈએ. કેટલાક જીવ પથારીમાં પડ્યા પછી કામાંધ બને છે.

કેટલાક બડભાગી જીવ પથારીમાં પડ્યા પછી ઈશ્વર સ્મરણ કરે છે.

શરીર થાકી ન જાય ત્યાં સુધી પથારીમાં ન પડવું જોઈએ. પરોપકારમાં શરીરનો કસ કાઢવો જોઈએ. નિદ્રા ન આવે ત્યાં સુધી સતત જપ જ કરવો જોઈએ અને જપ કરતાં કરતાં જ ઉંઘી જવું જોઈએ. ને સવારે પણ નામજપ કરતાં કરતાં ઉઠવું જોઈએ. નિદ્રા આવે ત્યાં સુધી જે જપ ચાલુ રાખે છે ને નિદ્રામાંથી ઉઠ્યા પછી જપ કરતા જ સવારે ઉઠે છે. તેને માટે નિદ્રાનો સમય પણ નામસ્મરણ બની જાય છે...ને પ્રભુના ચોપડે એની નિદ્રાનો સમય પણ નામસ્મરણ જાપ સમય તરીકે નોંધાય છે.

પ્ર-૭૪ ભેદ હોય ત્યાં જ ભય કેમ હોય છે ?

જ-૭૪ પ્રત્યેકને ભગવદ્‌ભાવથી જોવાની ટેવ પડે તો મન કદી બગડતું જ નથી. એવા સત્પુરુષનું કોઈ વેરી પણ નથી હોતું. જ્ઞાની પુરુષો તો જડમાં પણ પ્રભુના દર્શન કરે છે. કારણ, એ બ્રહ્માકાર વૃત્તિના અને બ્રહ્મદૃષ્ટિવાળા હોય છે,

પ્રત્યેક જડચેતનમાં હરદમ હરિનાં જ દર્શન કરે એને પ્રભુનો વિયોગ પણ સહેવો પડતો નથી. કારણ, એ સદા સર્વદા પરમાત્માથી જ વ્યાપ્ત અને ઓતપ્રોત હોય છે.

સર્વત્ર હરિદર્શનની ભાવના જ આખાય જીવનને હરિમય બનાવી દે છે, પછી હરિ સાથે એકરૂપતા સધાય છે ને સઘળા ભેદ મટી જાય છે.

જ્યાં ભેદ છે ત્યાં જ ભય છે મા અને દિકરી મનથી એક હોય છે તેથી. મા-દિકરીમાં કોઈ ભેદ હોતો નથી માટેજ બંનેને એકબીજાનો ભય રહેતો નથી પણ જ્યારે સાસુ વહુ એકજ ઘરમાં સતત રહેવા છતાં હૃદયથી જુદાં હોય ત્યાં સુધી બંનેને એકબીજાનો ભય સતાવતો હોય છે.

પરિક્ષિત રાજાએ તો પોતાને ડસવા આવેલા તક્ષક નાગમાં પણ પોતાના પ્રભુ દીઠા હતા તેથી જ તેમને કાળનો કશો જ ભય ન હતો.

સવારના ચાર વાગ્યાનો સમય બ્રાહ્મમુહુર્ત એ અમૃતકાળ કહેવાય છે. આ સમયે ચાલતા વાયુમાં અમૃત વહે છે. જેને જાગૃત અવસ્થામાં ગ્રહણ કરવાથી આયુષ્યની વૃદ્ધિ થાય છે. તંદુરસ્તી વધે છે, બળ વધે છે, સ્મરણશક્તિ વધે છે.

માટે જ સૌ કોઈમાં ઈશ્વર બિરાજતા હોવાથી કોઈની સાથે વેર ના થાય. પ્રત્યેકમાં પ્રભુના જ દર્શન કરવાની ટેવ પાડીએ તો જગતમાં કોઈ દુશ્મન જ ના રહે. ને કોઈનો ડર પણ શા માટે રહે ?

આમ જગતમાં વસતા જીવમાત્રમાં જગદીશ્વર જોવાની ભાવના જીવનમાં ખૂબ શાંતિ આપી જાય છે.

પ્ર-૭૫ ખતરનાક ચોર,કેવો હોય છે ?

જ-૭૫ રસ્તે પડેલાં હાડકાંને અડકી ન જવાય એની કાળજી રાખનારો માનવ ચામડાંથી મઢેલાં હાડકાંના સ્પર્શ માટે કેટલો બધો પાગલ થઈ જાય છે ?

આ શરીરમાં આડાં-અવળાં હાડકાં ગોઠવ્યા છે, એને માંસના લોચા મારી નસોથી બાંધ્યા છે ને પછી રૂપાળી ચામડીથી ઢાંક્યા છે.

એમાનું કશુંય બહાર નીકળે, તો જોવા માટે મન તૈયાર ન થાય. છતાં તેના સ્પર્શ માટે મન કેટલું બધું પાગલ થઈ જાય છે ?

આ આપણી ઈન્દ્રિયો ચોર કરતાંય વધુ ખતરનાક હોય છે. ચોર જેના ઘરમાં રહેતો હશે તેના ઘરમાં ચોરી નહીં જ કરે પોતાનું ઘર તો છોડી દેતો હોય છે.

જયારે ઈન્દ્રિયો તો આત્માના ઘરમાં જ રહે છે, ને છતાં આત્માનું વિવેકધન લૂંટી ખાડમાં ફેંકી દે છે !

આ રીતે ઈન્દ્રિયો ચોર કરતાં પણ વધારે ખતરનાક ચોર જેવી છે. તેનાથી જ ખાસ ચેતતા રહેવાની જરૂર છે.

પ્ર-૭૬ પ્રભુ સાથે જ પ્રેમ શું કામ કરવો જોઈએ ?

જ-૭૬ સંસારના સંબંધો તો ખૂબ કર્યા હવે પ્રભુ સાથે જ પ્રેમ બાંધવાનું નક્કી કરવું જોઈએ. પ્રભુ સાથેનો સંબંધ સંસારના બંધનથી છોડાવે છે અને પ્રભુને આપણી પાસે લાવે છે.

ગામમાં તાવ તો ઘણાને ત્યાં આવે છે. પણ સંબંધીને તાવ આવ્યો હોય તો જ ખબર કાઢવા જઈએ છીએ, એ રીતે પ્રભુ સાથે પ્રેમસંબંધ બાંધ્યો હોય તો એ પણ આપણા બની આપણું યોગક્ષેમ સંભાળશે.

કાંઈક લાભ મેળવવાના લોભથી મનુષ્ય શ્રીમંત સાથે સંબંધ બાંધવા ઉત્સુક થાય છે. પરંતુ શ્રીમંતનો સંબંધ કદાચ ધન આપશે પણ કાયમની શાંતિ નહિ આપી શકે.

શાંતિ તો સર્વેશ્વરના સંબંધથી જ સાંપડે છે.

પ્રભુ સાથે પ્રેમ કરવાથી નારાયણ પણ મળશે અને લક્ષ્મીજી પણ ઘર શોધતા દોડ્યા આવશે.

માટે જ પ્રભુના અનેક રૂપો પૈકી કોઈપણ એક સ્વરૂપને ઈષ્ટ માની એની સાથે ભક્તિસંબંધ જોડી

પ્રભુ પ્રેમમાં પતન સંભવે જ નહિ
મધુરાધિપતિમાં મગ્ન રહેવા જેવી કોઈ મઝા જ નથી.

દેવાથી એ સંબંધ સતત સ્મરણ કરાવશે. એથી તન્મયતા સધાશે જગત ભૂલી જવાશે ને ન્યાલ થઈ જવાશે. ખૂબ સંપત્તિ ભેગી કરનાર બાપનો એકનો એક પુત્ર પણ અંતકાળે બેલી બનતો નથી. બાપની મિલક્તનું વીલ કરાવવાની ફિકરમાં હોય છે માટે પ્રભુ સાથે જ પ્રેમ કરવો હિતાવહ છે. તે સ્થિતિને પામવા દિવસમાં બધી જ ક્રિયાઓનો આરંભ યથા શક્ય પ્રભુ નિમિત્તથી જ કરો. સવારે ઉઠી સર્વ પ્રથમ દૃષ્ટિ પ્રભુના ચિત્રજી ઉપર પાડો. ઉઠીને હાથથી પ્રથમ ચિત્રજીના ચરણસ્પર્શ કરો. કોઈ પણ અક્ષર લખતાં પહેલાં એકવાર અષ્ટાક્ષર મંત્ર લખો. મુખથી બીજા અક્ષર બોલતાં પહેલા જયશ્રીકૃષ્ણ બોલો. ઉઠીને ચા કૉફી લેતા પહેલા પ્રસાદી તુલસી કે પ્રસાદી વસ્તુ જ પહેલાં લો. આમ આપણું લૌકિક પણ અલૌકિક સાથે સંબંધવાળું હશે તો તે ભગવદ્કૃપાએ અલૌકિક તરફ આપણા જીવનને લઈ જશે. તે નક્કી છે. જેવી સવાર હશે તેવો જ દિવસ-રાત પણ જશે. આમ પ્રભુ સાથે જ પ્રેમ કરવો જોઈએ. દુનિયાના તમામ પ્રેમમાં વધઘટ થાય છે. પ્રભુપ્રેમમાં ક્યારેય ઘટાડો ન થતાં વધતો જ રહે છે.

પ્ર-૭૭ ભગવાનનો ચોર કેવો હોય છે ?

જ-૭૭ કેટલાંક ચોર જેલમાં વસે છે, કેટલાંક ચોર મહેલમાં રહે છે. જેલમાં રહેનારનું પાપ ધોવાતું જાય છે, જ્યારે મહેલમાં રહેનારનાં પાપ પળેપળે વધતાં જાય છે. ને જ્યારે પાપનો ઘડો ભરાઈ જાય છે ત્યારે જેલના ચોર કરતાંય વધુ આકરી સજાનો ભોગ બને છે.

આ મહેલમાં રહેનારા શાહી ચોરની ઓળખ આપતાં સંતો અને શાસ્ત્રો કહે છે :

મહેનત કરતાં વધુ નફો લેનાર ચોર છે.

જન્મદાતા માબાપની ચાકરી ન કરનારો ચોર છે.

પ્રભુનો ઉપકાર માન્યા વિના ભોજન કરનારો ચોર છે.

દુઃખી સ્વજનોની આંખના આંસુ લૂછ્યા વિના નિરાંતે સુનારો ચોર છે.

આ બધા ચોર ભગવાનના ચોર છે.... કારણ, ભગવાને જે કાર્ય માટે હાથ-પગ ને માલ-મિલ્કત આપીને મોકલ્યા છે, તે કાર્યને તેમણે અભરાઈએ ચઢાવી દીધું છે.

એટલે કહો, સમાજના ચોરને જો જેલની સજા થતી હોય તો ભગવાનના ચોરની શી વલે થવાની ?

પ્ર-૭૮ સંપત્તિ અને વિપત્તિમાં કેવી રીતે રહેવું જોઈએ ?

જ-૭૮ પ્રભુ ખૂબ સંપત્તિ આપે તોય દુઃખના દિવસો ભૂલવા ના જોઈએ.

અને પ્રભુ ખૂબ વિપત્તિ આપે તોય હિંમત હારીને સાધના છોડવી ના જોઈએ.

સાધારણ રીતે બહુ સુખ મળે ત્યારે પોતાની પૂર્વસ્થિતિ ને ભૂલી જવાથી બહુ દુઃખી થવાય છે, સુખમાં પ્રભુના ઉપકારનું સ્મરણ કરવું જોઈએ. તો દુઃખ કદી નથી આવતું. તેવી જ રીતે દુઃખમાં પ્રભુના સાંનિધ્યનો અનુભવ કરી ધૈર્ય રાખવાથી એ પણ ચાલ્યું જશે.

કૃષ્ણના થવાય નહિ ત્યાં સુધી, પોતાના અંતઃકરણમાં રહેલા રાગ-દ્વેષાદિ ચોર છે, ઘર એ કેદખાનું છે, મોહ પગની બેડી છે.

અભિમાનને મારનારી હૃદયને દીન બનાવનારી, પ્રભુનું સ્મરણ કરાવનારી ને પ્રભુ સમીપ લઈ જનારી વિપત્તિ જ સાચી સંપત્તિ છે.

પ્રભુથી દુર હડસેલનારી સંપત્તિ, સંપત્તિ નહિ, વિપત્તિ જ છે.

દુઃખ તો મોટોસદ્‌ગુરુ છે. એજ ડહાપણની સાચી દવા છે. દુઃખમાં જ સંસાર સ્વાર્થીને ઈશ્વર જ સાચો સગો છે એ સત્યની પ્રાપ્તિ થાય છે.

પ્ર-૭૯ માનપત્ર કેવું હોવું જોઈએ ?

જ-૭૯ બીજા પાસે માનપત્ર મેળવવામાં અભરખો ન રાખવો જોઈએ. કારણ, એ સ્વાર્થભરેલું હશે, તેથી સાચું નહિ હોય. ને આજે માનપત્ર આપનાર કદાચ કાલે અપમાન પણ કરશે.

એટલે જો સાચું માનપત્ર મેળવવું હોય તો એ તમારા મન પાસેથી મેળવવાની જ નેમ રાખવી જોઈએ. કારણ કે આપણું મન જ આપણને સાચી રીતે ઓળખે છે, ને તેણે આપેલું માનપત્ર જ સાચું હશે.

મન પાસેથી માનપત્ર મેળવ્યું હશે તો પ્રભુના દરબારમાં પણ માન વધશે. કારણ, મનનું માનપત્ર આપણા સાચા સદ્‌ગુણો માટેનું જ હશે. સ્વાર્થ માટેનું હોતું નથી.

એટલે કાંતો માનપત્ર મેળવવાનો અભરખો રાખવો જ ના જોઈએ. છતાં અભરખો થાય તો આપણા પોતાના મનની પાસેથી જ માનપત્ર મેળવવાનો સંકલ્પ કરવો જોઈએ.

બાકી તો માન-અપમાનમાં મનને શાંત રાખનારો જ મહાન બની શકે છે.

પ્ર-૮૦ પુષ્ટિમાર્ગીય જીવે કયા ચાર તત્વનો આશ્રય કરવો જોઈએ ?

જ-૮૦ પુષ્ટિમાર્ગીય જીવને ભગવાન, ભક્તિ, ભાગવત અને ભગવદીય આ ચારનો દ્રઢ આશ્રય કરવાનો છે. આ ચાર સિવાય દુનિયામાં જાણે બીજા કોઈનું અસ્તિત્તવ જ ન હોય એવી નિષ્ઠા આ ચારેયમાં કરવાની છે. આ ચારનું તાદાત્મ્ય વારંવાર જીવનમાં વિચારવાનું છે. એના બધા વ્યવહાર આ ચારને અનુલક્ષીને થાય. જાગ્રત અવસ્થામાં આ ચાર દૃષ્ટિ સમક્ષ રાખવાનાં છે અને મન બદ્ધિ પ્રાણ વગેરેને તથા દેહનાં સંપૂર્ણ કાર્ય પણ આ ચારની સેવા અર્થે જાણે બનતાં હોય એવી રીતે કરવાનાં છે. આ ચારમાંથી જો એક પણ અંગનો આશ્રય નહિ થાય તો આસુરાવેશ જરૂર થઈ જવાનો. માટે જાગ્રતનો સઘળો સમય કાં તો ભગવાનનાં સેવાસ્મરણમાં વ્યતીત થાય, કાં તો ભાગવતનું અનુશીલન થાય, કાં તો ભગવદીયનો સંગ સધાય કાં તો ભક્તિનું સ્વરૂપ વિચારાય.

પ્ર-૮૧ દઢ ભક્તિ કેવી હોય છે ?

જ-૮૧ જેમ કામી પુરૂષ અથવા સ્ત્રીનું મન એકમેકમાં લાગેલું રહે છે. જેમ પાણી ભરનાર સ્ત્રીનું મન બેડામાં રહે છે. જેમ લોભીનું મન ધનમાં ચોંટેલું રહે છે, જેમ નટની દૃષ્ટિ દોરડા ઉપર રહે

મહા પ્રસાદ લેવાથી નિત્ય ભગવત્સેવાથી, સત્સંગથી કૃષ્ણકથાનું શ્રવણ અને કૃષ્ણલીલાનું કીર્તન કરવાથી બુદ્ધિને વશમાં રાખી શકાય છે.

છે. જેમ જંગલમાં ચરવા ગયેલી ગાયનું મન પોતાના વાછરડામાં રહે છે. જેમ પતિવ્રતા સ્ત્રીનું મન પરદેશ ગયેલા પતિમાં રહે છે, જેમ બાળકનું મન પોતાની સમીપમાં રહેનાર માતામાં રહે છે, જેમ વ્યસનીનું મન પોતાને જે બાબતનું વ્યસન હોય તેની જ ઝંખના કર્યા કરતું હોય છે. તેવી રીતે જ ભગવાનમાં ભક્તનું મન નિરંતર ચોંટેલું રહે છે, ગમે તેટલો પ્રયત્ન કરીએ તો પણ એમાંથી ખસે નહિ ત્યારે ભક્તિ દઢ થઈ કહેવાય. 'ભક્તિપોષણ'માં દયારામભાઈએ પણ ઉપર મુજબ કેટલીક સરખાણી બતાવી છે.

પ્ર-૮૨ શ્રાદ્ધ અને પિંડદાન કેવી રીતે કરવા જોઈએ ?

જ-૮૨ શ્રદ્ધાભર્યા સત્કાર્ય વડે જીવનને પરમાત્મા અને પરોપકાર સાથે જોડી દેવું એનું નામ સાચું શ્રાદ્ધ.

પ્રભુએ આપેલા આ માનવદેહનો પિંડ પ્રભુનું હૈયું રાજી રહે એવાં સેવાનાં કાર્યોમાં ઘસી નાંખવો તેનું નામ સાચું પિંડદાન.

આવું શ્રદ્ધાપૂર્વકનું શ્રાદ્ધ અને પિંડદાન જાતે કર્યું હશે તો પુત્ર પાસે શ્રાદ્ધ અને પિંડદાન કરાવવાની આશા જ રાખવી નહિ પડે.

બાકી પુત્રે કરેલાં શ્રાદ્ધ અને પ્રેમ વિનાના પિંડદાનથી પિતૃઓ જન્મ-મરણના ત્રાસમાંથી નથી છૂટતા એ નક્કી જાણજો. તેથી દરેક સંતાનોએ શ્રદ્ધાથી શાસ્ત્રવિધિ પ્રમાણે પિંડદાન કરવું જ જોઈએ.

પ્ર-૮૩ પુષ્ટિપુરૂષોત્તમ પૂર્ણાવતાર પરબ્રહ્મ શ્રીકૃષ્ણપ્રભુનું પ્રાગટય ક્યારે થયું છે ?

જ-૮૩ પુષ્ટિ પુરૂષોત્તમ પૂર્ણાવતાર પરબ્રહ્મ ૧૨૫ વર્ષ ભૂતલ પર બિરાજ્યા !

પુષ્ટિ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણનું પ્રાગટય સારસ્વત કલ્પના અઠ્ઠાવીસમા દ્વાપરયુગમાં થયું છે. દરેક દ્વાપર યુગમાં કૃષ્ણાવતાર તો થાય જ છે પણ તે પુર્ણાવતાર નથી હોતો !

સારસ્વત કલ્પ એટલે બ્રહ્માજીનો બારમો દિવસ !

છેલ્લો કૃષ્ણાવતાર ૫૨૨૦ વર્ષ પહેલાં થયો !

એક સાધે સબ સધે, સબ સાધે સબ જાય. એકમાં મૂળ રૂપે પોષણ કરવાથી બધાંનું જુદુ જુદુ કરવાની જરૂર નથી માટે જ સાર સમજીને સાર રૂપ શ્રીકૃષ્ણની જ સેવા કરવી જે પ્રભુ પરમ કૃપાળુ છે કૃપા કરવી તેનો સહજ સ્વભાવ છે.

જુઓ શ્રીમદ્ ભાગવત ચતુર્થ સ્કંધ

અધ્યાય ૩૧ શ્લોક ૧૪નો સાર.

પરબ્રહ્મ શ્રીકૃષ્ણનાં સેવનથી સમગ્ર વિશ્વનું પૂજન થાય છે. અન્ય દેવો કોઈ અંશ, કળા કોઈ વિભૂતી રૂપ છે. તેમની ઉપાસના કરવી તે વૃક્ષની ડાળીઓ ઉપર પાણી રેડવા બરાબર છે.

સર્વ-ધર્મ છોડી અનન્ય ભાવે એકમાત્ર ભગવાન શ્રીકૃષ્ણને જ શરણે જવું. બધા પાપ કે દોષ તેથી દુર થાય છે

પ્ર-૮૪ વેણુનું આધિભૌતિક સ્વરૂપ શું છે ?

જ-૮૪ વેણુર્બહુછિદ્રવંશ - એકથી વિશેષ છિદ્ર ધરાવતાં વાંસથી બનેલા વાદ્યને વેણુ કહે છે.

શ્રીકૃષ્ણની વેણુમાં ૭ છિદ્ર છે અને તે વાંસમાંથી બનેલ છે. સંગીતશાસ્ત્ર અનુસાર વાંસળી વાંસ ઉપરાંત, સુવર્ણ, રૂપુ, કાંસું, ચંદન, ખેર વિ. પદાર્થોની પણ બની શકે છે. પરંતુ, શ્રીકૃષ્ણની મુરલી પ્રાયઃ વાંસની બનેલી છે. આજ કારણે વેણુગીતમાં સરિતા અને વૃક્ષને વેણુના માતા-પિતા કહ્યા છે.

ભગવાન શ્રીકૃષ્ણની વેણુ અંગેનું વર્ણન શ્રી રૂપ ગોસ્વામી રચિત 'ભક્તિરસામૃત સિંધુ'માં ઘણી સુંદર રીતે કરવામાં આવેલ છે. એમના મતાનુસાર 'શ્રીકૃષ્ણની વાસંળીના ૩ ભેદ છે. અને તે અનુસાર ૩ નામ પણ જુદાં છે.

વેણુ : બાર આંગળ લાંબી અને છ છિદ્રવાળી હોય તે વેણુ.

મુરલી : બે હાથ લાંબી અને મુખ છિદ્ર ઉપરાંત ચાર અન્ય સ્વછિદ્રવાળી હોય તે મુરલી.

બંસી : સત્તર આંગળ લાંબી અને નવ છિદ્રયુક્ત હોય તે બંસી કહેવાય છે.

શ્રીકૃષ્ણની એક બંસીનું નામ મહાનંદા અથવા સંમોહિની છે. તેનાથી મોટી બંસીનું નામ આકર્ષિણી છે, અને એનાથી મોટી બંસીને આનંદિની કહેવાય છે, અને આનંદિની વાંસની બનેલી છે. લીલાભેદ અનુસાર પ્રભુ આ બધીય વાંસળીઓનો ઉપયોગ કરે છે.

પ્ર-૮૫ વેણુનું આધ્યાત્મિક સ્વરૂપ શું છે ?

જ-૮૫ કથા એવી છે કે એક દિવસ ભગવાન શ્રીકૃષ્ણ ગોવર્ધનની કંદરામાં બિરાજ્યા હતા અને અનાયાસે એમને શ્રી સ્વામિનીજીનું તીવ્ર સ્મરણ થઈ આવ્યું. સ્મરણ કરતાં કરતાં કૃષ્ણ તો રાધામય બની ગયા. ચારે બાજુ શ્રી રાધાજીની સ્ફુર્તિ થવા લાગી. આગળ-પાછળ, ડાબે-જમણે બધે રાધાજી ઝલકવા લાગ્યા. શ્રીકૃષ્ણ રાધાજીના આરાધક બન્યા. અને એમનું રટણ કરતાં કરતાં સર્વ ચેષ્ટાઓ શાંત થઈ ગઈ, મુખેથી કેવળ રાધા-નામનું રટણ જ રહ્યું. બાકીનું બધું ભૂલી ગયા, તો સરસ્વતી દેવી ને થયું કે, પ્રભુ રાધાજીના વિયોગમાં આખાય જગતને ભૂલી ગયા, બધી જ ચેષ્ટાઓ વિસારી દીધી પરંતુ વાણીનો ત્યાગ થયો નથી. સરસ્વતી વાણીની અધિષ્ઠાત્રી છે. પ્રભુની વાણી નિરંતર રાધા - રાધાનો જાપ કરી રહી છે. એટલે હું પણ પ્રભુને વહાલી છું. સારસ્વતી દેવી - વાક્ દેવી પ્રભુની સન્મુખ પ્રકટ થઈને હાથ જોડીને ઉભા રહ્યા. થોડીવાર પછી પ્રભુના નેત્ર ખુલ્યાં અને એમણે વ્યાકુળ સ્થિતિમાં રહે રહે પૂછ્યું, 'તું વળી કોણ છે ?'

સરસ્વતી બોલ્યા : પ્રભુ ! આપે મને ન ઓળખી ? હું પણ આપની પ્રિયા છું, અતિપ્રિયા છું, શ્રી રાધાજીના વિરહમાં આપે બધી જ શક્તિઓનો , બધા ઐશ્વર્યોનો ત્યાગ કર્યો પરંતુ મારો ત્યાગ ન કર્યો એ બતાવે છે હું કેટલી પ્રિય છું ?

આંખવાળા કે ઈન્દ્રિવાળા પરમ ફલ છે વેણુ-વાદન-રત ભગવાન્ વ્રજરાજકુમારનું કૃપા કટાક્ષ કરતું શ્રીમુખ.

પ્રભુને આ ન ગમ્યું, એમણે વાણીનોય ત્યાગ કર્યો. શાંત થઈ ગયા. મૌન ધારણ કર્યું. ભગવાને વાણીનો ત્યાગ કર્યો એટલે એ જડ રૂપ થઈ ગઈ. આ વાક્ દેવી - સરસ્વતી દેવી એ પ્રભુને રીઝવવા વેણુનું રૂપ ધર્યું અને આ રૂપમાં વેણુ તરીકે ના જન્મમાં એને પ્રભુનો પ્રેમ તો મળ્યો જ, અધરામૃત પાન પણ મળ્યું જડતા તો નામની જ રહી, ચૈતન્ય અને માધુર્યની અવસ્થા સાંપડી.

શ્રીકૃષ્ણોપનિષદમાં કહેવાયું છે કે રૂદ્ર દેવ શ્રી કૃષ્ણની વેણુ બન્યા છે. રૂદ્રની એક વ્યાખ્યા છે રોગાન્ દ્રાવયતે ઈતિ રૂદ્રઃ જીવના રોગોનો નાશ કરે તેને રૂદ્ર કહે છે. અવિદ્યા એ જ રોગ છે. સર્વ રોગની જનની છે અવિદ્યા. એજ અહંતા - મમતાને ઉત્પન્ન કરે છે. રૂદ્ર ભગવાન જેમ ભવરોગનો નાશ કરનારા કહ્યા છે. તેમ આ વેણુરૂપ રૂદ્ર પણ લીલાસ્થ જીવોને પ્રપંચ વિસ્મૃતિ કરાવીને કૃષ્ણાધરામૃત સાથે સંયોગ કરાવેછે. વેણુ પણ રૂદ્રની માફક પુષ્ટિવર્ધનમ્ છે.

શ્રી સુબોધિની અનુસાર માયા ભગવાનની શક્તિ છે. જ્ઞાન સ્વરૂપ ભગવાનની એક શક્તિને માયા કહે છે. માયાનું કાર્ય જીવને મોહમાં ફસાવીને સંસારમાં આસક્ત કરવાનું છે. પરંતુ ભગવાનની અવતાર લીલામાં લીલાપયોગી આ માયાએ મોહમાયા નથી. યોગ માયા છે.

સંસારમાં મોહ કરાવે તે મોહમાયા અને ભગવાનમાં મોહ કરાવે, ભગવાન સાથે સંયોગ કરાવે તેથી તે યોગમાયા.

રાસાદિ અનેક પ્રસંગોએ મુરલીએ ભક્તો અને ભગવાનનો સંયોગ કરાવ્યો છે. શરદઋતુની રાત્રિએ યોગમાયા સમાન મુરલીને કર કમલમાં લઈને અધરપર ધારણ કરી છે. ભગવાનની આ વ્યામોહક યોગમાયા શક્તિ એ વેણુનું રૂપ લઈને ભક્તજીવોનું ઘણું જ હિત કર્યું છે. આ વેણુનુ આધ્યાત્મિક સ્વરૂપ છે.

પ્ર-૮૬ વેણુનું આધિદૈવિક સ્વરૂપ શું છે ?

જ-૮૬ સ્કંધ પુરાણાર્તગત શ્રીમદ્ ભાગવત માહાત્મ્યમાં વેણુના સ્વરૂપને સ એવ સા સ સૈવાસ્તિ વંશી તત્તપ્રેમરૂપિકા સમજાવતાં શ્રી યમુનાજી બોલ્યાં છે કે, 'શ્રીકૃષ્ણ જ રાધાજી અને શ્રી રાધાજી જ શ્રીકૃષ્ણ છે, તેમ જ આ બંનેનો પ્રેમ એ જ વેણુ છે.'

યુગલ સ્વરૂપનો પરસ્પરનો અનુરાગ જ બંસરી રૂપે પ્રકટ્યો છે. એ ભાવના સાચે જ સમુત્કૃષ્ટ છે. રાધા વલ્લભ સંપ્રદાયમાં આ પ્રેમ તત્ત્વને માટે 'હિત' શબ્દ વપરાયો છે. આ હિત અથવા પ્રેમ એ એકમાત્ર સ્વતંત્ર અને ચરમ સત્તા છે. ભગવાન, ભક્ત અને ભક્તિ આ ત્રણે પ્રેમના જ જુદા જુદા સ્વરૂપો છે.

ભોક્તા અને ભોગ્ય વચ્ચે પ્રેરક તત્વ હોવું આવશ્યક છે. તેથી શ્રીકૃષ્ણ અને શ્રીરાધાજી આ બંનેની વચ્ચે જે વિશુદ્ધ દિવ્ય અને સનાતન પ્રેમ છે તે જ પ્રેરક તત્વ છે. આ પ્રેરક પ્રેમ તત્વ લીલામાં સાકાર રૂપે પ્રકટ થાય છે. અને તેજ શ્રીકૃષ્ણની વેણુ !

દરરોજ ઠાકોરજીની સાથે વેણુજી પધરાવતી વખતે વેણુના આધિભૌતિક, આધ્યાત્મિક તથા આધિદૈવિક સ્વરૂપનો વિચાર અચૂક કરવો જ જોઈએ.

શ્રીમાન પૂજ્ય ગો. શ્રી દ્વારિકેશજી મહારાજ પ્રકટિત ભાવભાવના અનુસાર વેણુને જ્યારે પ્રભુ સ્વમુખ પર અધરોષ્ઠ પર ધારણ કરે છે. ત્યારે તે શ્રી સ્વામિનીજી એટલે શ્રીરાધાજીનાં ભાવથી બિરાજે છે. જ્યારે પ્રભુ પોતાના શ્રીહસ્તમાં વેણુને ધારણ કરે છે ત્યારે તેમાં શ્રી કુમારિકાઓનો ભાવ છે. જ્યારે પોતાના અધરામૃતનો અનુભવ કરાવવો હોય છે ત્યારે શ્રી ઠાકોરજી મુરલી લઈને બજાવે છે.

મુરલીમાં સાત છિદ્ર છે. તેમાં સૌથી ઉપરનું છિદ્રશ્રી સ્વામિનીજી - શ્રીરાધાજીને રસપાન કરાવવા માટે છે.

પછી બીજા ૬ રંધ્ર છે. તેમાંનું પ્રથમ શ્રી ચંદ્રવલીજીના રસપાન માટે છે તો બીજું સોળ હજાર શ્રી અગ્નિકુમારીઓના રસપાન માટે છે. વેણુનું ત્રીજું છિદ્ર વ્રજની ગાયોના શ્રવણરસ માટે છે તો ચોથું છિદ્ર શ્રીગોવર્ધનને રસપાન કરાવવા માટે છે વેણુનું પંચમ છિદ્ર બધા વ્રજ લીલાસ્થ પશુ પક્ષીઓને માટે છે તો છઠ્ઠું વેણુ રંધ્ર દેવતાઓના રસપાન માટે છે . વળી વ્રજના સર્વ લતા - વૃક્ષો - ઔષધિ ભૂમિ વિ. ને પણ રસપાન કરાવવા માટે છે.

શ્રી ચતુર્ભુજદાસજીએ પણ વેણુને પટરાણી કહી છે. શ્રી વલ્લભે મધુરાષ્ટકમમાં ઘણાં કારણોસર વેણુર્મધુરો કહેલ છે.

આમ વેણુ રસિક, પરમ આનંદરૂપ ભગવાનની જેમ જ વેણુ અને વેણુનાદ ઐશ્વર્યાદિ છ ધર્મોથી યુક્ત હોવાથી તેને ભગવદ્ રૂપ માનવામાં આવે છે.

દરેક વૈષ્ણવજનને ખાસ વિનંતી છે કે દરેકના પોતાના ઘરમાં બિરાજતા પ્રભુ સાથે રહેનાર બંસીને દરરોજ ઠાકોરજીની બાજુમાં પધરાવે છે પણ ક્યારેય તે બંસીનો એકાદ સૂર સાંભળવાની ઈચ્છા નથી કરતા. બંસીનો એકાદસૂર પણ સાંભળવાની તાલાવેલી રાખવા પ્રયત્ન કરે. ઈચ્છા - વિનંતી, શ્રદ્ધા - ભાવના રાખી સૂર સાંભળવા સદાય ઉત્સુક રહી કૃતાર્થ બનવા ઈચ્છા કરવી જ જોઈએ.

પ્ર-૮૭ શ્રીમદ્ ભાગવતજીમાં પ્રભુના કીર્તનનું શું માહાત્મ્ય છે ?

જ-૮૭ શ્રીમદ્ ભાગવતજીના બારમા સ્કંધમાં બીજા પ્રકરણ વેદાશ્રયનો ૧ અધ્યાય ભગવાનના કીર્તનના માહાત્મ્યનો જ ખાસ કરીને છે.

ધર્મના ચાર ચરણ સત્યુગમાં હોય છે. તે ચરણ સત્ય, દયા, તપ અને દાન છે.

ધર્મની જેમ અધર્મના પણ ચાર ચરણ છે. અસત્ય, હિંસા, અસંતોષ અને કલહ. કલિયુગમાં અધર્મના ચારે ચરણનું જોર બહુ વધી જાય છે. તેને લીધે ધર્મના ચારે ચરણ ક્ષીણ થવા લાગે છે. અને તેનો ચોથો ભાગ જ રહે છે. અંતમાં તો તેનો પણ લોપ થઈ જાય છે. કલિયુગના લોકો લોભી, દુરાચારી નિર્દય હોય છે. વગર કારણે તેઓ વેર બાંધે છે. દુર્ભાગ્યવાળા ત્થા લાલસા - તૃષ્ણાવાળા હોય છે. આમ કલિયુગ દોષોનો ભંડાર છે. પરંતુ તેમાં એક બહુ મોટો ગુણ એ છે કે માત્ર શ્રી કૃષ્ણનું કીર્તન કરવાથી સંસારની સર્વ આસક્તિઓ છૂટી જાય છે. અને પરમાત્માની પ્રાપ્તિ થાય છે.

અષ્ટસખાઓ એ પ્રભુને જુદા જુદા ભાવથી વેણુ અર્પણ કરેલ છે. ઠાકોરજીના નિત્યના વેણુજી તથા ઉત્સવના વેણુજી જુદા જુદા હોય છે.

સત્યુગમાં ભગવાનનું ધ્યાન કરવાથી ત્રેતાયુગમાં મોટા મોટા યજ્ઞો દ્વારા એમની આરાધના કરવાથી અને દ્વાપરયુગમાં વિધિપૂર્વક તેમની સેવા- પૂજાથી જે ફલ મળે છે. તે કલિયુગમાં માત્ર ભગવદ્ કીર્તન કરવાથી જ પ્રાપ્ત થઈ જાય છે.

શ્રી ઠાકોરજીને કીર્તન બહુ જ પ્રિય છે. તેથી જ શ્રીગુંસાઈજી મહારાજે કીર્તનોને અતિ મહત્ત્વનું સ્થાન આપેલું છે. અને દર્શનના આઠે સમયે અષ્ટસખાઓની નિયુક્તી કરેલી છે. એટલે કે કીર્તનોથી પ્રભુ જાગે છે, કીર્તનોથી શૃંગાર ધરે છે. કીર્તનોથી આરોગે છે અને કીર્તનોથી જ પોઢે છે. એટલે કીર્તન તે પ્રભુને પ્રસન્ન કરવાનું એક ઉત્તમમાં ઉત્તમ સાધન છે. પણ આ સાધન સ્વાર્થ વિનાનું હોવું જોઈએ.

સામવેદ સાક્ષાત્ વ્રજભક્ત સ્વરૂપ હોવાથી જેવી રીતે અવતરીત દૈવીજીવોને પ્રભુના વિયોગનો પરિતાપ થયેલો તેવો જ વિરહ સામવેદને ઉત્પન્ન થયો અને વિરહ સ્તુતિરૂપે દુર થયો.

શ્રીવલ્લભપ્રભુએ અનેક લઘુગ્રંથો રચ્યા છે. તેમાં એક ગ્રંથ 'શ્રુતિગીતા'નામનો છે. આ ગ્રંથમાં આપશ્રીએ વેદની મર્યાદા ભંગ ન થાય તે અર્થે અમુક શ્રુતિઓ કાયમ રાખી છે. જ્યારે વેદની શ્રુતિઓએ સ્વસુખાર્થે પ્રભુની પ્રાર્થના કરી છે. તેથી જીવોએ તો સુખની ઈચ્છા માટે શ્રીકૃષ્ણનું ભજન કીર્તન કરવું જ જોઈએ. શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ અધ્યાય ૮૭માં વેદની શ્રુતિઓએ પ્રભુની કરેલી સ્તુતિઓ વિશે છે.

પ્ર-૮૮ શ્રી અષ્ટ સખાઓના સ્વરૂપોનો અલૌકિકભાવ શું છે ?

નં.	શ્રીકૃષ્ણાવતાર ના સખા	શ્રી વલ્લભ તથા શ્રી ગુંસાઈજી ના સખા	જન્મભૂમિ	જ્ઞાતિ	સ્વરૂપાશક્તિ	આડીનો શૃંગાર	નિકુંજમાં તેમનું સ્વરૂપ	શ્રીઅંગમાં પોતાનું સ્થાન	ક્યા દર્શનમાં મુખ્ય સમય	કઈ લીલામાં મુખ્ય	તળેટીમાં દ્વાર સ્થળ તથા સંખ્યા	ભૂતળ ઉપરની સ્થિતિ
૧	અર્જુન સખા	કુંભનદાસજી	જમનાવતા	ક્ષત્રિય	શ્રીનાથજી	કુલ્હે	વિશાખા સખી	શ્રવણ	ભોગ	નિકુંજ	જમનાવતા	૧૧૫ વર્ષ
૨	કૃષ્ણ સખા	સુરદાસજી	સીહીં	બ્રાહ્મણ	શ્રીમથુરેશજી	પાઘ	ચંપકલતા	વાણી	સંધ્યા	માન લીલા	પરાસોલી	૧૦૫ વર્ષ
૩	તોકસખા	પરમાનંદ દાસજી	કનોજ	બ્રાહ્મણ	શ્રી નવનીત પ્રિયાજી	ગ્વાલપગા	ચંદ્રભાગા	રસના	મંગલા	બાળલીલા	સુરભીકુંડ	૯૧ વર્ષ
૪	ઋષભ સખા	કૃષ્ણદાસજી	ગુજરાતમાં ચિલોતરા ધોળકા પાસે	કણબી પટેલ	શ્રીમદન મોહનજી	મુગટ	લલિતાસખી	ચરણ	શયન	રાસ લીલા	વિલછુકુંડ	૮૩ વર્ષ
૫	શ્રીદામા સખા	ગોવિંદસ્વામી	આંતરી	બ્રાહ્મણ	શ્રી દ્વારકા નાથજી	ટીપારો	ભામા સખી	નેત્ર	રાજભોગ	હીંડોળા	કદમખંડી ઐરાવતકુંડ	૮૦ વર્ષ
૬	સુબલ સખા	છીતસ્વામી	મથુરા	બ્રાહ્મણ	શ્રી વિઠ્ઠલ નાથજી	શહેરા	પદમા સખી	કટી	શૃંગાર	પ્રેમાધિન લીલા	અપ્સરા કુંડ	૬૯ વર્ષ
૭	વિશાલ સખા	ચતુર્ભુજદાસજી	જમનાવતા	ક્ષત્રિય	શ્રી ગોકુલ નાથજી	દુમાલા	વિમલા સખી	શ્રીહસ્ત	ઉત્થાપન	અન્નકુટ બાળલીલા	રૂદ્ર કુંડ	૫૫ વર્ષ
૮	ભોજ સખા	નંદદાસ	રામપુર	બ્રાહ્મણ	શ્રીગોકુલ ચંદ્રમાજી	ફેંટા	ચંદ્રરેખા સુદેવી સખી	હૃદય ઉદર	ગ્વાલ	કિશોર લીલા	માનસીગંગા	૫૦ વર્ષ

કલિયુગ દોષોનો ભંડાર છે; પણ તેનો એક મહાગુણ છે. મુક્તસંગ-પુરુષ કૃષ્ણના કીર્તનથી પ્રભુને પ્રાપ્ત કરે છે.

વેદની ઋચા છે તે ગોપીજન અને વેદના મંત્રો છે તે સખા સ્વરૂપે છે. સખા સ્વરૂપે પુરુષ તે પતિ નથી. તેમ ઋચા સ્વરૂપ તે સ્ત્રી નથી. તેમ તેઓ ને કોઈ લૌકિક વિષય નથી. 'આ રસ અષ્ટસખા રસ રૂપા લીલા ' સખી અને સખા બંને રૂપોથી રાત્રિ દિવસ શ્રી ઠાકોરજી સાથે લીલા કરે છે. અષ્ટ છાપ કીર્તનીયા શ્રી ઠાકોરજીના અંતરંગ સખા સ્વરૂપ છે. અને તેઓ જ વળી રાત્રિના પ્રથમ ચાર શ્રી સ્વામિનીજીની અને બીજી ચાર શ્રી ચંદ્રાવલિજીની સખી સ્વરૂપ છે. શ્રીગિરિરાજજીના અષ્ટદ્વાર છે. પ્રત્યેક દ્વારના તેઓ અધિપતિ છે.

પ્ર-૮૯ ગીતાજીના અઢાર નામ કયા કયા છે ?

જ-૯૦ (૧) ગીતાજી (૨) ગંગા (૩) ગાયત્રી (૪) સીતા
(૫) સત્યા (૬) સરસ્વતી (૭) બ્રહ્મવિદ્યા (૮) બ્રહ્મવલ્લી
(૯) ત્રિસંધ્યા (૧૦) મુક્તગેહિની (૧૧) અર્ધમાત્રા (૧૨) ચિદાનંદા
(૧૩) ભવાની (૧૪) ભવનાશિની (૧૫) વેદત્રયી (૧૬) પરા
(૧૭) અનંતા (૧૮) તત્વાર્થજ્ઞાન મંજરી

પ્ર-૯૦ ગાયનું સ્વરૂપ શું છે ?

જ-૯૦ ગાયો વ્રજભક્તનું સ્વરૂપ છે. કારણ કે વ્રજજનોના જેવો મુગ્ધભાવ છે અને ઉંચા કાન કરી એક ધ્યાને વેણુનાદ સાંભળે છે. પ્રભુને ગાયો બહુજ પ્રિય છે. ગાયો નિઃસાધન ભક્ત હોવાથી પ્રભુ ગાયોનું રક્ષણ કરે છે. એજ પ્રમાણે જીવ જ્યારે નિઃસાધન બની પ્રભુના સેવા સ્મરણ કરે તો દયાળુ પ્રભુ કૃપા કરી અનુગ્રહ કરે છે.

ગૌશાળાની ભૂમિમાં (ધૂળમાં) પુષ્ટિ છે તેના છાણને ગૌમૂત્રમાં લક્ષ્મી જેવી પવિત્રતા છે. ને ગાયોનો સ્પર્શ આયુષ્યની વૃદ્ધિકર્તા છે. ગાયનું છાણ અને ગૌમૂત્રમાં સ્વયં શક્તિ હોવાથી સંસારની અપવિત્રતા દૂર થઈ જાય છે.

ગોચારણનો ભૌતિકભાવ ગાયો ચારવી તે છે, પરંતુ આધ્યાત્મિક ભાવ 'ગો' એટલે ઈંદ્રિયોને 'ચારણ' એટલે પોષણ, એ ભાવથી પ્રભુ અંગીકૃત જીવોને વિરહદાન દેવા માટે ગાયો ચારવાના વિષે વનમાં પધારે છે.

શીતકાળમાં પ્રબોધ પછી મોજા ધરાય એટલે મુગટ ધરાતો નથી. તેથી ગોપાષ્ટમીએ રસદાનની ભાવનાથી મુગટના છેલ્લા શ્રીંગાર ધરાય છે.

ગાયના પીઠભાગમાં બ્રહ્માજી, ગળામાં વિષ્ણુ, મુખમાં રૂદ્ર, મધ્યભાગમાં સર્વે દેવતા, રૂંવાડામાં મહર્ષિગણ, પુચ્છમાં અનંત નાગ, ખરીમાં પર્વત, મૂત્રમાં ગંગા આદિનદીઓ છાણમાં લક્ષ્મીજી જેવી શુદ્ધતા, નેત્રમાં સૂર્ય ચંદ્રનું સ્થાન એ ભાવથી ગાયની પૂજા સર્વ

વૈષ્ણવોનો ઘરમાં શ્રીઠાકોરજીના ગુણાનુવાદ અહર્નિશ ગવાતા રહે અને ચિત્તમાં સદા સ્મરણ-કીર્તન ગુંજતું રહે તો શ્રી ઠાકોરજી પ્રસન્ન થાય.

શ્રી ગોકુલનાથજી



શ્રેષ્ઠ રીતે કરાય છે. જેટલાં ગાયોમાં રૂંવાડા છે, તેટલા દેવ તેમાં વસેલા છે. અને મહાપાતક અનુપાતક જેવાં પ્રાયશ્ચિત વખતે ગાયના ગવ્યનું (તેમાં ગાયનું દૂધ-દહીં-ઘી-ગોમૂત્ર અને છાણ-ગોબર એ પાંચ વસ્તુ - ગવ્ય કહેવાય છે.) એકી સાથે મેળવી પ્રાશન કરવાથી પવિત્ર થવાય છે. એટલે કોઈ પણ પ્રાયશ્ચિત સમયે 'ગવ્ય'નું પાન કરવાનું આવશ્યક ગણવામાં આવે છે.

એજ પ્રમાણે ગાયનું ગોબર અને ગૌમૂત્ર અતિ પવિત્ર હોવાથી તેનો ઉપયોગ પ્રસંગોપાત કરવામાં આવે છે.

કારતક સુદ આઠમે ગોપાષ્ટમી કહેવાય છે. તે દિવસે પ્રથમ વાર ગાયો ચારવા જશોદાએ પોતાના પુત્રને મુગટ-કાછનીનાં સુંદર શણગાર સજાવી ગોકર્ણ ધરાવી, શ્રીહસ્તમાં સોરંગી લાકડીને કામળી આપી દહીં-ભાતની (શુકન-કરત) સામગ્રી આરોગાવી ગોપસખાઓ સાથે વનમાં મોકલેલા એટલે તે દિવસ ગોપ-ગાયોના ઉત્સવ તરીકે મનાય છે. ગૃહસ્થાશ્રમમાં પણ એ રીતે પુરુષાર્થની ભાવના છે. પ્રથમ ગાયો ચારવા વનમાં નંદગામની પાસે ટેર કદમ સ્થાને પ્રભુ પધાર્યા હતા. ત્યારપછી મધુવન - કમોદવન વગેરે સ્થળે ગોચારણ લીલા કરી છે.

પુજ્ય શ્રી ગોકુલનાથજીનું વચનામૃત છે કે પહેલા ગાયને, વૈષ્ણવને મહાપ્રસાદ લેવડાવ્યા પછી જે વધે છે તે વૈષ્ણવના જુઠણ તરીકે કહેવાય તે રીતે પ્રસાદ લેવો જોઈએ. કદાચ વૈષ્ણવને દરરોજ પ્રસાદ લેવડાવવાની શક્તિ ન હોય તો ગાયનો ભાગ તો ગાયને અવશ્ય આપવો જ. આપણા ઘરમાં રસોઈ કરેલી હોવાથી ગાય, પૃથ્વી, મનુષ્ય દેવતા, પિતૃ વગેરે આશા કરતા હોય છે. પરંતુ ગાયોનો ગ્રાસ કાઢવાથી અને ગાયને ખવડાવવાથી તે દિવસે બધાય તૃપ્ત થઈ જાય છે. માટે ગાયનું ખાવાનું દરરોજ કાઢવું. જે દિવસે ગાય ના આવી હોય તે દિવસે પૃથ્વી ઉપર ગાય ગાય લે એમ કહી છોડી દેવું. પૃથ્વી ગાયનું સ્વરૂપ છે.

પ્ર-૯૧ તુલસીજીનું સ્વરૂપ પુષ્ટિમાર્ગમાં શું છે ?

જ-૯૧ શ્રી ઠાકોરજીને તુલસી અત્યંત પ્રિય છે. તેથી શ્રી ઠાકોરજીના ચરણાવિંદમાં નિત્ય નિયમપૂર્વક અને વિધિપૂર્વક તુલસી સમપર્વા જોઈએ. તુલસી સમર્પતી વખતે ગદ્યમંત્રનો પાઠ કરવો. વળી તુલસી વૃંદાનું સ્વરૂપ છે. પતિવ્રતા છે. વચ્ચે જે બીજ એટલે કે જે અંકુર છે તે અંકુરથી દ્રઢસંબંધ થયો છે તેવું સમજવું. માટે તુલસી ચરણારવિંદમાં અવશ્ય સમર્પવા.

તુલસી જે છે તે ભગવદ્ ધર્મમાં જેટલા પ્રતિબંધો છે તે બધાય દૂર કરી અલૌકિક દેહની દાતા છે.

પુષ્ટિમાર્ગમાં મુખ્ય શ્રી સ્વામીનીજીની ઈચ્છા સિવાય રંચક-જરાય ફલની પ્રાપ્તિ નથી. પણ તુલસી શ્રી સ્વામીનીજીના શ્રીઅંગની ગંધ છે. શ્રી સ્વામીનીજીની શ્રીઅંગની ગંધ છે તેથી શ્રી ઠાકોરજીને તુલસી અત્યંત પ્રિય છે, અને કાયમ સામગ્રીમાં તુલસી ન પધરાવાય ત્યાં સુધી

ગાયની સેવા પણ ભગવદ્ સેવાનું જ એક અંગ છે.' ગૌ-સેવા ઘણી પ્રિય હોવાથી આપશ્રીનું નામ ગોસાંઈજી (ગોસ્વામીજી) પડ્યું છે.

પ્રભુ આરોગતા નથી એવી ભાવના છે.

તુલસી વૃંદાના રૂપે તો મર્યાદામાર્ગની રીતિથી જગતમાં બધેય દેખાય જ છે. પણ આપણે ત્યાં તુલસીનો અલૌકિક ભાવ માનીને તુલસી સમર્પાય છે તુલસીદલની સાક્ષીએ જીવ પ્રભુ સન્મુખ પોતાના દાસ્યપણાનો એકરાર કરે છે અને પ્રભુને પોતાના જીવન સ્વામી તરીકે સ્વીકારે છે. પોતાના નિત્ય દાસપણાની નિશાનીરૂપે પ્રભુસમર્પિત તુલસીની માળા કંઠમાં ધારણ કરે છે. તુલસીના કાષ્ઠમાંથી તૈયાર થયેલા મણકાની માળા જ જપસાધન માટે તેને ખપે છે. પતિવ્રતના પરમ ચિહ્ન તરીકે પ્રભુના ચરણકમળમાં તુલસીનો નિત્યવાસ હોય છે.

તુલસીનો છોડ સંસ્કૃતમાં વૃંદા કહેવાય છે, વૃંદાવન એટલે એવું સ્થળ જ્યાં વૃંદાનું આધિપત્ય હોય.

આધિદૈવિક સૃષ્ટિમાં વૃંદા રાધાસ્વરૂપે પ્રગટ થાય છે, આધ્યાત્મિક સૃષ્ટિમાં તે લક્ષ્મી તરીકે પ્રગટ થાય છે, તો આધિભૌતિક સૃષ્ટિમાં તે તુલસીના છોડ રૂપે દેખા દેછે. કૃષ્ણાવતારમાં ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે પોતાની લીલા નિજભક્તોની સાથે વૃંદાવનમાં જ ખાસ કરી છે.

પદ્મપુરાણમાં ઉલ્લેખ છે કે, વૈષ્ણવ થઈને તુલસીની કંઠી વગર જો અન્નગ્રહણ કરે તો વિષ્ઠા જળપાન કરે તો મૂત્ર અને ઈતર પ્રવાહી વસ્તુનું પાન કરે તો રૂધિર બરાબર છે. માટે એક ક્ષણ માત્ર પણ કંઠી વગર રહેવાથી વિષ્ણુદ્રોહ થાય છે, તે યાદ રાખજો.

પ્ર-૯૨ શ્રી વ્રજપરિક્રમા શા માટે કરવી જોઈએ ?

જ-૯૨ શ્રી વ્રજમાં સપ્તપુરી, પાંચ સરોવર, ચારધામ, ૬૮ તીર્થ વગેરે આધિ દૈવિક સ્વરૂપે બિરાજેછે.

'૨૫૨ વૈષ્ણવોની વાર્તા'માં આપણે વાંચીએ છીએ કે શ્રીમદ્ વિઠ્ઠલેશ પ્રભુચરણ ગુંસાઈજી વૈષ્ણવોને શ્રીમુખથી ખાસ આજ્ઞા કરતા કે 'શ્રી વ્રજપરિક્રમા અવશ્ય કરની ચાહિયે.'

શ્રીમદ્ ગીતાજીમાં પણ ઠાકોરજીએ સ્વયં આજ્ઞા કરેલ છે. કે વ્રજ મમ દેહઃ ! વ્રજયાત્રા કરવાનો આપણો મુખ્ય હેતુ, શ્રી ઠાકોરજીના પરમ પુનીત લીલાસ્થાનમાં દર્શન-સેવન કરીને ભગવદ્ભાવની વૃદ્ધિ કરવી એ જ છે.

વ્રજયાત્રામાં નિયમોનું પાલન કરવાથી આપણા રાજસ તામસભાવ દૂર થાય છે અને ભગવદ્ભાવની વૃદ્ધિ થાય છે.

દેહદમન અને ઈંદ્રિયદમન રૂપી આધ્યાત્મિક તપશ્ચર્યાનું પણ અનાયાસે પાલન થાય છે. પગે ચાલવાથી દેહને કષ્ટ પડે છે. તેથી દેહદમન થાય છે. એક જ વાર અને તે પણ સાત્વિક ભોજન કરવાથી ઈંદ્રિયદમન થાય છે. ખુલ્લે પગે ચાલવાથી પવિત્ર વ્રજરજનો સીધો સંબંધ થાય છે.

નિત્ય તુલસીનું પોષણ, ગાયોની સેવા, ભગવાનનું ધ્યાન અને ભાગવતની કથાનું શ્રવણ આ સૌ સરખા જ પુણ્યદાયી છે. શ્રી ગુસાઁઈજી મહારાજ ગિરિરાજ આગળ તુલસી ક્યારામાં લીન થયા છે.

શ્રી ગુરુદેવની આજ્ઞાનું પાલન કરવાથી સ્વમાર્ગીય સિદ્ધાંતો સ્ફુરાયમાન થાય છે. અને અહર્નિશ પ્રભુના ગુણગાનમાં સમય વિતવાથી સંસારની વિસ્મૃતિ થઈ ભગવાનમાં આસક્તિ થાય છે.

આપણે ઘરનાં વ્યવહારમાં આસક્ત હોવાથી મહાન ભગવદીઓનો સંગ, શ્રીમહાપ્રભુજીનું સ્મરણ, શ્રી ઠાકોરજીને તનુજા, વિત્તજા માનસી સેવા અને ભક્તિથી મળતો આનંદ અનુભવતા નથી. આ અનુભવ લેવા માટે ભગવદીય વૈષ્ણવોનો સત્સંગ કરવા માટે શ્રી ઠાકોરજીનું માહાત્મ્ય જ્ઞાન તથા ભક્તિ મેળવી તેમાં જ પ્રીતિ કરી શ્રી મહાપ્રભુજીએ બતાવેલી પ્રણાલિકા પ્રમાણે ઉપરોક્ત ત્રિવિધ સેવાનો અનુભવ કરવા સારૂં જ યાત્રા કરવા જવાનું છે.

વ્રજ ચોરાશી કોસ પરિક્રમા 'વ્રજનો મહિમા અદ્‌ભૂત છે. ભગવાનની લીલાસ્થલી 'વ્રજ એટલે ગૌલોક વ્રજમંડલ ગૌલોકનું બીજું સ્વરૂપ છે. જ્યાં પ્રભુ સાદય બિરાજમાન છે. અને ભાવિકોને અનુભવ સાક્ષાત આપે છે.

શ્રી ઠાકોરજી રાસમાંથી અંતરધ્યાન થઈ ગયા ને ગોપીજનો તેમને શોધવા નીકળ્યાં ત્યારે બીજા વનમાં શ્રી સ્વામિનીજી મળ્યા અને તેમણે શ્રીગોપીજનોને સમજાવ્યાં કે આપણને અજ્ઞાનથી મદ થયો કે પ્રભુ અમારે આધીન છે. તે અમારી સાથે કહીએ તેમ રાસ કરે છે. આવું અભિમાન થયું એટલે પ્રભુ આપણાથી દુર જતા રહ્યા છે. હવે ફરીથી મળવા માટે ચાલો આપણે સર્વે જણાં ભેગા થઈ તેમના ગુણગાન કરીએ. પ્રભુને ગાન ખૂબ જ પ્રિય છે અને તે દયાળુ છે. તે આપણા દોષ નહીં જુએ.

તે પ્રમાણે આપણે આ સંસારમાં પ્રભુથી વિખૂટાં પડીને આવ્યા છીએ તેમને શ્રીવલ્લભકુલના બાલકો શ્રી સ્વામિનીજી સ્વરૂપે વ્રજમાં શ્રી ઠાકોરજીને શોધવા માટે સાથે લઈને નીકળે છે.

જેમ પ્રભુએ વેણુનાદ કરીને બોલાવ્યા હતા. તેમ આ બાળકો વેણુરૂપી પત્રિકા કાઢીને ખબર આપે છે કે ચાલો આપણે સૌ ઠાકોરજીને શોધવા જઈએ અને તે પ્રભુ સદા સર્વદા વ્રજમાં વસે છે, ત્યાં મળશે.

આ ભાવથી જ ખાસ તો વ્રજ યાત્રા કરવા જવાનું છે. વ્રજ તો ચિંતામણિ છે. વ્રજ કલ્પવૃક્ષ છે. 'વ્રજમાં તો વૃક્ષે વૃક્ષે વેણુર્ધારી પત્રે પત્રે ચતુર્ભુજ' આજે પણ બિરાજે છે. શ્રી વ્રજરાજ કુંવરની સર્વ લીલા આજે પણ વ્રજમાં વિદ્યમાન છે. એવા વિશ્વાસથી વ્રજવાસ કરનારને તેનું આધ્યાત્મિક ફળ અવશ્ય મળે જ છે.

વ્રજ ચોરાસી કોસમેં ચાર ગાંવ નિજ (પ્રભુના પોતાના) ધામ,
વૃંદાવન અરુ મધુપુરી બરસાનો નંદગામ.

પ્ર-૯૩ વ્રજમાં એક જ દિવસમાં છ ઋતુઓની શી ભાવના છે ?

જ-૯૩ ખટઋતુના વર્ણનમાં વર્ણવ્યા મુજબ વ્રજમાં એક જ દિવસમાં છએ ઋતુઓનો અનુભવ થાય છે. જ્યારે આપણને અન્ય સ્થળે વર્ષમાં થાય છે. જેની ભાવના નીચે મુજબ છે.

ક્રમ	છ ઋતુઓ સ્વામિનીજી	નિકુંજ એ શ્રી ઠાકોરજીની	પ્રદેશ (સ્થાન) બીજી	સમય લીલા	નિત્યની મનોરથ	ઋતુના ઉત્સવનો
૧	વસંત	પોખરાજની (શ્રી સ્વામિનીજીની)	પુંછરી સઘનકંદરા થી દંડવતી શિલા સુધી	પ્રાતઃકાળથી ૬ થી ૧૦ સુધી	મંગલાર્તિ થી શૃંગાર અને ગોપી વલ્લભ સુધીની	ડોલ ઉત્સવ અધિષ્ઠાત્રી વસંતી-સખી
૨	ગ્રીષ્મઋતુ	એક પન્નાની જડાઉ (શ્રી લલીતાજીની)	દંડવતી શિલા જતીપુરાથી માનસીગંગા સુધી	સવારના ૧૦ થી ૨	રાજભોગ	ફુલ મંડળી અધિષ્ઠાત્રી ગ્રીષ્મ સખી
૩	વર્ષાઋતુ	માણેકની જડાઉ (શ્રી વિશાખાજીની)	માનસી ગંગા શ્રી ગોવર્ધનથી શ્રી રાધાકુંડ સુધી	બપોરના ૨ થી ૬	ઉત્થાપન ભોગઅર્તિ	હિંડોળા ગ્રીષ્મ સખી વર્ષસખી
૪	શરદઋતુ	હીરાની (શ્રી ચંદ્રાવલીજીની)	શ્રીકુંડ (રાધાકુંડ)થી ચંદ્રસરોવર પરમ રાસસ્થલી સુધી	સાંજના ૬થી રાત ૧૦ સુધી	શયનભોગ	રાસોત્સવ વર્ષા સખી શરદસખી
૫	હેમંત ઋતુ	સોનાના મીનાની જડાઉ (શ્રી યમુનાજીની)	ચંદ્ર સરોવરથી આન્યૌર પર્યત	રાતના ૧૦ થી ૨ સુધી	કુનવારો અનોસરમાં	જાગરણ અધિષ્ઠાત્રી હેમંત સખી
૬	શિશિરઋતુ	નિલમણી જડાઉની (શ્રી ઠાકોરજીની)	આન્યૌરથી ગોવિંદકુંડ (સઘન કંદરા) પર્યંત	દશ ઘડી રાત્રિ રહેથી પ્રાતઃકાલ સુધી રાતના ૨ થી ૬	મંગલભોગ	વસંત હોળી અધિષ્ઠાત્રી શિશિર સખી

નિત્ય લીલા નિત્ય નૌતમ શ્રુતિ ના પામે પાર આવા અલૌકિક લીલાના દર્શન ભગવદકૃપાથી જ થાય છે.

પ્ર-૯૪ શ્રી વ્રજયાત્રામાં જતાં પ્રથમ સ્મરણ કરી દંડવત્ ક્યાં કરવા જોઈએ ?

જ-૯૪ જેને વ્રજની યાત્રા કરવા જવું હોય તેને પ્રથમ નીચે લખેલા સ્થળની ભાવના કરી દ્વાદશ નિકુંજમાં બિરાજતા દ્વાદશકુંજોના પ્રિયા પ્રિયતમને દંડવત્ કરી પછી જ યાત્રાની શરૂઆત કરવી. નીચે મુજબ સ્મરણ કરી દંડવત્ કરવા.

શ્રીદ્વાદશ નિકુંજ

૧	આનંદસાગર	શ્રી ગોવર્ધનનાથજી	પુષ્પકુંજના	પ્રિયા પ્રિયતમને અમારા દંડવત્ પહોંચે
૨	પરમાનંદસાગર	શ્રી સ્વામિનીજી	કૂળકુંજ	,,
૩	સુખસાગર	શ્રી યમુનાજી	રસકુંજ	,,

પુષ્ટિ પ્રભુ તો સદા સર્વદા વ્રજમાં જ બિરાજે છે. શ્રી ગુસાંઈજી મહારાજ ગોવિંદસ્વામીને સાથે લઈ સદેહે શ્રીગિરિરાજની કંદરામાં જ નિત્યલીલામાં પધાર્યા છે.

૪	દીનતાસાગર	શ્રીલલિતાજી	મધુકુંજ	પ્રિયા પ્રિયતમને અમારા દંડવત્ પહોચે
૫	પ્રેમસાગર	શ્રીગોપીજનો	ગોકુંજ	,,
૬	કૃપાસાગર	શ્રીમહાપ્રભુજી	દ્વારકુંજ	,,
૭	સેવાસાગર	શ્રીગુંસાઈજી	નવકુંજ	,,
૮	રસસાગર	શ્રીગોકુલનાથજી	શશીકુંજ	,,
૯	જ્ઞાનસાગર	શ્રીભાગવતજી	પ્રેમકુંજ	,,
૧૦	શિક્ષાસાગર	શ્રીહરિરાયજી	સિદ્ધકુંજ	,,
૧૧	ભક્તિસાગર	શ્રીદામોદરદાસજી	લક્ષ્મીકુંજ	,,
૧૨	પદસાગર	શ્રીસુરદાસજી	તુલસીકુંજ	,,

પ્રભુની પ્રાપ્તિ માટે શ્રી યમુનાજીની કૃપા અને તેમના તટ નીકટવાસ કરવો. પ્રભુના નામનો જપ, સ્મરણ, સેવા વ્રજવાસ વગેરે કરવાથી ભગવદ્ પ્રાપ્તિ થાય છે.

પ્ર-૯૫ તિલકની શું ભાવના છે અથવા તો તિલક કેટલા પ્રકારનાં હોય છે ?

જ-૯૫ જેમ બ્રહ્માંડ એ પરમાત્માનું આધિભૌતિક સ્વરૂપ છે, તેમ મનુષ્યદેહ એ જીવાત્માનું આધિભૌતિક સ્વરૂપ છે. શાસ્ત્રકારો મનુષ્યદેહને પિંડ બ્રહ્માંડ તરીકે વર્ણવે છે. બ્રહ્માંડરૂપી ભગવાનનાં વિરાટ સ્વરૂપ પરત્વે દ્વાદશ એટલે બાર અંગોની કલ્પના શાસ્ત્રોમાં કરવામાં આવી છે. તેને જ મળતી કલ્પના મનુષ્ય દેહને અંગે પણ કરવામાં આવી છે.

તે પ્રત્યેક અંગના મૂળમાં તે તે અંગોના અધિષ્ઠાન દેવની સ્થિતિ કલ્પવામાં આવી છે. તેથી તે તે દેવોના અર્ચન રૂપ બાર તિલકનો વિધિ પણ વૈષ્ણવી શાસ્ત્રોમાં સ્વીકારવામાં આવ્યો છે.

વૈષ્ણવે સર્વાત્મભાવદર્શક વૈષ્ણવના લક્ષણ તરીકે પોતાના સર્વ અંગોમાંવિવિધરૂપે વાસ કરી રહેલા પોતાના પ્રાણનાથને સંભારી સંભારી તેમની પ્રત્યે પોતાનો દાસભાવ વ્યક્ત કરવો. અને તેવી જાતના કૃત્યના સ્મૃતિચિહ્ન રૂપે તે તે ભાવને અનુકૂલ હોય તેવા વિવિધ પ્રકારના તિલક ચિહ્નો ધારણ કરવાં ફક્ત સૂતક જેવા શોકના સમય દરમિયાન તે કરવાનો નિષેધ હોય છે.

તિલક ચિન્હો બાર પ્રકારના હોય છે. ભાવના એવા પ્રકારની છે કે પ્રભુ પ્રત્યેક અંગમાં એવા જુદા જુદા સ્વરૂપે બિરાજે છે. તેથી તેવી ક્રિયાના વિધાન સાથે તે તે સ્વરૂપે બિરાજતા પ્રભુનું તેના ગુણને ધર્મો સાથે ચિત્તમાં અનુસંધાન કરવું.

(૧) પહેલું ચિહ્ન લલાટ ઉપર કરવાનું હોય છે. લલાટ ઉપરનું તિલક પ્રભુના ચરણાવિંદની ભાવનાથી દંડાકારે શ્રી કેશવાય નમઃ એવા નામોચ્ચાર સાથે કરવું. (આ તિલક નીચેથી જોડીને તેમ જ જોડ્યા વગર એમ બે રીતે કરવાનું પ્રચલિત છે. બંને પ્રકાર શાસ્ત્ર માન્ય જ છે.

(૨) બીજું તિલક નાભિમાં (દુંટીમાં) શ્રીનારાયણાય નમઃ મંત્રોચ્ચાર સાથે કરવાનું હોય છે. આ તિલક ગોળ આકારનું હોય છે.

તુલસીમાલા અને તિલક વગર કરેલાં ભગવત્કાર્ય નિષ્ફળ બને છે.

(૩) શ્રી માધવાય નમઃ એવા નામોચ્ચાર સાથે ત્રીજું કમલાકૃતિનું તિલક દેહના મધ્ય ભાગમાં હૃદયના સ્થાન નજીક કરવામાં આવે છે.

(૪) શ્રી ગોવિન્દાય નમઃ એ નામોચ્ચાર સાથે બરાબર ગળાના મૂળ આગળ વચમાં ચોથું તિલક ચિન્હ કરવાનું હોય છે.

(૫) શ્રી વિષ્ણવે નમઃ એ શબ્દોચ્ચાર સાથે પાંચમું તિલક જમણી બાજુએ કેડની મધ્યમાં ધારણ કરવાનું હોય છે.

(૬) શ્રી વામનાય નમઃ એ નામોચ્ચાર સાથે છઠ્ઠું તિલક ડાબી બાજુએ કેડની મધ્યમાં (પાંચમાં તિલકની બરાબર સીધી લીટીમાં કરવાનું હોય છે.)

(૭) શ્રી મધુસૂદનાય નમઃ એ નામોચ્ચાર સાથે સાતમું તિલક જમણા હાથ ઉપર ગાદા આકારનું કરવાનું હોય છે.

(૮) શ્રી ગોવર્ધનાય નમઃ એ નામોચ્ચાર સાથે ડાબા હાથ ઉપર આઠમું તિલક જમણા હાથ જેવું ધારણ કરવામાં આવે છે.

(૯) શ્રી પ્રદ્યુમ્નાય નમઃ એ મંત્રોચ્ચાર સાથે નવમું તિલક પાછળ શરીરના પૃષ્ઠભાગ ઉપર બરાબર દૂંટીની સામી બાજુએ કરવામાં આવે છે.

(૧૦) શ્રી દામોદરાય નમઃ એ નામોચ્ચાર સાથે દશમું તિલક પાછળ ડોકની મધ્યમાં ખભાઓના સાંધણ આગળ કરવાનું હોય છે.

(૧૧) શ્રી ત્રિવિક્રમાય નમઃ શબ્દોચ્ચાર પૂર્વક જમણા કાનના મૂળમાં કરવાનું હોય છે.

(૧૨) શ્રીઋષિકેશાય નમઃ શબ્દોચ્ચાર પૂર્વક બારમું તિલક ડાબા કાનના મૂળમાં કરવાનું હોય છે.

છેવટે વધેલું કુંકુમ મસ્તકની ટોચ ઉપર જ્યાં બ્રહ્મરંધ્રની જગા છે ત્યાં શ્રી વાસુદેવાય નમઃ નામોચ્ચાર સાથે ચઢાવવાનું કહેલું છે.

ઉપરની તિલકવિધિને તેની પાછળ રહેલી ભક્તિ પ્રેરક ભાવનાને સમજવાનો પ્રયત્ન કરવામાં આવશે તો આધ્યાત્મિક સૃષ્ટિમાં તેનું સ્થાન કેટલું મહત્વનું છે તે સહેજે જણાશે. આ વિધિ ઉપરથી એમ સમજવાનું નથી કે ભગવાન એક કરતાં વધારે છે, ખરૂં જોતા ભગવાન એક અને અદ્વિતીય જ છે. છતાં લીલાસ્વરૂપે તે ભગવાન પોતાની ક્રિયાશક્તિને જ્ઞાનશક્તિના આર્વિભાવરૂપે જુદા જુદા રૂપે પ્રકટ થાય છે. એવી રીતે કાર્યના લક્ષણભેદ વડે એક જ ભગવાનને જુદા જુદા નામે સંબોધવામાં આવે છે. દાસભાવને ઉત્તેજિત કરે છે. તેને પુષ્ટ બનાવે ને દ્રઢ કરે, એવી જીવનની હરકોઈ ક્રિયા આધ્યાત્મિક જીવનના ખોરાકરૂપ છે. જેનામાં આભાવ સિદ્ધ થયો હોય તેવો પુષ્ટિ જીવ પછી તો આ બહુવિધ તિલક પ્રકારને બદલે કેવળ લલાટ ઉપર ભગવદ્ચરણાકૃતિના તિલક ચિહ્નને ધારણ કરે છે. ગમે તેમ પણ પ્રભુસેવાના કાર્યમાં તિલકવિધિને મહત્વનું સ્થાન છે.

તિલક ભીના પ્રસાદી કંકુથી કરવું જોઈએ. શકુન શાસ્ત્રમાં સારા કામે જતાં હોઈએ ત્યારે દ્વાર પર નિકળતાં જો કોરા લલાટનો વ્યક્તિ મળે તો તે અપશુકન થયું કહેવાય છે.

પ્ર-૯૬ શ્રીમદ્ ભાગવતજીનો કયો પ્રસંગ તિલક કરવાની ભાવના વધારે છે ?

જ-૯૬ એક વખત વચનામૃતમાં સાંભળેલું કે કાલિયદમન પ્રસંગમાં પ્રભુએ જ્યારે કાલિય નાગને નાથ્યો ત્યારે પ્રભુએ કાળિયનાગને આજ્ઞા કરી કે શ્રીયમુનાજીનો આ ધરો છોડી બીજે કશે જતો રહે. ત્યારે કાલિયનાગે પ્રભુને વિનંતી કરી કે અહીં આ ધરામાં તો એટલું બધું ઝેર પ્રસરાવેલ છે કે અહીં મારી પુરી સલામતી રહે છે. માટે આ ધરો છોડી બીજે જવું તો હું નિર્ભયતાથી ના રહી શકું. ત્યારે પ્રભુ આજ્ઞા કરે છે કે "હે કાળિયનાગ તારા માથા પર મારા ચરણના ચિન્હ પડ્યા છે. તેથી હવે તું નિર્ભય છે. તું જ્યાં પણ જઇશ તને કાંઈ નહિ થાય."

આપણે તિલક કરીએ છીએ તે પણ પ્રભુના ચરણારવિંદની ભાવનાથી જ કરીએ છીએ તેથી તિલક કર્યું હોવાથી આપણે એકદમ નિર્ભય થઈ જઈએ છીએ, તેવી ભાવના છે.

શ્રી ગોપીજનો શ્રીકૃષ્ણને વિનંતી કરે છે. અમારાં મસ્તક અને હૃદય ઉપર આપનાં ચરણકમળ ધરો. ભગવદ્દ્ચરણારવિંદનો સ્પર્શ તન-મનને, મન-હૃદયને ભક્તિભાવનાથી ભરી દે છે. કારણ કે ભગવદ્દ્ચરણારવિંદમાં ભક્તિ વસે છે. તુલસીમાળા અને તિલક ભગવચ્ચારણાવિંદ સ્વરૂપ છે. તે ધારણ કરવાથી શ્રીપ્રભુનાં ભગવચ્ચરણારવિંદ આપણા હૃદય-મસ્તક ઉપર બિરાજે છે.

જેમ સરકારી વસ્તુ ઉપર સરકારી માર્કો હોવાથી તે સરકારી વસ્તુની પ્રતીતિ કરાવે છે તેવી જ રીતે વૈષ્ણવ પ્રભુના ચરણોનો સેવક હોવાથી મસ્તક પર પ્રભુના ચરણનું ચિન્હ ધારણ કરી પોતાના આત્માની સાથે સંકળાયેલા દેહ-પ્રાણ-ઇન્દ્રિય-અંતઃકરણ પણ પ્રભુના છે, એની પ્રતીતિ કરાવે છે. તેમજ જ્યારે જ્યારે પણ દર્પણમાં તિલક સહિતનું પોતાનું મુખ જોઈએ ત્યારે ત્યારે પોતાના દેહ-પ્રાણ-ઈન્દ્રિય-અંતઃકરણ આત્મામાં આ બધું પ્રભુનું છે એવો ભાવ કરવો. આવો ભાવ કરવાથી આ સર્વને ભગવદીયત્વ પ્રાપ્ત થાય છે.

પ્ર-૯૭ સ્કંધપુરાણમાં વૈષ્ણવના લક્ષણ કેવાં વર્ણવેલાં છે ?

જ-૯૮ સ્કંધપુરાણ, વૈષ્ણવખંડ - ઉત્કલખંડ - ૧૦/૧૦૧-૧૧૫, ૧૧૭માં વર્ણન કર્યા મુજબ વૈષ્ણવના લક્ષણ નીચે મુજબના કહ્યા છે. જેમનું ચિત્ત અત્યંત શાંત છે, જે સર્વ પ્રત્યે કોમળ ભાવ રાખે છે, જેમણે પોતાની ઈન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરી લીધો છે, તથા જે મન, વાણી અને ક્રિયા દ્વારા ક્યારેય પણ બીજાનો દ્રોહ કરવાની ઈચ્છા નથી રાખતા, જેમનું ચિત્ત દયાથી દ્રવીભૂત રહે છે, જેઓ ચોરી અને હિંસાથી સદા માટે અલિપ્ત હોય છે, સદ્દ્ગુણોના સંગ્રહ તથા બીજાને મદદ કરવા જે સદા આતુર રહે છે, સદાચરણથી જેમનું જીવન સદા ઉજ્જવલ અને નિષ્કંલક હોય છે, સમસ્ત પ્રાણીઓમાં ભગવદ્દ્ભાવ બિરાજમાન જાણી ક્યારેય કોઈથી ઈર્ષા દ્વેષ કરતા નથી, દીન પર દયા જેમનો સહજ સ્વભાવ છે, અને જે સદા બીજાના હિતમાં વિશેષ આનંદ અનુભવે છે. અવિવેકી મનુષ્યોમાં વિષય-ભોગમાં જેવો પ્રેમ હોય છે તેનાથી સો કરોડ ગણો વધારે સ્નેહભાવ તેઓને પ્રભુ શ્રીકૃષ્ણ પ્રતિ હોઈ સર્વદા પ્રભુના

સૂતક જેવા શોકના સમય દરમિયાન તિલક કરવાનો નિષેધ હોય છે. સૂતક નિવૃત્ત થયા પછી શુદ્ધ થયા પછી જ તિલક ધારણ કરી શકાય છે.

ચરણારવિંદમાં સદા પ્રણમ્ય, કીર્તનમાં પ્રવૃત્તિ, આપશ્રીના ગુણ ગાથામાં તત્પર અને સાંસારિક લોકો સમક્ષ પોતાને તુચ્છ ગણાવી વિનયપૂર્ણ વર્તાવ કરે છે, કોઈને તિરસ્કૃત જોઈને તેમના પ્રત્યે અત્યંત કરૂણામય થઈ જાય છે, તથા સર્વ પ્રત્યે મનમાં કલ્યાણમય ભાવના રાખે છે, તેજ વૈષ્ણવ તરીકે પ્રસિદ્ધ છે.

જેઓ પત્થર, પરધન અને માટીના ઢેફામાં, પરાઈ સ્ત્રી અને ખટશાલ્મલી નામના નરકમાં, મિત્ર, શત્રુ, બંધુવર્ગમાં સમાન બુદ્ધિ રાખે છે, તે જ નિશ્ચય જ વૈષ્ણવ તરીકે પ્રસિદ્ધ છે.

જે બીજાના ગુણો જોઈ પ્રસન્ન થાય છે અને તેમની ખામીઓ ઢાંકવા પ્રયત્ન કરે છે, વિશેષતાયે તો પ્રભુમાં જ મન લગાડી રાખે છે તથા પ્રિયવચન બોલે છે, તેજ વૈષ્ણવ છે.

જે પ્રભુના નામોનો મહિમા સદા વિચાર્યા કરે છે, પ્રભુના જયજયકારમાં ભાવવિભોર થઈ જાય છે, તે જ અકિંચન વૈષ્ણવ તરીકે પ્રસિદ્ધ છે.

જેમનું ચિત્ત શ્રીકૃષ્ણના ચરણાવિંદમાં નિરંતર લાગેલું રહે છે. સુખદુ:ખ બંને જેની માટે સમાન છે, જે પોતાનું મન તથા વિનયયુક્ત વાણી પ્રભુની સેવામાં સમર્પિત કરી ચૂક્યા છે, તે જ વૈષ્ણવ છે.

મદ અને અહંકાર ગળી જવાને કારણે તેમનું અંતઃકરણ અત્યંત શુદ્ધ થઈ ગયું છે, અહંકારના ક્રમશઃ નાશ થવાથી જે પરમ શાંત રહે છે તેવા વૈષ્ણવની જય હો !

ઉપરના બધા લક્ષણો આપણામાં કદાચ જોવા ના મળે તો જેટલા બને તેટલા વધારે લક્ષણો કેળવવાનો પ્રયત્ન જીવનભર કરતાં રહીએ તો જ વૈષ્ણવ સાચા બની શકાય બાકી કંઠી બાંધી લેવાથી જ કાંઈ વૈષ્ણવ ના થવાય વૈષ્ણવતાના લક્ષણો આવે ત્યારે જ વૈષ્ણવ બનાય છે, એટલે કંઠી બાંધી વૈષ્ણવ થઈ ગયાના ખોટા વહેમમાં ના રહેવું જોઈએ.

પ્ર-૯૮ પ્રભુની શરણાગતિના છ પગથિયાં કયા કયા છે ?

જ-૯૮ માત્ર તુલસીની માળા પહેરી લીધી અને 'શ્રીકૃષ્ણ: શરણં મમ'ની એક કે વધુ માળાઓ ફેરવી એટલાથી શરણાગતિ થતી નથી. શ્રી મહાપ્રભુજી શરણાગતિસિદ્ધ કરવાનાં છ પગથિયાં બતાવે છે.

(૧) પ્રભુને જે અનુકૂળ - પ્રિય હોય તે બધું કરવું.

પ્રભુના સુખ માટે પ્રભુની સેવા કરવી, કીર્તન કરવા, સત્ય બોલવું, સૌ પર દયા રાખવી. સદાચાર પાળવો.

(૨) પ્રભુને જે અપ્રિય હોય તે બધું છોડી દેવું.

કલેશ, બીજાને પીડા પહોંચાડવી, હિંસા કરવી, કપટ કરવું, લૌકિકમાં ડૂબેલા રહેવું, હંમેશા પોતાના સુખનો જ વિચાર કરવો, પાપાચરણ કરવું વગેરેનો ત્યાગ કરવો.

(૩) પ્રભુ મારું અવશ્ય રક્ષણ કરશે, એવો દૃઢ વિશ્વાસ રાખવો.

પ્રભુ શ્રીકૃષ્ણથી માંડી બીજા કોઈ પાસે કંઈ પણ માંગવું નહીં, કોઈની આશા રાખવી

ભગવાનનું નામ લેતાં પણ હૃદય પીગળે, આંખમાં આંસુ આવે, શરીર રોમાંચ થાય, ત્યારે વૈષ્ણવતા ગણાય. અચાનક વૈષ્ણવ આવીને પ્રસાદ લે તો પ્રભુની પ્રસન્નતા સમજવી.

નહીં. પ્રભુ જેમ રાખે તેમ રહેવું. 'પ્રભુ જો કરે સો ભલી કરે' એવો દ્રઢ નિશ્ચય દુઃખના સમયમાં પણ રાખવો.

(૪) પ્રભુ મારા પતિ-સ્વામી છે, એવો પ્રભુમાં ભાવ રાખવો.

જેમ પત્ની તેના પતિની જ બનીને પતિવ્રતા ધર્મ પાળે, તેમ આપણે પણ પ્રભુમાં શ્રીકૃષ્ણમાં જ અનન્યતા રાખવી. બીજે ભટકવું નહીં. પ્રભુને પૂર્ણ પ્રેમ આપવો.

(૫) દીનતા રાખવી.

'હું કરું છું' એવા અભિમાનને છોડવું 'પ્રભુ કરાવે છે' એવો ભાવ રાખવો.

(૬) આત્મ સમર્પણ કરવું.

પ્રભુ આપણા સ્વામી હોવાથી બ્રહ્મસંબંધ દ્વારા આપણું તન-મન-ધન તેમને સમર્પણ કરવું. તેમના સુખ માટે જીવવું. લૌકિકમાંથી મમતા છોડવી.

કલિયુગમાં ધર્મના સાધનો, તીર્થો, વ્રત, જપ, પંડિતોનો સત્સંગ **વિગેરેથી** ભગવાન મળવા અશક્ય છે. ભગવાન શ્રીકૃષ્ણને મેળવવાનો એક જ સહેલો અને સચોટ રસ્તો છે. તેમનું શરણ સ્વીકારવું.

ભગવાનના શરણે જનાર પાપીનું પણ ભગવાને રક્ષણ કર્યું છે. શ્રીમદ્ ભાગવતજીમાં શ્રીવલ્લભે અજામિલનો પુરાવો આપી શરણાગતિનો ઉત્તમ પ્રસંગ બતાવેલો છે.

માટે શરણ સ્વીકારવું તો શ્રીકૃષ્ણનું જ શરણ સ્વીકારવું. આ શરણમાર્ગનો જે આધાર રાખે છે, આશ્રય લે છે ભગવાન પોતે જ તેના માર્ગદર્શક બની જાય છે. સારી બુદ્ધિ પ્રદાન કરાવીને તેને પોતાની તરફ લગાવે છે. ગીતાજીમાં આ જાતની આજ્ઞા કરતા પ્રભુ કહે છે કે 'જે વ્યક્તિમારો આશ્રય કરે છે, મારામય બનીને રહી છે, તેને હું બુદ્ધિયોગ આપું છું.' જે બુદ્ધિયોગ પ્રાપ્ત કરીને તે જીવ મારી તરફ આગળ વધે છે અને અંતે મને જ પ્રાપ્ત કરે છે.'

પ્ર-૯૯ ચિંતામણિ સ્તોત્રમ્ માં શું છે ?

જ-૯૯ શ્રી ગુંસાઈજી રચિત 'સર્વોત્તમ સ્તોત્ર' સમાન શ્રી હરિરાયજી રચિત 'ચિંતામણિસ્તોત્રમ્'ગ્રંથમાં શ્રી મહાપ્રભુજીના યશોગાન યુક્ત નામાવલી સુંદર રીતે વર્ણિત છે. આ અતિ દુર્લભ પ્રાચીન રચના છે.

ભક્તિમાર્ગના એકમાત્ર ધામ સ્વરૂપ હૃદયમાં પુષ્ટિરસનો બોધ કરનાર, અજન્મા, નિત્ય સ્વરૂપ અને સાક્ષાત હરિ-કૃષ્ણ શ્રી વલ્લભના આ ગ્રંથોમાં તેત્રીસ જ નામો કહ્યા છે, શ્રી વલ્લભના તો અનંત નામો છે, પરંતુ નિજ ભક્તોની સરળતા માટે પાઠ કરવા સારૂ આ તેત્રીસ નામો કહ્યા છે.

શ્રી વલ્લભના આ નામોને સવારમાં ઉઠીને જે મનુષ્ય પરમ શ્રદ્ધા, ભક્તિથી, સતત નિત્ય

ભગવાનની માયા દૈવી છે, ગુણમયી છે, તરવી કઠિન છે,
શ્રીકૃષ્ણને જ શરણે જાય તે માયાને તરે.

પાઠ કરે છે તેના સર્વ મનોરથો પૂર્ણ થાય છે. એમાં કોઈ સંશય નથી. આ નવપદ્યો 'નવરત્ન' સમાન જ છે. એમ જાણવું. જેમ ચિંતામણિ ધારણ કરવાથી ચિંતાઓ દુર થાય છે, તેમ આ નવરત્નોરૂપ નવપદ્યોના (માહાત્મ્ય જ્ઞાનપૂર્વક નિષ્ઠાથી) પાઠ લૌકિક ચિંતા દુર કરનારા છે. આ પ્રમાણે શ્રીહરિરાય કથિત ચિંતામણિ સ્તોત્ર વૈષ્ણવોએ ખાસ કરવું જ જોઈએ.

પ્ર-૧૦૦ પ્રભુના નામ રટણનો મહિમા શું છે ?

જ-૧૦૦ આપણે બધા બુદ્ધિ અને તર્કથી ચાલનારા માણસો છીએ. પ્રમાણ વિના કોઈ વાતનો સ્વીકાર કરવા તૈયાર હોતા નથી. એટલે આપણાં પુરાણોએ સિદ્ધાંત સમજવા માટે બની ગયેલી સત્ય ઘટનાઓના પુરાવા આપ્યા છે.

સર્વ શાસ્ત્રો એકી અવાજે એક વાત ભાર પૂર્વક કહે છે કે આ દુષ્ટ કલિયુગમાં માણસ એનાં પાપ કોઈ સાધનોથી દુર કરી શકતો નથી. તેની શક્તિથી તે ધર્મના માર્ગે ચાલી શકતો નથી. કલિયુગ આવો દુષ્ટ હોવા છતાં તેનામાં એક મોટામાં મોટો ગુણ રહેલો છે.

અંગ્રેજીમાં કહેવત છે કે દરેક કાળા વાદળની કિનારી સફેદ ચમકતી હોય છે, દુષ્ટમાં દુષ્ટ વ્યક્તિમાં પણ કોઈક ગુણ જરૂર હોય છે. કલિયુગનો ગુણ એ છે કે ભગવાનનું નામ રટવા માત્રથી તે વ્યક્તિનાં બધા પાપ અને દોષ નાશ પામે છે. નામ રટણ સિવાય બીજા કોઈ સાધનની કલિયુગમાં જરૂર પડતી નથી. ભગવાનનું નામ રટવું એ સહેલામાં સહેલું સાધન છે. એમાં નથી પૈસો જોઈતો નથી સમય જોઈતો કે નથી શક્તિ વાપરવી પડતી, માણસ હરતાં ફરતાં, ખાતા-પીતા, સૂતા-બેસતાં અને હાથથી કામ કરતાં ભગવાનનું નામ મોટેથી અને મનમાં સતત રટી શકે છે. એવા અનેક લોકો થઈ ગયા જેમણે ભગવાનનું નામ રટ્યું અને ભગવાને તેમનો ઉદ્ધાર કર્યો છે. અજામિલની કથા પ્રસિદ્ધ જ છે.

એ પૈકીના એક વાલ્મીકિ ઋષિ હતા, જેમણે રામાયણ લખ્યું તેઓ ઋષિ બન્યા તે પહેલાં લૂટાંરા હતા, 'વાલિયા લૂંટારા' તરીકે જાણીતા. બહુ ક્રૂર સ્વભાવના, નારદજીનો સંગ થયો. રામનામ રટવા બેઠા. ભૂલમાં રામ બોલવાને બદલે 'મરા' બોલવા લાગ્યા. પરંતુ એટલી સચ્ચાઈથી નામરટણ કરતાં હતા કે તેમના ઉપર ભગવાનની અનહદ કૃપા થઈ. તે 'મહર્ષિ' બન્યા.

એક ગણિકા હતી. જીવનભર કેવળ પાપ અને દોષ જ કર્યા હતાં. એક પણ ધર્મકાર્ય કર્યું ન હતું. એનો અંતકાળ આવ્યો. જીવનભર કરેલાં પાપો યાદ આવ્યાં ત્યારે ભારે પસ્તાવો થયો. તેણે અતિ વદેનાપૂર્વક ભગવાનને પોકારવા મોં ખોલ્યું. 'રામ' શબ્દ બોલવા પ્રયત્ન કર્યો. માત્ર 'રા' અક્ષર બોલી શકી. એટલું બોલતાં તેના પ્રાણ છૂટી ગયાં તે મૃત્યુ પામી ભગવાન દયાળુ છે. તેમણે તે ગણિકાને મોક્ષ આપ્યો. આમ ભગવાનના નામનો એક અક્ષર બોલનારને જો ભગવાન મોક્ષ આપે તો સતત ભગવાનનું નામ રટનાર પર ભગવાન કેમ કૃપા ન કરે ? માટે જ શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે સાચા પ્રેમથી અષ્ટાક્ષર મંત્રનું સદા રટણ કરતા રહો તેનાથી જ આપણો ઉદ્ધાર થશે.

સર્વાત્મભાવે, દીનતાપૂર્વક સતત નિત્ય 'શ્રીકૃષ્ણ: શરણં મમ' અષ્ટાક્ષર મંત્રના જપ કરવાથી નિર્ભય થવાય છે. અને સર્વ કાર્ય સિદ્ધ થાય છે.

બ્રહ્મવૈવર્ત પુરાણના કૃષ્ણખંડમાં સાક્ષાત પ્રભુ રાધા શબ્દનો મહિમા વ્યક્ત કરતા આજ્ઞા કરે છે કે જે સમયે કોઈના મુખમાંથી (ખરા ભક્તિ પૂર્વક) 'રા' માત્ર પણ સાંભળી લઉં છું. તે સમયે આનંદની ભરતીથી મારા ખજાનાની બહુમૂલ્ય એવી સંપત્તિ ભક્તિ તેને પ્રદાન કરૂં છું. અને જ્યારે 'ધા' શબ્દનું ઉચ્ચારણ તે કરે છે ત્યારે એ જોઈ કે આ મારી પ્રિયાનું સ્મરણ કરે છે, હું તેની પાછળ ચાલી પડું છું. - માત્ર નામ શ્રવણના લોભે.

પ્ર-૧૦૧ વૃત્રાસુર ચતુઃશ્લોકીમાં શું છે ? તેનો અર્થ શું છે ?

જ-૧૦૧ શ્રીમદ્ ભાગવતજીના છઠ્ઠા સ્કંધમાં ત્રણ પ્રકરણ છે. નામ - ધ્યાન - અને અર્ચન તેમાં ચતુઃશ્લોકી શ્લોકો ૨૪ થી ૨૭માં પુષ્ટિમાર્ગીય ચાર પુરુષાર્થોનું ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

વૃત્રાસુરની પ્રેમમયી અનન્ય ભક્તિથી વશ થઈ ભક્તવત્સલ ભગવાન ત્યાં યુદ્ધના મેદાનમાં જ વૃત્રાસુરને દર્શન આપે છે. વૃત્રાસુર લડવું બંધ કરી પ્રભુની સ્તુતિ કરે છે, તે ચતુઃશ્લોકીનો ગુજરાતી અર્થ નીચે આપેલ છે.

હે ભગવાન, હું ફરીવાર તમારા ચરણારવિંદના આશ્રયમાં રહેનારા દાસોનો દાસ થાઉં, મારા પ્રાણ જીવન એવા આપનાં ગુણોનું મારું મન સ્મરણ કરે, મારી વાણી આપણા જ ગુણ ગાય, અને મારું શરીર આપની સેવા કરે એવી કૃપા કરો. (૨૪)

હે સર્વ સૌભાગ્યના ભંડારરૂપ, આપને મૂકીને હું, સ્વર્ગલોક, બ્રહ્મ લોક, ચક્રવર્તીનુંરાજ્ય, પાતાળનું રાજ્ય, અણિમાદિ સિદ્ધિઓ કે મોક્ષ કશું જ ઈચ્છતો નથી. (૨૫)

જેવી રીતે પંખીઓના પાંખ વગરનાં બચ્ચાં પોતાનાં માની વાટ જુએ છે, જેવી રીતે ભૂખ્યાં વાછરડાં પોતાની માનું દૂધ પીવા આતુર હોય છે, અને જેવી રીતે વિયોગિની પત્ની પોતાના પરદેશ ગયેલા પ્રીતમને નીરખવા આતુર હોય છે. તેવી જ રીતે હે કમલનયન, પ્રભુ, મારું મન આપના દર્શનને માટે આતુર બન્યું છે. (૨૬)

હે નાથ ! પોતાના કર્મોને લઈને આ સંસારચક્રમાં ભ્રમણ કરતા મને ઉત્તમ કીર્તિવાળા ભગવદ્ ભક્તોની જ મિત્રતા થાઓ, પરંતુ જેઓ આપની માયાથી શરીર, પુત્ર, સ્ત્રી અને ઘરમાં જ આસક્તિવાળા હોય, તેમની સાથે મારો સંબંધ કદાપિ ન થાઓ. (૨૭)

આ રીતે વૃત્રાસુરને બીજા રૂપનિરૂપણ પ્રકરણમાં ભક્તિપ્રસાદની પ્રાપ્તિ થયેલ તે ખૂબજ સુંદર કાયમ યાદ કરવા જેવી યાદ રાખવા જેવી વૃત્રાસુરની ચતુઃશ્લોકી છે.

પ્ર-૧૦૨ શ્રીમદ્ ભાગવતજીમાં કુંતીમાતા ભગવાનની સ્તુતિ કેવી રીતે કરે છે ?

જ-૧૦૨ ભગવાન હસ્તિનાપુરથી દ્વારકા પધારવા લાગ્યા તે વખતે કુંતી માતાએ ભગવાનને વિપ્રયોગાગ્નિ સહન ન કરીને દ્વારકા જતા રોકવા ભગવાનની બાળલીલાઓનું વર્ણન કરી ભગવાનની સ્તુતિ કરી છે. ભગવાને તેમને વરદાન આપવા કહ્યું. તે ઉપર તેઓએ 'આપનાં

જેમ ચંદ્રના દર્શનથી સમુદ્રમાં ભરતી આવે છે તેમ પ્રભુના દર્શનથી સાચા ભગવદીયના હૃદયમાં નવા નવા ભાવ જાગૃત થાય છે.

અહર્નિશ દર્શન માટે મને દુઃખ પ્રાપ્ત થાઓ' એવું વરદાન માંગ્યું છે. ૧-૮-૧૫.

આ દુઃખ સમજાવતાં શ્રી આચાર્યચરણ આજ્ઞા કરે છે કે ભગવાનના કાલિંદીના ધરામાં કૂદવાથી યશોદા અને નંદાદિક ગોપોને ભગવાનના વિરહતાપનું દુઃખ થયેલું. તેમજ ભગવાન અંર્તધ્યાન થયા તે વખતે રાસમાં ગોપીજનોને વિરહતાપનું જે દુઃખ થયું તેવું મને હે પ્રભુ ! ક્યારે દુઃખ ઉપજાવશો ?

તેમજ ઉધ્ધવજી ભગવાનનો સંદેશો લઈ ગોકુલમાં આવ્યા તે વખતે સમસ્ત ગોપ-ગોપીઓને ભગવાનને મળવા જેટલું જ આનંદ સુખ મળ્યું તેવું સુખ અમને કોઈ વખતે મળશે ? આવી રીતે ભગવદ્ ભક્તે અહર્નિશ ભગવાન સંબંધી દુઃખ અને ભગવાનના દર્શન રૂપી સુખની ઈચ્છા રાખવી. લૌકિક સુખદુઃખની ઈચ્છા સર્વથા ન રાખવી.

માટે કુંતી જેવા ખરા આદર્શ ભક્ત હોય તેમને માથે કૌરવ જેવા દુષ્ટ પુરુષોના દુઃખના ડુંગરા પણ તુટી પડે છતાં આપણાં હૃદયરૂપી કમળમાં પ્રભુને આપણા સારથી માની બિરાજમાન કરીએ તો આવા દુઃખો સહન કરવાની પણ શક્તિ આપણામાં પ્રભુ પોતે પ્રગટ કરે છે. કુંતાજીએ ભક્તિ માટે ભગવાનની સ્તુતિ કરી. સામાન્ય નારી સંપત્તિ અને સંતતિ જ શોધે. જ્યારે કુંતીમાતાએ ભક્તિ માગી. દુઃખ માગ્યું. અભિમાનવાળા, ભગવાનનું નામ લે છતાં ફલ ના પામે. માએ દીનતાથી માંગ્યું છે. અભય આપનાર પ્રભુને પણ દોરડે બંધાઈ ભય પામેલા શ્રીમુખની શોભા યાદ કરી છે. યુધિષ્ઠિર દુઃખી હતા ત્યારે કુંતામા જે નથી બોલ્યા તે સુખી અને ચક્રવર્તી થયા પછી સ્નેહ ભગવાનમાં માગે છે. આમ નવ પ્રકારે ભગવાનની સ્તુતી કરી કુંતાજી પોતે જેટલું ભગવાનના સ્વરૂપને સમજ્યાં હતાં. એ બધું જ ગાયું છે.

પ્ર-૧૦૩ પુષ્ટિમાર્ગનાં મુખ્ય સિધ્ધાન્ત શું છે ?

જ-૧૦૩ (૧) વેદાદિશાસ્ત્ર પ્રતિપાદિત સર્વોત્કૃષ્ટ શ્રીકૃષ્ણ જ છે.

(૨) પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું ધામ અક્ષર બ્રહ્મ ગણિતાનંદ છે.

(૩) જીવ અણું છે. શુધ્ધ નિર્ગુણ બ્રહ્મનો અંશ છે અને તે સ્વતઃ વ્યાપક નથી.

(૪) શ્રીકૃષ્ણની સેવા એ જ અંશ જીવનો ધર્મ છે. વસ્તુતઃ સ્વધર્મ શ્રીકૃષ્ણની સેવા જ છે.

(૫) જગત સત્ય છે.

(૬) જગત, જીવ, અંતર્યામી, અક્ષરબ્રહ્મ વગેરેનું નિમિત્ત અને ઉપાદાન કારણ શુધ્ધ નિર્ગુણ બ્રહ્મ શ્રીકૃષ્ણ પરમાત્મા જ છે.

(૭) જીવે અવિદ્યાથી કલ્પેલો અહંતા મમતાત્મક સંસાર મિથ્યા છે.

(૮) આત્મ નિવેદન અને પ્રભુ પ્રપત્તિ વિના અન્ય વિશ્વધર્મ નથી.

(૯) અન્યાશ્રય અને અસમર્પિત વસ્તુ એ બન્નેનો ત્યાગ કરવો આવશ્યક છે.

પ્રભુ કોઈને પ્રવચન, તીવ્ર બુદ્ધિ કે અત્યંત જ્ઞાનથી મળતા નથી. એતો એ જેનું વરણ કરે છે તેને મળે છે, તેની જ આગળ નીજ સ્વરૂપને પ્રકટ કરે છે.

પ્ર-૧૦૪ શ્રીમદ્‌ભાગવતજીમાં શ્રી ગિરિરાજજીનું સ્વરૂપ કેવું બતાવ્યું છે.

જ-૧૦૪ શ્રીમદ્‌ ભાગવતજીમાં 'વેણુગીત'ના પ્રસંગમાં નિર્ગુણ ગોપીજને શ્રી ગિરિરાજજીનું સ્વરૂપ બતાવતાં એમ કહ્યું કે આ પથ્થરોનો પર્વત નથી. તે જડ નથી શ્રી ગોવર્ધન તો સાક્ષાત્‌ હરિદાસવર્ય છે.'

પ્રહલાદ, યુધિષ્ઠિર, ઉધ્ધવજી જેવા અનેક હરિદાસ થઈ ગયા. તે બધાથીયે શ્રી ગિરિરાજજી શ્રેષ્ઠ છે. કારણ કે અધમ યોનિમાં જન્મેલા જીવોને પણ સેવાનું સુખ આપીને તેઓ ઉત્તમોત્તમ બનાવે છે.

ભગવાનનાં ચરણકમળ ભક્તિનું સ્વરૂપ છે. ભગવાનના ચરણસ્પર્શથી શ્રી ગિરિરાજજી પ્રસન્ન અને પુલકિત થાય છે. તેઓ નિર્ગુણ ભક્તવર્ય છે. તેમની ભીતર છ ઋતુઓ, બાર નિકુંજો, સોળ કંદરા, અગિયાર મુખ્ય શિલાઓ અને આઠ દ્વાર છે.

તેઓ જેમના પર કૃપા કરે છે તેમને ભગવદ્‌-સ્વરૂપે કે શ્વેત-સર્પ સ્વરૂપે દર્શન આપે છે. ભક્ત સ્વરૂપે, ગ્વાલ સ્વરૂપે, સિંહ સ્વરૂપે, ગાય સ્વરૂપે દર્શન આપે છે. જેમને તેઓ દિવ્ય દૃષ્ટિ આપે તેમને રત્નજડિત ધાતુમય પર્વત સ્વરૂપે પણ દર્શન આપે છે.

જે આપણી ઈન્દ્રિયોને પ્રભુ સાથે વધારે જોડે, આપણી વાણીને પ્રભુના ગુણગાનમાં વધારે પ્રવૃત્ત કરે અને સેવારસનું દાન કરે તે શ્રી ગોવર્ધન ગિરિરાજજી આપણી ભક્તિ વધારે છે. માટે તેમનાં ચરણ કમળમાં રહેવા ભક્તો ઇચ્છે છે શ્રી ગિરિરાજજીની તળેટી એટલે તેમનાં ચરણ કમળ.

દરરોજ દિવસ-રાત શ્રી મદનગોપાલલાલના ચરણકમળમાં એવી રીતે મનને જોડીને ત્યાં રહેવું કે જેથી એ ચરણ કમળ સદા આપણા ચિત્તમાં બિરાજે.

શ્રી ગિરિરાજજીની તળેટીમાં આવેલી વ્રજરજમાં શ્રી ઠાકોરજીનાં ચરણારવિંદનો સ્પર્શ થવાથી તે વ્રજરજ ભગવદ્‌સ્વરૂપ છે આવી ભગવદ્‌ સ્વરૂપાત્મક વ્રજરજમાં આપણું શરીર લોટતું રહે, તો તેથી શરીર અને બાહ્યેન્દ્રિયો શુદ્ધ અને પવિત્ર બને છે. જે કુંડમાં શ્રી ઠાકોરજીએ સ્નાન કર્યું છે એ ગોવિંદકુંડમાં નિત્ય સ્નાન કરવાથી આપણું શરીર પવિત્ર થાય છે.

શ્રીરામાવતારમાં સેતુબંધ બાંધવા પથ્થરોની જરૂર પડી.દરિયાકિનારે પથ્થરો હતા નહીં. તેથી શ્રી રામની સેવામા હનુમાનજી ભારતભરના બધા પથ્થરો ઉંચકી લાવ્યા સેતુબંધ પૂર્ણ થતાં શ્રી રામની આજ્ઞાથી હનુમાનજી પર્વતોને તેમના સ્થાને મૂકી આવ્યા. તેમણે શ્રી ગિરિરાજજીને પણ પાછા વ્રજમાં પધરાવ્યા.

ગર્ગસંહિતામાં બતાવ્યા પ્રમાણે ગોલોકમાં ભગવાનશ્રીકૃષ્ણના વક્ષઃસ્થાનમાંથી સો શિખરોવાળા અતિ દેદીપ્યમાન શ્રી ગિરિરાજજી પ્રગટ થયા છે. પછી તેઓ ઉત્તરાખંડમાં શાલ્મલિ દ્વીપમાં દ્રોણ પર્વત પર ત્રણ શિખરવાળાં ગોવર્ધનરૂપે પ્રગટ થયા, પુલસ્ત્ય ઋષિ પૃથ્વી પર્યટન કરતા શાલ્મલિ દ્વીપમાં આ દ્રોણાચલજીને ત્યાં પધાર્યા. ત્યાં રત્નમય શિખરો, સુગંધિત વૃક્ષો, દિવ્ય

શ્રીનાથજી બાવાશ્રી ગિરિરાજ પરના નવા મંદિરમાં સં. ૧૭૨૬ સુધી બિરાજ્યા. પછી શ્રી નાથદ્વારા તરફ પધાર્યા છે.

પુષ્પો અને કમનીય કંદરાવાળા તેમના પુત્ર ગોવર્ધન પર્વતને જોયા ઋષિએ તેમને કાશી લઈ જવાની ઈચ્છા કરી શ્રી ગોર્વધન પર્વતે ઋષિ સાથે શરત કરી કે તમારે મને હાથમાં ઉંચકીને લઈ જવો પડશે રસ્તામાં ક્યાંય મને નીચે મુકવાનો નહીં છતાં જો મૂકશો તો હું ત્યાં જ રહી જઈશ. ઋષીએ શરત સ્વીકારી પછી કાશી તરફ પ્રયાણ કર્યું.

રસ્તામાં વ્રજમંડળ આવ્યું, ગોવર્ધન પર્વતને ગોલોકમાં પ્રભુએ કરેલી આજ્ઞા યાદ આવી, 'હું વ્રજમાં પ્રગટ થઈશ, મારી લીલા માટે તમો ત્યાં પહોંચો.' ગોવર્ધન પર્વતે કૃષ્ણલીલા અને સેવામાં રહી જવા માટે પોતાનું વજન વધાર્યું. બીજી બાજુ ભગવદ્ ઈચ્છાથી ઋષિ તેમને આપેલું વચન ભૂલી ગયા અને ગોવર્ધન પર્વતને ભૂમિ પર મૂક્યો શરત પ્રમાણે ગોવર્ધન પર્વત ત્યાં વ્રજમાં જ રોકાઈ ગયા. ઋષિની ઈચ્છા અધૂરી રહી આથી એમણે ગોવર્ધનને શાપ આપ્યો તમે રોજ તલભર ઘટતાં જશો અને જ્યારે પૂર્ણ કળિયુગ પૃથ્વી પર આવશે ત્યારે પૃથ્વી પરથી સંપૂર્ણ અદશ્ય થશો.

સારસ્વતકલ્પમાં શ્રી ગિરિરાજજી ૧૪ કોસ (ગાઉ) લાંબા ૭ કોસ ઊંચા અને ૪ કોસ પહોળા હતા. તેમની ઉંચાઈ એટલી હતી કે બપોરે તેમની છાયા ૧૩ માઈલ દુર મથુરામાં પડતી હતી. શ્યામઢાક, ગુલાલકુંડ, બિલછુ કુંડ, ટોડનો ધનો, રાધાકૃષ્ણ કુંડ, જમનાવતા, ચંદ્ર સરોવર વગેરે શ્રી ગિરિરાજની તળેટીમાં જ હતાં.

ગોવર્ધનને બીજા બે ભાઈ પણ છે. વચલાભાઈ ચિત્રકૂટ પાસે કાન્તાનાથ પર્વત છે. તેમના ઉપર શ્રીરામ લક્ષ્મણ જાનકીના ત્થા શ્રી વલ્લભાચાર્યજીના બેઠકજી છે.

શ્રી ગિરિરાજજીના નાનાભાઈ ચરણાદ્રિ છે, તેમના ઉપર શ્રી વામનજીના ચરણ ચિન્હ છે. તેથી તેનું નામ ચરણાદ્રિ પડ્યું છે જે કાશી થી થોડે દૂર ચરણાટ શ્રી ગુંસાઈજીની પ્રાગટ્યભૂમિમાં જ છે.

કૃષ્ણાવતારમાં ભગવાન શ્રીકૃષ્ણે આ શ્રી ગોવર્ધન પર્વતની નંદરાયજી વગેરે દ્વારા પૂજા કરાવી, અન્નકૂટનો ભોગ ધર્યો તેમને તૃપ્ત કર્યા છે. દેવરાજ ઈન્દ્રે પ્રલયના મેઘ વરસાવી તેમની સેવા કરી છે.

પ્રભુએ શ્રી ગોવર્ધન પર્વત માટે કહ્યું કે સબ દેવનકો દેવતા શ્રી ગિરિગોવર્ધનરાઈ' છે.

શ્રી ગિરિરાજજીનાં ત્રણ શિખર છે. ગોવર્ધનથી સુરભિકુંડ સુધી મધ્ય શિખર, રાધાકુંડથી દાનઘાટી સુધી આદિ શિખર, સુરભિ કુંડથી અપ્સરાકુંડ સુધી બ્રહ્મશિખર, સારસ્વત કલ્પમાં શ્રીકૃષ્ણે આદિ શિખર ઉપર લીલા કરેલી, અત્યારે મધ્યશિખર ઉપર લીલા કરે છે. ભવિષ્યમાં બ્રહ્મશિખર ઉપર લીલા કરશે.

શ્રી ગિરિરાજજીના ત્રણ સ્વરૂપ આધિભૌતિક સ્વરૂપે પર્વત રૂપે છે. આપણા ચર્મચક્ષુથી જે દર્શન થાય છે, શ્રી ગિરિરાજજીનું હરિદાસવર્ય સ્વરૂપ શ્રી ભાગવતજીમાં કહ્યા પ્રમાણે તે આધ્યાત્મિક સ્વરૂપ છે. અધમને પણ ઉત્તમ બનાવવાનું સામર્થ્ય તેમનું આધ્યાત્મિક સ્વરૂપ છે, સંસારીને

શ્રીનાથજીને કંદરારૂપી પોતાના હૃદયમાં ધારણ કરી રાખનાર,
એવા શ્રી ગિરિરાજજીને શત કોટી પ્રણામ.

ભક્ત બનાવવાની શક્તિ શ્રી ગિરિરાજજીમાં છે, આધિદૈવિક સ્વરૂપે શ્રી ગિરિરાજજીનો અનુભવ પ્રભુની લીલાસ્થલી રૂપે, ભક્તવર્યરૂપે અને ભગવદ્ રૂપે પણ થાય છે.

કૃપાપાત્ર ભક્તોને લાલ ધોતી, ઉપરણો અને લાલ પાઘમાં શોભતા, લાલ છડી સાથે સાત વર્ષના સાંવરા શ્રી ગિરિરાજજીનાં દર્શન આજે પણ થાય છે, એથી તો સૌ ભક્તો શ્રદ્ધા અને ભાવથી શ્રીગિરિરાજજીનું પૂજન અને સેવન કરે છે.

શ્રી ગિરિરાજજીની આજુબાજુ અષ્ટસખાના આઠ દ્વાર છે. અનેક શ્રદ્ધાળુઓ શ્રી ગિરિરાજજીની યથાશક્તિ નવ, સાત કે પાંચ ક્રોસની પરિક્રમા કરે છે. કેટલાંક દંડવતી કરે છે. કેટલાંક ચાલીને કરે છે. કેટલાંક દૂધની ધારા અને ધૂપ સાથે પરિક્રમા કરે છે.

ગર્ગસંહિતામાં કહ્યું છે કે આવા પર્વતરાજ ગોવર્ધન સાક્ષાત્ શ્રી હરિને પ્રિય છે. તેમનાં સમાન કોઈ તીર્થ ભૂતળમાં કે સ્વર્ગમાં નથી. શ્રી ગિરિરાજજીની કંદરામાંથી સાક્ષાત્ શ્રી ગોવર્ધનનાથજી પણ સ્વેચ્છાએ પ્રગટ થયાં છે. ઘણાં વર્ષો સુધી આપ શ્રી ગિરિરાજજીનાં શિખર ઉપર મંદિરમાં બિરાજ્યા પછી શ્રીનાથદ્વારા પધાર્યા આજે પણ એવી ભાવના રહેલી છેકે શ્રીનાથજીબાવા શયન-સમયે શ્રી ગિરિરાજજીમાં જ પધારે છે તેથી દરરોજ શ્રીગિરિરાજજીના મુખારવિંદને સાંજે શ્રી નાથજી **સ્વરૂપે વસ્ત્ર** આભૂષણ ધરાય છે અને શયન આરતી થાય છે.

શ્રી ગિરિરાજજીને દરરોજ સેંકડોમણ દૂધથી અને માનસી ગંગાના જલથી સ્નાન કરાવાય છે અભિષેક કરાય છે, દૂધને પ્રેમનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે. ગાયના આંચળમાં એકઠું થતું દૂધ ગાયના વાછરડા માટેના પ્રેમનું સ્વરૂપ છે. તેથી શ્રી ગિરિરાજબાવાને ગાય જેવા ભક્તો પ્રેમરૂપી દૂધથી અભિષેક કરાવે છે.

શ્રી ગિરિરાજજી નિર્ગુણ સ્વરૂપ છે. તેઓ ભગવાન અને ભક્તો બન્નેને માન આપે છે, અને બંનેનું માન સાચવે છે.

શ્રી મહાપ્રભુજીએ શ્રીનાથજીને શ્રી ગિરિકંદરામાંથી પ્રથમ બહાર પધરાવવા, શ્રી ગીરિરાજજી ઉપર પધારતી વખતે શ્રી ગિરિરાજ ધર્યાષ્ટકમ્ 'ભક્તાભિલાષા ચરિતાનુસારી' સ્તોત્રથી તેમની સ્તુતિ કરી છે. જે અત્રે વિસ્તારભયથી અહિં આપી નથી પણ જરૂર કરવા જેવી છે.

આ ગ્રંથની રચના વૈશાખ સુદ-૩નાં દિવસે સવારે પ્રથમ વખત શ્રીગિરિરાજજી ઉપર જતાં પહેલાં શ્રી આચાર્યચરણે શ્રી ગિરિરાજજીની સ્તુતિ રૂપે કરેલ છે. તે વખતે શ્રી ગોવર્ધનનાથજીનું પ્રાગટ્ય થયું હતું. ત્યારે શ્રી વલ્લભે ઠાકોરજીને જોઈને અતિ પ્રસન્નતાપૂર્વક 'જયશ્રીકૃષ્ણ'નો જયઘોષ કરેલો ત્યારથી જ વ્યવહારમાં 'જયશ્રીકૃષ્ણ' બોલવાનો રિવાજ શરૂ થયો છે.

શ્રી દ્વારકેશજી શ્રી ગિરિરાજ નામાવલિ ૧૦૯ વખત નમન કરતાં કરતાં બોલવાની આજ્ઞા આપી છે જે પણ અત્રે વિસ્તારભયથી આપી નથી પણ ઘણી જ સુંદર વિશેષ જિજ્ઞાસુઓએ ખાસ કરવા લાયક છે.

પુષ્ટિમાર્ગમાં દિવ્ય દેહનાં પાંચ દિવ્ય તત્વોમાંનું એક વાયુ તત્વ એટલે શ્રી ગિરિરાજજી.

શ્રી ગિરિરાજજીની તળેટીનાં સ્થળો પુરુષાકાર ભગવદ્ સ્વરૂપનાં અંગરૂપ છે જે નીચે પ્રમાણે છે. (૧) માનસીગંગા-નેત્ર (૨) ચંદ્ર સરોવર - નાસિકા, (૩) કૃષ્ણકુંડ - દાઢી, (૪) ગોવિંદકુંડ - અધર (૫) રાધાકુંડ - જિહવા (૬) લલિતાકુંડ - કપોલ (૭) કુસુમ સરોવર - કર્ણ પ્રદેશ (૮) ગોપકુંડ - કર્ણ (૯) વાજની શિલા - કંઠ (૧૦) પૂજની શિલા - મુખ (૧૧) ચિત્ર શિલા - મસ્તક (૧૨) કુંદકતીર્થ - કૂખ (૧૩) ચિરઘાટ - કટિ (૧૪) દ્રોણતીર્થ - પીઠ (૧૫) કોકિલાવન - ઉદર (૧૬) કદમખંડી - હૃદય (૧૭) ઐરાવત કુંડ - મન (૧૮) શૃંગારશિલા - આત્મા (૧૯) સુરભિના ચરણ - બે પડખાં (૨૦) પૂછરી - પુચ્છ.

ચતુર્ભુજદાસજીએ પણ 'લલિત વ્રજદેશ ગિરિરાજ રાજે' એ પદમાં શ્રીગિરિરાજ ની દિવ્ય લીલાસ્થલી સ્વરૂપનું દર્શન કરાવ્યું છે.

શ્રી ગિરિરાજજી સર્વ અંગોથી શ્રીકૃષ્ણની સેવા કરે છે. એટલે શ્રી મોહનને અતિ વહાલા છે. તેઓ શ્રી પ્રભુને આરોગવા કંદમૂળ, ફળફુલ ભેટ ધરે છે. બિરાજવા પોતાની શિલાનું સુંદર સિંહાસન સજાવે છે. ગાયોને ચરવા કોમળ ઘાસ ઉગાડે છે, અને પીવા શીતળ જળનાં ઝરણાં વહાવે છે.

તેમના શ્રીઅંગ ઉપર સખાઓ સાથે શ્રી ઠાકોરજી અનેક ક્રીડા કરે છે. શ્રીકૃષ્ણ બલરામના ચરણારવિંદના સ્પર્શથી તેઓ સદા રોમાંચ અનુભવે છે.

આમ શ્રી ગિરિરાજજી હરિદાસવર્ય છે કારણ કે શ્રી ઠાકોરજી, ગાયો અને સૌ વ્રજભક્તો ની સેવામાં સદા આનંદ તત્પર છે. જે ભગવદ્ સેવા, ભગવદીય સેવા અને ગૌ સેવા પ્રેમથી નિષ્કામ ભાવે કરે તે હરિદાસ છે.

-૧૦૫ શ્રી વલ્લભાચાર્યજીએ કેવા ગુરૂ કરવાની આજ્ઞા આપી છે ?

-૧૦૫ જગદ્ગુરુ ભગવાન શ્રીકૃષ્ણે પણ ગુરુ કર્યા હતા. શ્રી રામે પણ ગુરુ કર્યા હતા. કેવળ કરવા ખાતર જ ગુરુ કર્યા હતા એમ નહીં પરંતુ એમણે શ્રી ગુરુદેવની સેવા ટહેલ પણ કરી હતી. શ્રીકૃષ્ણ ભગવાન હોવા છતાં સાંદીપની ઋષિને ત્યાં લાકડા વીણવા જેવી (તનુજા) સેવા પણ કરતા હતા. એમણે જગતને આ આચરણ દ્વારા બોધ આપ્યો છે કે મહાનમાં મહાન હોય એણેય ગુરૂના આશીર્વાદ લેવા જરૂરી છે. ગુરૂનું ઋણ શિષ્ય કદી ઉતારી શકે જ નહીં. તે ગમે તેટલી તનુજાવિત્તજા સેવા કરે તોય ગુરૂનો ઋણી જ રહે છે. કેમ કે ગુરૂની કૃપા નિરપેક્ષ હોય છે, અકારણ જ હોય છે.

ભગવત્કૃપા પાત્ર અધિકારીને કેવા ગુરૂ કરવા એની ચર્ચા શ્રી વલ્લભાચાર્યજી કરે છે, જે શ્રીકૃષ્ણની સેવામાં તત્પર હોય, દંભ, કામ, લોભ તથા અન્ય કપટદોષથી રહિત હોય, શ્રીમદ્ ભાગવતના તત્ત્વનું જ્ઞાન જેમણે પ્રાપ્ત કર્યું હોય એવા નરને ગુરૂ કરવા.

આવા ગુરૂની સારી રીતે પરીક્ષા કરીને તેમની જેવી આજ્ઞા હોય તેમ શરણાગત શિષ્યે સ્નેહભાવે વર્તવું.

ગુરૂ પોતે ભક્તિમાર્ગીય પુરૂષાર્થને સાધનારા હોય એટલું જ પર્યાપ્ત નથી જ, એ પોતાના

આત્મકલ્યાણની ઈચ્છાવાળા મનુષ્યે સદ્ગુરુને પ્રાપ્ત કરવા આવશ્યક છે.

શરણાગત શિષ્યોને પણ ભક્તિમાર્ગીય પુરૂષાર્થ સિધ્ધ કરાવી શકે એવા સમર્થ હોવા જોઈએ. નિષ્કામપણે, સ્નેહથી શ્રીકૃષ્ણની સેવા કરનાર ગુરૂ જ શિષ્યને તેવો ઉપદેશ આપી શકે છે. જે સ્વયં સેવાપરાયણ ન હોય એ શિષ્યને પ્રભુસેવાનો બોધ શી રીતે આપી શકે ?

ઉપરોક્ત લક્ષણોવાળા ગુરૂ ન સાંપડે તો શું કરવું એની સ્પષ્ટતા પણ શ્રીમહાપ્રભુજીએ કરી છે. જો આવા ગુરૂ ના મળે તો પણ ભગવદીયે સર્વથા નિ:સંદેહ થઈને ભગવત્સ્વરૂપ જે પોતે જ પધરાવીને તેની સેવામાં પરાયણ થઈ રહેવું. કોઈપણ સંજોગોમાં ભક્તે ભગવત્સેવા કર્યા વિના ન જ રહેવું.

શ્રીમદ્ આચાર્યજી પ્રત્યે જ પરમગુરુ ભાવ - અનન્ય આચાર્યભાવ તેમજ અનન્ય ભગવદ્ભાવ ધરાવવો અને જાતે જ કૃષ્ણસેવા સદા કરીને પોતાના વૈષ્ણવજન્મને સફળ કરવો.

ગુરૂ એવા હોવા જોઈએ કે પોતે પુરૂષાર્થ સિદ્ધ કરે અને બીજાને પણ કરાવે. આ પુરૂષાર્થને પણ ભક્તિ પુરૂષાર્થ જ સમજવો.

શિષ્યે ગુરૂની સારી રીતે પરીક્ષા કરવી. એમ ન કરવામાં આવે તો જેમ એક અંધ પુરૂષને અનુસરતાં બીજો અંધ પુરૂષ પણ ખાડામાં પડે છે. અહીં તો ગુરૂ અને શિષ્ય બંન્નેનું અધ:પતન થાય છે. આંધળો આંધળાને દોરે એના જેવી દશા થાય.

વ્રજના શ્રીગોપીજનો એ આદર્શ જીવન-પ્રણાલી દ્વારા, શાબ્દિક ઉપદેશ આપ્યા વિના, પોતાના તન, મન, ધન અને જીવનને કૃષ્ણ પ્રેમમય બનાવીને વિશ્વને પુષ્ટિમાર્ગ સમજાવ્યો છે અને એટલે જ એમને પુષ્ટિમાર્ગમાં ગુરૂ માન્યા છે.

શ્રી અનંતપ્રભુના ગુણ શ્રવણને લીધે તેમજ તેમને મળવાની આર્તિથી ઉત્પન્ન થયેલ વિરહરૂપ વ્યાકુળતા- એ શ્રી કૌડિન્ય ઋષિ પાસેથી વૈષ્ણવોએ શીખવા જેવું છે. કૌડિન્ય ઋષિ પુષ્ટિમાર્ગીય ન હોવા છતાં વિરહ આર્તિના વિષયમાં એમને શિક્ષાગુરૂ માનવા જોઈએ.

આત્મકલ્યાણની ઇચ્છાવાળા મનુષ્યે સદ્ગુરૂને પ્રાપ્ત કરવા આવશ્યક છે.

જેમ લોકમાં આશ્રય રહિત પુરૂષ સ્થાન ભ્રષ્ટ થાય છે તેમ હરિની કૃપાવાળો પુરૂષ પણ જો ગુરૂરહિત હોય તો તે પણ સ્થાનભ્રષ્ટ થાય છે.

ગુરૂ વિના જ્ઞાન નથી એ વાત શાસ્ત્રો ફેરવી ફેરવીને કરે છે જ. કઠોપનિષદે ગુરૂ મહિમા વર્ણવતા સમજાવ્યું છે કે, જીવ ગમે તેટલો બુદ્ધિમાન હોય પરંતુ પોતાની બુદ્ધિ વડે એ પરમતત્ત્વને જાણી શકતો જ નથી. શાસ્ત્રો દ્વારા ભગવાનને સમજી શકાય પણ શાસ્ત્રનો ખરો અર્થ પણ સદ્ગુરૂની કૃપાથી જ સમજી શકાય છે. સ્વતંત્ર રીતે શાસ્ત્ર સમજવા જતાં ભ્રાંતિ થવાની સંભાવના પણ ખરી.

ગુરૂ પાસે અવિવેકથી ન જવાય. તેમજ ગુરૂનું પુરેપુરું સન્માન જાળવવું જ જોઈએ. શિષ્યને માથે ગુરૂની કૃપા શિરપ્રાણ બનીને અને સંસારના સંતાપ અને દુ:ખની વૃષ્ટિથી રક્ષા કરે છે.

શ્રી આચાર્યજીના માર્ગમાં દશમી પ્રેમલક્ષણાભક્તિ અધિક છે.

ઉપર છત્ર બનીને અને આગળ આગળ દીપક બનીને સદ્‌ગુરૂ શિષ્યને બધી જ રીતે રક્ષે છે. અને તેનો ઉદ્ધાર કરી દે છે. એવું શ્રી સુરદાસજીએ ગુરૂ મહિમાનું ગુરૂ વિના ઐસી કૌન કરે ? એ કીર્તનમાં ગાન કર્યું છે.

વ્રજ પરિક્રમા વખતે શ્રી મહાપ્રભુજી ગહરવન પધાર્યા ત્યાં એક અજગર અને કીડીના પ્રસંગમાં શ્રી મહાપ્રભુજી એ સમગ્ર પુષ્ટિસૃષ્ટિને બોધ આપ્યો છે કે, દરેક ગુરૂ, દરેક આચાર્યે સમજવું જોઈએ કે, જો પોતાનામાં પોતાના શિષ્યોનું કલ્યાણ કરવાની શક્તિ ન હોય અને એ સાચી રીતે ભગવાનમાં લીન થયો ન હોય તો પોતાનો તેમજ પોતાના શિષ્યોનો ભવ ન બગાડવો અને ગુરૂ થવાનો મોહ ના રાખવો જોઈએ.

આમ, વારંવાર શ્રી વલ્લભાચાર્યજીએ આજ્ઞા કરી કરીને બતાવેલ છે કે - 'ગુરૂ થવાનો અધિકાર માત્ર એને જ છે કે જેનામાં સત્પુરૂષના લક્ષણ હોય. કૃપાવાન, કોઈપણ પ્રાણીનો દ્રોહ ન કરનાર, ક્ષમાવાન્, સત્યરૂપી બળવાળો, ઈર્ષ્યાદિકથી રહિત, સુખદુઃખમાં સમાન, યથાશક્તિ સર્વનો ઉપકાર કરનાર, વિષયોથી ક્ષોભ ન પામનાર, જીતેન્દ્રિય, કોમળ ચિત્તવાળો, સદાચારી, ધનમાં અનાસક્ત, મિતાહારી, શાંત, સ્વધર્મનિષ્ઠ, ભગવાનનો જ આશ્રય કરનાર, મનનશીલ, સાવધાન, નિર્વિકાર, કષ્ટમાંય ધીરજ રાખનાર, બીજાઓને માન આપનાર, બીજાઓને જ્ઞાન આપવામાં ચતુર, સર્વનો મિત્ર, કરૂણાના ભાવથી જ દરેક કાર્ય કરનાર અને જ્ઞાની નરને સત્પુરૂષ કહેવાય. આ લક્ષણો ગુરૂમાં હોવા જ જોઈએ.'

ઉપરોક્ત બધી જ વાત સાચી જ છે. શ્રી વલ્લભે જ કહેલી છે, છતાં જેને ગુરૂ મળી ગયા છે- કરી લીધા છે. તે દરેક વૈષ્ણવે તો ગુરૂદેવને **સર્વસ્વ ગણીને**, શ્રી મહાપ્રભુજીનો આશ્રય કરીને શ્રીકૃષ્ણને જ ભજવા એ જ ન ભૂલવા જેવું મોટામાં મોટું કર્તવ્ય છે. ભગવત્કૃપા પાત્ર અધિકારીએ જ ઉપરોક્ત શ્રી વલ્લભની આજ્ઞા વિચારવી યોગ્ય છે.

ગુરૂને 'ગુરૂ' માટે જ કહેવામાં આવે છે કારણ કે તેમનું આચરણ, વિચાર, વાણી, આહાર બધું જ શ્રેષ્ઠ છે. સર્વશ્રેષ્ઠ હોવાને કારણે જ લોકો તેમને ગુરૂ માને છે.

અને એક વાતનું સ્મરણ હંમેશા રહેવું જ જોઈએ કે જેમ અધર્માચરણ કરનારને પાપ લાગે છે તેમ અધર્માચારીને સહયોગ આપનારાઓને પણ પાપ લાગે જ છે, માટે શિષ્યવર્ગે અધર્માચરણમાં સહભાગી ક્યારેય ના બનવું જોઈએ.

પ્ર-૧૦૬ ભક્તિ અને અધ્યાત્મમાં અહંભાવની સમસ્યા છે તેમાથી રસ્તો કેવી રીતે મળે ?

જ-૧૦૬ અહીં અહંભાવ એટલે પૈસાથી કે કીર્તીથી આવેલો અહંકાર નહિ.'**ભાવ**'નો અર્થ મારે કંઈક થવું છે તે માણસની પાછળ લાગેલો જ છે. તેનાથી છૂટાતુ નથી. **અહંભાવથી** વાસના ઊભી થાય છે અને ભવ ઊભો થાય છે - જો અહંભાવ કાઢી નાંખો તો અળસિયું થવાય છે - પુરુષાર્થહીન થવાય છે તો કરવું શું ? આ સમસ્યા છે.

તેને કાઢવા માટે અમારા ભાગવતકાર એક રસ્તો દેખાડે છે તે એટલે ભક્તિ. અહંભાવને પકડવો

ભાવ મુખ્ય વસ્તુ છે. હૃદયને પ્રધાનતા અપાય છે, મસ્તકને નહીં. શ્રીનાથજી સાથેના સંબંધમાં આવતી પ્રત્યેક વસ્તુમાં કોઈને કોઈ પ્રકારનો ભાવ છે.

ખોટો છે અને છોડવો પણ કઠણ છે એટલે તત્ત્વજ્ઞાનમાં આ અહંભાવની સમસ્યા છે. ભાગવતકારે અંતિમ વેદાંતનું રૂપ સમજાવતાં કહ્યુ છે કે અહંભાવ રાખવો નથી કેમકે તે વાસના ઉભી કરે છે. તેને મારવો નથી કારણકે અહંભાવને મારી નાખતાં કર્તૃત્વ ખતમ થઈ જાય છે. માણસ અળસિયું બની જાય છે. તો પછી કરવાનું શું ? અહંભાવ ભગવાનને આપીને વિકાસને માટે વાપરવાનો છે અહંભાવ મારો નથી, ભગવાનનો છે. આ હું નથી કરતો ભગવાન કરાવે છે. ભક્તિમાં ધિક્કાર નથી. સ્વીકાર નથી અહં ભગવાનના ચરણમાં રાખીને પછી જીવન વિકાસ માટે ઉપયોગમાં લેવાનો છે, પછી અહંભાવ હેરાન પણ નહિ કરે અને તેનો વિકાસને માટે ઉપયોગ કરી શકાશે માટે જ સર્વત્ર ભગવદ્ બુદ્ધિ રાખવી અને મનમાં પોતાની દીનતાની ભાવના કરવી વૈષ્ણવે અહંકાર ન કરવો. માનની અપેક્ષા તો ખાસ ત્યજવી.

દૈન્યભાવથી ભગવાનને ભજવામાં પૂર્ણ સલામતી છે. તેનાથી મદ કે માન જેવા ભાવો પ્રકટ થવાની સંભાવના જ રહેતી નથી.

દીનતા સાધનરૂપા પણ છે અને ફલરૂપા પણ છે. ભગવાનના આવિર્ભાવ પહેલાં, દીનતા આવિર્ભાવનું સાધન છે, માટે દીનતા સાધન પણ છે અને ભગવદ્ આવિર્ભાવ બાદ એ જ દીનતા ફલરૂપ બની જાય છે. ભગવાનના આવિર્ભાવ માટે દીનતા જ સાધન છે.

નિ:સાધન દશામાં ભક્ત હૃદયમાં પ્રકટતી એકમાત્ર દીનતા જ કરૂણાવાન કૃષ્ણને પ્રકટ થવા માટે વિવિશ કરી દે છે.

જેમ અગ્નિ સુવર્ણમાંના દોષો ને બાળીને તેને નિર્મલ બનાવે છે. તેમ વૈષ્ણવને વિરહાત્મક દીનતા અહંતા આદિ દોષોથી મુક્ત કરીને શુધ્ધ બનાવે છે.

દૈવગતિથી વૈષ્ણવને કદાચિત સન્માન મળે તો પણ તેણે દીનતા ન છોડવી, ગર્વ ન કરવો, સન્માન મળવાની પૂજાવાની કોઈ મહત્તા નથી. ઉલટું તે બાધક છે.

પ્રત્યેક દુ:ખ નિવૃત્તિ વેળાએ, સુખ પ્રાપ્તિની વેળાએ ભક્ત દીનતાપૂર્વક એને ભગવાનની કૃપા જ માને છે, પોતાના ચાતુર્ય કે પરિશ્રમનું ફળ નહી.

દીનતા માટેનાં સાધનો મુખ્ય પાંચ છે.

(૧) સ્વદોષ દર્શન - જીવ પોતાના સ્વભાવ વિ.માં રહેલા દોષનો વિચાર કરે તો તેના હૃદયમાં અહંકારનો નાશ તેમજ દીનતાનો ઉદ્ભવ થાય છે. પોતાના દોષનુ જ્ઞાન ભગવાનની કૃપાથી જ થાય છે. આપમેળે થતુ નથી.

(૨) નિ:સાધનતા - સર્વ કાંઈ ભગવાનને સમર્પી દેવાથી નિ:સાધનતા આવે અને તેથી જ દીનતા આવે છે.

(૩) સ્વરૂપ વિચાર - જીવ પોતાના સ્વરૂપનો ય વિચાર કરે તો દીનતા સ્વાભાવિક રીતે પ્રકટે છે. જીવ ભગવાનનો અંશ છે. ભગવાન પૂર્ણ છે, જીવ અપૂર્ણ છે તેના આનંદનુ તિરોધાન થયેલુ છે માટે વૈષ્ણવે વારંવાર ભગવાનની અનંતતા અને પોતાની અલ્પતા વિશે વિચારવું જોઈએ.

ભક્ત અનન્ય થઈને પ્રભુની સેવા કરે છે. તેનું બધું કાર્ય શ્રી ઠાકોરજી પોતે કરે છે.

(૪) સામર્થ્ય વિચાર - આપણી ક્રિયાશક્તિઓ જ્ઞાનશક્તિનુ સામર્થ્ય અતિ અલ્પ છે. પ્રભુ જ સર્વજ્ઞ છે જ્યારે જીવ અલ્પજ્ઞ છે, ક્ષણ પછી શું થવાનું છે તે એ જાણતો ય નથી અને જે થનાર છે એને એ બદલી શકતો નથી માટે પોતાના અસમર્થ પણાનો વિચાર કરીને ય દીનતા જાળવી રાખવી જોઈએ.

(૫) સ્વભાવ વિચાર - કામ, ક્રોધ, હર્ષશોક અને આવા અનેક સ્વભાવગત દોષો ને આધીન જીવ પોતાના સ્વભાવનો વિચાર કરીને દીનતાને પ્રાપ્ત થાય.

પ્ર-૧૦૭ ભગવતપ્રાપ્તિમાં વિરહતાપ જ સાધન કે ફલ કેમ છે ?

જ-૧૦૭ અતિશય દુઃખ હોય ત્યારે જ ભગવાનનું આગમન થાય છે. સ્વસ્થતામાં નહી. શ્રી વલ્લભ પ્રણીત આ માર્ગ તાપ કલેશનો માર્ગ છે.

ભગવાનના દર્શન માટે જેણે અશ્રુ વહાવ્યાં છે, વિલાપ કર્યો છે, તેમને એ મળ્યા છે. પ્રેમપંથ હસવા ખેલવાનો પંથ નથી જ. હસતાં-રમતાં ભગવાન મળી જતા હોત તો સૌ કોઈને મળી ગયા હોત. પરંતુ પ્રીતમને પામવા માટે ભક્તે ભારે વ્યથામાંથી પસાર થવુ પડે છે. આ વિરહ વ્યથા સાંસારિક દુઃખો જેવી કડવી અને દુઃખરૂપ નથી, વ્યથા તો ભારે છે પરંતુ મધુરી વ્યથા છે, પીડાતો છે પરંતુ માણવા જેવી પીડા છે. સંસારના મીઠા લાગતા સુખો કરતાં ભક્તિનું આ દુઃખ ભગવાન પાસે માંગવા જેવું છે.

પુષ્ટિભક્તિ તાપાત્મક હોવાથી દુર્લભ છે. એ મર્યાદા ભક્તિની જેમ શીતલ ભક્તિ નથી. શીતલ ભક્તિ તો શ્રવણ કીર્તનાદિ સાધનો વડે સિધ્ધ થઈ શકે પરંતુ આ તાપાત્મક દુર્લભ ભક્તિ તો એમના અપાર અનુગ્રહથી જ સુલભ છે. પ્રાણપ્રિય પ્રભુના અધરામૃત પાનથી કરૂણાપૂર્ણ કૃપા કટાક્ષથી જ સુલભ છે.

વિરહાત્મક ભાવ સિધ્ધ કરવા માટે શ્રી મહાપ્રભુજીના ચરણનો દઢ આશ્રય કરવો જોઈએ. એ દ્રઢ આશ્રય એમના વચનામૃતમાં શ્રદ્ધા રાખવાથી સિધ્ધ થશે. અને આવી શ્રદ્ધાનું સાધન તાદશીજનોની સેવા છે. જ્યાં સુધી તાદૃશી ભગવદીયોની સેવા નથી. ત્યાં સુધી શ્રી વલ્લભના વચનામૃત શ્રવણ કરવામાં આવે તોય શ્રદ્ધા નહીં થાય. તાદૃશી ભગવદીયો દુર્લભ હોય તો શ્રી ભાગવતજીનું સેવન અથવા દીનતાપૂર્વક શ્રી હરિનું સ્મરણ કરવું જોઈએ.

ભક્તિના બે પ્રકાર, સંયોગ ભક્તિ અને વિરહભક્તિ. સંયોગ ભક્તિમાં ભગવાન પ્રકટરૂપે બહાર બીરાજે એવો આગ્રહ રહે છે. આ વાત ભગવાન અને ભક્ત બનેને બંધનકર્તારૂપ છે. શ્રમરૂપ છે, પરંતુ વિરહ ભક્તિમાં ભગવાનના પ્રાકટ્ય-બાહ્યસ્થિતિ માટે દુરાગ્રહ નથી.

વિરહ દશાની આ ભક્તિનો પ્રભાવ એવો છે કે ભગવાનની સમગ્ર લીલાઓનો અનુભવ થઈ શકે છે. જ્યારે સંયોગ ભક્તિમા જે લીલા પ્રભુ કરતા હોય તેનો જ અનુભવ થાય છે.

આ સ્વતંત્ર ભક્તિ નિરોધાત્મક ભક્તિ છે. અને તે દુર્લભ પણ છે. આ ભાવાત્મક ભક્તિમા

ભગવાનને જે ન ગમે તેનો ભક્ત ત્યાગ કરે. ભગવાનને અધર્મ, અહંકાર, અસૂયા, અન્યાશ્રય અને અન્યાસક્તિ ગમતા નથી.

ભગવાન ભક્તના હૃદયમાં 'ભાવાત્મક નિવાસ' કરે છે. આ સ્વતંત્ર વિરહરૂપા ભક્તિમાં [illegible]વાનના પ્રાકટ્ય વિના જ હૃદયમાં સર્વ લીલાઓ અનુભવાય છે.

આમ [illegible] ભક્તિ ફલરૂપા જ છે. છતાં સર્વાત્મભાવમા તો એવી ફલરૂપ બની જાય છે કે એ ભક્તિભાવ[illegible] અપેક્ષા ઈચ્છા જેવી કોઈ વસ્તુ જ નથી.

શ્રી રસખાનજી અ[illegible]માં વિશુધ્ધ પ્રેમની વ્યાખ્યા પણ એવી જ કરે છે કે, પ્રેમને પ્રાપ્ત કર્યા પછી [illegible] વૈકુંઠની તો ઠીક [illegible] ભગવાનનીય કામના રહેતી નથી. તેને જ અલૌકિક, શુધ્ધ, મંગલમય, રસમય પ્રેમ કહે છે.

ભગવત્પ્રાપ્તિમાં વિરહતાપ જ સાધન બની શ[illegible] કેમ કે જ્ઞાન સકલ દોષોને બાળીને ભસ્મ તો કરી શકે છે, પરંતુ પ્રભુના પ્રાદુર્ભાવમાં જે પ્રાત[illegible] હોય છે તેનો નાશ કરી શકતું નથી. આ વિરહતાપમાં દોષોના સમૂહો એ ક્ષણમાં નષ્ટ થઈ જા[illegible]

શ્રી હરિરાય મહાપ્રભુજી તાપકલેશના ય બે સ્વરૂપ માને છે. કા[illegible]ક અને સર્વાત્મભાવાત્મક તાપકલેશ, કામભાવના, તાપકલેશમાં ભગવાન તાપકલેશ નેં શાંત કર[illegible] પધારે - પ્રકટે એવી અપેક્ષા રહે છે. આ તાપકલેશ પ્રભુના દર્શન, સ્પર્શ, મધુર સંભાષણાદિ[illegible] શાંત થઈ જાય છે. જ્યારે સર્વાત્મભાવાત્મક તાપકલેશ તો એક ફલાત્મક અવસ્થા હોવાથી [illegible] સદા માટે રહે જ છે. ભગવાનના દર્શન, સ્પર્શ આદિથી તો ઉલટો એ બમણો અનુભવાય છે.

શ્રી હરિરાયજી મહાપ્રભુના મંતવ્યાનુસાર વિરહ દશા જ ફલદશા છે. સ્નેહની પ્રગ[illegible] દશામાં પ્રભવતો વિરહ જ પરમફલ છે. સામાન્ય રસદષ્ટિમાં માન્યતા એવી છે કે સંયોગ એટ[illegible] સુખ અને વિયોગ એટલે વિરહનું દુઃખ, આ રસાત્મક ભક્તિમાં એવું નથી.

જે તાપકલેશમાં દેહ અને ગૃહ આદિના કાર્યો વિસરાઈ જાય, પ્રભુ માટે અધિક આર્તિ રહે [illegible] આસક્તિભાવ છે. આ આસક્તિભાવ વધુ તીવ્ર થતાં તાપાત્મક વ્યસનભાવ જાગે છે. સર્વ જગતની વિસ્મૃતિ કરાવે તેવો પરિતાપ ઉદ્ભવે છે.

આ ત્રિવિધ તાપાત્મક ભાવને માટે કોઈ જ સાધન નથી. કેવલ નિઃસાધનતા સિધ્ધ થાય પછી પ્રાપ્ત થાય છે.

ભગવાન શ્રીકૃષ્ણ પોતાના સેવકને આનંદનું દાન કરવા વિચાર કરે તો જરૂર એઓશ્રી પહેલાં તો સેવકના હૃદયમાં ભગવદ્ દર્શન માટેનો તાપ ઉત્પન્ન કરે છે. આમ, આ તાપકલેશ ભક્તહૃદયમાં ભગવદ્ ઈચ્છાથી જ પ્રકટે છે અને એ ભગવત્કૃપાનો પ્રથમ સંકેત છે.

સેવા-સ્મરણ આદિ તમામ સાધનો પણ આર્તિપૂર્વક કરવા જોઈએ, આતુરતાપૂર્વક કરવા જોઈએ. આ આર્તિ અને આતુરતા થકી જ પુષ્ટિમાર્ગમાં પ્રવેશ છે. જેટલી આર્તિ હશે એટલું ફલ નજીક આવશે.

પ્રેમી ભક્તના હૃદયનો વિરહ તાપ જ ભગવાનના આવિર્ભાવનું કારણ બને છે આ તાપની તીવ્રતા જેટલી હશે, ભગવાનનો આવિર્ભાવ એટલો જલ્દી થશે. ૮૪ વૈષ્ણવોમાંના પ્રયાગમાં

દીનભાવ વિના શરણભાવ સિધ્ધ યતો નથી.

રહેતા આનંદદાસ અને વિશ્વંભરદાસ આ બન્ને ભાઈઓની વિરક્ત દશાની વાત ખાસ જાણવા જેવી છે. ભગવદ્સ્વરૂપમાં અતિ તીવ્ર આસક્તિ અને તેના વિરહમાં તીવ્ર તાપના દ્રષ્ટાંતમાં ગજ્જનધાવનનું દષ્ટાંત ઉત્તમ છે.

ભગવાનનું સર્જન મોહક છે. સુંદર છે, અને આકર્ષક છે. થોડો વિચાર કરવા જેવો છે કે જેનું સર્જન આટલું મોહ પમાડનારૂં છે તે સર્જક સ્વયં કેટલો મોહક, સુંદર અને આકર્ષક હશે.

જગતના સુંદર અદ્ભુત પદાર્થોની રચના કરનારો પ્રભુ પૂર્ણ જ હોઈ શકે. પૂર્ણ ઐશ્વર્ય પૂર્ણ આનંદરૂપ, પરમાત્મામાં જ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. સર્જન કરતાં સર્જક વધુ મહાન હોય, જગતમાં આનંદનો આભાસ માત્ર છે, જીવમાં આનંદ તિરોહીત છે. સાચો અને સંપૂર્ણ આનંદ તો ભગવાનમાં જ છે. માટે ઘાટમાં આસક્તિ રાખવાને બદલે ઘડનારમાં જ પ્રીતિ રાખવી જોઈએ.

ભગવાનમાં પ્રેમ થયા પછી ભોગમાં મોહ થવો મુશ્કેલ છે, પ્રેમ માત્ર ભગવાન છે. માટે જ સંપત્તિ અને સૌની વિપત્તીમાં સાથ આપે, બધી રીતે જીવનું કલ્યાણ જ વિચારે અને સૌના સર્જક, પોષક, સર્વના લક્ષ્ય પ્રભુને વિરહતાપ પૂર્વક ભજવા એ જ ભગવત્પ્રાપ્તિ માટેનું સાધન કે ફલ માની શકાય છે.

ઘણા બધા ઉપાયો કર્યા પછી ય ઘણા સદ્ગુણો કેળવ્યા પછી ય ભગવાન મળતા કેમ નથી ? કારણ કે પ્રભુને પ્રસન્ન કરવા માટે જે સૌથી વધારે મહત્ત્વની વાત છે. તેની જ જાણ નથી. જો પ્રભુને પ્રસન્ન કરવા હોય તો અભિમાન ને અળગુ રાખવું જોઈએ. અભિમાનીને ભગવાન મળતા નથી, 'જબ મૈં થા તબ હરિ નહીં અબ હરિ હૈ તો હમ નાહીં' જ્યાં સુધી દીનતા નહીં પ્રકટે ત્યાં સુધી હરિ નહી મળે.

પ્ર-૧૦૮ શ્રીનાથજી બાવાના સ્વરૂપને જાણવા માટે શ્રીવલ્લભ શી આજ્ઞા કરે છે ?

જ-૧૦૮ શ્રીનાથજીનું શ્રીનાથદ્વારામાં બિરાજતું સ્વરૂપ, સારસ્વત કલ્પમાં પ્રકટ થઈ ઈન્દ્રના પ્રકોપ સામે, ડાબા હાથે ગોવર્ધનગિરિને ઉપાડી, વ્રજ ભક્તોનું રક્ષણ કરનાર, સાક્ષાત્ શ્રીકૃષ્ણનું સ્વરૂપ છે. એથી જ તેમની સેવા 'નંદાલય'ની ભાવનાથી થાય છે.

શ્રી વલ્લભ આજ્ઞા કરે છે કે, જેઓ ભાગવતના રહસ્યને સમજે છે તેઓ શ્રીનાથજીના સ્વરૂપને જાણી શકે છે. શ્રીમદ્ ભાગવત શ્રીનાથજીનું જ સ્વરૂપ છે. શ્રીમદ્ ભાગવતજીના બાર સ્કંધોની સરખામણી શ્રીનાથજીના બાર અંગો સાથે, શ્રીમદ્ વલ્લભે પોતે ભાગવતાર્થ પ્રકરણમાં કરી છે.

સાથે સાથે શ્રીજીબાવાની પીઠિકાભાવના પણ જાણવા જેવી છે.

શ્રીનાથજીનું શ્રી નાથદ્વારામાં બિરાજતું સ્વરૂપ શ્રી ગિરિરાજની કંદરામાં ઠાડું હોય તેવું દેખાય છે, તે સ્વરૂપ અને તેને ફરતી પીઠિકામાં શ્રી ગિરિરાજ ગોવર્ધનમાં થયેલી સમગ્ર લીલા જોવા મળે છે. શ્રીનાથજીનું પ્રાકટ્ય શ્રી ગોવર્ધન ગિરિની કંદરામાંથી થયેલું છે. તેનું અનુસંધાન પણ એ સ્વરૂપ દ્વારા થાય છે.

ભાવાત્મક સેવા શ્રીહરિની સદૈવ વિરહભાવથી ભાવના કરવી. આ માર્ગમાં શીતલ ભક્તિભાવ ઉચિત માન્યો નથી. શ્રીકૃષ્ણ કૃપાના નિધિ છે, જરૂર કૃપા વિચારશે.

શ્રીનાથજીના સ્વરૂપને ફરતી પીઠિકામાં જુદી જુદી આકૃતિઓ જોવા મળે છે. શ્રીજીબાવાના જમણા શ્રીચરણથી શરૂ કરતાં, નીચે પ્રથમ બે ગાયો, પછી ઉપર આવતાં અનુક્રમે શેષ, મેષ બેઠેલો પુરુષ, મથાળે મધ્યમાં પોપટ (શુક), ડાબા શ્રીહસ્ત ઉપરના ખૂણે 'બેઠેલા બે પુરૂષો' ત્યાંથી નીચે જતાં અનુક્રમે શેષ, નૃસિંહ અને ડાબાચરણ પાસે બે મધુર પક્ષીઓ છે.

આ બધાં મળી શ્રીનાથજીની લીલાસામગ્રી બને છે. તે બધાની સમજ શ્રીમદ્ ભાગવતના સ્કંધોમાંથી મળી રહે છે.

શ્રીનાથજીના ઉર્ધ્વ ભાગે જે શુક છે તે શ્રી શુકદેવજીનું સ્વરૂપ છે. આ લીલાશુક શ્રી રાધાજી - પાસે વસે છે. એ શુક વેણુગીતમાં શ્રીકૃષ્ણે છેડેલા વેણુગાનનું એકચિત્તે શ્રવણ કરી રહેલ છે. તેથી તે મુનિ જેવા બની ગયેલ છે એવો એનો ભાવ છે.

બે ગાયો છે, તે પ્રથમ સ્કંધમાં ગોરૂપ પૃથ્વી અને વૃષભરૂપ ધર્મનો જે સંવાદ થયો છે. તેનું સ્મરણ કરાવે છે.

નાગનું ચિન્હ બન્ને બાજુ છે. ઋષિપુત્રના શાપથી રાજા પરિક્ષિતને તક્ષક નાગનો ભય જાગ્યો. તેથી સુદ્રઢ વૈરાગ્ય ઉત્પન્ન થયો. અને તે શ્રવણ ભક્તિના અધિકારી બન્યા. અંતે શ્રી શુકનો ઉપદેશ સાંભળી કાલભયથી તે નિવૃત્ત થયા. એ ભાવ તેમાં છે. ઉપરાંત, શેષ શ્રીનાથજીની બન્ને બાજુ છે તે પ્રભુની શય્યાનો ભાવ પણ દર્શાવે છે. તેઓ સંકર્ષણનું સ્વરૂપ છે.

શ્રીનાથજીની દક્ષિણ બાજુ પીઠિકામાં જે મુનિ છે તે સાંખ્યાવતાર ભગવાન કપિલદેવજી છે. ડાબી બાજુ બે મુનિ છે તે નારદ અને નારાયણ છે. નારદે ધ્રુવ અને પ્રચેતાઓને શ્રેયને માર્ગે દોર્યા. તેઓએ પંચરાત્ર અને ભક્તિસૂત્રોની રચના કરી એ ત્રણે કપિલ, નારદ અને પૃથુ-ભગવદ્ અવતારો છે.

શ્રીનાથજીનાં ચરણારવિંદમાં ગિરિરાજજી છે. પ્રભુના ચરણારવિંદના સ્પર્શથી પવિત્ર થયેલ ભક્ત ભગવાનમાં પર્વત જેવો સુદ્રઢ ભાવ રાખે તેવો તેનો ભાવ છે.

શ્રીમદ્ ભાગવતના પાંચમા સ્કંધમાં કાલચક્રનું વર્ણન છે. કાલચક્ર મેષ રાશિથી શરૂ થાય છે. તેથી મેષનું ચિન્હ પણ પીઠિકામાં છે. પછી નૃસિંહજી રાશિના, ગાય અને વૃષભ, વૃષભ રાશિના છે તે બધાનાં ચિન્હો પણ છે.

સાતમા સ્કંધમાં ઉતિલીલાનું વર્ણન છે. જીવની વાસના બે પ્રકારની હોય છે. શુભ અને અશુભ. સદ્ વાસનાવાળા પ્રહલાદજી અને અસદ વાસનાવાળા હિરણ્યકશીપુ. બંનેનો સંબંધ નૃસિંહ સ્વરૂપ સાથે છે. તેથી શ્રીજીના વામ ભાગમાં પીઠિકા ઉપર નૃસિંહજીનું ચિન્હ છે.

આમ, શ્રીકૃષ્ણની બધી લીલાઓનો સંકેત મળી રહે એવું સૂચન કરતાં આ બધાં ચિન્હો પીઠિકામાં છે. જે ભાગવતજી દ્વારા સમજાય છે.

● ● ●

ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલા ભગવદીયને સતત તાપક્લેશ રહે છે. આ તાપક્લેશ માત્ર વિરહનું પરિણામ છે, એવું નથી એ તો ભક્તિની પરમ અવસ્થા છે.

અંકુર - ૧ નું પ્રશ્નપત્ર

પ્ર-૧ પ્રત્યેક કાર્યના પ્રારંભમાં મંગલાચરણનું મહત્ત્વ કેમ સ્વીકારાયું છે ?

પ્ર-૨ શ્રી વેદવ્યાસજીએ શ્રીમદ્ભાગવતમાં મંગલાચરણ કર્યું છે, તેમાં શી વિશેષતા છે ?

પ્ર-૩ શ્રી શુકદેવજીનું મંગલાચરણ ૧૨ શ્લોકોનું કેમ થયું ?

પ્ર-૪ શ્રી વલ્લભાચાર્યજીએ શ્રી સુબોધિનીજીના મંગલાચરણના પાંચમા અને સાતમા શ્લોકમાં શું જણાવ્યું છે ?

પ્ર-૫ પ્રભુસંબંધી ધર્મકાર્યમાં શ્રદ્ધાને જ મહત્ત્વ કેમ આપવામાં આવ્યું છે ?

પ્ર-૬ સામાન્ય શ્રોતામાં કયા કયા લક્ષણો હોવા જોઈએ ?

પ્ર-૭ શ્રી વલ્લભાચાર્યજીએ ભાગવતજીના બાર સ્કંધોને શેના સમાન ગણાવ્યા છે ? અને શાથી ?

પ્ર-૮ શ્રી વ્યાસજીના અઢાર હજાર શ્લોકવાળા ભાગવતનું ઉદ્ગમસ્થાન કયું ગણાય છે ? તે સ્થાનની માહિતી આપો.

પ્ર-૯ શ્રીમદ્ ભાગવતશાસ્ત્ર સાક્ષાત્ પ્રભુનું વાઙ્મય સ્વરૂપ જ છે - વિધાનની સ્પષ્ટતા કરો.

પ્ર-૧૦ શ્રી વ્યાસજીને પરમાનંદનો અનુભવ ક્યારે થયો ?

પ્ર-૧૧ શ્રી ભાગવતને વેદવ્યાસની સમાધિનો ભગવદ્લીલા અનુભવ કેમ ગણવામાં આવે છે ?

પ્ર-૧૨ શ્રીમદ્ ભાગવતજીનો મુખ્ય વિષય કયો છે ?

પ્ર-૧૩ ભાગવતને ઉત્તમ કલ્પવૃક્ષની ઉપમા કેમ આપવામાં આવી છે ?

પ્ર-૧૪ પ્રાચીન વૈષ્ણવો કયા હેતુથી ભાગવતજીને ભોગ ધરતા અને ભગવદ્ સ્વરૂપની જેમ જ સેવા કરતા હતા ?

પ્ર-૧૫ શ્રી વલ્લભાચાર્યજીએ આપેલા ભાગવતજીના સાત અર્થોમાં શાસ્ત્રાર્થને જ કેમ મુખ્ય અર્થ ગણવામાં આવે છે ?

પ્ર-૧૬ પદ્મપુરાણ અને સ્કંદ પુરાણમાં શ્રી ભાગવતજીનું મહાત્મ્ય કેવી રીતે દર્શાવાયું છે ?

પ્ર-૧૭ શ્રીમદ્ ભાગવતજીનું મહાત્મ્ય વેદ ઉપનિષદ અને બધા જ પુરાણોમાં કેવી રીતે ચઢિયાતું મનાય છે ?

પ્ર-૧૮ ભાગવતજી શ્રવણ કરવા યોગ્ય છે એવી દ્રઢ માન્યતા કેમ પ્રચલિત થઈ છે ?

પ્ર-૧૯ ચતુઃશ્લોકી ભાગવતજી કોને ગણવામાં આવે છે અને શાથી ?

પ્ર-૨૦ આદ્ય પુરાણ કોને ગણવામાં આવે છે અને શાથી ?

પ્ર-૨૧ પ્રસ્થાનત્રયી એટલે શું ?

પ્ર-૨૨ શ્રીમદ્ ભાગવતજીને સારસ્વત શ્રુતિમાં પાંચમો વેદ કેમ ગણવામાં આવે છે ?

પ્ર-૨૩ કેવા મનુષ્યો ભગવાનના સ્થૂળ અને સૂક્ષ્મ રૂપનો અનુભવ કરી શકે છે ?

પ્ર-૨૪ ભાગવતના શ્રોતાએ કયા કયા નિયમોનું ચુસ્ત પાલન કરવું જોઈએ ?

પ્ર-૨૫ કલિયુગમાં ભાગવત શ્રવણ એકમાત્ર ધર્મ છે એવું કેમ માનવામાં આવે છે ?

પ્ર-૨૬ શ્રીમદ્ ભાગવત ભક્તિમાર્ગનો સર્વોત્તમ ગ્રંથ કેમ ગણાય છે ?

પ્ર-૨૭ ભૂતલ ઉપર શ્રી વલ્લભાચાર્યજીના પ્રાગટ્યનો મુખ્ય હેતુ કયો છે ?

પ્ર-૨૮ શ્રી ભાગવત **તત્વાર્થદીપ** નિબંધ માટે શ્રીવલ્લભાચાર્યજીની 'પ્રકાશ' નામની ટીકા કેવી રીતે સહાયરૂપ બને છે ?

પ્ર-૨૯ શ્રી ભાગવતજીમાં નિરૂપાયેલી ભગવાનની દશ પ્રકારની લીલાઓનું વર્ણન કરો.

પ્ર-૩૦ હરિની દશ લીલાઓ ભાગવતજીમાં કયા કયા સ્કંધોમાં કેવી રીતે કહેવામાં આવી છે ?

પ્ર-૩૧ શ્રી હરિરાયજીના 'જન્મવૈફલ્ય' ગ્રંથમાં શ્રી સુબોધિનીજી માટે કયો સિદ્ધાંત સ્પષ્ટ કરવામાં આવ્યો છે ?

પ્ર-૩૨ શ્રી વલ્લભાચાર્યજીએ શ્રી સુબોધિનીજીમાં શું શું સમાવી લીધું છે ?

પ્ર-૩૩ 'સૂક્ષ્મ **ટિપ્પણીજી**' ગ્રંથનું નિર્માણ કયા હેતુથી થયું ?

પ્ર-૩૪ શ્રી પુરુષોત્તમસહસ્ત્રના પાઠના નિર્માણ માટે કોણ નિમિત બન્યું અને કેવી રીતે ?

પ્ર-૩૫ શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધનો પાઠ દરરોજ કરવાના ગુંસાઈજીના નિયમના અનુસંધાનમાં કયા ગ્રંથની રચના થઈ ? અને કોના દ્વારા થઈ ?

પ્ર-૩૬ શ્રી ભાગતવજીમાં કઈ કઈ ભાષાઓનો સમાવેશ થાય છે ?

પ્ર-૩૭ ભાગવતના માત્ર દશમસ્કંધનું શ્રવણ - પઠન પર્યાપ્ત નથી એમ કોણ સમજાવે છે ?

પ્ર-૩૮ શ્રી ભાગવતજીના બારે બાર સ્કંધોને પુષ્ટિમાર્ગીય સંદર્ભમાં કેવી રીતે સાંકળી લેવામાં આવ્યા છે ?

પ્ર-૩૯ વૈષ્ણવજગતમાં ષોડશગ્રંથો વેદવાણી તરીકે કેમ પ્રસિદ્ધ થયા છે ?

પ્ર-૪૦ ષોડશગ્રંથનું મંગલાચરણ કયું છે ? તે દ્વારા વૈષ્ણવોને શું શું પ્રાપ્ત થાય છે ?

પ્ર-૪૧ બાલબોધ ગ્રંથ દ્વારા અનન્ય આશ્રયની ભાવનાનું દ્રઢીકરણ કેવી રીતે થઈ શકે છે ?

પ્ર-૪૨ અચ્યુતદાસ સનોઢિયા ઉપર શ્રીમહાપ્રભુજીએ કેવી કૃપા કરી ?

પ્ર-૪૩ જીવોના ત્રણ ભેદ સમજાવવા માટે શ્રીવલ્લભાચાર્યજીએ કયા ગ્રંથની રચના કરી ?

પ્ર-૪૪ ''તે જીવનો હું અવશ્ય અંગીકાર કરીશ, કદાપિ ત્યાગ નહિ કરું.'' - શ્રી પ્રભુએ આવી વાત કોની સાથે કયા સંદર્ભમાં કરી ?

પ્ર-૪૫ પુષ્ટિમાર્ગીય માટે બ્રહ્મસંબંધનું મહત્ત્વ સમજાવો.

પ્ર-૪૬ ગોવિંદ દુબે ઉપર અનુગ્રહ કરી શ્રી મહાપ્રભુએ કયા ગ્રંથની રચના કરી ? ટૂંકમાં તેની ચર્ચા કરો.

પ્ર-૪૭ આંતરિક શુદ્ધિ અને સ્થિર ચિત્ત માટેની સામગ્રી કયા ગ્રંથમાં નિરૂપાયેલી છે ?

પ્ર-૪૮ વિવેક તો દશમોનિધિ છે. - વિવેક ધૈર્યાશ્રય ગ્રંથના આધારે વિધાનની ચર્ચા કરો.

પ્ર-૪૯ પુરુષોત્તમદાસ જોશી કયા ગ્રંથના નિર્માણ માટે નિમિત્તરૂપ બન્યા ? તે ગ્રંથની ચર્ચા કરો.

પ્ર-૫૦ ''વક્તાઓના પ્રકાર તથા લક્ષણો શ્રીમહાપ્રભુએ કયા ગ્રંથમાં દર્શાવ્યાં છે ?'' ને ટૂંકમાં કહો.

પ્ર-૫૧ શ્રોતાઓના પ્રકાર તથા લક્ષણો શ્રી મહા પ્રભુએ કયા ગ્રંથમાં દર્શાવ્યાં છે ?

પ્ર-૫૨ ભક્તિમાર્ગીય સંન્યાસના પ્રકારનો ભાવ શ્રીમહાપ્રભુજીએ કોને સમજાવ્યો ?

પ્ર-૫૩ મણુંદ ગામના દુબેભાઈઓને આચાર્યશ્રીએ કયો ગ્રંથ સમજાવ્યો ?

પ્ર-૫૪ શ્રીમહાપ્રભુજીએ વિષ્ણુદાસ છીપાને કયો ગ્રંથ સંભળાવ્યો ?

પ્ર-૫૫ શ્રીમહાપ્રભુજી રચિત ષોડશ ગ્રંથના સાર જેવા કયા ગ્રંથનો સમાવેશ ષોડશગ્રંથોમાં થતો નથી ?

પ્ર-૫૬ શ્રીમહાપ્રભુજી વેદોનું આધિ દૈવિક સ્વરૂપ કેવી રીતે સિદ્ધ કરી બતાવે છે ?

પ્ર-૫૭ ભાગવતના બાર સ્કંધોને શ્રીનાથજી બાવાના બાર અંગોમાં કેવી રીતે સમાવી લેવામાં આવ્યા છે ?

પ્ર-૫૮ 'મંગલં મંગલં વ્રજ ભૂમિ મંગલં' - આ પદનું ગાન પ્રત્યેક વૈષ્ણવે અહર્નિશ કેમ કરવું જોઈએ ?

પ્ર-૫૯ શ્રી મહાપ્રભુજીની બેઠકજી અને ગાદીજીમાં શો તફાવત છે ?

પ્ર-૬૦ ભાગવતનું મહાત્મ્ય ભાગવતકથા પૂર્વે કેમ કહેવાય છે ?

અંકુર - ૨ નું પ્રશ્નપત્ર

પ્ર-૧ કથા શ્રવણ પછી આપણું પહેલું કર્તવ્ય કયું હોવું જોઈએ ?

પ્ર-૨ કથા સાંભળ્યા પછી કેવા પરિવર્તનો અપેક્ષિત છે ?

પ્ર-૩ મૃત્યુ ક્યારે મંગલમય બની શકે ?

પ્ર-૪ સુબોધિનીજીમાં શ્રીઆચાર્યચરણે ગોપીજનોને કોની સાથે સરખાવ્યા છે ?

પ્ર-૫ સંતની દાબડી અને પારસમણિનું ઉદાહરણ કયો ઉપદેશ આપે છે ?

પ્ર-૬ જીવને અંતર્યામીની ઓળખ ક્યારે થઈ શકે છે ?

પ્ર-૭ પ્રભુએ મનુષ્ય માટે પોતાનું કયું સુલભ સ્વરૂપ રાખ્યું છે ?

પ્ર-૮ શ્રી વલ્લભાચાર્યજીએ સેવાની કઈ વ્યાખ્યા આપી છે ?

પ્ર-૯ આપણી ભક્તિ ક્યારે ફળે ?

પ્ર-૧૦ મંદિરમાં જઈએ ત્યારે કેવી ભાવના રાખવી જોઈએ ?

પ્ર-૧૧ શ્રી વ્યાસજીએ કલિકાળના માનવીઓને મંદબુદ્ધિના કેમ ગણ્યા છે ?

પ્ર-૧૨ જીવકૃત પ્રતિબંધ અને ભગવદ્કૃત પ્રતિબંધની ચર્ચા કરો.

પ્ર-૧૩ માનવીના મનને પાણી સાથે કેમ સરખાવ્યું છે ?

પ્ર-૧૪ માનવમાત્રની સદ્ગતિ કોના વડે થાય ?

પ્ર-૧૫ બિંદુ સૃષ્ટિ અને નાદસૃષ્ટિ વચ્ચેનો તફાવત સમજાવો.

પ્ર-૧૬ ભક્તિનું ફળ ભોગ નહિ પણ ભગવાન છે એમ કેમ માનવામાં આવે છે ?

પ્ર-૧૭ સાચા સંતની વ્યાખ્યા શી ?

પ્ર-૧૮ પ્રત્યેક ધાર્મિક વિધિમાં આંખે અને કાને પાણી લગાડવાની પ્રથા શું સૂચવે છે ?

પ્ર-૧૯ સામાન્ય માનવી માટે જ્ઞાનમાર્ગ અઘરો કેમ મનાય છે ?

પ્ર-૨૦ તીર્થયાત્રાને સફળ તીર્થયાત્રા બનાવવા માટે શું શું કરવું જોઈએ ?

પ્ર-૨૧ દૈવી જીવો સિવાયના જીવો ઉપર માયાનો પ્રભાવ કેવી રીતે પડે છે ?

પ્ર-૨૨ ''દેખો યા લોકમેં ગોકુલ ગોલોક હૈ'' - વિધાનની ચર્ચા કરો.

પ્ર-૨૩ આ સંસારમાં આપણે કંસ કોને કહીશું.

પ્ર-૨૪ વૈષ્ણવો માટે શ્રીઆચાર્ય ચરણે આપેલું શુદ્ધાદ્વૈત જ્ઞાનને જ કેમ શ્રેષ્ઠ ગણવામાં આવે છે ?

પ્ર-૨૫ શ્રીમદ્ ભાગવતશાસ્ત્રનો પ્રચાર શિવજીએ કેવી રીતે કર્યો ?

પ્ર-૨૬ 'કલિ' કોના કોના ઉપર પ્રભાવ પાડી શકે ?

પ્ર-૨૭ શ્રી ભાગવતજીને મહાપુરાણ કેમ ગણવામાં આવે છે ?

પ્ર-૨૮ ભાગવતનો આસ્વાદ ક્યાં સુધી કર્યા કરવો જોઈએ ?

પ્ર-૨૯ ધર્મના ચાર ચરણોમાં સર્વોપરી ચરણ કયું ? શાથી ?

પ્ર-૩૦ પાપની આદત છોડવા કયો માર્ગ અપનાવવો જોઈએ ?

પ્ર-૩૧ ભક્તિમાં અવરોધક બને તેવા કયા કયા મદ છે ?

પ્ર-૩૨ વંદન સાર્થક ક્યારે બને ?

પ્ર-૩૩ સંસારની સરખામણી વૃક્ષ સાથે કરવામાં આવી છે તે સમગ્ર ભાવના સ્પષ્ટ કરો.

પ્ર-૩૪ મહાભારતમાં યક્ષના પ્રશ્નનો યુધિષ્ઠિરે જે જવાબ આપ્યો તે હાલના સમયમાં કેટલો યથાર્થ બને છે ?

પ્ર-૩૫ વૈષ્ણવોના ગળામાં રહેલી તુલસીની માળા સતત શો સંદેશો આપે છે ?

પ્ર-૩૬ મનને સત્કાર્યમાં જોડાયેલા રહેવાની ટેવ કેવી રીતે પાડી શકાય ?

પ્ર-૩૭ ભાગવતજીમાં કલિકાલમાં કેટલા પ્રકારના ચોર ગણાવ્યા છે ?

પ્ર-૩૮ સાચું શ્રાદ્ધ કોને કહેવાય ?

પ્ર-૩૯ વેણુ, મુરલી અને બંસીનો ભેદ સ્પષ્ટ કરો.

પ્ર-૪૦ મોહમાયા અને યોગમાયા વચ્ચે કયો ભેદ રહેલો છે ?

પ્ર-૪૧ મુરલીના સપ્ત છિદ્રોની વિવિધ ભાવનાઓ જણાવો.

પ્ર-૪૨ શ્રી આચાર્યચરણ 'શ્રુતિગીતા' દ્વારા શો બોધ આપે છે ?

પ્ર-૪૩ ગીતાજીના અઢાર નામો જણાવો.

પ્ર-૪૪ જીવોને વિરહનું દાન કરવા પ્રભુ કઈ લીલા કરે છે ?

પ્ર-૪૫ વૈષ્ણવોએ મહાપ્રસાદ કેવી રીતે લેવો જોઈએ ?

પ્ર-૪૬ શ્રી ઠાકોરજીને તુલસી કેમ અત્યંત પ્રિય છે ?

પ્ર-૪૭ શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ શ્રી ગુંસાઈજીએ શ્રીમુખેથી વૈષ્ણવોને કઈ ખાસ આજ્ઞા કરી છે ?

પ્ર-૪૮ કેવા વૈષ્ણવો વ્રજનું આધ્યાત્મિક સ્વરૂપ પ્રાપ્ત કરી શકે છે ?

પ્ર-૪૯ વ્રજયાત્રા શરૂ કરતાં પહેલાં કયાં કયાં દંડવત્ કરવા જોઈએ ?

પ્ર-૫૦ તિલકની ભાવના સ્પષ્ટ કરી તેના વિવિધ પ્રકારોની વિગતે ચર્ચા કરો.

પ્ર-૫૧ સ્કંદપુરાણના આધારે વૈષ્ણવોના લક્ષણો જણાવો.

પ્ર-૫૨ શ્રીમહાપ્રભુએ શરણાગતિ સિદ્ધ કરવા માટે શો ઉપદેશ આપ્યો છે ?

પ્ર-૫૩ શ્રી હરીરાયજી રચિત 'ચિંતામણિ સ્તોત્રમ્' ની માહિતી આપો.

પ્ર-૫૪ કલિયુગમાં ભક્તિમાર્ગનો સરળ માર્ગ કયો ગણવામાં આવે છે ?

પ્ર-૫૫ વૃત્રાસુર ચતુઃશ્લોકી અંગે માહિતી આપો.

પ્ર-૫૬ કુંતીમાતાએ પ્રભુની નવ પ્રકારથી સ્તુતિ કેવી રીતે કરી છે ?

પ્ર-૫૭ વિવિધ ગ્રંથોના આધારે આપેલી ગુરૂની વ્યાખ્યા સમજાવો.

પ્ર-૫૮ શ્રી વલ્લભાચાર્યજીએ આપેલી ગુરુની વ્યાખ્યા સમજાવો.

પ્ર-૫૯ દિનતા લાવવા માટે શું શું કરવું જોઈએ ?

પ્ર-૬૦ શ્રી મહાપ્રભુજીએ શ્રીનાથજી બાવાની પીઠીકાજી માટે શું જણાવ્યું છે ?

પ્રશ્નપત્ર - ૨

પ્ર-૧ નીચેમાંથી ગમે તે ચાર ઉપર ૨૦ લીટીનો નિબંધ લખો.

(૧) શ્રીમદ્ ભાગવત (૨) ષોડશ ગ્રંથ
(૩) ભક્તિ (૪) ભગવાન
(૫) વૈષ્ણવતા (૬) મનુષ્ય જીવનમાં ભક્તિનું અને જ્ઞાનનું મહત્વ
(૭) સત્સંગ (૮) શ્રી ગિરિરાજજી
(૯) વિપ્રયોગ (૧૦) વ્રજ

પ્ર-૨ અર્થ સમજાવો.

૧. મંગલા ચરણ ૨. શ્રીમદ્ ભાગવત ૩. શાસ્ત્ર
૪. વાંઙ્મય ૫. ચતુઃશ્લોકી ભાગવતજી ૬. ધર્મ
૭. જ્ઞાન ૮. વૈરાગ્ય ૯. શ્રોતા
૧૦. વક્તા ૧૧. જીવ ૧૨. વ્રજપરિક્રમા
૧૩. સેવા ૧૪. હરિ ૧૫. ગુરુ
૧૬. વૈષ્ણવ ૧૭. પુષ્ટિ માર્ગ ૧૮. મર્યાદામાર્ગ
૧૯. પ્રસ્થાન ચતુષ્ટય ૨૦. ભાગવત સપ્તાહ

પ્ર-૩ વ્યાસજીએ ભાગવતજીની રચના શા માટે કરી ?

પ્ર-૪ બેઠકજી અને ગાદીજીનો ભેદ સમજાવો.

પ્ર-૫ તીલક - માળા - જપ અને સેવાનું મહત્ત્વ સમજાવો.

પ્ર-૬ શ્રીનાથજીનું સ્વરૂપ સમજાવો ?

પ્ર-૭ ગુરુ કેમ અને કેવા કરવાં જોઈએ ?

પ્ર-૮ ગીતાજી - વેણુજી - ગાય - તુલસીનું સ્વરૂપ બતાવો.

પ્ર-૯ ભેદ સમજાવો.

(૧) દાન, અર્પણ અને સમર્પણ (૨) સંન્યાસ - વૈરાગ્ય
(૩) યજ્ઞ અને સત્ર

પ્ર-૧૦ આધિ ભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક સ્વરૂપને દાખલો આપી સમજાવો.

■ ગ્રન્થ પ્રાપ્તિસ્થાન :

૧. રાજુભાઈ
શ્રી મહાપ્રભુજીના બેઠકજી, નરોડા,
અમદાવાદ.
ફોન : ૨૮૧૧૪૭૭, ૨૮૧૩૪૪૪.
૨. પ્રભુદાસભાઈ ઠક્કર
શ્રી ગુંસાઈજીના બેઠકજી, અસારવા,
અમદાવાદ. ફોન : ૩૮૬૨૩૫.
૩. અરવિંદભાઈ દેસાઈ
શ્રી બાલકૃષ્ણલાલજીનું મંદિર, મણિનગર.
ફોન - ૩૬૦૧૭૬
૪. અશ્વિનભાઈ એન. દેસાઈ
સરદાર પટેલ નગર તથા વલ્લભસદન,
આશ્રમ રોડ, અમદાવાદ.
ફોન : ૪૪૯૯૮૨, ૪૦૮૭૩૯.
૫. નિખીલભાઈ અમીન
૪૦, તપોવન સોસાયટી, નિઝામપુરા,
વડોદરા. ફોન : ૪૮૦૫૦૦, ૪૮૧૧૯૭
૬. શ્રી અમૃતલાલ યુ. વ્યાસ
રીટાયર્ડ મામલતદાર, કામદારની ખડકી,
હિંમતનગર.
૭. શ્રી ભોગીલાલ રમણલાલ (પાર્લા)
બોમ્બે-૫૬. ફોન નં. : ૮૩૬૦૫૩૧
૮. મથુરભાઈ - કક્કડ
બોમ્બે. ફોન નં. : ૬૧૪૪૦૨૭.
૧૦. સંજય આર. પારેખ
૪/૧૩૭૭, દંડગવાડ, નવસારી.
ફોન : ૫૮૯૩૩.
૧૧. જયાબેન ડી.પટેલ
અંબિકા સોસાયટી, કોલેજ રોડ, નડિયાદ.
ફોન - ૩૮૪૮૨.
૧૨. જમનાદાસ વાગડીયા
રાજકોટ.
ફોન નં. : ૨૨૦૧૩/૨૮૫૪૨
૧૩. શ્રી મનસુખભાઈ એમ. રાણપરા
શ્રૃંગાર જ્વેલર્સ, સોની બજાર, રાજકોટ.
ફોન નં : ૨૪૨૫૨
૧૪. શ્રી જયંતિભાઈ રાજાણી - લીબર્ટી રોડ,
કે. સી. પારેખના દવાખાના પાસે,પોરબંદર.
ફોન નં.: ૨૦૪૪૦/૨૩૬૯૪
૧૫. શ્રી છોટુભાઈ સોની - કાલીંદી જ્વેલર્સ
ધોરાજી દરવાજાની બહાર, શરાફ બજાર,
જેતપુર. ફોન નં.: ૨૪૧૫૬
૧૬. શ્રી ધીરૂભાઈ પટેલ - જૂનાગઢ
જલારામ સોસાયટી, ફોન નં. : ૨૧૭૦૭
૧૭. કાન્તીભાઈ બોસમીઆ- ઉમેશ ટ્રેડર્સ,
કાપડ બજાર - અમરેલી
ફોન નં. : ૨૨૦૬૩/૨૩૪૭૯
૧૮. શ્રી છગનભાઈ જાદવજી
ગિરિરાજ એમ્પોરીયમ - મેઈન બજાર,
ધોરાજી. ફોન-૨૦૩૪૧ - ૨૧૬૭૦
૧૯. યોગેશકુમાર મથુરાદાસ કક્કડ
જવાહર રોડ - માણાવદર
ફોન નં. : ૨૧૪૧૧/૨૧૭૮૩
૨૦. શ્રી સુમનભાઈ વોરા
ભાવનગર - ૪૨૪૩૧૪
૨૧. ચીનુભાઈ ગજીવાળા તથા રક્ષાબેન કાણિસા
સુરત. ફોન : ૬૮૪૧૨૬, ૪૨૬૦૫૩

વિદેશમાં :

૧. અરૂણાબેન જે. પટેલ એટલાન્ટા
ફોન : ૭૭૦-૩૩૯-૪૪૯૨
૨. વિણાબેન હરિષભાઈ પટેલ
ઈન્ડિયાના પોલીશ
ફોન : ૩૧૭-૫૩૫-૫૮૦૮/૭૫૪૮.
૩. હીરલબહેન - યુ.એસ.એ.
ફોન નં. ૭૭૦-૨૭૭-૯૧૪૮.
૪. શ્રી સુરેશભાઈ પટેલ - લંડન
ફોન : ૦૧૮૧-૮૭૪૨૫૩૮.
૫. ધીરૂબેન (વ્રજ) ૭૧૭-૭૫૪-૭૦૬૭
૬. પ્રમોદભાઈ અમીન - વોશીંગ્ટન
VA - 703-765-1554
૭. રાગિણીબેન વિપિનભાઈ ગાંધી
LA - 714-761-0103

શ્રીમદ્ ભાગવતનું સ્વરૂપ

શ્રીમદ્ ભાગવત શ્રવણ કરતાં પહેલાં તેના નામના અર્થનો વિચાર કરીએ, તો શ્રીમદ્ ભાગવતનું સ્વરૂપ સમજી શકાય. શ્રીમદ્ ભાગવતમાં જ તેના નામ તથા સ્વરૂપની ઓળખ છે.

"ભગવાન ઉદિતં ભાગવતમ્" ભગવાને કહેલું એ ભાગવત્ ! બીજી વ્યાખ્યાઓ પણ થઈ શકે છે. ભગવાનને ઓળખાવે તે ભાગવત ! ભગવાન સાથે સંબંધ કરાવે એ પણ ભાગવત ! ભગવાનના ભક્તો ભગવાનનું કહેલું કહે તેનું નામ પણ ભાગવત ! ભગવાન જેનું ફલ છે તે ભાગવત ! ભગવાનનું નામાત્મક સ્વરૂપ તે ભાગવત ! સર્વશાસ્ત્રોનું દોહન કરેલું નવનીત એટલે ભાગવત ! આમ શ્રીમદ્ ભાગવતશાસ્ત્ર રસનો મહાનિધિ છે. "રસોવૈસ:" આપ ભગવાન સ્વરૂપ જ છે એમ શ્રુતિગાન કરે છે.

શ્રીમદ્ ભાગવત ભગવાનની, ભગવાનના ભક્તોની ભગવાનના ધર્મોની અને ભગવાનની લીલાઓની ઓળખ કરાવે છે અને તેમાં પ્રીતિ કરાવે છે. સંસારીને શ્રીકૃષ્ણનો બનાવે છે. ભાગવત પતિતને પાવન કરે છે. અપાત્રને પાત્ર બનાવે છે. કુટિલને સરળ બનાવે છે, શુષ્કને રસાળ બનાવે છે. સંસારના વિવિધ તાપમાં તપેલાને શીતલ કરે છે. મૂંઝાયેલા ને માર્ગ દેખાડે છે. સકામને નિષ્કામ બનાવે છે. નિષ્કામને કૃષ્ણકામના દે છે, જીવનવનને વૃન્દાવન બનાવે છે – મધુવન બનાવે છે, મનને વશ કરે છે.

આવા સાક્ષાત્ ભગવદ્ સ્વરૂપ ભાગવતનું સત્ય સ્વરૂપ જગતને સમજાવવા માટે જ આપણા શ્રી વલ્લભાચાર્યજીનું પ્રાગટ્ય છે. શ્રીમદ્ ભાગવતજીનો સંદેશો આપવા માટે જ આપશ્રીએ પગે ચાલી ચાલીને ત્રણ વખત પૃથ્વી પરિક્રમા કરી છે અને જ્યાં ભાગવત-પારાયણ કર્યું છે તે જગ્યા જ આજે શ્રી વલ્લભના બેઠકજી તરીકે પ્રસિદ્ધ છે.

શ્રી વલ્લભની સ્પષ્ટ આજ્ઞા છે કે "શ્રીમદ્ ભાગવતના અઢાર-હજાર ઉત્તમ શ્લોકમાંનો એકાદ શ્લોક દરરોજ ભૂલ્યા વગર જરૂરથી કરવો જ અને જે દિવસે શ્રીમદ ભાગવતનું સેવન, પઠન કે શ્રવણ ના થયું હોય તે દિવસ જીવનનો દુર્દીન જાણવો.' ટૂંકમાં ભગવાનમાં જ્યાં સુધી લય ના થાય ત્યાં સુધી ભાગવત કરવું જ જોઈએ. અને જેને ભગવતપ્રાપ્તિ કરવી હોય કે ભગવદાશ્રય કરવો હોય તેણે પહેલાં ભાગવત આશ્રય કરવો જ જોઈએ. તોજ ભગવદાશ્રય થઈ શકશે. શ્રીહરિરાયજીની પણ સ્પષ્ટ આજ્ઞા છે કે, જીવનો ભગવાને અંગીકાર કર્યો છે ત્યારે જ માનવું કે તેને જ્યારે ભાગવતજીમાં રૂચિ થાય. ભાગવતજીનો શબ્દે શબ્દ શ્રીકૃષ્ણનું જ સ્વરૂપ છે તે શબ્દનો અર્થ શ્રી રાધાજી છે અને આખું શ્રીમદ્ ભાગવત તે યુગલ સ્વરૂપની નિકુંજ છે. ભાગવતજીના આ સંદેશાનો સામાન્ય પરિચય કરાવવાનો પ્રયત્ન આ પુસ્તક દ્વારા કરેલો છે.